સંસદ-ગ્રંથાવલિ—૧૬.

ભગવાન કૌટિલ્ય

લેખકઃ
કનૈયાલાલ માણેકલાલ મુનશી
બી. એ., એલએલ. બી., એડવોકેટ, એમ. એલ. સી.

સોલ એજંટ
એમ. સી. કોઠારી
રાવપુરા રોડઃ વડોદરા.

સંસદ-ગ્રંથાવલિ ૬

ભગવાન કૌટિલ્ય

ભાગ પહેલો: પ્રતિજ્ઞારોહણ

લેખક:

કનૈયાલાલ માણેકલાલ મુનશી

પ્રમુખ, સાહિત્ય સંસદ.

સોલ એજંટ

એમ. સી. કોઠારી

બુકસેલર અને પબ્લીશર

રાવપુરારોડ—વડોદરા.

વિ. સં. ૧૯૮૫] મુંબાઈ [ઇ. સ. ૧૯૨૯

મૂલ્ય: રૂ. ૨-૦-૦

પ્રકાશક:
ક. મા. મુનશી
૧૧૧, એસ્પ્લેનેડ રોડ, કોટ
મુંબાઇ.

મુદ્રણસ્થાન: ધી 'સુરત સીટી' પ્રિન્ટીંગ પ્રેસ: ચૌટાના પુલ પાસે, સુરત.

મુદ્રક: વજેરામ માનસિંહ.

તા. ૧-૧-૧૯૨૯

જેની પ્રેરણા વડેજ પ્રવૃત્તિ આદરવી ગમે છે
જેના સહચારમાંજ પ્રવૃત્તિ સેવવી ગમે છે
જેની શાબાશીમાંજ પ્રવૃત્તિનું સાફલ્ય જણાય છે
જેની સોબત વિના નિવૃત્તિ નીરસ લાગે છે

તેને

આ બ્રાહ્મણશ્રેષ્ઠની કથા

અર્પું છું.

પ્રસ્તાવના

'સ્વપ્નદ્રષ્ટા' પુરી થયે હું 'જય સોમનાથ!' લખવાનો છું એમ બે મહીના થયાં જાહેર થાય છે; આ જાહેરાત વાંચનારને નાસીપાસ કરવા હું આ પત્ર લખું છું.

હું 'જય સોમનાથ!' નથી લખવાનો. કારણ શું? એ એક સ્વાભાવિક પ્રશ્ન. 'પાટણની પ્રભુતા'ની માલા હું શા માટે પુરી કરતો નથી?

કારણ એકજ: મારી કલ્પનાના સર્જનમંદિરનાં બારણાં કોઈ બીજું ઠોકી રહ્યું છે. 'મંગળ મંદિર ખોલો' એવે દયાજનક સ્વરે નહીં;–પણ 'ઉઘાડ બારણાં' એવી આજ્ઞાથી.

હું પાત્રો ધારીને સર્જતો નથી; પાત્રો પોતેજ બળજોરીથી સર્જાવા માંગે છે. હું માત્ર તેમના સર્જનનો નિમિત્ત બનું છું. ક્યારે હું નિમિત્ત થાઉં તેનો આધાર તેમના પર છે; મારા પર નથી.

'તનમન' કેટલાંએ વર્ષ સુધી બારણાં ઠોકતી ઉભી રહી. મુંજાલ મહેતા ને કાક, જયદેવ ને રા' ખેંગાર કોલેજમાં હતો ત્યારના બારણાં ઠોકતા હતા તે છેક હમણાં સર્જાયા; મુંજ છેક ૧૯૧૩-થી આવવા મથતો હતો તે ૧૯૧૮ માં આવી શકયો. પછી સુદર્શન અધીરો થઇ રહ્યો હતો. બધું દૂર મુકી મારે એને આવવા દેવો પડયો. ઔર્વ ૧૯૧૮ માં આવું આવું કરતા હતા તે ૧૯૨૬ માં આવ્યા.

હવે મુશ્કેલી ઉભી થઈ. કાક બીચારો વૈધવ્યમાં પણ પોતાનાં પરાક્રમો કરવા તત્પર થઇ બેઠો. કુમારપાલ ને હેમચંદ્રાચાર્ય તેમને આવવા ન દેવા માટે ઠપકો આપવા લાગ્યા. શું કરું? એમને આવવા દઉં? એ વીમાસણમાં હું પડયો હતો.

પછી ભીમદેવ ને વિમલમંત્રી અધીરા બની બારણું ઠોકવા લાગ્યા. "અમે શું ગુનેહગારી કરી?" બાણાવળી ભીમે ગર્જના કરી. "મારા છોકરાને સર્જ્યો–છોકરાના છોકરાને પરણાવ્યો–
–ને હું—"

"મુંજાલ, મારો ભાણેજ, વૃદ્ધ થયો ને મારાં ઠેકાણાં નહીં!" વિમલમંત્રીએ જરાક ગુસ્સા-માં કહ્યું.

મેં કહ્યું: "હુ બહુ કામમાં છું; બધા ઉતાવળ શું કામ કરો છો?"

એટલામાં એક મુરબ્બી મિત્રે કહ્યું: "મુનશી! જે આર્યાવર્ત્તને આપવું જોઇએ તે તમે માત્ર ગુજરાતને આપો છો!"

"અરે તમે પણ!" એટલે બીજાઓનું ચઢી વાગ્યું.

પરશુરામ તો બારણે પરશુ ઠોકી રહ્યા. "ખરી વાત છે. મને આમ લાવ્યો. તેમ લાવ્યોઃ મારો ક્રોધ સર્જાવ્યો, મારું જામદગ્ન્યાસ્ત્ર સર્જાવ્યું-પણ મને તો બહાર ને બહાર—"

પણ વિશ્વામિત્ર બોલી ઉઠયા: "હું કેમ નહીં? મારાં લગ્ન કર્યાં અને હું બહાર!"

"અરે પણ મુરબ્બીઓ!" મેં કહ્યું; "જરા ખામોશ તો પકડો. હું કેમ કરું?"

"જરા મારું સાંભળશો?" એક અવાજ આવ્યો "મારો અધિકાર બધાથી વધારે છે."

"અરે મારા પ્રભુ!" નિરાશાથી મેં ઉચ્ચાર્યું.

"જો નાનપણથી હું તારા બારણાં ઠોકું છું."

"કોણ ભગવાન કૌટિલ્ય?"

"હા! તેં કેટલીએ વાર મને આવવા દેવાનું વચન આપ્યું."

"પણ–પણ—"

"પણ ને બણ નહીં ચાલે. તેં કેટલીએ વાર સંકલ્પ કર્યો કે મને આવવા દેવો."

"ખરી વાત છે. શસ્ત્ર ને શાસ્ત્ર ને નંદપીડિત પૃથ્વીના ઉદ્ધારનાર પ્રભો! તમે સીકંદરને પણ કાઢયો. તમે મૌર્યને મહારાજપદે સ્થાપ્યો." ને અણજાણતાં હું કામંદકનાં વાકયો બોલી રહ્યો:—

वंशे विशालवश्यानां ऋषीणामिव भूयसाम् ।
अप्रतिग्राहकाणां यो बभूव भुवि विश्रुतः ॥
जातवेदा इवार्चिष्मान् वेदान् वेदविदां वरः ।
योऽधीतवान् सुचतुरः चतुरोप्येकवेदवत् ॥
यस्याभिचारवज्रेण वज्रज्वलनतेजसः ।
पपात मूलतः श्रीमान् सुपर्वा नन्दपर्वतः ॥
एकाकी मंत्रशक्त्या यः शक्त्या शक्तिधरोपमः ।
आजहार नृचन्द्राय चन्द्रगुप्ताय मेदिनीम् ॥
नीतिशास्त्रामृतं धीमान् अर्थशास्त्रमहोदधेः ।
समुद्दध्रे नमस्तस्मै विष्णुगुप्ताय वेधसे ॥
दर्शनात्तस्य सुदृशो विद्यानां पारदृश्वनः ।
राजविद्याप्रियतया संक्षिप्तग्रन्थमर्थवत् ॥*

* અપ્રતિગ્રહ (અયાચક વૃત્તિ) ધરનાર ઋષિ જેવા મહાનુભાવોના કુલમાં જન્મેલા, જે જગતમાં પ્રખ્યાત થયા, અગ્નિ સમા ઝળકયા; વેદવિદોમાં શ્રેષ્ઠ, અને ચારે વેદોમાં, જાણે એકજ વેદ હોય એમ પારંગત થયા; જેણે નન્દરૂપી પર્વતને પોતાની માથાના વજ્રવડે મૂલથી ઉખેડી નાખ્યો; શક્તિમાં કાર્તિકેય સમા જેણે મંત્રશક્તિ વડે નરચન્દ્ર ચન્દ્રગુપ્તને પૃથ્વી મેળવી આપી; અને જેણે અર્થશાસ્ત્રના સમુદ્રમાંથી નીતિશાસ્ત્રના અમૃતનું મંથન કર્યું, એવા ભગવાન વિષ્ણુગુપ્તને પ્રણામ! રાજવિદ્યાની પ્રીતિને લીધે એ સકલવિદ્યાપારંગત ઋષિના ગ્રંથમાંથી આ ગ્રંથનું દોહન કર્યું છે.

"ઘણું થયું" ચાણાક્યે આજ્ઞા કરી; "મારે ખુશામત નથી જોઈતી; મને સર્જાવ."

"પણ ભગવાન" હાથ જોડી મેં કહ્યું; "ભીમ ને વિમલ ને કુમારપાલ ને હેમાચાર્ય—"

"તો હું કેમ નહીં? હવે હું વધારે વાટ જોવાનો નથી."

"હું બહુ કરગર્યો—પણ કૈં વળ્યું નહીં. ઉંઘતાં ને જાગતાં કૌટિલ્યની અધીરાઇ મને ઘેલો બનાવી રહી.

મારા કાનમાં ભયંકર અવાજ ગણુગણ્યો :

> शिखां मोक्तुं बद्धामपि पुनरयं धावति करः ।
> प्रतिज्ञामारोढुं पुनरपि चलत्येष चरणः—
> प्रणाशान्नन्दानां प्रशममुपयातं त्वमधुना
> परीतः कालेन ज्वलयसि मम क्रोधदहनम् †

મારા હૈયામાં ધ્રાસકો પેઠો. નંદ ને સિકંદરની સત્તા તોડનાર મને છોડવાના હતા! નિરાધારીમાં મેં આજ્ઞા સ્વીકારી ને આ પત્ર લખી નાખ્યો.

કનૈયાલાલ મા. મુનશી

---

† બાંધેલી શિખાને છોડવાને મારો હાથ ફરી સળવળી રહ્યો છે. પ્રતિજ્ઞા લેવાને પાછાં આ ચરણ ચાલવા માંડે છે. નંદોના વિનાશથી શાંત થએલો મારો ક્રોધાગ્નિ કાલથી ઘેરાએલો તું ફરીથી પ્રજ્વાળે છે.

અનુક્રમણિકા



ભૂમિકા

—o—

જરાસંધ મહાપુરુષ હતો. શ્રી કૃષ્ણુના પ્રશંસક વેદંવ્યાસે તેને દુષ્ટ ચીતરી, અન્યાય કર્યો છે.

બૃહદ્રથ વંશનો તે મહારથી મગધદેશના પાટનગર ગિરિવ્રજમાં રાજ્ય કરતો હતો. તેને આખા આર્યાવર્તમાં ચક્રવર્તિપદ લેવું હતું —આર્યાવર્તને એક કરવું હતું. આ મોહક મહત્ત્વાકાંક્ષા પુરી પાડવા તેણે કંસ, શિશુપાલ વગેરેને પોતાના સામંતો બનાવ્યા હતા. ને ખરેખરો મહાન હતો. તેણે મહાન સ્વપ્ન સેવ્યું—અને તે સેવન માટે જીવ આપ્યો.

શ્રી કૃષ્ણુને જરાસંધનું સ્વપ્નું રુચ્યું નહીં; કારણુ કે તેમને પણુ એવુંજ સ્વપ્નું આવતું હતું.

સ્વપ્નાં સેવનારની રાખ ઉપર સિદ્ધ કરનાર ઇમારત ચણે છે."

શ્રી કૃષ્ણે જરાસંધને મરાવ્યો અને પોતે વાસુદેવપદ લીધું. ધર્મરાજાને ત્યાં રાજસૂયયજ્ઞ વખતે સમસ્ત આર્યાવર્તે તેમને અર્ધ્ય આપ્યો. સિંહાસનવીહોણા પુરુષોત્તમ વ્યક્તિત્વબળથી આર્યાવર્તની એકતાની મૂર્તિ બન્યા.

શ્રી કૃષ્ણુ જરાસંધથી જબરા હતા. આ સ્વપ્નું સેવતાં તે કચરાયા નહીં; પણુ આ સ્વપ્નાની સિદ્ધિ કરતાં ઉપજેલા ઝંઝાવાતમાં બીજા બધાનો વિનાશ થયો. આર્ય રાજ્યો કુરુક્ષેત્રમાં માંહોમાંહે કપાઇ મુવાં.

ભારતનું મહાયુદ્ધ ચાલતું હતું ત્યારે જરાસંધનો પુત્ર સહદેવ રણમાં મુવો. અને પાર્થપુત્ર અભિમન્યુને ત્યાં પરીક્ષિત જન્મ્યો.

તે સમયે યુગ બદલાયો—કલિકાલ બેઠો. આર્યાવર્તની શક્તિ છિન્નભિન્ન થઇ ગઇ, તેનાં તેજ ઝાંખાં થયાં.

આ અંધકારમાંથી સંસ્કૃતિ સાચવવા મહર્ષિઓ અરણ્યમાં જઇ રહ્યા. નૈમિષારણ્યમાં શૌનક ઋષિએ બાર વર્ષ સુધી સત્ર આદર્યો. ત્યારે વ્યાસ દ્વૈપાયનના શિષ્ય સૂત પુરાણી લોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવાએ મહાભારત અને પુરાણો કહી સંભળાવ્યાં. આ સમયે મગધની ગાદી પર જરાસંધના વંશનો રાજા સેનાજિત રાજ્ય કરતો હતો.

થોડા સૈકા પછી કાશીરાજ શિશુનાકના વંશમાં રાજા અજાતશત્રુ મગધમાં રાજ્ય કરતો હતો ત્યારે ગૌતમ બુદ્ધે બૌદ્ધમત પ્રસાર્યો. અજાતશત્રુનાજ રાજ્યકાલમાં બુદ્ધ ઇ. સ. પૂર્વે ૫૪૩ માં નિર્વાણ પામ્યા. અજાતશત્રુએ કોશલ ને વૈશાલિ જીત્યાં; ગિરિવ્રજ છોડી ગંગા ને સોણ નદીના સંગમ પર પાટલિપુત્ર સ્થાપ્યું. તેનાં ખંડીએર આજે પટણા પાસે મળે છે, તેના પૌત્ર ઉદયે પાટલિપુત્ર પાસે કુસુમપુર વસાવ્યું. ઉદયના પૌત્ર મહાનંદીની શૂદ્રાને પેટે મહાપદ્મ જન્મ્યા.

મહાપદ્મ નંદ નવનંદ—નવીન નંદ કહેવાયો. તે કલિનો અવતાર ગણાયો.

પરીક્ષિતના જન્મથી મહાપદ્મના અભિષેક સુધી ૧૦૫૦ વર્ષ વીત્યાં; સપ્તર્ષિમંડળ કૃત્તિકામાં હતું તે પૂર્વાષાઢામાં આવ્યું.

મહાપદ્મ નંદે જરાસંધનુ સ્વપ્નું સિદ્ધ કર્યું: તે સાર્વભૌમ થયો. તેણે પરશુરામની માફક ક્ષત્રિય સંહાર્યા.

કલિ મધ્યાન્હે પહોંચ્યો.

મહાપદ્મે લાંબો વખત રાજ્ય કર્યું. તેના સૈન્યના પ્રતાપે ધરણી કાંપી રહી.

મગધને ત્રાસે આર્યાવર્ત ધ્રુજતું: શ્રુતિ અને સંસ્કૃતિએ બહારવટું લીધું હતું.

હોદમાં નવનંદ કુલનો સર્વાર્થસિદ્ધિ હિરણ્યગુપ્ત પાટલીપુત્રમાં રાજ્ય કરતો હતો, પશ્ચિમ એશીઆમાં ઇરાનનો શહેનશાહ દારા ચમન કરતો હતો. તે વખતે મેસીડોનનો મહત્ત્વાકાંક્ષી નરેશ ફીલીપ ગ્રીસનું સ્વાતંત્ર્ય છીનવી લેતો હતો.

ઇ. સ. પૂર્વે ૩૩૬ માં ફીલીપ ગુજરી ગયો. ને તેનો દીકરો સીકંદર ગાદીએ આવ્યો. બાપ દીકરાને નાનું પણ સશક્ત લશ્કર અને દિગ્વિજયની મહત્ત્વાકાંક્ષા મુકી ગયો. આ વીસ વર્ષના છોકરામાં મહાન્ સદ્ગુણો, મહાન્ દોષો ને મહાન્ ઊર્મિઓ હતી; એનો ગુરુ એરીસ્ટોટલ હતો.

એણે ગ્રીસને જોતજોતામાં ચોળી નાખ્યું; અને થીબ્સને જમીનદોસ્ત કર્યું. ઇ. સ. પૂર્વે ૩૩૫ માં તે ૩૦૦,૦૦, પાળા ને ૫૦૦૦ ઘોડેસ્વાર લઇ એશીઆ જીતવા નીકળ્યો.

ભયાનક મહેચ્છાની આ મૂર્તિએ થોડા મહીનામાં મીસર, ઇરાન ને બેક્ટ્રીઆ લઇ પોતાની સત્તા બેસાડી, સરકારી યુરપ, આફ્રીકા ને પશ્ચિમ એશીઆ આ મહાન વીરના જયઘોષથી ગાજી રહ્યું.

હવે વાર્તા શરુ કરીએ—

પ્રકરણ ૧ લું

——:o:——

જેમાં ધનનંદનું શાસન અસ્વીકાર્ય છે તેની ખાત્રી થાય છે

આથમતા રવિના મીઠા તેજમાં સ્નાન કરતું પાટલીપુત્ર વીસ્તરી રહ્યું હતું. નંદકુલના નરેંદ્રનું પાટનગર અમરાવતીના વૈભવને શરમાવતું હતું.

મહાપદ્મ નંદના રાજ્યાભિષેકને એકાણું વર્ષ થયાં હતાં; અને તેનો પૌત્ર હિરણ્યગુપ્ત 'સ્વાર્થસિદ્ધ'નું બીરુદ ધારી મગધને સિંહાસને વીરાજતો હતો. તે સૈન્યથી આર્યાવર્તને કંપાવતો હતો અને ધનથી કુબેરની વિંડબના કરતો હતો. આ નંદને બૌદ્ધ સાહિત્યે ધનનંદના નામથી ડાક્યો છે.

આ સમયે મધ્યાન્હે પહોંચેલો કલિ સોળે કલાએ તપતો હતો.

જરાસંધને સિંહાસને બેઠેલો શૂદ્ર મહાપદ્મનો વંશજ ઈંદ્રની સ્પર્ધા કરવા પોતાને 'નરેંદ્ર' કહાવતો હતો. તેનું રાજગૃહ દેવશ્રેષ્ઠના ભુવનને ઝાંખું કરતું હતું.

આ રાજગૃહ તરફ એક યોદ્ધો દોડને ઘોડે જતો હતો.

ઘોડો સફેત ધાટીલો હતો; જરીનાં બંધનો પર ઘુઘરીઓ ખણખણતી.

ઘોડે બેસનાર ત્રીસ ચાલીસ વર્ષનો સ્વરૂપવાન યોદ્ધો હતો. તે કદાવર હતો; ને તેની આંખો મોટી ને તેજસ્વી હતી.

તેને માથે મણિજડિત મુગટ હતો. તેના લાંબા વાળ હવામાં ઉડતા. તેની છાતીએ બખ્તર હતું; હાથે રક્ષણ માટે, સોને મઢયા લોખંડના ચાપટા હતા. તેણે કેડે ઢાલ ટુંકું ગણાય એવું અમ્બર પહેર્યું હતું. તેને નળે ને પગે પણ લોખંડનું સંરક્ષણ હતું. તેને કેડે એક નાગું ખડ્ગ હતું. ને ખાંધે ધનુષ્ય ને બાણ હતાં.

દોડને ને હાંફતે ઘોડે તે આગળ વધ્યો. રાજગૃહના દરવાજા આગળ તે આવ્યો એટલે રક્ષકોએ એકદમ બારણાં ઉઘાડી આપ્યાં. આગલા દરવાજાથી અંદરના દરવાજા સુધીનો રસ્તો ઘણો સાંકડો ને પથ્થરથી જડેલો હતો. તેની બંને ગમ ઉંચી ભીંતો હતી; અને તેના પર ધનુષ્ય લઇ રખેવાળો ઉભા હતા. કોઇની પરવા કર્યા વગર ઘોડેસ્વાર આગળ ગયો; અને પરિચિત રસ્તા પરથી ઘોડો ચારે પગે અંદર ગયો.

ઘોડેસ્વાર પાસે આવતાં અંદરના દરવાજા પણ ખુલી ગયા; અને ખોલનારાઓ હાથ જોડી આ રાજપુરુષને નમી રહ્યા.

રાજગૃહના અંદરના દરવાજા ખુલતાં નવી -બહારના ભયંકર કોટ જોનાર કદી ધારી શકે નહીં એવી-સૃષ્ટિ ઘોડેસ્વાર આગળ પ્રસરી રહી.

નજર પહોંચે ત્યાં સુધી ઉપવન વીસ્તરતું; સુંદર લીલોતરી ચારે તરફ પ્રસરતી. સોણનો એક ફાંટો, ધીમા રવથી વાતાવરણ મોહક કરતો પ્રાસાદનાં પગથીઆં પર નર્તન કરી ગંગાને મળવા ચાલી જતો. મંદ પવન વૃક્ષોને ડોલાવતો. પક્ષીનાં વૃંદો આત્મસંતોષથી કલ્લોલતાં.

આવી અપૂર્વ સૃષ્ટિમાં નરેંદ્રનું અદ્ભુત ભુવન દેખાતું હતું. તે કોઇ ઝીણીવાગરની કારીગરી હોય એવું લાગતું. ત્યાં સોના, ચાંદીની સરિતાઓ કલાકૃતિઓમાં ઠરી ગઇ હતી.

પણ એકાગ્રચિત્તે આગળ વધતા આ રાજપુરુષને આ સૌંદર્ય જોવાની ફુરસદ નહોતી. ઉદ્યાન બે પળમાં વટાવી ભુવનનાં બાર આગળ તે પહોંચ્યો. અને ઘોડેથી નીચે ઉતર્યો. ઉભેલા સેવકોને વગર બોલે ઘોડો સોંપી તે અંદર ગયો.

બારણાં બહાર ઝુલતા હાથીઓના માવતો, ને થનગનતા ઘોડાઓના રખેવાલો નીચા નમી નમી નમસ્કાર કરી રહ્યા હતા. આ અધીરા રાજપુરુષે તેના તરફ નજર પણ કરી નહીં.

ભુવનની અંદરના ખંડોની શોભાનો પાર નહોતો. સ્થંભાવલિથી શોભતા આ ખંડમાં ઉપવનમાં ફરતા મયૂરો થાંભલા પર બેસતાં રુપાના થઇ ગયા હતા. બહાર ઝુલતા હાથીઓ કુંભી આગળ આવતાં સુવર્ણમય બન્યા હતા. ચારે તરફ સુવર્ણનાં ઉડતાં પંખીઓ રત્નજડિત ચાંચમાં લીલમનાં બીજો લઇ, નિશ્ચેતન બની પ્રાસાદના ખંડો શોભાવતા હતા.

થોડાક યોદ્ધાઓ આંગણામાં ઉભા હતા. ક... અધીરાઇમાં ફરતા હતા; કેટલાક ગર્વથ... રહ્યા હતા; કેટલાક રુપે મઢેલી ભીતમાં મુખ નીરખી નીરખી મુછે તાલ દેતા હતા.

નવા આવનાર રાજપુરુષને આવતો દેખી આ બધા ગભરાઇ સજ્જ થઇ ગયા. તેને આ આ બધાની પરવા નહોતી, ચાર ફલંગ મારી ને આંગણું વટાવી તે અંદર ગયો. તે અદ્રષ્ટ થતાં બહાર ઉભેલા યોદ્ધાઓઓએ એક બીજાની સામે બીકથી જોયું. મંત્રી રાક્ષસ આમ ઉતાવળમાં કેમ? શું થયું? કાંનું આવી આવી બન્યું? આ પ્રશ્નો કોઇ મોઢે બોલ્યું નહીં, પણ બધાના મોંઢા પર દેખાતા. અંદરના ખંડમાં ખડ્ગધારી યોદ્ધાઓ ફરતા હતા–વિકરાલ ને ભુખ્યા સિંહોની માફક. જમણે હાથે મંત્રભૂમિ હતી. ત્યાં મંત્રીઓ મસલત કરતા ને નરેંદ્રને સલાહ આપતા. ડાબે હાથે અધ્યક્ષસ્થાન હતું. ત્યાં રાજ્યના અધ્યક્ષો રાજાને મળતા અને આજ્ઞા સાંભળતા.

આ ખંડમાંથી અંદર જવાનાં આ બારણાંમાંથી અંદર જતાં એક વિશાલ ઉદ્યાન નજરે ચઢતું. ત્યાં ઉદ્યાનની વચ્ચે નંદનું રત્નજડિત મોહનગૃહ હતું.

બારણા આગળ યાવની સ્ત્રીઓ શસ્ત્ર સજીને ઉભી હતી તેમના હાથમાં તીર કામઠાં હતાં. મદમાતી, સશક્ત, ક્રૂર યવનીઓનું સૈન્ય અંતઃપુર સાચવતું હતું. બે યાવનીઓએ આડાં તીર રાખી રસ્તો રોકયો–પણ હસતે મોઢે. તે બંને આવનારને ઓળખતી હતી. આ રોકાણ એને માટે તો માત્ર નિરુપયોગી વિધિરુપ હતું.

ભવાં ચઢાવી અધીરાઇથી રાક્ષસે રાજમુદ્રા બતાવી ને યાવનીઓએ તીર પાછાં ખેંચી લીધાં.

"સેનાજિત કયાં છે?" તેણે પુછ્યું.

"અંદર છે" પુરુષનાથી પણ કઠોર અવાજે એક યાવનીએ કહ્યું.

તેને દેશની ભાષા ઉચ્ચારતાં નહોતું આવડતુ એ સ્પષ્ટ દેખાયુ.

"દેવ મોહનગૃહમાં છે?" રાક્ષસે પુછ્યું.

'રાક્ષસ! શું છે?" પાછળથી અવાજ આવ્યો.

રાક્ષસ પાછળ ફર્યો ને મંત્રભૂમિમાંથી તેના તરફ આવતા એક વૃદ્ધ પુરુષને પ્રણામ કરી રહ્યો. વૃદ્ધ પુરુષની સાથે એક મુંડ સાધુ હતો તે ચાલી ગયો.

આ પુરુષ ઘણોજ વૃદ્ધ હતો. તેની કમ્મર ખુંધી થઇ ગઇ હતી. તેના બધા દાંત પડી ગયા હતા. તે લાકડી ઝાલી ચાલતો હતો વૃદ્ધાવસ્થા બધાંને ગૌરવ અર્પે છે; માત્ર આ માણસ અપવાદરુપે રહી ગયો હતો. એની આંખોમાં મજાક,

તિરસ્કાર ને ખંધાઈ ત્રણે હતાં. તેનો નીચલો હોઠ આગળ આવ્યો હતો: સતત સેવેલા તિરસ્કારથી હોય એમ.

રાક્ષસ આ ભયંકર દુષ્ટતાની મૂર્તિ તરફ પૂજ્ય ભાવથી જોઈ રહ્યો. આ આવનાર અમાત્ય વક્રનાસ હતો. એની બુદ્ધિથી નંદનું રાજ્ય ચાલતું; એની શક્તિથી મગધ વિજય મેળવતું. એની મુત્સદ્દીગીરીની સહસ્રમુખી ફણા પર નંદના સામ્રાજ્યનો આધાર હતો.

"ગુરુજી ! એક પંચાત થઈ છે. તેથી દેવને પુછવા આવ્યો છું."

"શું છે?" નીચલો હોઠ વધારે લંબાવી વક્રનાસે પુછ્યું.

"આંભિ ગામમાં આવવા ના પાડે છે"

"કેમ ?"

"એના ગુરુબંધુ વગર એ આવતો નથી" તિરસ્કારથી રાક્ષસે કહ્યું.

"તેને પણ લઈ આવવો હતો ને ?"

"કેમ કરી લઈ આવું ? યુવરાજ આંભિ તેને પોતાની સાથે હાથી પર લઈ આવવા માગતો હતો. પણ તે બ્રાહ્મણ છે. દેવના શાસન પ્રમાણે બ્રાહ્મણ હાથી પર બેસી કેમ આવે ?"

"નહીંસ્તો."

"મેં યુવરાજને શાસનની ખબર આપી."

"પછી ?"

"ત્ર ભણુ ગુમ ગુસ્સે થઈ ગયો."

તિરસ્કારથી વક્રનાસ હસ્યો. "બ્રાહ્મણનો કે મીજાજ ! તક્ષશિલા-



મંત્રી રાક્ષસ.

માં બ્રાહ્મણોનું ઘણું જોર છે. પછી ?"

"એણે કહ્યું—"

"શું ?"

"માત્ર શ્રોત્રીય આ નગરમાં ચાલીને જશે એ તીય શ્રેષ્ઠ આચાર્ય [illegible]

નાં દર્શન કરવા, એમ કહી શકટાલને ઘેર ચાલીને ગયો. "

વક્રનાસના મોં પર વાદળ આવ્યું. તેના મુખ પરની દુષ્ટતા ઘટ્ટ થઇ. તેની આંખમાં દ્વેષ સ્પષ્ટ દેખાયો.

"શકટાલનાં દર્શન કરવાવાળો એ કોણ છે ?"

"કોઇ એનો પહેલાંનો શિષ્ય છે."

"પછી આંભિ કેમ નહીં આવ્યો ? " વક્રનાસે પુછ્યું.

"યુવરાજ કહે કે જ્યાં મારું અપમાન થાય ત્યાં હું નહીં આવું."

"ત્યારે આવ્યો છે શું કામ ?

"કહે કે મારી બહેનને મળવા આવ્યો છું, પણ માનભંગે નહી."

"એમ છે ?" તિરસ્કારથી વક્રનાસે કહ્યું.

"શું કરવું છે ?"

"ચાલ દેવ પાસે."

"પધારો !" કહી રાક્ષસે માર્ગ આપ્યો ને વક્રનાસ લાકડી ઠોકતો આગળ ચાલ્યો. રાક્ષસ પાછળ ચાલ્યા.

પ્રકરણ ૨ જું

મહાદેવી

વક્રનાસ અને રાક્ષસ અંદરના મોહનગૃહ તરફ ગયા. તે ગૃહની પાછળ અંતઃપુરનું ઉદ્યાન હતું. તેની ત્રણ તરફ અંતઃપુર આવેલું હતું; અને તેમાં થઇ સોણુનો એક ફાંટો આરસના ઓવારા વચ્ચે વહ્યો જતો હતો.

આ ઉદ્યાનની કુંજમાં મત્ત કલાપી નાચતા; અને નદીમાં હંસ ને ચક્રવાકનાં જોડાં વિહરતાં. આરસનો એક પુલ મોહનગૃહને અંતઃપુર જોડે સાંધતો.

અંતઃપુરના અનેક ખંડોમાં મોહક દાસીઓ વિદ્યુલ્લેખાઓની માફક ભીંતો ચમકાવતી, ને ઝાંઝરના ઝમકારના પ્રતિશબ્દ પાડતી, કોઇક વખત ઘરડી સ્ત્રીઓનાં મુખ ચંદ્રના કલંકની માફક અંતઃપુરની મોહકતાને વધારી આપતાં. ઠેકઠેકાણે યાવનીઓ પહેરો ભરતી.

એક ખંડ આગળ બે દાસીઓ ઉભી ઉભી છાનીમાની વાતો કરતી.

ભભકદાર ખંડની અંદરની વિશાલતા એવી હતી કે અંદર આવનારને તે નિર્જન લાગે. છતાં તે નિર્જન નહોતો.

સિંહના મુખવાળા છજા આગળ સુવર્ણના પાટ પર એક પથ્થરની મૂર્તિ સમી સુંદરી પડી હતી.

આ સુંદરી અદ્દભુત રીતે શણગારાએલી હતી. માથે ચમકતી દામિની; કંઠે રત્નો સંતાડતી જુદા જુદા રંગની રત્નાવલિઓ; કેડે રત્નજડિત મેખલા; હાથે ને પગે જુદા જુદા શણગાર; કેડથી પહેરેલું વસ્ત્ર તે સમયના સરસમાં સરસ પહેરવેષ ને શણગારનો ખ્યાલ આપતાં. એક નાનું સરખું ઉત્તરીય ભોંયપર પડયું હતું.

સ્ત્રીનું શરીર સંગેમરમર જેવું સફેત હતું. તેના કાળા વાળ માથે ફણા માંડીને બેઠા હતા. તેનાં મસ્ત અંગેઅંગ વિલાસની ઉત્કંઠા પ્રેરે એવાં હતાં. પણ તેના મુખ પર, આંખમાં, આખા શરીર પર એકજ ભાવ હતો-કંટાળો હતો; જીવલેણ ને ભયપૂર્ણ, આત્મતિરસ્કારભર્યો કંટાળો. જીવન તેને મૃત્યુ સમું હતું. એના ઝેરી નિઃશ્વાસનો વૈભવભર્યા ખંડમાં કારમો પ્રતિશબ્દ પાડતો.

તેની નજર બહાર, ઉદ્યાનમાં થઇ વહેતા



ચિત્રકારઃ] [રા. ગોરક્ષકર

સિંહના મુખવાળા છજા આગળ સુવર્ણપાટ પર એક પથ્થરની મૂર્તિ સમી સુંદરી પડી હતી.

—ભગવાન કૌટિલ્યઃ —પૃષ્ઠ ૬

સોણના ફાંટા પર ઠરી હતી. તેના નાચતા, આગળ વધતા તરંગોના સ્વાતંત્ર્યની તે ઇર્ષા કરતી હતી.

તે મગધના મહાપ્રતાપી હિરણ્યગુપ્ત નંદની મહાદેવી સુમોહા હતી; પણ સોણની માછલી થવાનું તેને મન થતું. તેને જીંદગીનો કંટાળો આવ્યો હતો. તેને છુટવું હતું–કશાથી ન બને તો મૃત્યુની મદદથી. તેની બીક ભરી, કંટાળા ભરી નજર આગળ તેના જીવનના પ્રસંગો ઉભા રહ્યા હતા.

દૂર, પર્વત શૃંગોથી મનોહર એવી તક્ષશિલામાં તે જન્મી હતી ને ઉછરી હતી. ધર્મિષ્ઠ ન્યાયી ને સદાચારી પિતા સુબાહુએ તેને કેળવી હતી. તક્ષશિલાના વિદ્વાન તપોધનોએ તેને સંસ્કાર આપ્યા હતા.

એક હીણભાગી નક્ષત્રમાં સુબાહુએ ક્ષુદ્રક ને માલવો*ની મદદે ધાવાનો વિચાર કર્યો; અને યમુનાના તટ પર મગધની મહાસેના સાથે બાથ ભીડી. ક્ષુદ્રક, માલવ ને તક્ષશિલાની સેનાઓ ચપટીમાં ચોળાઇ ગઇ; રાજા સુબાહુ પકડાઇ ગયા. મહા મહેનતે, મોંઘેમુલે, સુબાહુએ સ્વાતંત્ર્ય મેળવ્યું, મૂલ્યમાં પિતાને લાડકી પુત્રી પણ આપવી પડી. ત્રૈલોકમાં અદ્વિતીય એવા પાટલીપુત્રને સિંહાસને ચઢતાં તે ગર્વઘેલી બની. ધનવૈભવ ને પ્રતાપના તેજમાં પહેલાં અંજાઇ ગઇ પણ ધનસંચય, કામતૃપ્તિ ને દ્વેષવૃત્તિમાં રચી રહેતો પતિ, નીચતામાં મોક્ષ માનતા રાજપુરુષો, વર્ણાશ્રમવીહોણુ ને શ્રોત્રિયદ્વેષી સંસ્કારભ્રષ્ટ વાતાવરણ, વિલાસોત્સુક સ્વચ્છંદમાં નિમગ્ન સ્ત્રીઓ આ બધું તક્ષશિલાના સંસ્કારવાળી રાજકુંવરીને થોડાજ વખતમાં અકારું થઇ પડયું.

મહીનાઓ સુધી તેણે આ પરિસ્થિતિમાં રસ લેવા પ્રયત્ન કર્યો. પછી મહીનાઓ સુધી તેણે પતિને, સખીઓને, વાતાવરણને સુધારવાના પ્રયત્ન કર્યા; પછો મહીનાઓ સુધી તિરસ્કાર ભરી તટસ્થતા કેળવવાનો પ્રયત્ન કર્યો. પણ બધાજ પ્રયત્નો નિષ્ફળ ગયા; માત્ર તેના હાથમાં આત્મતિરસ્કાર ને કંટાળાના બાચકાજ રહ્યા.

પછી તેણે બળવો કરવા માંડયો. પણ મહારાજા ધનનંદે ને અમાત્ય વક્રનાસે તેના બાલિશ પ્રયત્નોની વિડંબના કરી. તેનો બળવો મુર્ખાઇ ઠર્યો. તેના પીયરના સહચરો ને ગુરુ અદૃષ્ટ થયા, અને કોઇ ધાતકીના પાંજરામાં નિરાધાર પંખી સપડાય તેમ તે સપડાઇ રહી.

મહારાજ તેનું અપમાન કરવામાં મજાહ ગણતા. વૃદ્ધ વક્રનાસ ખોટો વિનય રાખી પાછળ મજાક કરતો. તક્ષશિલાની કુંવરી આ કેમ સહે! બન્યા તેટલા સંદેશા તેણે પિતાને મોકલ્યા; પણ કૈં વળ્યું નહીં. નંદની રાણીને મહીઅર હતું નહોતું થઇ ગયું હતું.

અત્યારે તે આત્મઘાતનો વિચાર કરતી હતી, શા માટે સોણને શરણે ન જવું? ગઇ રાતના જેવું અપમાન શા માટે વેઠવું?

ગઇ કાલે તેને મહારાજે તેડાવી ને તે ગઇ. મગધનો ધણી અનેક પ્રકારની સ્ત્રીઓ જોડે વિહાર કરતો હતો. તેણે તેને મહારાણીને-પવિત્ર તક્ષશિલાની કુંવરીને બોલાવી; અને યાવનીઓ ને દાસીઓ વચ્ચે તેનું અપમાન કર્યું. તે જરા ગુસ્સે થઇ, નંદ તેની સામે હસ્યા. અને એક રૂપજીવાને+ ખોળે લીધી. રાજપાટ, ધન ને વૈભવ માન વિના શા કામનાં? અને અત્યારે એકલા બેઠાં બેઠાં તેનો બળાપો કર્યા કરતાં મરવું શું ખોટું? ને તે શું કરે? કોને કહે? કોની મદદ

* પંજાબ ને સંયુક્ત પ્રાંતમાં વસતી વીર જાતિઓ.

+ રૂપ વડેજ જીવનારી સ્ત્રી.

હો? તેણે નીસાસો મૂક્યો.

"બા!"

સુમોહા ફરી—ચમકીને અને ધબકતે હૈયે. દરેક સાદ, દરેક સુસવાટ તેને ભયથી કંપાવતો હતો.

"બા! ગભરાવ નહીં" વૃદ્ધ દાસીએ ધીમેથી કહ્યું.

"કલ્યાણી! તું કેમ આવી છે?" મોઢા પર બને તેટલું ગૌરવ આણી તેણે દાસીને કહ્યું.

"બા! શું કામ ગભરાઓ છો?" તેણે ચારે તરફ જોયું ને સાદ છેક ધીમો કર્યો. "યુવરાજ આંભિ આવી પહોંચ્યા છે."

"શું!" સ્તબ્ધ થઈ મહારાણીએ કહ્યું; "મારો ભાઈ!"

કલ્યાણીએ હોઠ પર આંગળી મુકી; "બા! મનમાં રાખો, વા વાત લઈ જશે તો તમે ને હું બંને મરશું."

"કેમ જાણ્યું?" હર્ષથી ઉછળતે હૈયે સુમોહાએ કહ્યું.

"રાક્ષસ મંત્રી તેને તેડવા નગર બહાર ગયા છે."

"હેં!—તે મને ખબરજ નહીં?"

"કોઈને નથી. કંઈ કામ હોય તો મને કહેજો, હું કરીશ."

"કેમ આવે છે?" રાણીએ પુછ્યું.

"પછી કહીશ." કહી કલ્યાણી એકદમ પાછી ખસી ગઈ ને મહારાણીનું ઉપરણું ઉંચકી ખંખેરવા લાગી.

એક વૃદ્ધ કંચુકી આવ્યો. જાણે ઉંઘમાં પડી હોય તેમ સુમોહાએ આંખ મીચી.

"બા" ખંખારીને તેણે કહ્યું.

"કેમ?" જાણે તરત જાગી હોય તેમ રાણીએ પુછ્યું.

"બા! અન્નદાતા ને અમાત્ય વક્રનાસ પધારે છે"

સુમોહા ટટાર થઈ, મેખલા ઠીક કરી ને બોલી: "ભલે પધારે!"

કંચુકી હાથ જોડી પાછો ગયો. પોતે અસ્વસ્થ છે તે રખે [illegible] સુમોહાએ ઘરેણાં ઠીક કર્યાં અને સ્વસ્થ થઈ બેઠી.

તેનું શું નાચી રહ્યું હતું. તેનો ભાઈ આંભિ તક્ષશિલાનો યુવરાજ આવી લાગ્યો હતો. તે એકલી ન હતી પણ આમેક જણ્યો ભાઈ તેની પડખે હતો. તે કેમ આવ્યો હશે? શું તેના સંદેશા પહોંચ્યા? શું તે તેને લઈ જશે? શું તે છુટશે?

સ્વાતંત્ર્ય—સ્નેહ—આશા! તેના ખંડમાં નાચતા સુવર્ણ મયૂરોનાં રુપેરી પણ ઝાંખાં પડ્યાં. આખો ખંડ સુવર્ણથી પણ સુંદર તેજે ચમકી રહ્યો.

સુમોહા ઉઠી. વસ્ત્ર સરખાં કર્યાં અને લીન વદને મગધનરેંદ્રને આવકાર આપવા તત્પર થઈ. શું યુવરાજ આંભિ સાથે હશે? આંખ આગળ તરતા તક્ષશિલાના ગિરિશૃંગોને તેણે મહામહેનતે દૂર કર્યાં.

પ્રકરણ ૩ જું

નરેંદ્ર

ઉંચો, કાળો, સ્નાયુબાળો દેહ; વિષય લાલસાની નીશામાં બહાર આવતી મોટી આંખો; નાનકડું કપાળ ને લાંબા વાળ; સ્વરૂપવાન છતાં અનાકર્ષક મુખ આ બધાં મગધના નરેંદ્ર

હિરણ્યગુપ્તમાં ધ્યાન ખેંચે એવાં હતાં. તેની ચાલ ચોરની હતી. તેના હોઠો પર શુદ્ર પિતામહની સ્થૂલતા હતી. ન કળાય એવી મહત્તા ને અધમતાની મૂર્તિ તે હતો.

વક્રનાસ દ્વેષપૂર્ણ હાસ્ય મુખપર રાખીને પાછળ આવતો હતો. તેની પાછળ રાક્ષસ આવતો હતો.

સુમોહાએ આ ત્રણે તરફ નજર નાખી; અને તેનું અંતર ત્રાસથી કાંપ્યું. જાણે કારમો વિષધર તેને વીંટાઇ વળતો હોય એવું તેને લાગ્યું. તે હાથ જોડી ઉભી રહી.

" મહાદેવી ! " નરેંદ્રનો ટેકડી કરતો હોય એવો અવાજ આવ્યો. તેની બોલવાની રીત અભિમાની હતી.

"કૃપાનાથ !" હાથ જોડી સુમોહાએ કહ્યું.

" બોલો શું આપશો ? હું વધાઇ લાવ્યો છું. "

" હું શું બોલું ? મારી પાસે આપવાનું શું છે ? " માનપૂર્વક બોલતાં પણ તેના અવાજમાંથી કટુતા દૂર રહી શકી નહીં.

" વક્રનાસ ! મહાદેવી ઘણાં શરમાળ છે."

" અન્નદાતા ! મોટા ઘરનાં એ લક્ષણ છે. " તિરસ્કારથી હસીને વક્રનાસે કહ્યું. આ કટાક્ષથી દેવીના અંતરમાં ક્રોધ આવ્યો છતાં તેણે મીઠાશથી પુછ્યું: " શી આજ્ઞા છે ? "

" આજ્ઞા ! " નંદે કહ્યું; આજ્ઞા મહાદેવીની હોય, " તે હસ્યો; સાથે વક્રનાસ પણ હસ્યો. રાણીના ઘવાએલા હયા પર ઘા થયા. પણ તે બોલી નહીં.

" મહાદેવી ! " વક્રનાસે તોછડે અવાજે કહ્યું; " દેવ એક આજ્ઞા માગવા આવ્યા છે. "

" શી ? "

" યુવરાજ આંભિ આવી લાગ્યા છે." નંદે કહ્યું. ભાઇ આવ્યાની ખાત્રી થતાં સુમોહાના હર્ષનો પાર રહ્યો નહીં. પણ ઘણા વર્ષથી ટેવાએલી હોવાથી તેણે તે હર્ષ બતાવવાની મુર્ખાઇ કરી નહીં.

" કયાં આવી લાગ્યા છે ? "

" પાટલીપુત્રને સીમાડે " નંદે કહ્યું.

" બોલાવો ત્યારે. "

" તમારા નિમંત્રણ વિના કેં આવશે ? " વક્રનાસે કહ્યું.

" મારા નિમંત્રણ ! આપ શું ઓછા છો ?"

" ભાઇ બહેનને મળવા આવે. બનેવીનો કેં હીસાબ હોય ? નહીં વક્રનાસ ! "

" ખરું છે અન્નદાતા ! મહાદેવી આજ્ઞા કરે તો હું હમણાં જઇ બોલાવી લાવું. "

" નરેંદ્રની આજ્ઞા હોય તો મારી આજ્ઞાની જરુર નથી. તેમની નહીં હોય તો મારે આજ્ઞા કરવાનો અર્થ શો ? "

" મહાદેવી ! " નંદે કહ્યું; " તમે કહેશો તો વક્રનાસ જશે. "

" એમ ! મારી પાસે કહેવડાવવું છે ? હા ભલે, વક્રનાસ જાઓ ! "

" લો થયું ! પણ એનો ગુરુબંધુ શકટાલને ઘેર ગયો છે તેને કોણ બોલાવશે ? " વક્રનાસે કહ્યું ને ન સમજાય તેમ હસ્યો.

" રાક્ષસ ! હાથી પર બેસાડી લઇ આવ. તક્ષશિલાના શ્રોત્રીયને માન આપ્યા વિના ચાલે ? " નંદ ખડખડ હસ્યો, મહાદેવીને એ હસવાનું કારણ નહીં સમજાયું.

" આંભિ કેમ આવ્યો છે ? " સુમોહાએ પુછ્યું.

" તને લઇ જવા આવ્યો હશે. " ફરીથી ખડખડ હસતાં નંદે કહ્યું.

" નંદ ખરું તો નહીં કહેતો હોય ? શું તેને પીયર જવા દેશે ? પલવાર સુમોહાનું અંતર

ઉલ્લાસમય થયું. પણ તેની નજર રાજા ને વક્રનાસના વિંડબના કરતાં મુખો પર પડી ને તેની આશા જતી રહી.

"હોય પણ ખરા" વક્રનાસે ઉમેર્યું.

"મને શું કામ લઇ જાય?"

"તેની મને ખબર!" કહી નંદ ફરીથી હસ્યો.

હિરણ્યગુપ્ત ને વક્રનાસનું દરેક હાસ્ય મહાદેવીનો પ્રાણ ચીરી નાખતું અકળાએલો આત્મા બંડ કરવા, સામે પડવા કુદ્યા કરતો; અને છતાં વર્ષોના ત્રાસથી નાબુદ થએલી હીંમત કૈં કરી શકી નહીં, મીઠું, નમાલું હસી તેણે સબહુમાન આ હાસ્યોનો જબાબ વાળ્યો.

"તમારે તક્ષશિલા જવું છે?"

વહેમથી સુમોહાએ બંને તરફ જોયું. આ પ્રશ્નનો મુદ્દો શો? તેને ફસાવા આ બે માંગતા હતા? કે તેની ઇચ્છા જાણી તેને ટીટળાવી દુઃખી કરવા માગતા હતા? કે તેને કોઇક કારણસર વદાય કરવા ઇચ્છતા હતા? આ પ્રશ્નમાં કૈં અર્થ હતો—પણ શો?

તેને એક એવો પણ વિચાર આવ્યો કે જીદ કરી જવું. બીજે વિચારે આ વિચાર મહાત થયો. પોતાની ઇચ્છા પ્રમાણે તેને કોઇ કરવા દેવાનું હતું? એ પોતે નિરાધાર હતી. એકલો આંભિ એને કેમ લઇ જશે? પ્રસંગપરંપરાએ કેળવેલી દીનતાજ તેના હાથમાં રહી.

"કૃપાનાથની શી આજ્ઞા છે!"

"મહાદેવી! જેવી તમારી ઇચ્છા!" નંદે કહ્યું ને ફરી પાછો તે વિંડબના કરતો હોય તેમ હસ્યો. સુમોહાનું અંતર તરફડી ઉઠ્યું.

"અન્નદાતા!" વક્રનાસે તિરસ્કારથી હસીને કહ્યું; "આપના રાજ્યમાં શી ખોટ છે કે મહાદેવી પિતાને ત્યાં જવાનો વિચાર કરે?"

"ખરી વાત છે" આ શબ્દજાળમાં સપડાએલી મહાદેવીએ પૂર્તિ આપી.

"મારે કશી ના નથી. હું તો આંભિને પણ કહીશ."

સુમોહાને સ્વાતંત્ર્યની આશા લલચાવી રહી.

"હા! ભાઇ આવે ત્યારે થઇ રહેશે."

"હા. ગમે તેવું પણ બાપનું ઘર" વક્રનાસે કટીઆળો જવાબ આપ્યો ને નંદ ખડખડ હસ્યો.

સુમોહાનું સ્વમાન છેક છેદાઇ ગયું. તેની છાતી ગુસ્સાથી ઉછળી ઉઠી. તેણે ભવાં નીચેથી ઝનુનભરી દૃષ્ટિ નાખી. તેનું ચાલે તો આ દુષ્ટ અમાત્યની ડોક મરડી નાખે. પણ શું કરે!

"વક્રનાસ! સમાલ. મહાદેવી ઘણાં ગુસ્સે થયાં છે." નંદ ફરીથી અપમાનકારક રીતે હસ્યો. "ચાલો હવે જઇએ. મહાદેવી! બેસો" નરેંદ્ર પાછો ફર્યો. કંચુકી આગળ ગયો ને રાજા, તેમના અમાત્ય ને મંત્રી ચાલી ગયા.

ભુકે ભુકા થએલા સ્વમાન વચ્ચે મગધની મહારાણી હોઠ પર હોઠ પીસતી ઉભી રહી. આ વિષ ક્યાં સુધી પીયાજ કરવું! તે એકલી પડી એટલે તેણે મુઠીઓ વાળી. તેના ગાલ લાલ લાલ થઇ ગયા અને પલ પહેલાં જે દીન વદને હસતી ઉભી હતી તેની આંખમાંથી દ્વેષ પ્રગટ્યો.

તે ફસંગ મારી પથારી પર પડી. ને તેની આંખમાંથી નિષ્ફલ ક્રોધનાં આંસુઓ નીકળ્યાં. તેને આ રત્ને મઢેલા કારાગારમાંથી કોણ કાઢે! એકદમ કોઇ પાછળ ઉભું હોય એમ તેને લાગ્યું. તે ચમકીને ફરી, તેણે આંસુ લુછવા માંડ્યાં. કલ્યાણી દયાળીની નજરે જોઇ રહી હતી.

"કેમ કલ્યાણી!" મહાદેવીએ રોફ બતાવવાનો પ્રયત્ન કર્યો; "શું કામ છે?"

"મહાદેવી! મને પારકી શું કામ ગણો છો?"

"એટલે ?" સ્વસ્થ થએલી સુમોહાએ પુછ્યું.

"મેં બધું સાંભળ્યું. મારી વાત ખરી નીકળીને !"

"તેમાં શું ?"

"મહાદેવી હું તમને મદદ કરવા માગું છું. આમ અવિશ્વાસ શા માટે કરો છો ?"

"મને કોણ મદદ કરવા નથી માગતું ?"

કલ્યાણી પર તેને વિશ્વાસ નહોતો. નંદ ને વક્રનાસની પ્રપંચભરી દુનીઆમાં કોણ ખરું ને કોણ ખોટું ? સુમોહા જાણતી હતી કે અહીંઆં દરેકે દરેક મનુષ્ય જાસુસ હતું.

"મહાદેવી ! શું કામ વિશ્વાસ નથી રાખતાં ?"

"આ બધી વાત કરવામાં તને શો ફાયદો?"

"મહાદેવી ! મને કૈં ફાયદો નથી. ખરું જોતાં નુકશાન છે. કોઇ દાસીને ખબર પડે તો મારું માથું જાય એમ છે."

"એવું શું કામ કરે છે ?"

"મહાદેવી ! હું માતા છું–હતી. મને એક પુત્રી હતી; અત્યારે તે જીવતી હોય તો તમારા જેવડી હોય."

"શું તે મરી ગઇ ?"

"હા, જે તમને અત્યારે રીબાવે છે તેણે તેને પહેલાં વશ કરી, ને પછી રીબાવી રીબાવી મારી નાખી."

"કોણે ?" આંખ ફાડી સુમોહાએ કહ્યું.

"કોણે પુછો છો ? કૃપાનાથે." ક્રૂરતાથી કલ્યાણીએ હસીને કહ્યું; "હું તમને રીબાતાં જોઉં છું ને મારી દીકરી સાંભરે છે."

"કલ્યાણી ! મારો વિશ્વાસ મેળવવાની યુક્તિ તને કોણે બતાવી ? વક્રનાસે ?"

"મહાદેવી ! હજુ વિશ્વાસ આવતો નથી ?"

"મગધમાં વિશ્વાસ કોનો રાખવો ને કોનો નહીં !"

"મારી પરીક્ષા કરો પછી કૈં છે ? સાંભળો એક વાત કહું ? ખરી પડે તો વિશ્વાસ રાખજો."

મુગે મોઢે સુમોહાએ જોયા કર્યું. કલ્યાણીએ ચારે તરફ જોઇ અવાજ ધીમો કર્યો.

"યુવરાજ આંભિ ને તેમના ગુરુબંધુ એ આવ્યા છે. સીમાડે રાક્ષસ તેમને તેડવા ગયો. રાક્ષસે નરેંદ્રના શાસન પ્રમાણે બ્રાહ્મણ ગુરુબંધુને હાથીપર ન બેસવા દીધો એટલે યુવરાજે આવવાની ના પાડી.

"એમ ?"

"હા, મેં ગુરુબંધુએ કહ્યું કે બ્રાહ્મણ ચાલતો જશે તો શકટાલ આચાર્ય ને ત્યાં. એમ કહી તે ચાલતો ચાલતો શકટાલને ત્યાં ગયો."

"હં" સુમોહાએ કહ્યું; "હવે સમજાયું."

"સમજાયું ને તમને કેમ પુછવા આવ્યા હતા તે ?"

"કલ્યાણી ! તું મને લલચાવી ઝખમે કરાવવા તૈઆર થઇ છે ? શું કરવા બેઠી છે ?"

"મહાદેવી ! હજુ અવિશ્વાસ છે ?"

સુમોહા બોલી નહીં. જો આ દાસી વિશ્વાસપાત્ર હોય તો કેવું સારું ?

"તને આ બધી વાતની કેમ ખબર પડી ?"

"પડી ખરીને ? તમારે અજમાયશ કરવી હોય તો કરો."

"તું ખબર લાવી એવી લઇ જશે ?"

"કોને ખબર મોકલાવવી છે ?"

"યુવરાજને–આંભિને" બોલ્યા થઇ જતાં મહાદેવીએ કહ્યું; "એક સંદેશો કહેવડાવશે ?"

"બોલો શો સંદેશો મોકલાવવો છે ?" કલ્યાણીએ ફરીથી ચારે તરફ જોતાં કહ્યું.

"આંભિને કહેવડાવ કે જો મને અહીંઆં મુકીને જશે તો બીજી પલે પ્રાણ છોડીશ" દઢતાથી સુમોહાએ કહ્યું.

"વારું" કલ્યાણી પાછી ફરી.

"કલ્યાણી ! તે સંદેશો મળ્યો છે તેની ખાત્રી શું ?" વહેમાઇને મહાદેવીએ કહ્યું.

"મહાદેવી ! ખાત્રામાં તમને યુવરાજ પહેલાં મળશે ત્યારે તમારી બાળપણની એક સખી મરી ગઇ તેની ખબર આપશે. તેનું નામ શું રાખવું છે !

"કલ્યાણી."

"ઠીક. પછી વિશ્વાસ આવશે. હીંમત રાખો મહાદેવી !" કહી કલ્યાણી ચાલી ગઇ.

"મારામાં કૈં રહી નથી" મહાદેવી બબડી.

પ્રકરણ ૪ થું

સેનાજિત



એક મેના પીંજરામાંથી બોલી:

"મહાદેવી ! શું કરે છે ?"

એકદમ ચમકીને સુમોહા ફરી, અને દાંત પીસ્યા. આ નાની પંખીણીની ડોક મરડવા તેના હાથ તલસ્યા. એ તેની દિવસ ને રાતની વેરી હતી; આ ભયંકર અંતઃપુરની જાસુસ હતી; અને જેટલા આવ્યા હોય તેનું નામ બોલ્યાજ કરતી. વળી સાપના વિષથી રાજાને ચેતાવવાનું એક સાધન હતી. પંખીઓ પણ આ રાજ્યમાં નિર્દોષ નહોતાં.

"ચુપ !" સુમોહાએ ગુસ્સામાં કહ્યું:

"નરેંદ્ર—વક્રનાસ—રાક્ષસ; નરેંદ્ર—વક્રનાસ—રાક્ષસ—કલ્યાણી." સુમોહા



એક મેના પીંજરામાંથી બોલી: "મહાદેવી ! શું કરે છે ?"

ગુસ્સામાં પાંજરા તરફ ફરી ને એક ડગલું ભર્યું. એકદમ તેને ભાન આવ્યું. એક વખત તેણે આવી એક મેના મારી નાખી હતી; અને પરિણામે કયાં સુધી વક્રનાસ સીવાય કોઇ તેને મળવા આવતુંજ નહોતું. એ કાળમુખા કરતાં આ મેના શી ખોટી?

"નરેંદ્ર, વક્રનાસ, રાક્ષસ, કલ્યાણી," પંખીએ પોતાની ફરજ બજાવ્યા કરી.

"મહાદેવી! આજ્ઞા છે?"

"કોણ સેનાજિત!" રાણીએ ખોટું હસવું મોઢા પર લાવી કહ્યું.

"હા."

સેનાજિત આવ્યો. અંતઃપુરના સૈન્યનો અધ્યક્ષ પચ્ચીસેક વર્ષનો હતો. રાક્ષસના જેવાંજ શસ્ત્રો-માત્ર ધનુષ્ય સીવાય-અને તેનાજ જેવા પણ ઓછા કીંમતી અલંકારો તેણે પહેર્યા હતા.

પણ તેનું સ્વરૂપ ઘણુંજ આકર્ષક હતું. તેની મોટી કાળી આંખો નિર્મલ તેમજ નિર્ભય હતી. એનું સીધું, ચાટીલું નાક અને એના વિલાસોત્સુક હોઠો એના વ્યક્તિત્વના આકર્ષણનું સબળ સાધન હતાં. એનો અવાજ મીઠો અને માનભર હતો.

શંકા, ક્રૂરતા ને નીચતાના અંધકારથી ભરેલા વાતાવરણમાં એ એક પ્રકાશનું બિંદુ હતું. એ આવા સ્થલમાં કયાંથી આવ્યો એ પ્રશ્ન તેને જોનારને સ્વાભાવિક રીતે થતો; એના વડેજ આ સ્થલ સહન થઇ શકે છે એમ પણ અંતઃપુરમાં ઘણાં માનતાં.

અંતઃપુરમાં તેની સત્તા સર્વોપરી હતી. કોણ આવ્યા, કોણ ગયા, કોણ કોને મળ્યું, કોણે કોને શું કહ્યું એ બધી પળેપળની માહીતી યાવનીઓ, સ્ત્રીપુરુષો, દાસીઓ, પરિચારિકો, જાસુસો ને પંખીઓ તેને આપતાં. દરેક રાણીની ગૃહવ્યવસ્થા અને તેની રહેણી કરણી પર તેનું રાજ ચાલતું. જે રાણીને મહેલે રાજા જવાના હોય ત્યાં દરેક પ્રકારની ચોકસી તે કરતો; અને સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેતો.

અંતઃપુરનો તે જેલર હતો; પણ તેનાં હાસ્ય ને નીખાલસપણાથી આ કેદખાનાનું દુઃખ કેદીઓને ઓછું થતું લાગતું. એના કર્તવ્યે દીધેલા ઘા મીઠાશથી તે રુઝવતો.

રાજાના મોહનગૃહના ભયંકર, અગમ્ય ભેદોનો પણ તે જાણકાર મનાતો. એ ધારે તો કેટલાકને સુખી કે દુઃખી કરે, જીવાડે કે મરાવે તેની ગણત્રી કરવાની કોઇની હીંમત ચાલતી નહીં. આખા રાજગૃહમાં નરેંદ્ર ને અમાત્ય વક્રનાસથી ઉતરતી ને છતાં તેમનાથી પણ સર્વવ્યાપી સત્તા એની હતી.

એમ કહેવાતું કે નરેંદ્રનું અંતર કોઇ જાણતું તો તે સેનાજિત. સેનાજિતના પિતા બેતાલીસ વર્ષ સુધી અંતઃપુરના સૈન્યના અધિષ્ઠાતા હતા; અને હિરણ્યગુપ્ત ને તેના પિતા બંનેનું સંરક્ષણ અને તેના અંતઃપુરનો કારભાર સંતોષકારક રીતે કર્યો હતો. તેના લાંબા કારભાર દરમીયાન મોહનગૃહ અને અંતઃપુરમાં શું શું થયું તે કોણ કલ્પી શકે?

સેનાજિત ધનનંદના ખોળામાં ઉછર્યો હતો. પોતાના પુત્રોને દૂર ને જાસુસોથી વીંટાએલા રાખતા રાજાનું હૃદય આ અંતઃપુરના અધ્યક્ષના પુત્ર તરફ આર્દ્ર થતું.

જ્યારથી સેનાજિતને ભાન આવ્યું ત્યારથી તેણે નરેંદ્રની ભક્તિ સ્વીકારી; જ્યારથી તેને સમજ આવી ત્યારથી તેણે અંતઃપુરના ભેદો સમજવા માંડ્યા. જ્યારે તેના પિતા મરી ગયા ત્યારે બાવીસ વર્ષની ઉંમરે તે પિતાને હોદ્દે બેઠો. જ્યાં સુધી સેનાજિત અંતઃપુરનો અધ્યક્ષ હતો ત્યાં સુધીજ તે સુરક્ષિત હતો એવી ખાત્રી ધનનંદને હતી.

તેની હીંમત અડગ હતી; અંતઃપુરની ખટપટનું તેનું જ્ઞાન સંપૂર્ણ હતું. તેને એકજ ધર્મ હતોઃ નરેંદ્ર ભક્તિ.

આ સેનાજિત મુખ પર સુમધુર સ્મિત રાખી, નમ્રતાની મૂર્તિ સરખો ઉમરા પર ઉભો રહ્યો. મેનાએ પોતાની હકીકત કહીઃ " નરેંદ્ર, વક્રનાસ-રાક્ષસ–કલ્યાણી " આ હકીકતની નોંધ લેવી તે તેની ફરજ હતી; જાણે પોતે કૈં સાંભળ્યુંજ ન હોય એવો ડોળ કરી મહાદેવી તરફ સબહુમાન જોઇ રહેતાં તેણે તે ફરજી બજાવી. જાસુસોના આ નાયકનો વિનય અદ્દભુત હતો.

સુમોહાએ જરાક ગભરાઇને જોયુંઃ સેનાજિત-ના મુખ પર નિશ્ચલ માન હતું.

" શી આજ્ઞા છે ? "

સુમોહાએ થોડીવાર વિચાર કર્યો. આ એક માણુસ વાત કરવા લાયક હતો; કેદીઓને કેદનું સ્મરણુ વીસરાવવા પ્રયત્ન કરતો હતો તે હસી. " જાણ્યું કે ? મારો ભાઇ આંભિ આવ્યો છે. "

" મને હમણુાંજ નરેંદ્રદેવે કહ્યું" સેનાજિત હસીને બોલ્યો; " ઘણો આનંદ થશે. "

" અહીંઆં આનંદ ક્યાં ઓછો છે ? " સુમોહાએ આ અંતઃપુરમાં પ્રચલી રહેલા શિષ્ટા-ચાર પ્રમાણે અહીંઆં બધું આનંદમય છે તેનો સ્વીકાર કર્યો.

" આનંદમાં પણુ આનંદની વૃધ્ધિ આવકાર-દાયક હોય છે.

" ખરી વાત છે" કડવાશથી રાણીએ કહ્યું.

" મહાદેવી તક્ષશિલા જવાનાં કે ? " સેના-જિતે હસીને, સ્નેહભર્યા અવાજથી પુછ્યું.

સુમોહા આ નીખાલસ દેખાતા અધ્યક્ષ તરફ જોઇ રહી. આ સ્નેહભર્યો યુવક હતો, અંતઃપુરનો ભેદુ !

" હું શા માટે જાઉં ? " રાણીએ હસીને વાત ઉડાવી. " પણુ સેનાજિત ! તું ક્યારે પરણુવાનો ? "

" આચાર્ય શકટાલ દિવસ નક્કી કરે ત્યારેને. "

"એણે દીકરી આપવાની હા તો પાડીને ?"

" નરેંદ્રદેવે પડાવી. "

" ત્યારે હવે શો વાંધો છે ? "

" હજુ મંગલ નક્ષત્ર આવ્યું નથી. "

" તું પછી અહીંઆં દિવસ ને રાત કેમ કામ કરશે ? "

સેનાજિત હસ્યો. " હમણાં કરું છું તેમ. નરેંદ્રદેવે આઠ પક્ષ થયાં બહાર રહેવાની રજા આપી છે ને ? "

" ગૌરી અહીંઆં નહીં રહે ?

" ના " ટુંકેથીજ સેનાજિતે પતાવ્યું. સ્ત્રીને અહીંઆં રાખવી હોય તો પછી તેને પરણુવીજ નહીં–એ સામાન્ય જનનું સૂત્ર સેનાજિતે પોતાને માટે સ્વીકાર્યું હતું.

સુમોહાને અદેખાઇ થઇ. હિરણ્યગુપ્તની મહાદેવી કરતાં અધ્યક્ષની સ્ત્રી થવામાં કેટલું સુખ હતું !

" અરે પણુ સેનાજિત ! " સુમોહાએ પુછ્યું; "પછી કુમાર ચંદ્રગુપ્તનો કૈં સંદેશો આવ્યો ?"

એક વિપલવાર સેનાજિત મુંઝવાયો. સુમોહા એ મુંઝવાડો ધ્યાનથી જોઇ રહી.

" કુમાર પ્રાગ્જ્યોતિષ તરફ નીકળી ગયા. "

" શીકાર કરતાં ત્યાં ક્યાં ચાલી ગયા ! " રાણીએ નિર્દોષ બની પુછ્યું.

" ગઇ કાલેજ સંદેશો આવ્યો હતો. તમે ક્યાં કુમારની હીંમતને નથી ઓળખતાં ? દાસી !" સેનાજિતે બુમ મારી.

" પણુ એ પ્રાગ્જ્યોતિષ કેમ ગયો ? "

" મને ચોક્કસ ખબર નથી. " એટલામાં એક દાસી આવી. " નંદિની ! મહાદેવીની ભોજનની તૈયારી કર. " સેનાજિતે કહ્યું.

" સેનાજિત ખરી ખોટી જે હોય તે ખબર તો કહે. "

" જેવી આજ્ઞા !" મીઠાશથી સેનાજિતે કહ્યું; " કહેવાય છે કે પ્રાગ્જ્યોતિષની કુંવરી પર કુમાર મોહી પડયા છે, નંદિની ! બધી તૈઆરી કર ! મહાદેવી ! રજા છે ? હું જાઉં ? મારે પણ જમવા જવું છે. "

" હા " કહી પ્રણામ કરી, હસીને સેનાજિતે ચાલવા માંડયું. તે ગયો એટલે નંદિની મહાદેવી પાસે આવી. તે નવી આવેલી નાની ઉંમરની દાસી હતી.

" માતા ! " તેણે ધીમેથી સુમોહાને કહ્યું; " એ વાત ખોટી. "

" કઇ ? " ચમકી સુમોહાએ પુછયું. નંદિનીના મુખ પર ગપાટા મારવાનો શોખ દેખાયો.

" કુમારની. એને તો મારી નંખાવ્યા—"

સુમોહા ગભરાઇ બારણા તરફ જોઇ રહી. એક યાવની ઉભી હતી.

નંદિની ગભરાઇ ગઇ; પોતે કરેલી ભુલનું તેને ભાન આવ્યું. તેની આંખો બેબાકળી થઇ ગઇ. કોણ જાણે કેવી રીતે તેણે ધીમે સાદે કરેલી વાત ચારે તરફ સંભળાઇ લાગી.

" બહાર આવ " યાવનીએ કહ્યું.

નંદિની ગભરાતી બહાર નીકળી.

"નંદિની ! ભોજન તૈઆર કર !" સુમોહાએ કહ્યું. નંદિની બહાર ગઇ તે જાણે તેને યાવની પકડી ગઇ એવો કૈં ભાસ સુમોહાને થયો. રાણીએ નીસાસો મુકયો.

થોડી વારે કલ્યાણી ભોજનની તૈઆરી થઇ તે કહેવા આવી.

" નંદિની કયાં ? " સુમોહાએ કહ્યું.

" બીજા કામમાં રોકાઇ છે. " કલ્યાણીએ મોટેથી કહ્યું; ને ધીમેથી બબડી : " તમારી જોડે ધીમેથી બોલવાનો એણે અપરાધ કર્યો; " ને પછી મોટે અવાજે કહ્યું. " ચાલો બા ! ભોજન વાટ જુએ છે. "

સુમોહાને ફેર આવ્યા. આંખે હાથ દઇ તે ભોંયપર બેસી ગઇ.

પ્રકરણ ૫ મું

સેનાજિતની પ્રિયતમા

હસતે મુખે સેનાજિત અંતઃપુરમાંથી બહાર પડયો. મેઘગ્રસ્ત અંતઃપુરની સૃષ્ટિમાં તે સૂર્યકિરણ હતો; જ્યાં તે સંચરતો ત્યાં નવજીવન ને નવ આશા સ્ફુરતાં.

સેનાજિતનું અંતર અત્યારે પ્રફુલ્લ હતું. નરેંદ્રની મહેરબાની, પૈસો ને સત્તા, ખુશમીજાજી સ્વભાવ અને બધાને રીઝવવાની શકિત આટલાં હોય તો પણ માણસ પ્રફુલ્લ હોય. પણ અત્યારે પ્રફુલ્લ થવાનું એને મોટામાં મોટું કારણ હતું: એ એની પ્રિયતમાને મળવા જતો હતો.

સુખી પ્રણયીના હૃદયમાં સુખ મહાલવાની, સુખ જોવાની, ને સુખ પ્રસારવાની શકિત હોય છે. સેનાજિતની આવી શકિત સ્વભાવિક હતી; અને અત્યારે તે સુખી પ્રણયી હતો. " ગૌરી ! ગૌરી ! ગૌરી ! " તેનું પ્રફુલ્લ હૈયું ગાતું હતું; અને સૃષ્ટિ બધી સંવાદી નર્તન કરતી હતી.

અંતઃપુરના ઉદ્યાનમાંથી બહાર જતાં તેની કલ્પનાએ સરજાવેલી નજર એકજ સુંદરીને જોતી હતી.

આજે ચાર મહીના થયાં સવારે ને સાંજે તે પોતાને પ્રાસાદે જતો; અને બારીએ ઉભો રહેતો. ગૌરી—નાજુક, નમણી, હસમુખી ગૌરી



ચિત્રકાર :] સેનાજિત બારીએ ઊભો રહેતો...... [રા. ગોરક્ષકર
સોણ પરથી પાણી ભરી આવતી ગૌરીને તે જોવા ઝંખતો.

[પૃષ્ઠ ૧૬

-સોણુ પરથી પાણી ભરી આવતી ગૌરીને તે જોવા જતો. તે આવતી, ઘણીવાર સહીયરોના સાથમાં, કોઈકજ વખત એકલી. તે દેખાતી ને સેનાજિતનું હૈયું ધબકતું, તે પાસે આવતી ને સ્મિતભર્યા નયને તે સ્વાગત કરતો. છેડો ખોસતી સખીઓની સાથે વાત કરતી, હસતી ગૌરી બારી પર નજર ઠેરવતી બંનેની નજર મળતી. તે ધન્ય પળે ધરા સહર્ષ ધ્રુજતી. બીજી પળે ગૌરી શરમાળપણાથી નીચું જોઈ, ગાલે આવેલી રતાશ છુપાવતી ચાલી જતી. તે અદૃષ્ટ થતી ત્યાં સુધી સેનાજિત આંખોમાં પ્રાણ પરોવી જોયા કરતો; અને પછી કલ્પના બળ જ્યાં સુધી તેને મૂર્તિમાન રાખે ત્યાં સુધી નજર ઠેરવી ઉભો રહેતો.

હવે તે ત્યાંથી ખસી જતો, તે માત્ર પાછા ત્યાં આવી ઉભા રહેવાનો તલસાટ અનુભવવા. ચાર મહીના થયાં જ્યારથી નરેંદ્રદેવે તેને ઘેર જવાની રજા આપી હતી ત્યારથી આટલા માટે તે જીવતો હતો.

ઘણીવાર તેને અધીરાઈ આવી. આચાર્ય શકટાલ શા માટે વિલંબ કરતા હતા ? કેટલાં વર્ષ તેણે વાટ જોઈ હતી ?

ધનનંદના પિતા યોગનંદના સમયમાં શકટાલ અમાત્ય હતા ત્યારે તે અને ગૌરી સાથે રમેલાં. પછી શકટાલ રાજદ્વેષની ઝાળથી દાઝયા; વક્રનાસની કુટિલતાથી ધન, માન ને સત્તા ખોઈ બેઠા. તે વખતે પણ રાજાની આજ્ઞાનું સદાએ પાલન કરનાર પિતાની આજ્ઞા તોડી તે ગૌરીને જોવા જતો. પછી યોગનંદે શકટાલ પર મહેર કરી ત્યારથી તેને ગૌરીને મળવાની સરળતા થઈ; અને આખરે હિરણ્યગુપ્ત નરેંદ્રની આજ્ઞાથી શકટાલે તેને પરણાવવાનું કબુલ કર્યું. આ તેની પ્રણયકથા તેને યાદ આવી. હવે એનું સુભગ પરિણામ ક્યારે આવવાનું !

આગળનું ઉદ્યાન ઓળંગી, સૈનિકોને સાવધાન રહેવાની આજ્ઞા કરી, મંત્રભૂમિ આગળથી તે જતો હતો ને પરિચારક મળ્યો.

"મહારાજ, અમાત્ય આપને બોલાવે છે."

" મંત્રભૂમિમાં છે ?" તેણે પુછ્યું.

" હા."

બે ફલંગ મારી તે મંત્રભૂમિમાં ગયો. એક તરફ મૃગચર્મની શૈય્યા પર વક્રનાસ ભયંકર એકલતામાં ત્રાસ પ્રસરતો બેઠો હતો. તેનો હોઠ આખી સૃષ્ટિ તરફ શાંત તિરસ્કાર બતાવી રહ્યો. ખંડને છેક બીજે છેડે કેટલાક મંત્રીઓ પોતાનું કામ કરતા હતા, સેનાજિતે જઈ અમાત્યને પ્રણિપાત કર્યા.

" સેનાજિત ! " ધીમેથી વક્રનાસે પુછ્યું; " બધું કેમ છે ? "

" બરાબર છે. "

" જોજે હોં ! " મોઢું વાંકુ કરી વક્રનાસે કહ્યું.

" ફીકર નહીં " સેનાજિતે હસીને કહ્યું.

" સેનાજિત ! એક બીજી વાત "

" શી આજ્ઞા છે ? "

" શકટાલને ત્યાં જરા જઈ આવજે. "

સેનાજિતનુ હૈયું હરખી ઉઠયું. તેના મુખ પર પ્રસરેલો હર્ષ અમાત્ય નિર્દય તિરસ્કારથી જોઈ રહ્યા.

" કેમ ? "

" અને ત્યાં તક્ષશિલાનો બ્રાહ્મણ આવ્યો છે—આંભિની જોડે આવ્યો હતો તે. તું તારા લગ્નની તિથિ નક્કી કરી આવ. સમજ્યો ? " વક્રનાસે હસીને બહાનું શોધી આપ્યું.

" એ બ્રાહ્મણ કોણ છે ? "

" વિષ્ણુગુપ્ત નામ છે. પહેલાં પાટલીપુત્ર હતો એમ કહેવાય છે. શકટાલ ઓળખતો હોવો જોઈએ. એનો શિષ્ય પણ હોય. સમજ્યો ?

સાથે સાથે તારું પણ કામ થશે."

"જેવી આજ્ઞા!"

"જો બરાબર સાવધાનીથી વર્તજે."

"મને કૈં કહેવું ન પડે. બીજી કૈં આજ્ઞા?"

"ના."

સેનાજિત હસ્યો અને પગે લાગી ત્યાંથી નીકળ્યો. શકટાલને ઘેર જવાનો લહાવો મળતાં તે વધારે પ્રફુલ્લ થયો. વધારે પ્રામાણિક જમાનામાં જાસુસ બની સસરાને ત્યાં જતાં સેનાજિત ખંચાત; નંદોના જમાનામાં તેને આ કામ કરતાં કૈં વાંધો લાગ્યો નહી.

હસતે મોંઢે, ને કુદતે પગે તે રાજગૃહ વટાવી ઘોડે બેસી પોતાને પ્રાસાદે ગયો. તેનો પ્રાસાદ રાજગૃહની હસ્તીશાળાની પડોશમાં, સોણને તીરે હતો. કુટુંબમાં તે એકલો પોતે હતો; અને ઘણે ભાગે રાજગૃહમાંજ તે રહેતો હતો એટલે તે વિશાલ પ્રાસાદનો પોણો ભાગ બંધ હતો.

એક જટિલ તેના પ્રાસાદની ભીંતે અઢેલી ઉભો હતો.

"મહારાજ! ભિક્ષા આપો."

"ભિક્ષા સીવાય બીજો કૈં ધંધો ખરો કે?" હસીને સેનાજિતે કહ્યું.

"આપને આશીર્વાદ આપવાનો. તમારો જય છે."

નોકરોએ બારણાં ઉઘાડયાં ને સેનાજિતની પાછળ જટિલ અંદર આવ્યો.

"આને ભિક્ષા આપ!"

"જેવી આજ્ઞા."

સેનાજિત અંદર ચાલી ગયો. ને અનુચરે જટિલને ગુસ્સામાં કહ્યું: "ચોંટ, ધંધો નથી નહીં—"

જટિલ બેઠો ને અનુચર અંદર ગયો.

સેનાજિતે બખ્તર ઉતાર્યું ને તે બારીએ જઈને ઉભો.

તેણે નદી તરફથી આવતા રસ્તા ઉપર નજર નાખી; અને શ્વાસ ધેરી આવનારાઓને જોઈ રહ્યો. થોડીવારમાં કલ્પનાએ સૂક્ષ્મ દેહ ઘડયો. છટા ભરી ચાલ; નમણું નાક; તેજસ્વી આંખો; ચમકતું મોઢું;—ને મોહક દૃષ્ટિ; અને અદ્ભુત હાસ્ય—તેની કલ્પનાએ સર્જ્યાં. દરેક રંગીન લુગડાં પર નજર પડતાં તેનું હૈયું ઉછળતું...

...તે આવી! એક સખી સાથે હતી. સેનાજિતનો પ્રાણ જાણે તે તરફ ગયો હોય એમ લાગ્યું. નજર ભરી તે નીહાળી રહ્યો. તેજ ગૌરી, તેજ ચાલ, તેજ મોઢું!... સેનાજિતના હૃદય પર આઘાત થયો. આજે ચાલમાં આટલી ઉતાવળ કેમ? મોઢું આટલું અસ્વસ્થ કેમ? તેણે ગૌરીના નેત્રો તરફ જોયું. તેમાં આવી ઉત્સુકતા કેમ?

તે બારી નીચે આવી. નજર મીલાવવા સેનાજિત નજર ઠારી રહ્યો. વાતાવરણમાં અંધકાર પ્રસરવા લાગ્યો. ગૌરી ઉતાવળથી સખીની જોડે વાત કરતી હતી—તેને નજર મેળવવાની ઉત્કંઠા નહોતી.

સેનાજિતથી ન સ્હેવાયું. તેણે ખુંખારો કર્યો. ગૌરીએ ઉંચું જોયું, ને ઉતાવળથી ચાલી ગઈ. તે હસી પણ જાણે ન છુટકે. સેનાજિતનો શ્વાસ રુંધાઈ ગયો. તેના હૃદય પર ભાર આવીને પડ્યો.

મુંગળાતો ગુંગળાતો તે ચાલી જતી ગૌરીને જોઈ રહ્યો. પ્રલય ચારે તરફ વીંટાતો હોય એવું કૈંક લાગ્યું. બારી પર તેણે થોભા દીધા. કૈંક થયું હતું. પ્રિયતમા આવી ને ગઈ—પણ તેને માટે નહીં. પુર્ણિમા આવી ને ગઈ; એના હૃદયમાં તો અંધારીઘુંજ રહ્યું.

તેને ગૌરી પાછળ જવાનું મન થયું; ખિન્ન હૃદયે એ ઘેલછા તેણે દૂર કરી. એનો અનુચર એને માટે પાટલો મુકી ગયો હતો તેને તેણે લાત મારી દૂર કર્યો.

" આનંદ ! " તેણે બુમ મારી.

" અન્નદાતા ! " અનુચરે બહારથી જવાબ આપ્યો.

" જમવાનો વખત થયો કે ? "

" હા. અન્નદાતા ! " કહી આનંદ આવ્યો, થાળી મુકી અને જતાંજતાં બારણું બંધ કર્યું.

સેનાજિતે બારણાં અંદરથી દીધાં, અને ખાવાની થાળીનું ઢાંકણુ ઉઘાડયું; અને અડધું ખાવાનું ઢાંકણુમાં જુદું કાઢી, બાકીનું પોતે ખાઇ ગયો. પછી તેણે હાથ ધોયા; હાથમાં ઢાંકણુ લીધું; અને અંદરનો ખંડ ઉઘાડી તેમાં ગયો.

અંદરના ખંડમાં જઇ તેણે એક કાકડો ચેતાવ્યો; અને થાંભલાનું કંડુ ખેંચી ભોંયરાનું મોં ઉઘાડયું; પછી એક હાથમાં કાકડો અને બીજા હાથમાં ખાવાનું લઇ તે નીચે ઉતર્યો.

નીચે ભોંયરામાં હીંચકા પર એક માણસ સુતો હતો.

પ્રકરણ ૬ ઠું

અજ્ઞાત કેદી

જેવો સેનાજિત ઉતર્યો એટલે સુતેલો માણસ એકદમ ઉભો થઇ ગયો.

" કોણ છે ? "

" કોઇ નહીં એ તો હું " સેનાજિતે કહ્યું.

" શું કામ છે ? મારવા આવ્યો છે ? " તેણે હસીને પુછ્યું ને એક ડગલું પાછળ હઠી પોતાનું સંરક્ષણ કરવા તત્પર થયો.

" હું ખાવાનું લાવ્યો છું. "

" અંદર ઝેર છે કે ? "

" ના. " સેનાજિતે હસીને ઢાંકણુ ભોંય પર મુકયું.

આ માણુસ સેનાજિત જેટલીજ ઉંમરનો લાગતો હતો પણુ તેનાથી એ મુઠ ઉંચો હતો.

તે જરાક શ્યામળો હતો ખરો; અને તેનું મુખ ભુખથી નિસ્તેજ થયું હતું. છતાં તેજસ્વી કપાળ, ધારદાર આંખો, ભરાવદાર હોઠો તેના મુખનો પ્રભાવ દેખાડતાં હતાં. તેના ભરાવદાર ગુંછળાંવાળા વાળ તેના ખભા પર પ્રસરતા હતા.

તેનાં મજબુત ને સ્નાયુઆળાં અંગો તેની શક્તિ દેખાડતાં હતાં. અને તેનાં કીંમતી અલંકારો ને વસ્ત્રો તેની હાલની સ્થિતિ વીશે અજાયબી ઉત્પન્ન કરતાં હતાં.

તેનો અવાજ મોટો હતો, અને તેમાં થોડીક મજાક ને થોડીક કડવાશનો રણુકો હતો.

" ખાવા બેસશો ? " સેનાજિતે કહ્યું.

" હા. પણુ વાત તો કર " અજ્ઞાત પુરુષે કહ્યું. " નવા જુની શી છે ? "

" બધા મજાહમાં છે " સેનાજિતે કહ્યું.

" હવે મને કયારે મારી નાખવો છે ? "

" અરે એવી વાત શું કરો છો ? "

" તારે બીજી વાત. તારા દેવાધિદેવ કેમ છે ? "

" કોણુ નરેંદ્રદેવ ? " હસીને સેનાજિતે કહ્યું. " ખુશીમાં છે. "

" ને વક્રનાસ ? એનો ઉડીયા હોઠ કેમ છે? "

" બંને સારાં છે. "

"તારી ગૌરી કેમ છે ?"

"તે પણ સારી છે" હૃદયની વ્યથા છુપાવી સેનાજિતે કહ્યું.

"ત્યારે કોઇ ખરાબ છેજ નહીં, મારા સીવાય."

"તમને શી ખોટ છે ?"

"મને કૈં ખોટ હોય ? આ તારા ભોંયરામાં શી મજાહ આવે છે ? તું પણ અહીંઆં રહેતો જાની."

"આજે આંભિ આવ્યો છે" સેનાજિતે કહ્યું.

"કોણ ?"

"તક્ષશિલાનો યુવરાજ" સેનાજિતે કહ્યું.

"હવે મહાદેવી છુટશે."

"એવું શું બોલો છો ?"

"બધા તારા જેવા મૂર્ખ હશે કે રાજગૃહને અમરાવતી માને ?"

"મહાદેવીને શું દુઃખ છે ?"

"એને સુખી તો તુંજ કહે તો. એનું ચાલે તો કાલે તક્ષશિલા પહોંચી જાય."

"એક વાત કહું, આંભિની જોડે એક એનો ગુરુબંધુ આવ્યો છે. તેને રાક્ષસમંત્રીએ હાથી પર બેસવા દેવાની ના પાડી. એટલે બીજાજમાં ચાલીને તે આચાર્યને ત્યાં ગયો."

"કેમ ?"

"કહે કે આ ગામમાં બ્રાહ્મણ ચાલીને જાય તો આચાર્ય શકટાલનાં દર્શન કરવાંજ."

"સાબાશ ! બ્રાહ્મણ છે ?" અજ્ઞાત પુરુષે એકદમ બેદરકારી છોડી રસ લેવા માંડયો. "નામ શું ?"

"નામ–વિષ્ણુગુપ્ત."

"વિષ્ણુગુપ્ત !" કેદીએ પલવાર વિચાર કર્યો. તેની આંખો એકદમ ચમકી ઉઠી.

"કેમ ઓળખો છો ?"

કેદી હસ્યો. "હું એટલા બધા વિષ્ણુગુપ્તોને ઓળખું છું કે આ કયો તે કેમ કહેવાય ? પણ સેનાજિત ! મારું કહ્યું કરશે ?"

"શું ?"

"મને નાસી જવા દે તો તને જોઇએ તે આપું."

"નરેંદ્રદેવની આજ્ઞા મારાથી કેમ ઉલ્લંઘાય ?" સેનાજિતે પુછ્યું.

"તને શી લાલચ આપું ?"

"હું કદી લલચાવાનો નથી."

"ઠીક. ત્યારે તને વગર લલચાવે નાસી જઇશ."

"તે હું જોઇ લઇશ."

"જોજે" હસીને કેદીએ કહ્યું; "આવતી પૂર્ણિમા પહેલાં હું મગધ છોડી જતો રહ્યો હોઇશ."

"તો હું તમારી પાછળ પકડવા આવી પહોંચીશ." હસીને સેનાજિતે જવાબ દીધો.

"સેનાજિત ! મને બહાર નીકળવા દે; પછી જોઉં છું અને કોણ પકડે છે, એ તો મેનાકી મુરખી નીવડી."

જેલરની ઉદારતાથી સેનાજિત કેદીની બડાશ સાંભળી રહ્યો.

"હવે હું જાઉં છું."

"આવજે. તારા દેવાધિદેવને, વક્રનાસને ને આંભિને મારા પ્રણામ કહેજે, ને કહેજે કે હું મજાહમાં છું"

"બીજું કૈં ?"

"ને યાદ રાખજે કે આવતી પૂર્ણિમાએ હું મગધની બહાર હોઇશ."

"ત્રણ પૂર્ણિમા તો થઇ ગઇ."

"આવતી પૂર્ણિમા નહીં આવે."

સેનાજિત ઢાંકણું લઇ ઉપર ચઢયો ને ભોંયરું દઇ બહાર આવ્યો. કેદીની બડાશમાં કૈં સત્ય

હતું? હંમેશા તે આમ કહેતો હતો, પણ આ વખતે તેના અવાજમાં આટલી શ્રદ્ધા કેમ હતી? વિષ્ણુગુપ્તનું નામ સાંભળી આ શ્રદ્ધા આવી હોય એમ લાગ્યું? આ વિષ્ણુ કોણ હતો?

તેને એકદમ બધું સમજાયું. એને ગૌરીની બેદરકારી યાદ આવી...એ જલદીથી જતી હતી કારણકે તેને ઘેર વિષ્ણુગુપ્ત અતિથિ આવ્યો હતો. ઇર્ષ્યાનો ડામ તેના હૈયામાં પડયો, ચણચણ્યો. તેની ગૌરી આ બ્રાહ્મણ પાછળ આટલી ઘેલી થઇ!

એણે વિષ્ણુગુપ્તને કોઇ વૃદ્ધ ધાર્યો હતો; શું આ માણસ જુવાન હતો? તે દાંત પીસતો બહાર આવ્યો; અને વક્રનાસની આજ્ઞા પ્રમાણે શકટાલને ત્યાં જવાનો તેણે નિશ્ચય કર્યો. તેનું હૃદય પણ ત્યાં જઇ ગૌરીને અને આ વિષ્ણુગુપ્તને મળવા અધીરું થયું હતું.

પ્રકરણ ૭ મું

જેમાં સેનાજિતને મગધના મહામાત્ર સંનિધાતાનું નિમંત્રણ આવે છે

સેનાજિત જેમ હંમેશાં અશ્વિનોને મંદિરે દર્શન કરવા જતો તેમ આજે પણ ઘોડે બેસી મંદિરે ગયો. માત્ર તેના બે અનુચરો પાછળ ઘોડે બેસી આવ્યા.

રાજગૃહની દક્ષિણે, શહેરના મધ્યભાગમાં જયંત, વૈજયંત, વૈષ્ણવ અને દેવોના વૈદ્યરાજો અશ્વિનોનાં મંદિરો આવ્યાં હતાં. થોડેક દૂર ધનનંદે બંધાવેલા કેટલાક પાખંડી મતોના સ્તૂપો આવેલા હતા.

અશ્વિનોનું મંદિર ઘણું જુનું હતું; અને મગધરાજ શિશુનાગે ચારસો વર્ષ પર કરાવેલું એમ કહેવાતું. ગર્ભદ્વારની સામે વિશાલ ચોક હતો; અને એમ કહેવાતું કે મગધરાજ બિંબિસારના સમયમાં સહસ્ર શ્રોત્રિયો ત્યાં વેદોચ્ચાર કર્યા કરતા. પણ ધનનંદની મહેરબાની અશ્વિનો પર ન હોતી તે મંદિરનો દરેક પથ્થર બતાવી આપતો હતો. અત્યારે એ ચોક ત્રણ ચાર સાધુ સીવાય નિર્જન હતો. ગર્ભદ્વાર આગળ એક પુજારી બેઠો હતો. જાઉં, જાઉં કરતો એક નાનો દીવો અશ્વિનોની ભવ્ય મૂર્તિના થોડાક ભાગ પર પ્રકાશ પાડતો હતો.

સેનાજિતને અશ્વિનો પર ઘણી શ્રદ્ધા હતી. તેણે સાષ્ટાંગ દંડવત્ કરી પુજારીને દક્ષિણા આપી.

"સેનાજિત મહારાજ! સો વર્ષ જીવો!" નષ્ટ થએલા ગૌરવની ખંડિત પ્રતિમા હોય એવા દરિદ્ર પુજારીએ આશીર્વાદ દીધા ને પુછ્યું; "મહારાજ! ગામ વાત કરે છે એ ખરી? કહે છે કે એક વિદ્વાન બ્રાહ્મણ પગે ચાલીને આચાર્યને ત્યાં ગયા?"

"હા." હસીને સેનાજિતે કહ્યું. "તમે પણ જાણ્યું? કેમ?"

"મહારાજ!" વૃદ્ધ પુજારીએ ડોકું ધુણાવી કહ્યું; "બહું ખોટું થાય છે, જેને પુણ્યે—"

"જેને ગર્વ હોય તે પુણ્યશાળી હોય કે?" હસીને સેનાજિતે પુછ્યું.

"મહારાજ! શ્રોત્રિયોની અવગણના—" પુજારી ઉદ્દગ્યો; "ચાલો મહારાજ! આપણે બધાં તો આ દેવોનાં બાલક છીએ. હું પણ ઘરડે ઘડપણ એમનાં દર્શન કરી આવું."

"કોનાં ! એ આવ્યા છે તેનાં ?" જરા અજાયબ થઇ સેનાજિતે પુછ્યું.

"મહારાજ ! અમને તમારા નવા વિચારો નથી રુચતા. અમે ઘરડા થયા. પણ મરતાં મરતાં તપોધનોનાં દર્શન કરી જે કૃતાર્થ થયા તે ખરા" કહી ડોસો ચાલવા લાગ્યો.

સેનાજિતે થોડીવાર તેને જતો જોયા કર્યો. નંદના દરબારના રાજપુરુષો જે બ્રાહ્મણ તરફનો તિરસ્કાર કેળવતા તે એને સ્વાભાવિક હતો, અને પોતે બ્રાહ્મણકન્યા પરણવાનો હતો છતાં એ સ્વાભાવિક તિરસ્કાર ભુલી શક્યો નહોતો. આચાર્ય શકટાલ ગૌરીને પરણાવવાનું નક્કી નહોતા કરતા તેમાં પણ બ્રાહ્મણીય આડંબર હોવો જ જોઇએ એમ તે માનતા હતા. અને અત્યારે આ બ્રાહ્મણ કેવો એક હતો ? કચવાટથી ને ઇર્ષ્યાથી સેનાજિતનું રુપાળું મુખ અનાકર્ષક થઇ રહ્યું. આ માણસ કોણ છે? શા માટે હમણાં આવ્યો ! ગૌરીને ઘેર શા માટે ઉતર્યો !

સેનાજિત આ નવા આવનારને જોવા એક પગે થઇ રહ્યો; તેણે આવી ઘોડો પલાણ્યો. પણ તેના નસીબમાં આજે ધારેલું કરવાનું હતું નહીં. એક જણ દોડતે ઘોડે આવી પહોંચ્યો.



સેનાજિતને અશ્વિનો પર ઘણી શ્રદ્ધા હતી. તેણે સાષ્ટાંગ દંડવત કરી મુનિવરીને દક્ષિણા આપી.

"કેમ રથાણુ !" નવા આવનારને સેનાજિતે પુછ્યું.

"પ્રભો ! અન્નદાતા આપને હમણાં ને-

હમણાં બોલાવે છે."

સેનાજિતે કચવાટમાં ઉંચું જોઇ નીસાસો મુકયો "એ આશ્વિનો ! આજે આ છે શું ?" તે બબડયો પણ સ્વભાવ પ્રમાણે હસીને પુછયું: "મહામાત્ર ઘેર છે ?"

"હા. પ્રભુ ! આપનીજ વાટ જુએ છે. હું આજે ચાર નાલિકા† થયાં આપને શોધું છું.

"કેમ એટલું બધું ?"

"બહુ જરુરનું કામ છે."

સેનાજિતે વિચાર કર્યો કે મહામાત્ર સંનિધાતા જેવા અમલદાર તેને આમ બોલાવે અને તે ન જાય તે ઠીક કહેવાય નહીં. પણ શું કામ બોલાવે છે તે તે જાણતો હતો. એટલે તેણે નીસાસો નાખ્યો. ભલા થવું, મીઠાબોલા થવું, સમજાવટ કરવી એ લક્ષણો પણ અત્યંત દુઃખદ હતાં એમ તે અત્યારે અનુભવતો હતો.

દર્શક મગધના સાર્વભૌમ નરેંદ્રના ઘણાજ માનીતા મંત્રી હતા. તે મંત્રીવર્ય હોઇ મહામાત્ર પદ ભોગવતા; અને નરેંદ્રના સાંનિધ્યમાં સદા રહેવાનો અધિકાર હોવાથી સંનિધાતાની સંજ્ઞા પામ્યા હતા.

ધનનંદના લોભને ઉત્તેજતી આહૂતિ-ને તેના ધનના સંરક્ષક ફણીધર કોઇ હોય તો તે સંનિધાતા દર્શક હતો. રાજ્યના ખજાના ને વખારો, ધાન્ય ભંડાર ને જંગલી પદાર્થોના સંગ્રહો એના તાબામાં હતાં. અને ધનપ્રાપ્તિ સરલ થઇ પડે માટે શસ્ત્રાગાર તેમજ કારાગૃહો પણ એમનાજ તાબામાં હતાં.

વક્રનાસ મુત્સદ્દીગીરીથી ત્રાસ પ્રસારતા, દર્શક સમૃદ્ધિથી શાસન કરતા.

રત્ન, સોનું ને ચાંદી; ધાન્ય ને પણ્ય દરેક પ્રકારનું દ્રવ્ય અને તે પ્રકારે આખી સૃષ્ટિમાંથી ઉસરડી લાવી ઢગબંધ ખજાનામાં ખડકવાં એ એમનું પરમ કર્તવ્ય હતું; અને એ કર્તવ્યની આડે આવનારને ગમે તે શિક્ષા કરવી એ એમનો અનિયંત્રિત અધિકાર હતો.

મગધના રાજ્યનો છેલ્લા બસો વર્ષનો આવક ને ખરચનો હીસાબ તેમની જીભને ટેરવે હતો. અને પોતાના દશ વર્ષના અધિકારમાં આવકની વૃદ્ધિ અને ખરચનો ઘટાડો શાં થયાં છે તેની વાત લોકોને કરી કરી તેમની જીભ પણ ઘસાઇ જતી હતી.

નરેંદ્ર હિરણ્યગુપ્ત એના પર સદાએ ખુશ રહેતા. કારણ કે એના વડે તે ધનસંચય સચોટ રીતે કરી શકતા; અને સંનિધાતા નરેંદ્ર પર હમેશાં ફીદા રહેતા કારણ કે ધન સંચય માટે કંઈ પણ કરવાની તેમને છુટ હતી.

દર્શક પાસે પણ અઢળક ધનભંડાર હતો. અને તે લોકોને ધારી તેને ચારઘણા કરવાની ચતુર કલા તેને પુરેપુરી આવડતી હતી.

આવા માણસના નિમંત્રણનો કેમ અસ્વીકાર થાય ? પણ એ નિમંત્રણનું રહસ્ય સેનાજિત જાણતો હતો.

આ પ્રતાપી, સર્વસત્તાધિકારી સંનિધાતાનો પ્રભાવ ઘરમાં પગ મુકતાં બુઠો થઇ જતો. સંનિધાતા પંચાવન વર્ષના ને જાડા ગ્રહસ્થ હતા; અને એમનાં ત્રીજી વારનાં સુંદર ને ચબરાક પત્નીની પચ્ચીશીના પ્રભાવની પૂજા કરવામાં અને તેનાથી ત્રાસવામાં અવતાર પુરો કરતા.

દર્શક ઘેર આવતા ત્યારે તોર ને મીજાજ બહાર મુકી નમ્ર અને સેવોત્સુક થઇ જતા,

† નાલિકા=૧ મુહૂર્ત. ૧૫ મુહૂર્ત=૧ દિવસ અથવા રાત.

અને ઉપહારો આણ્યા હોય એ ગૃહદેવીને ચરણે ધરતા. જો એમનાં દેવી હસતાં તો દર્શક કાલા ઘેલા થઇ જતા; જો દેવી મુગાં રહેતાં તો તે રીઝવવા ઉપર તળે થતા; જો દેવી રુઠતાં તો તે દીન બની પગે પડતા. સામાન્ય રીતે દેવી છેલ્લા બે ભાવો ઘણી વખત અનુભવતાં હતાં, એટલે સંનિધાતાને કાલાઘેલાપણુાના ઘણુા લહાવા મળતા નહીં.

મૈનાકી વૈશાલિના એક ધનિકની લાડકી પુત્રી હતી; અને મગધના સંનિધાતા ઉપર મહેરબાની કરવા તેને પરણી હતી એ ખ્યાલ હમેશાં લઇ ફરતી. મદમત્ત ને ધનમત્ત, મૈનાકીને ધણી ને બાપનો પૈસો ઉડાડવો, ને સ્વેચ્છા સંતોષવી એ સીવાય જીવનમાં કૈં પણ પ્રયોજન ન હોતું.

દર્શક જુવાન પત્નીના ઘરડા પતિઓમાં પ્રચલતા રોગને હમેશાં વશ હોવાથી એની પાછળ ગાંડો થઇ ફરતો; અને મૈનાકી જરા જરામાં તેમને ગભરાવી તેમના ગાંડપણને વધારતી અને નજરમાં આવે તેમ કરતી.

મૈનાકીને કેટલાક મનાવી શકતા. કેટલાકને મનાવવા મૈનાકી મથતી. પહેલાં સેનાજિતને તે મનાવવા મથતી હતી; હવે મૈનાકીને મનાવી શકે એવામાંનો સેનાજિત એક હતો તેથી કોઇ પણ પ્રકારે મૈનાકીને ખુશ રાખવાને સદાએ ઉત્સુક દર્શકને સેનાજિતનું કામ અવારનવાર પડતું.

અત્યારે એવું જ કૈં કામ પડયું લાગતું હતું. એ કામ કેમ પડયું તે સમજતાં પણ સેનાજિતને વાર લાગી નહીં. વર્ષેક દહાડો થયાં રાજકુમાર ચંદ્રગુપ્ત મૈનાકીનો મોંઘેરો મહેમાન હતો; અને સંનિધાતાની કીર્તિ પર છાંટા ઉડાડી રહ્યો હતો. અને આજે ચારેક મહીના થયાં તે શીકારે જતાં અદષ્ટ થઇ ગયો હતો.

સેનાજિત પોતાનું દુઃખ અળગું કરી સંનિધાતાને પ્રાસાદે ગયો. લગભગ ચૌરસ ઘાટે પહોંચવાને ઉત્સુક દર્શક તેને સામા મળ્યા. નીરાશા ને ચિંતાથી શ્યામ એવા ગોળ મુખના વ્યોમમાં આશાકિરણ દેખાયાં.

"ભાઇ સેનાજિત ! સારું થયું તું આવ્યો. એને કૈં થયું છે." ગભરાએલે અવાજે ધનનંદના ધનસંચયના રક્ષકે કહ્યું.

"શું છે ?" હસવું ખાળી સેનાજિતે કહ્યું.

"કૈં થયું છે. સવારની બોલતાંય નથી." દર્શકે કહ્યું

"અરર ! વૈદને બોલાવો."

"બોલાવ્યો પણ કૈં પત્તો ખાતો નથી. પણ કૈં નીસાસા ! સેનાજિત ! કૈં નીસાસા ! આમ તો રીબાઇ રીબાઇ મરી જશે. ભાઇ ! તું કૈં સમજાવની."

"પણ બોલતાં કેમ નથી ?"

"કોણ જાણે ?" નિરાધાર બનેલા દર્શકે કહ્યું. "મેં તો બોલાવવાની બહુએ મહેનત કરી."

"તમે જરૂર કૈં કહ્યું કે કર્યું હશે. ચાલો હું જોઉં."

"હા ભાઇ ! સારું થયું તું આવ્યો" કહી સંનિધાતાએ પણ ઊંડો નીસાસો મુકયો.

"પણ હવે કદી નહીં બોલે એમ પણ બને ?"

સેનાજિત જવાબમાં માત્ર હસ્યો. અને બંને અંતઃપુરમાં ગયા.

પ્રકરણ ૮ મું

જેમાં મૈનાકીની તબીએત તદ્દન સુધરી જાય છે

[illegible] પ્રાસાદનો આગલો ભાગ [illegible] અંશે રાજગૃહનું અનુકરણ હતું. આગલો ભાગ પસાર કરી સંનિધાતા અને સેનાજિત નાના ઉદ્યાનમાં થઇ અંતઃપુરના બાગમાં ગયા.

અંતઃપુરમાં રાજગૃહનો અંશ ન હોતો. [illegible] ફરતા કોતરેલા થાંભલાઓથી રચાયલી ઓશરીઓ હતી; અને વચ્ચે ઠંડકને માટે પાણીનો હોજ હતો. આ ઓશરીમાં સોને [illegible] પર એક રૂપવતી યુવતી બેઠી હતી..

આ યુવતી આકર્ષક હતી. તેનું નાનું પણ ઘાટદાર શ્વેત મુખ; સીધું સુરેખ નાક; ભાટીલી ને ભાવદર્શક આંખો પહેલી નજરે ધ્યાન ખેંચે એવાં હતાં. છટાદાર શરીરરેખાઓ અકલ્પ્ય વિલાસની સુચના કરે એવી હતી. તે સુકી ન હોતી છતાં છાંટી હતી; તે ઉંચી હતી અને છતાં નાજુક દેખાતી.

અત્યારે તેનાં લુગડાં અસ્તવ્યસ્ત હતાં. અલંકારમાં માત્ર એકજ ચંપાનું મોટું ફુલ તેને માથે શોભતું હતું. તેના કુચમંડલ પર ચંદનનો લેપ કર્યો હતો. જાણે તે માંડી હોય તેમ અશ્રુપૂર્ણ આંખો ફાડી ક્યાં તો ઉંચે જોઇ રહેતી, નહીં તો વચ્ચે પાણીનાં હોજમાં નજર માંડતી. થોડીવારે એકથી બીજી તરફ જોતાં તે ઉંડા નિઃશ્વાસો મુકતી.

બે દાસીઓ તેને પંખા નાખતી હતી.

સેનાજિત અને દર્શકને આવતા જોઇ તેણે આંખો નીચી કરી અને પાછી ઉંચી ચઢાવી દીધી; અને લગભગ પ્રાણ નીકળી જાય એવો નીસાસો મુકયો. દર્શકનું દુઃખ સેનાજિત સમજી શકયો.

"હું નહોતો કહેતો ? સવારની આમની આમ છે. સેનાજિત એને શું થયું હશે ? " સંનિધાતાએ ચિંતાતુર અવાજે પુછયું.

"દેવી ?" સેનાજિતે પ્રસંગને અનુસરતું ગાંભીર્ય ધારણ કરી કહ્યું; "કેમ છે ?"

"ઉં–ઉં–ઉ હું" મૈનાકીએ જવાબ આપ્યો; અને સમગ્ર સંસારનું દુઃખ તેની આંખમાં આવ્યું.

"માથું દુઃખે છે ? પેટમાં દુઃખે છે ?"

"ઉં–ઉં–હું."

"મેં નહોતું કહ્યું ?" દયામણે અવાજે દર્શકે કહ્યું. "શું થશે ?" કસ્પરતે અવાજે તેણે આગળ ચલાવ્યું

"સંનિધાતા ! તમે કંઈ કહ્યું કર્યું હશે. નહીં તો દેવી આમ નિઃશબ્દ કેમ બને ?"

"મેં તો કંઈ કહ્યું કર્યું નથી" જાણેજ મોટો ગુનોહ કર્યો હોય એવા દયામણા મુખથી દર્શક મહામાત્ર જોઇ રહ્યા.

"એમને સુવાડી દોની" સેનાજિતે સુચવ્યું.

"નથી સુઇ શકતી." નીરાશાથી પતિએ કહ્યું; "જુઓ.ની એમી કમ્મર ટટારની ટટાર જ રહે છે. સેનાજિત ! શું થશે ?"

"મહામાત્રજી ! ત્યારે હું તો જઉં. મારે કામ છે" સેનાજિતે અડધી આંખ મૈનાકી પર ટેકવી કહ્યું. "કુમાર પ્રાગજ્યોતિષ ગયા છે તેને સંદેશો પહોંચાડવા માણસ મોકલવા છે.'



ચિત્રકારઃ] [રા. ગોરક્ષકર

સોને મઢયા હીંચકા ઉપર એક રૂપવતી યુવતી બેઠી હતી.

[પૃષ્ઠ ૨૬

"ઉં—" નિઃશ્વાસ અટક્યો, ને વ્યોમ તરફ ફરેલી દૃષ્ટિ એકદમ પૃથ્વી પર આવી. સેનાજિત મનમાં હસ્યો. આ મૌનમૂર્તિનાં હૃદયને સતેજ કરવાની કલા તેને ખબર હતી.

"હેં ! હેં કુમાર ! ત્યાં ક્યાં ગયા ?" દર્શકે કહ્યું.

"ચીત્કાર કરતાં ત્યાં ચાલી ગયા એમ કહે છે." ચકરચકર ફરતી મૈનાકીની આંખો પાછી સ્થિર થઇ ગઇ. અને એક ઉંડો નિઃશ્વાસ બધાનું હૃદય ભેદી રહ્યો. "અરે પણ સંનિધાતા ! તક્ષશિલાનો યુવરાજ આંભિ અહીં આવ્યો છે."

"હા. સાંભળ્યું." દર્શકે કહ્યું ને તેમની સામું જોતી મૈનાકી તરફ ફર્યા, "કેમ છો ? કંઇ ઠીક લાગે છે ?" અધીરા પતિએ પુછ્યું.

"હું-હં—" મૈનાકીએ એકદમ નીસાસો મુક્યો.

"પેલો બ્રાહ્મણ આવ્યો છે. તેની વાત સાંભળી ?" મૈનાકી તરફ જોતાં સેનાજિતે બીજો ઉપચાર યોજ્યો.

"હા. એ કોણ છે ?" દર્શકે પુછ્યું.

ઉંચી ઠેરવેલી આંખો પાછી નીચી આવી.

"એ બ્રાહ્મણ યુવરાજ આંભિનો ગુરુ બંધુ છે."

"એમ ! પણ એનો કંઇ મીજાજ !" દર્શકે કહ્યું.

મૈનાકીને પાછી સ્વસ્થ થએલી જોઇ તેના તરફ સહર્ષ જોઇ તેણે પુછ્યું: "કેમ છો ?" ને ખસીને તે મૈનાકી પાસે આવ્યો. પણ તેણે તેને હાથવતી દૂર કર્યો.

"જરા ઠીક છે" ભયંકર નિઃશ્વાસ સાથે તે બોલી.

દર્શકના આનંદનો પાર રહ્યો નહીં. "બોલ્યાં—બોલ્યાં—બોલ્યાં !" જાણે મૈનાકીએ અણધાર્યું પરાક્રમ કર્યું હોય તેમ હરખાતા સંનિધાતાએ કહ્યું.

"તમે દેવીની બરોબર દરકાર કરેલા નથી હોં કે" સેનાજિતે જરાક ટોળમાં કહ્યું.

"અરે મારાથી જરા બોલાઇ ગયું—" દર્શકે પશ્ચાતાપ દર્શાવ્યો.

"શું ?"

"પેલો વૃદ્ધ સુકેતુ બહુ પલકયો છે."

મૈનાકીએ ઉંડો નિઃશ્વાસ મુક્યો.

"અરે ! એમાં શું ? પણ એ વાત જવા દો. આપણે તો પેલા બ્રાહ્મણના મીજાજની વાત કરતા હતા" સેનાજિતે હસીને વાત ફેરવી.

"કોના મીજાજની વાત કરતા હતા ?" જાણે ઘણી તસ્દી પડતી હોય તેમ મૈનાકીએ ભીની આંખો સેનાજિત પર ઠેરવી પુછ્યું.

"જવા દોની" સેનાજિતથી ચીડવ્યા વિના નહીં રહેવાયું. "નકામું તમારું માથું દુખશે."

"ના-ના-કહોની જરા રસ પડશે" હર્ષઘેલા પતિએ કહ્યું.

"તક્ષશિલાનો યુવરાજ—મહાદેવીનો ભાઇ આવ્યો છે. તેને રાક્ષસ મંત્રી સામે તેડવા ગયા. સાથે કોઇ તક્ષશિલાનો એનો ગુરુબંધુ આવ્યો હશે. મંત્રીએ કહ્યું કે નરેંદ્રની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણ હાથી પર નહીં બેસી શકે એટલે બ્રાહ્મણનો મીજાજ ગયો; ને ચાલતો આચાર્ય શકટાલને ત્યાં ગયો."

"શકટાલને ત્યાં કેમ ?" મૈનાકીએ પુછ્યું.

"કોણ જાણે ? કહે છે કે એનો સગો થાય છે."

"એનું નામ શું ?"

"વિષ્ણુ તો કહે છે."

" પણ પ્રિયે! કેમ લાગે છે હવે?" દર્શકનો ચિંતાતુર અવાજ આવ્યો.

" ઠીક છે" નિઃશ્વાસ સાથે મૈનાકીએ કહ્યું.

" શું થાય છે?" સેનાજિતે પુછ્યું.

" ઉં—હ" મૈનાકીએ નિઃશ્વાસ મુકયો. " કુમારની કૈં ખબર?"

" પ્રાગ્જ્યોતિષ તરફ ગયા છે."

" કેમ જાણ્યું? " મૈનાકીની આંખો સુકાઈ ગઇ હતી.

" નરેંદ્રદેવ પોતે મને કહેતા હતા."

" કયારે આવવાના છે?"

" મને ખબર નથી."

" પ્રિયે! હવે ઠીક છે ને?" સંનિધાતાએ પુછ્યું.

" અરે પુછ પુછ શું કરો છો?" સેનાજિતે કહ્યું. "દેવી! હું હવે રજા લઇશ મહામાત્રજી! રજા?"

" કયાં ચલાવ્યું?" સંનિધાતાએ પુછ્યું.

" મારે આચાર્ય શકટાલને ત્યાં જવું છે."

" કેમ?" મૈનાકીએ પુછ્યું.

" મારા લગ્નની તિથિ નક્કી કરવા. ચાલો જાઉં છું. સંનિધાતા! દેવી! પ્રણામ!"

" આશિષ!" દર્શકે કહ્યું ને સેનાજિત ગયો. " હવે કેમ છે?"

" ના, ઠીક છે તમે રાજગૃહ નથી ગયા?"

" અરે તમારું શરીર ઠેકાણે નથી તે કેમ જાઉં?" કૈંક બદલાતી આશાએ સંનિધાતાએ કહ્યું.

" મને શું થવાનું છે?" કહી મૈનાકીએ માથે હાથ દીધો.

" પાછું કૈં થઇ આવ્યું!" દર્શકે દીલસોજી બતાવી.

" ના રે ના." મૈનાકીએ હીંચકા પરથી ઉતરતાં કહ્યું. " તમે જાઓ."

જ્યારે મૈનાકી ઉભી થઈ ત્યારે તેની મોહકતા પુરેપુરી જણાઇ. દૃષ્ટિ વડે ડારતી સામ્રાજ્ઞી ને મુગ્ધ કરતી મોહિનીનું તેનામાં સંમિશ્રણ હતું.

દર્શક ખંચાયો. મૈનાકીની તબીયત સારી થઇ તેના માનમાં તેને પલવાર બેસી પત્નીના સહચારનો લહાવો લેવો હતો.

" જાઓની! જોયા શું કરો છો? નરેંદ્રદેવ વાટ જોતા હશે." સખત અવાજે મૈનાકીએ કહ્યું. પલવાર દર્શક આ જગદંબાનું સ્વરૂપ જોઇ રહ્યો; અને નમ્રતાથી કહ્યું: " આ ચાલ્યોને."

"દાસી!" મૈનાકીએ આજ્ઞા કરી; "ચંદન લાવ તો." તે ફરીને અંદર જવા લાગી અને સંનિધાતા રાજગૃહ જવાની તૈયારી કરવા બહાર ગયા. સંનિધાતા બહાર ગયા એટલે મૈનાકીના મોંના ભાવો બદલાઇ ગયા. પલવાર પહેલાં દુઃખથી પીડાતા જેવા હોઠ પર દ્રઢતા ને કઠોરતા આવી રહ્યાં. તેની આંખોમાં વજ્રનાં તેજ આવ્યાં. તરત તેના મોંઢા પર દુઃખની છાયા પાછી ફરી વળી; ને આંખો ઘેલા જેવી થઇ રહી.

" આર્યપુત્ર!" તેણે બુમ મારી.

" ઓ" બે ફર્લાંગ મારી પાછા ફરી સંનિધાતા આવી લાગ્યા.

"જરા સુકેતુને બોલાવોને" મૈનાકીએ કહ્યું. મહામાત્રે દઢતા મેળવવા આસપાસ જોયું. પલવાર બેમાંથી એકે જણ બોલ્યું નહીં. " હા. જરુર હમણાં માણસ મોકલું છું."

" તમે મોડા પડશો તો નરેંદ્રદેવ વઢશે હો!" સ્નેહભીના અવાજે મૈનાકીએ કહ્યું.

કુર્ણકને આજ્ઞાપાલન માટે શીરપાવ મળ્યો ખરો. "હા. જાઉં છું ને" ખુશ થતાં થતાં સંનિધાતા ચાલ્યા ગયા.

મૈનાકીના મોંઢા પર વિજયનું હાસ્ય હતું. તેણે પગની ઠેસ મારી એક મોટો હીંચકો ખાધો ને પછી કુદીને તે નીચે ઉતરી પડી.

"દાસી!" તેણે બુમ મારી. બે દાસી દોડતી આવી. "નહાવાનું પાણી."

"જી."

તે નાહીને આવી ને સુકેતુ આવ્યો.

સુકેતુ ગૌરવશીલ વાર્ધક્યની પ્રતિમા હતો. કરચળી આળું કપાળ, સફેત દાઢી, વિશાલ વક્ષઃ-સ્થલ સ્નાયુથી તરતું શરીર ચિંતનશીલ મુખ —આ બધાં એ પ્રતિમાને વિશિષ્ટતા અર્પતાં.

"દાસી!" મૈનાકીએ આજ્ઞા કરી; "બારણા આગળ ઉભી રહેજે. ખબરદાર કોઇને આવવા દીધો છે તો. સુકેતુ! બોલો કંઈ નવાજુની?"

"શું બોલુ? " સાવચેતીથી ચારેગમ જોતાં ચકોર સુકેતુએ પુછયું.

"શું બોલુ!" અધીરી મૈનાકીએ પુછયું; "કુમારનો કૈં પત્તો ખાધો?"

"ના."

"સેનાજિત આજે મને જુઠું સમજાવવા આવ્યો હતો."

"શું"

"કે કુમાર પ્રાગ્જ્યોતિષ ગયા છે. મને તે કહ્યા વિના જાય? એ તો મેંજ ભુલ કરી. મેં મૂર્ખીએ મધરાતે પાછા કાઢયા. એજ રાતના કૈં થઇ ગયું."

આ વાત સુકેતુએ એટલી વાર સાંભળી હતી કે તેનો જવાબ આપવાની તેણે તસ્દી લીધી નહીં. "કૈં કરી સુકયું તો નથી?"

"એ કેમ કહેવાય?"

"જો એનો એક વાળ વાંકો થાય—" હોઠ પીસી મૈનાકીએ બોલવા માંડયું ને વાત ફેરવી "કૈં નવી વાત જાણી?"

"ના."

"સુકેતુ! તમે હવે ઘરડા થતા જાઓ છો. આટલા દિવસ થયા કૈં પણ ખબર લાવતા નથી?"

"દેવી! મેં બધી તપાસ કરી પણ કૈં વળતું નથી. હું તો નીરાશ થઇ બેઠો હતો. પણ આજે જ"—

"શું?"

"મને આશા આવી" પાછી સાવચેતીથી ચારે તરફ નજર નાખી સુકેતુએ કહ્યું.

"કેમ કરીને?"

"આજે તક્ષશિલાનો યુવરાજ આવ્યો તે સાંભળ્યું?"

"હા પણ તેનું શું?"

"સાથે ચાણક્ય આવ્યા છે."

"ચાણક્ય! એ કોણ છે?"

"વિષ્ણુગુપ્ત, યુવરાજનો મિત્ર છે." ધીમેથી સુકેતુએ કહ્યું.

"ઓહ એં! તેમાં પણ આપણે શું?" અધીરી મૈનાકીએ કહ્યું; "સેનાજિત મને કહી ગયો."

"સેનાજિતે એ કોણ છે તે કહ્યું?"

"યુવરાજનો ગુરુભાઇ."

"તેમાં શું વળ્યું?" સુકેતુએ કહ્યું; "તું

અત્યારે ક્ષુદ્રક માલવોના[1] દૂત પ્રણિધિઓ[2] નો ત્યાં જાઇ ચઢયો હતો. દૂત નાયક શેષને મોઢે કોઇ ચાણક્યના થએલા અપમાનની વાત કરતું હતું."

"પછી ?" મેનાકીને રસ પડયો.

"શેષને તો ઓળખો છો ને ? એનું ચાલે તો નરેંદ્રોની ડોકી મરડી નાખે."

"કોની નહીં મરડી નાખે ?"

સુકેતુએ ધીમેથી આગળ ચલાવ્યું; "વાત સાંભળીને વૃદ્ધ શેષ બોલ્યાઃ "કોણ ચણક ઋષિ નો પુત્ર ! ધનનંદને કહે ચેતીને ચાલજે. એ મગધનો બ્રાહ્મણ નથી. !"

"કોણ છે એ ?"

"શેષના અવાજ પરથી લાગ્યું કે એ કોઇ મહાપુરુષ છે.–શું ધાર્યું ! બીજા દૂત પ્રણિધિઓ એને મળવા જવા તૈયાર થયા."

"હેં શું કહે છે ? શેષ !"

"હા."

પ્રકરણ ૯ મું

જેમાં ધનનંદનું અપમાન કરનાર જોઇ કોઇને સંતોષ થતો નથી

સુકેતુ વિચાર કરતો ઉભો. મેનાકીની વાત ખરી હતી. તેના માલીક કુમાર ચંદ્રગુપ્તનો પત્તો નહોતો; અને જ્યાં સુધી કોઇ બાહોશ માણસ તેની મદદે ન આવે ત્યાં સુધી તેનો પત્તો ખાય એમ પણ લાગતું નહોતું. મેનાકી પાસે તેની પણ આશા હતી. શેષ પોતાની તટસ્થતા છોડતો નહોતો. એટલે આ નવો આવનાર ઉપયોગી થાય પણ ખરો એમ તેને ખાત્રી થઇ.

થોડીવારમાં બે દાસીઓ આવી. તેમાંની એક હસતી હતી. સુકેતુએ જોયું ને ચમકીને પુછ્યું, "દેવી ! તમે !"

હસતી મેનાકીએ બેડું, ભરેલું ઘુમટું મોંઢા પરથી ખસેડી નાખ્યું; અને ચંદ્રમુખ, શીઆળાના વાદળ ને શીતળનાં વાદળાંથી શોભતું પોતાનું મુખ દેખાડ્યું. આ વેષમાં, આ અનાકર્ષક દશામાં ધનાઢ્ય સંનિધાતાની દામિની સમ ચમકતી ને લક્ષ્મી સમી ગર્વિષ્ઠ સ્ત્રીને કોઇ પારખી શકે એમ નહોતું.

"તમારાથી ચલાશે ?"

"મને પગ નથી શું ?" મેનાકીએ હોઠ પીસી કહ્યું.

"સંનિધાતા આવી પહોંચશે તો ?"

"તેની તમે શું કામ ફીકર કરો છો ?"

સુકેતુ મુગે મોંઢે આગળ ચાલ્યો. "સુકેતુ ! તમે આગળ જઇ બેસીને ચેતાવો. અમારી સાથે તમે આવો તે સારું નહીં. અમે શકટાલને પાછલે બારણે આવીશું."

"જેવી દેવીની ઇચ્છા." કહી સુકેતુ ઝપાટાબંધ ચાલી ગયો; અને પાછળ મેનાકી ને તેની દાસી શકટાલના ઘર તરફ ચાલ્યાં.

રાજ્યમાર્ગો છોડી ગલીઓમાં થઇ તે ઉત્તર

---

૧ ક્ષુદ્રક માલવો એ [illegible] હતા. ગ્રીક લેખકો Oxydrakai અને Malloi નામે ઉલ્લેખ કરે છે.

૨ [illegible]

તરફ ચાલ્યાં; અને તે તરફ આવેલું નગરરાજ-દેવતાનું મંદિર ઘણી સાવચેતીથી વટાવ્યું. લુહાર અને મણિકારના વાડા વટાવી તે બ્રાહ્મણ-વાડામાં ગયાં.

અહીંઆં ચક્રવર્તી ધનનંદ અને તેના પિતા-ના એક વખતના માનીતા પ્રતાપી શકટાલ





સુકિતુએ ચમકીને પુછ્યું." દેવી ! તમે ! " [પૃષ્ઠ ૩૧

એક નાના ઘરમાં ક્ષુદ્ર જીવન ગાળતા હતા. એક વખત તેના શાસનથી ધરા કાંપતી હતી; નરેંદ્ર દેવ પોતે ગભરાતા હતા. પણ કાલચક્ર ફરતાં બધું બદલાઇ ગયું હતું. દ્વેષી નરેંદ્ર અને વૈરી વક્રનાસે તેમને પદભ્રષ્ટ કર્યા; તેમનાં ઘરબાર જપ્ત કર્યાં; તેમના મુખ્ય શિષ્યો ને અનુયાયીઓને દેશપાર કર્યા; તેમનાં ધન, વૈભવ ને સાથે નેત્રો પણ લઇ લીધાં. પોતાની ભૂત મહત્તાની વિડંબના પોતે ન કર્યા કરે એટલી શક્તિ એને રહે માટે એક નાનું ઘર અને ખાવાને ટુકડો તેમને તેમના વેરીઓએ આપ્યા કર્યાં.

એમને ત્યાં જવાની એમનાં સગાંઓની પણ હીંમત નહીં ચાલતી. બીજા કોઇ તો જવા-ની ઇચ્છા પણ શાની કરે ? એમના સહ-ચારીઓમાં માત્ર એમની એકની એક પુત્રી ગૌરી; અને એમના અનુયાયીઓમાં ચાર પાંચ મૂર્ખ પણ અડગ ભક્તિવાળા શિષ્યો. આવા પ્રતાપી નરની આવી દશા જોઇ બીજી પ્રજા દયા ખાતી; નરેંદ્રથી બીતી પાટલી-પુત્રની પ્રજા આ જોઇ ગભરાઇ દૂર જતી. જ્યારે અંધ આચાર્ય ઓટલા પર બેસી માળા જપતા ત્યારે શુભ કાર્ય કરવા જતો શ્રોત્રીય શિવકવચના પાઠ કરતો ચાલ્યો જતો, અને સુકુમાર સ્ત્રી રસ્તો ત્યજતી.

અરણ્યમાં વાવાઝોડાથી ડાળ પાન વિનાનું થએલું કોઇ એકલવાયું મહાવૃક્ષ, પત્રો વિનાનું, નિસ્તેજ, નિરાશાથી આકાશ સામું જોઇ રહે તેમ

શુદ્ધ પદભ્રષ્ટ મંત્રી જોઇ રહ્યા હતા. તેનાં તેજહીણાં નેત્રોમાં આંસુ આવતાં નહોતાં છતાં કારમું દયામણાપણું હતું. તેના સુક્કા મુખ પરની કરચળીઓમાં વણકહેલી કથાઓનું કારુણ્ય હતું. નિઃશબ્દ ને નિરાધાર શકટાલ ભયંકર એકલતામાં અવતાર પુરો કરતા; અને બધા તેને જોઇ કાંપતા.

દિવસ ને રાત જતાં પણ એ ઘરમાં સેનાજિત ને રહ્યાખડ્યા શિષ્યો શીવાય કોઇ આવતું નહીં. નરેંદ્રે જ્યારે સેનાજિત સાથે ગૌરીનું વેવીશાળ કરવાની આજ્ઞા કરી ત્યારે બધા ચકિત થયા; અને શકટાલ સાથે થોડોક સંબંધ ધરાવવા લાગ્યા. દુઃખ, અપકીર્તિ ને અંધાપામાં જડ જેવા થએલા શકટાલને સમાજે પાછા સ્વીકાર્યા. સેનાજિત જેવા ધનનંદના લાડીલા સેનાધ્યક્ષના સસરાની કોણ અવગણના કરી શકે?

શકટાલના નાના ઘરની આસપાસના ધાંધળ વિનાના વગામાં આજે સવારે એકદમ ધાંધલ થઇ રહ્યું હતું. કેટલાક બારણાં બંધ કરી ઘરમાં ભરાઇ ગયા; કેટલાક દોડતા દોડતા આવી ભેગા થઇ ગયા. શકટાલ—નિર્જીવ શકટાલને ત્યાં, તક્ષશીલાનો કોઇ ધૃષ્ટ આચાર્ય નરેંદ્રનું અપમાન કરી આવતો હતો. સૃષ્ટિની શરુઆતથી કોઇએ આવી મુર્ખાઇ કરી નહોતી ને કોઇએ આવી હીંમત સાંભળી નહોતી. નરેંદ્ર ને તેના મંત્રી વક્રનાસના ક્રોધનો ભોગ થનાર કદી બચ્યો નહોતો; તો પછી તેની હાંસી કરાવવાની આ કોણે હીંમત ધરી? અને તેમાં તેણે કેવા શબ્દો વાપર્યા: "શ્રોત્રીય પગે જશે તો આચાર્ય શકટાલને ત્યાં!" મગધમાં કયા બ્રાહ્મણનો ગર્વ રહ્યો હતો કે આ અવિચારી આવા ગર્વભર્યા શબ્દો બોલતો હશે? જ્યાં બ્રાહ્મણ શકટાલની પુત્રી ક્ષત્રિય સેનાજિત જોડે વરાવાની હતી; જ્યાં બ્રાહ્મણ વક્રનાસ શુદ્રા જોડે વરાયો હતો; જ્યાં બ્રાહ્મણ રાક્ષસ વક્રનાસની કન્યા પરણ્યો હતો; જ્યાં શુદ્ધ બ્રાહ્મણને કોઇ ઉભા રહેવા દેતું નહીં; ને જ્યાં તેમને હલકા પાડવામાં મોટાઇ મનાતી; ત્યાં આવો ગર્વ કરી આ શું સાર કાઢશે? આવા પ્રશ્નોની પરંપરા ગલીએ ગલીએ પુછાવા માંડી. શકટાલના ઘર આગળ લોકોની ઠઠ મળી. ધીમે ધીમે વાત આખા શહેરમાં ઉડી; અને એકલો બ્રાહ્મણ વર્ગ નહીં પણ અઢારે વર્ણના લોક ભેગાં થવા લાગ્યાં. ભિક્ષુક ને બાવા ને મુંડો પણ આવવા લાગ્યા. પરિવ્રાજિકા અને મુંડાઓ દેખાવા લાગી. આસપાસના વગાની સ્ત્રીઓ પણ ભેગી મળી. આ મુર્ખાઇ કરનાર કેવોએક હશે? એને નરેંદ્ર મારશે કે? એનું શું થશે? એ કોણ છે? એનો બાપ કોણ? એનો આચાર્ય કોણ? આવા આવા અનેક પ્રશ્નો શકટાલના ઘર આગળ ભરાએલી મેદનીમાં એક મુખેથી બીજે મુખે ઉડવા લાગ્યા.

આ બધી અધીરાઇથી અસ્પૃષ્ટ શકટાલ ઉઘાડી આંખે દૃષ્ટિહીણા, મુગે મોંઢે માળા જપા રહ્યા હતા. એને લોકોનો ઘોંઘાટ સંભળાયો; પણ કૈં સમજ ન પડી. એ શાથી થયો હશે એ કોઇને પુછવાની પણ જિજ્ઞાસા તેને હતી નહીં. ગૌરી પાણી ભરવા નહીં ગઇ હોત તો વળી તે તેને પુછત. અધીરા નગરજનો આ નિશ્ચલતા જોઇ વધારે અધીરા બની રહ્યા; અને છતાં ભયંકર મનાતા આ ભૂતકાલના પડછાયાને કોઇ સંબોધી શક્યું નહીં.

એકદમ શાંતિનો મહાતરંગ આ ઠઠ પર ઉછળતો ઉછળતો આવ્યો. બારીએથી અટારીએથી, ઓટલા પરથી રસ્તા, પરથી આંખો એકાગ્રતાથી જોઇ રહી. આખો જનસમૂહ ઉંચે શ્વાસે ઉભો—જોઇ રહ્યો અને માર્ગ આપી રહ્યો.

વાતાવરણ કાંપતું હતું. શું ખરેખર પૃથ્વી-

પતિ ધનનંદને ડારવા તત્પર થએલો બ્રાહ્મણ આવતો હતો !

ત્રણ માણસો–પહેલાં બે અને પછી એક એમ–મેદનીએ આપેલે માર્ગે ચાલી આવ્યા. પહેલા બેમાંનો એક ઉંચો હતો, એક સાધારણ કદનો હતો.

ત્રણેએ પાવડી પહેરી હતી; કેડે વસ્ત્ર પર હરણનાં ચામડાં બાંધ્યા હતાં; કપાળે ભસ્મ કરી હતી; અને માથે જટા બાંધી હતી. આ શીવાય ત્રણેમાં કૈં સરખાપણું નહોતું.

આગળ આવતા બે જણમાંનો એક પચાસેક વર્ષનો હતો; બીજો ત્રીશેકનો હતો. મોટાનું શરીર કદાવર હતું, તેની દાઢી કાળી અને લાંબી હતી; અને તેના હાથમાં કમંડલ હતું. તેના મોટા, શ્વેત કપાળ પર વિચારની ઉંડી રેખાઓ હતી. તેની મોટી આંખો તેજસ્વી હતી; અને અવારનવાર સાથી તરફ હેતથી જોઇ રહેતી.

બીજો સાધારણ કદ અને કાઠીનો હતો. અને તેના સાથીઓના પ્રમાણમાં નિર્બલ લાગતો. તેનાં તેજસ્વી મુખ ને ભવ્ય કપાળ ધ્યાન ખેંચે એવાં હતાં. તેનો રંગ જરાક શામળો હતો. નાની કાળી દાઢી તેના મુખની આકર્ષકતામાં વૃદ્ધિ કરતી. શાંતિ તેની આંખમાં, મોઢા પર ને ચાલમાં દેખાતી–ભયંકર, ગહન ને નિશ્ચલ શાંતિ. તે સ્વરૂપવાન નહોતો છતાં તેને જોઇ નજર ઠરી જતી; તે નિર્દોષ લાગતો છતાં એ કોણ છે તે જાણવાની જિજ્ઞાસા થતી. અને અર્ધ ઉઘાડી આંખો વડે તે ચારે તરફ જોતો હતો.

ત્રીજો આવનાર પ્રચંડકાય હતો. બે સ્નાયુવાળી જબરી ભુજાઓ તેની શક્તિનો કૈંક ખ્યાલ આપતી. તેને મુછો ફુટવા માંડી હતી. તેની બે બહાર નીકળી આવતી આંખો હસ્યા કરતી. અને બંને તરફ જોઇ તે વારા ફરતી આંખો મીંચતો. તે અત્યારે મોજ માણતો હોય એમ દેખાતું હતું. એને જોઇ જોનારાઓ એના પર ખુશ થઇ ગયા.

ત્રણે જણ શકટાલના ઘર આગળ આવ્યા; અને આગળ ચાલતા બંને જણ આવી અંધ શકટાલને પગે પડ્યા.

"ગુરો ! અમારા પ્રણામ !" બેમાંથી નાનાએ કહ્યું.

શકટાલનાં અંધ નેત્રો નિરતેજ શૂન્યતામાં ઉંચાં થયાં; અને કુવામાંથી અવાજ આવતો હોય એવો તેનો કારમો અવાજ આવ્યો.

"કોણ છો ?"

"અમે–વિષ્ણુ અને પ્રમંડક." અને એકચિત્તે સાંભળતી મેદનીમાં કંપ પ્રસર્યો.

"વિષ્ણુ ! કોણ ? પ્રમંડક કોણ ? કયો વિષ્ણુ ?"

"ભુલી ગયા ? તમારા ઘરમાં અમે વર્ષો રહ્યા હતા તે" નમ્રતાથી વિષ્ણુએ કહ્યું. અંધનેત્રો ફરી ઉંચાં થયાં.

'તમે કયાંથી ?" તટસ્થ ને નિરુત્સાહ અવાજ આવ્યો: "બેટાઓ ! અહીંઆં શા માટે આવ્યા ? મને મળવા આવવામાં સાર નથી."

"ગુરો ! આપને ન મળીએ તો પાટલીપુત્ર આવ્યાનું સાર્થક શું ? અંદર આવો." શાંતિથી નાના શિષ્યે કહ્યું.

શકટાલે પળ વાર વિચાર કર્યો ને હાથ લંબાવ્યો. નાના શિષ્યે તે લીધો ને ડોસાને દોરી તે અંદર લઈ ગયો. પાછળ બીજા બે ગયા અને બારણું દેવાઇ ગયું...

ત્યાં મળેલી મેદની નિરાશ થઇ ગઇ. ધાર્યા કરતાં બધું ઘણીજ શાંતિથી થઇ ગયું. કૈં તોફાન નહીં, ગુમરાણ નહીં, ઝપાઝપી નહીં; આ ત્રિનો ગુરુબંધુ કોણ ?—પછી જોવા મળેલું શા કામનું ?

કેટલાક આ ત્રણમાંથી મુખ્ય કોણ તે વિશે વિવાદ કરી રહ્યા; કેટલાક મોં મચકોડી ચાલવા માંડ્યા; કેટલાક હજી કૈં થશે ખરું એવી આશાએ શકટાલનાં બંધ બારણાં તરફ જોઈ રહ્યા. ક્યાં સુધી કૈં થયું નહીં એટલે ધીમે ધીમે લોકો વીખરાવા લાગ્યા.

પ્રકરણ ૧૦ મું

જેમાં શકટાલના ઘરનું મહત્ત્વ વધતું જણાય છે

એટલામાં એક શેરીમાંથી પંદરેક જટાધારી બાવાઓનું ઝુંડ નીકળ્યું. આ માત્ર લંગોટધારી બાવાઓ હાથમાંના ચીપીઆઓ ખખડાવી ઘંટનાદ કરી આગળ વધતા હતા; અને અવારનવાર 'જય જયંત, જય જયંત'ની હાક પાડતા હતા.

"બાપરે ! આ તો સિદ્ધ ક્ષપણકના શિષ્યો આવ્યા." શકટાલના બારણા આગળ ઉભેલા એક યુવકે કહ્યું.

"મેં નહોતું કહ્યું કે કૈં થયા વિના રહેવાનું નથી? સિદ્ધ ક્ષપણકને થાનકે હું જઈ આવ્યો હતો તે હું નહીં જાણું !" એક આધેડ વયના માણસે કહ્યું.

"તમે જઈ આવ્યા હતા ? ક્યારે શૌનક ?"


"અરે આ સિદ્ધ ક્ષપણક આવ્યા." શૌનકે કહ્યું.

ચાર બાવાઓ એક લાકડાની પાલખી પર એક જટાધારી બાવાને ઉંચકી શેરીમાંથી નીકળ્યા. પાલખી પર બેઠેલો જટિલ મોટી ઉંમરનો હતો; અને આંખો મીચી, લાકડાની માફક બેસી રહ્યો હતો.

"આ સિદ્ધ ક્ષપણક ?" પેલા બાવા તરફ આંગળી કરી ભયવ્યાકુળ નયને પેલા યુવકે પુછ્યું.

"હા. એજ."

વીખરાઈ જતા લોકો અટકીને ઉભા; ને પાછા શકટાલના ઘર તરફ આવવા લાગ્યા. ઓસરતીની ભરતી થવા લાગી.



ચાર બાવાઓ એક લાકડાની પાલખી પર એક જટાધારી બાવાને ઉંચકી શેરીમાંથી નીકળ્યા.

"આ જટિલ ખરેખરો સિદ્ધ છે, શૌનક ?"

"જરા પણ ખામી નથી, ચરક !" શૌનકે ખાત્રીથી કહ્યું. "એ હાથ જોઇ કૈં ભવિષ્ય ભાખે છે ! એણેજ કહ્યું હતુંને કે કુમાર ચંદ્રગુપ્ત જતા રહેશે ?"

"હેં ?"

"હા. ને એણેજ મને આઠ દહાડા પર કહ્યું; હતું કે એક બ્રાહ્મણ નંદનું અપમાન કરશે !"

"ખરેખર ?" એક પાસે ઉભેલાએ પુછ્યું.

"કૈં ખોટી વાત ? હું તો રોજ એને થાનકે જાઉં છું." શૌનકે ગર્વથી કહ્યું.

"ત્યારે તો આ તક્ષશીલાનોજ બ્રાહ્મણ એ હશે." ચરકે ધીમેથી કહ્યું.

"જોતો ખરો ?" શૌનકે આડંબરથી કહ્યું "કેવો તપસ્વી છે ? ખબર છે ? મહીનામાં એક યવ ખાઇને રહે છે."

"એ તો બધા ઢોંગ. એમ તે કૈં બને ?"

"ત્યાર વગર દિવ્ય સિદ્ધિઓ આવતી હશે ?" ચરકે જરાક અધીરાઇથી જવાબ દીધો. "શી ભવ્ય મૂર્તિ છે ! એ પણ શકટાલને ત્યાંજ આવે છે."

બધા મુગા થઇ જોઇ રહ્યા. શિષ્યોએ સિદ્ધ ક્ષપણકની પાલખી ભોંય પર મુકી અને સિદ્ધે આંખો ઉઘાડી. એક બાવાએ જઇ બારણું ઠોક્યું; અને તરત વિષ્ણુગુપ્તની પાછળ જે હસમુખો બ્રાહ્મણ હતો તેણે તે ઉઘાડયું. શૌનક અને તેના મિત્રો તે શું બોલે છે તે સાંભળવા તત્પર ઉભા.

"કોણ છે ?" બ્રાહ્મણે પુછ્યું.

"સિદ્ધ ક્ષપણક." બાવાએ કહ્યું.

"કેમ આવ્યા છે ?"

"વિષ્ણુગુપ્તના દર્શનાર્થે."

પેલા બ્રાહ્મણે દરવાજો ઉઘાડયો. સિદ્ધ ક્ષપણક પ્રચંડ, બીહામણો, સિંધુર ને ભસ્મથી ભયંકર, જટિલ પાલખી પરથી ઉતર્યો; અને ઉંડે અવાજે 'જય જય જયંત' કહી ખુંખારો ખાધો.

"સિદ્ધાચાર્ય ! નમસ્કાર !" શૌનક આગળ આવી પગે લાગ્યો.

પલવાર સિદ્ધ તેને જોઇ રહ્યો, જરાક હસ્યો ને બોલ્યો: "બેટા સિદ્ધ ક્ષપણકનું વચન છે. આ પક્ષ ઉતરતાં ચંદ્ર રાહુના મુખમાંથી છટકશે." તેના ગંભીર અવાજથી ચારે તરફ બધાને ક્રમક્રમાં આવ્યાં.

સિદ્ધ ક્ષપણક અંદર ગયો, અને બારણું દેવાઇ ગયું.

શૌનક ગર્વથી એની આસપાસ ઉભેલા બ્રાહ્મણ મિત્રો તરફ ફર્યો: "મેં નહોતું કહ્યું કે સિદ્ધાચાર્ય દૈવી પુરુષ છે ?"

"પણ એમણે શું કહ્યું તે મને કૈં સમજાયું નહીં." એક જણે કહ્યું.

"સમજવા માટે અધિકાર જોઇએ" શૌનકે કહ્યું.

"તમે શું સમજ્યા ?" ચરકે પુછ્યું.

"મને સ્પષ્ટ અર્થ સમજાયો."

"શો ?" એક નવા પુરુષે પુછ્યું. "હમણાં કયાં ગ્રહણ છે કે ચંદ્ર છુટવાનો છે ?"

"ધનનંદના રાજ્યમાં સદાએ ગ્રહણજ છે." શૌનકે ગાંભીર્યથી ને ધીમે અવાજે કહ્યું.

"ચંદ્ર કોણ ?" ચરકે પુછ્યું.

"આ વિષ્ણુગુપ્ત !" એકે કહ્યું.

"કુમાર ચંદ્રગુપ્ત" બીજાએ ધીમેથી કહ્યું.

શૌનકે નાક પર આંગળી મુકી.

"શું ?" બે ચાર જણે ધીમેથી બીતાં બીતાં પુછ્યું.

"શકટાલ" શૌનકે કહ્યું.

"એ ચંદ્ર !" એકે જરાક તિરસ્કારથી કહ્યું.

"આપણા તારલા જેવા બ્રાહ્મણોમાં એ

ચંદ્ર છે." શૌનકે કહ્યું.

"ત્યારે સેનાજિતના હાથમાંથી ગૌરી કેમ છુટવાની નહીં હોય?" ચરકે કહ્યું.

"શી—શી—શી—" બધા એકદમ ચુપ થઇ ગયા ને એક શેરી તરફથી દોડતા આવતા ઘોડેસ્વાર તરફ જોઇ રહ્યા.

એક ઘોડેસ્વાર આવ્યો, પછી બે આવ્યા ને પછી છ આવ્યા. લોકો એકી નજરે જોઇ રહ્યા. બાવાઓ ચીપીઆ ખખડાવી 'જય જયં જયંત' બોલી ઉઠ્યા. અને રાજહસ્તી ધીમેધીમે આવતો દેખાયો.

લોકો ઓટલા પર ચઢી ગયા. કેટલાઓ અર્ધઉઘાડા બારણાં પાછળ ભરાઇ ગયા ધનનંદનો કોપ હાથીનું રૂપ લઇ આવ્યો હોય ને અસર થાય એવી અસર બધા પર થઇ.

રાક્ષસમંત્રી મંત્રીના અધિકારથી હાથી પર બેઠો હતો. પાછળ બે વાવનીઓ ચમર ઢાળતી હતી. અને હાથી ડોલતો ડોલતો, સફેત ને ભુરા રંગે રંગેલી સુંઢ નીરાંતે ઉછાળતો હતો. લોકો નીચા નમી નમી રાક્ષસને નમસ્કાર કરી રહ્યા. રાક્ષસ હાથ જોડી તેનો જવાબ આપતો હતો.

"વિષ્ણુગુપ્તને પકડવા આવ્યો છે." ચરકે કહ્યું.

"બને નહીં." શૌનકે કહ્યું; "સિદ્ધાચાર્યે કહ્યું હતું કે—"

"શું?"

"કે જે બ્રાહ્મણ નંદનું અપમાન કરશે તેને બધાં દેવ તરીકે પુજશે."

"શી—" એકે કહ્યું ને બધા પાછા એકચિત્તે જોઇ રહ્યા.

હાથી શકટાલના બારણા પાસે આવ્યો અને મહાવતે તેને બેસાડયો. મહાવતે દાદર છોડયો, ને બે માણસોએ અંબાડીને ટેકવી તે મુકયો. ચાર ઘોડેસ્વાર ઘોડા પરથી ઉતરી ત્યાં આગળ ઉભા રહ્યા.

"જા કહે તો કે હું આવ્યો છું." રાક્ષસે પેલા માણસને કહ્યું.

સૈનિકે શકટાલના બારણાનું કડું ઠોકયું, અને પેલા બ્રાહ્મણે ફરીથી ઉઘાડયું.

"તક્ષશીલાના બ્રાહ્મણ આવ્યા છે ને" પેલા સૈનિકે પુછ્યું. બ્રાહ્મણના મોં પર હાસ્ય છવાઇ રહ્યું. "હા. હું હમણાંજ આવ્યો છું."

"તમે યુવરાજ આંભિના ગુરુબંધુ?"

"હા. હું તેજ" ખડખડ હસીને પેલા બ્રાહ્મણે કહ્યું.

"વિષ્ણુગુપ્ત ક્યાં છે?" અધીરાઇથી હાથી પર બેઠેલા રાક્ષસે બેઠા બેઠા કહ્યું.

"અંદર છે."

"તેને કહે કે મહામંત્રી રાક્ષસ મળવા આવ્યા છે." સૈનિકે કહ્યું.

"ઉભા રહો, કહી આવું." કહી બ્રાહ્મણે બારણું બંધ કરી દીધું.

સૈનિકે નિરાધારીમાં રાક્ષસની સામું જોયું. મંત્રીએ કચવાટથી મુછ કરડી. ચારે તરફ ઉભેલા લોકોને જરાક ગંમત પડી. બાવાઓ "જય જય જયંત" બોલી રહ્યા.

રાક્ષસ હાથી પરથી નીચે ઉતર્યો.

"અંદર કોણ છે?" ચારે તરફ જોઇ તેણે કહ્યું.

"અંદર સિદ્ધાચાર્ય ક્ષપણક છે." શૌનકે આગળ આવી ખબર આપી.

"ક્ષપણક!" જરાક વિચારમાં પડતાં રાક્ષસે કહ્યું.

"જય જય જયંત" પાસે ઉભેલા બાવાએ જવાબ વાળ્યો. રાક્ષસે પળવાર બાવા તરફ દ્વેષભરી આંખે જોયું; અને તે બારણા તરફ ફર્યો.

"બારણું ઠોક." તેણે સૈનિકને આજ્ઞા કરી.

સૈનિકે ફક્કું ઠોકયું અને પેલા બ્રાહ્મણનું હસમુખું મોં બહાર આવ્યું.

"રાક્ષસમંત્રી કોણ છે ભાઇ ?"

"કેમ !" રાક્ષસે સખ્તાઇથી પુછ્યું.

"અંદર આવો, તમને બોલાવે છે."

"કોણ ?"

"કોણ છે તે પ્રત્યક્ષ પ્રમાણથીજ જાણી લેજોની." કહી પેલો બ્રાહ્મણ હરયો.

રાક્ષસના કપાળ પર થએલો ભ્રૂભંગ બધાએ જોયો; અને તે બારણા પાછળ અદષ્ટ થયો એટલે બધા એક બીજા તરફ ફર્યા. રાક્ષસ મંત્રીને પેસવા ન દે, તેને કોપાયમાન કરે એવો આ બ્રાહ્મણ કોણ હતો ? જોવા ભેગા થએલાનો મોટો ભાગ આજ વગાના રહેનાર બ્રાહ્મણોનો હતો; એટલે તેમને થએલી ચિંતા સાથે ગર્વ પણ થયો. આખરે ધનનંદના રાજહસ્તી જેને બારે વાટ જુએ, રાક્ષસમંત્રી જેના ઘરમાં રજા વગર ન પેસી શકે એવો એક બ્રાહ્મણ હતો ખરો.

થોડી વાર તો જિજ્ઞાસા સંતોષાશે એમ માની ઘણા ખરા લોકો ઉભા થઇ રહ્યા. થોડી પળો ગઇ; અને રાક્ષસ મંત્રી ગુસ્સામાં બહાર આવ્યા, હાથી પર ચઢયા, અને ચાલ્યા ગયા. આ શું ચાલે છે તે કોઇને સમજાયું નહીં. થાકીને ઘણા ખરા લોકો પોત પોતાને ઘેર ચાલી ગયા.

શૌનક, ચરક અને તેના મિત્રોની વાટ જોવાની શક્તિ અખુટ હતી. તે સામેના ઘરના ઓટલા પર જઇને બેઠા. થોડી વાર થઇ ને એક વેપારી આવ્યો અને શકટાલના ઘરમાં ગયો. વળી કોઇ પરિવ્રાજિકા આવીને તે પણ અંદર ગઇ.

એકદમ ઘોડાનાં પગલાં સંભળાયાં; અને શૌનક વગેરે એકદમ રસથી જોઇ રહ્યા.

દસ સફેત અશ્વ પર બેસીને દસ વૃદ્ધો આવી લાગ્યા. તેમના સફેત વાળ ને દાઢી, તેમનાં તેજસ્વી ને ગૌર અંગો, ને તેમનાં પ્રચંડ શરીર ધ્યાન ખેંચતાં હતાં. તે બધા પરદેશી લાગતા હતા. એમનો આગેવાન ભવ્ય પુરુષ હતો.

"આ કોણ ? મારા બાપ ! કે જબરા છે." ચરકે પુછ્યું.

"ચરક ! તું ઓળખતો નથી !" શૌનકે પોતાના જ્ઞાનના ગર્વને શોભે એવી રીતે કહ્યું. "આ તો ક્ષુદ્રકમાલ્લવોના દૂત પ્રણિધિ."

"તે કોણ ?" એકે પુછ્યું.

"એટલું ખબર નથી ?" તિરસ્કારથી શૌનકે કહ્યું; "ઉત્તરે વિતસ્તા નદીને તીરે ક્ષુદ્રક માલ્લવા નામની મહા પ્રજા છે. તેના આ પ્રતિનિધિઓ છે."

"આ પેલો ડોસો કોણ ?" ચરકે પુછ્યું.

"શેષ. સહસ્ર આયુધો વાપરી જાણે છે."

"કેવો ફક્કડ છે !"

શેષ ને તેના સાથીઓએ શકટાલના ઘર આગળ ઘોડા રોકયા; અને નાના છોકરાની ચપલતાથી આ વૃદ્ધો ઘોડા પરથી ઉતર્યા. શૌનકાદિ બ્રાહ્મણોને પાનો ચઢયો. આ વગામાં આટલો પ્રતાપ એમણે જોયો નહોતો.

પેલા બ્રાહ્મણે બારણાં ઉઘાડ્યાં અને પેલા દશે પ્રણિધિઓ અંદર ગયા.

પાછા થોડા જોનાર ભેગા થઇ ગયા. આજે આ નાનકડી શેરીનો દિવસ ફરી ગયો હતો.

ઘરમાંથી થોડીવારે અંદર ગએલી પરિવ્રાજિકા બહાર નીકળી, અને ચારે તરફ વહેમથી જોતી જોતી ચાલી ગઇ. શૌનક અને તેના મિત્રો તેની મજાક કરી રહ્યા. થોડીક પળો ગઇ, અને સિદ્ધાચાર્ય શાનક બહાર આવ્યા. એને જોઇ એના ચેલાઓ ઉભા થઇ ઘંટ વગાડવા લાગ્યા અને "જય જય જયંત"નો ઘોષ કરવા લાગ્યા. શૌનકે ઓટલા પરથી આવી તેના પગની રજ માથા પર ચઢાવી. મહીનામાં એક વખ

આછવે રહેતા આ પ્રચંડદેહી સિદ્ધાચાર્યને વંદન કરતાં શૌનક ગળગળો થઇ ગયો. સિદ્ધાચાર્યે એક વિશાલ પંજો તેના માથા પર મુકયો.

"બેટા" સિદ્ધ ક્ષપણકે કહ્યું. "આજે કુસુમપુરની ભૂમિ પાવન થઇ."

"કેમ?" શૌનકે પુછ્યું.

સિદ્ધાચાર્યે ધીમેથી તેના કાનમાં કહ્યું: "શૌનક! મગધનાં પાપગૃહોને કોઇ શમાવશે તો આ આચાર્ય!"

"કોણ? કોણ?" ચકિત થઇ શૌનકે પુછ્યું.

સિદ્ધાચાર્યે માત્ર શકટાલના ઘર તરફ હાથ કર્યો. સિદ્ધાચાર્ય ક્ષપણકની વાણી કોઇ દિવસ ફળ્યા વગર રહી હોય એવી શૌનકને ખબર નહોતી. પલવાર તે ગુંચવાઇ ગયો. એટલામાં તો શિષ્યોએ પાલખી આગળ ધરી અને ક્ષપણક તેના પર બીરાજ્યા.

ઘંટાનાદ અને જયઘોષથી ગગન ગજવતા શિષ્યો તેને લઇ ગયા. શૌનક હરખાતે હૈયે મિત્રો પાસે ગયો, અને જે વાત છુપી રાખવાની સિદ્ધાચાર્યે કહી હતી તે કહેવા મંડી ગયો. કયાં સુધી શૌનક અને તેના મિત્રોએ વાદવિવાદ કર્યો અને આખરે પલાંઠી મારી મુંગે મોઢે જોવા લાગ્યા. દૂત પ્રણિધિના ઘોડાઓજ માત્ર અધીરાઇથી કુદી રહ્યા.

પ્રકરણ ૧૧ મું

જેમાં સેનાજિતના દુઃખમાં અપમાનથી ઉમેરો થાય છે

આજે આ વગામાં શાંતિ નીર્માઇ નહોતી. ત્રણ ઘોડેસ્વારો દોડતે ઘોડે આવી પહોંચ્યા. સર્વજ્ઞ શૌનકે પોતાની સર્વજ્ઞતા દેખાડી. "આ સેનાજિત! નંદના અંતઃપુરનો અધ્યક્ષ. આપણી ગારીને પરણવાનો છે તે."

"શાન્તમ્ પાપમ્" એક તેનો મિત્ર બોલ્યો. બધા સેનાજિત તરફ જોઇ રહ્યા, શકટાલને ત્યાં એ ઘણી વખત આવતો હતો અને ક્ષત્રિય હોઇ બ્રાહ્મણ કન્યા ગૌરીને પરણવાનો હતો. કયો બ્રાહ્મણ એને ધિક્કારતો નહોતો? આ કાગડો દહીંથરું લઇ જવા મથતો હતો, તેની કોને ખબર નહોતી! દ્વેષપૂર્ણ નયને આ નિર્જીવ બ્રાહ્મણો સેનાજિતને જોઇ રહ્યા.

"ખબર છે?" પાછી શૌનેકે સર્વજ્ઞતા દર્શાવી; "અંતઃપુર બધું એને નામે થથરે છે."

"શૌનક," ચરકે પુછ્યું; "નંદના અંતઃપુરમાં છસો રાણીઓ છે તે ખરી વાત?"

"પુછી આવ સેનાજિતને!" શૌનકે ગર્વથી જવાબ આપ્યો.

સેનાજિતના મુખપર ગ્લાનિ છવાઇ હતી. એના તેજસ્વી મોઢાપર કંટાળો દેખાતો હતો. હંમેશાં એ શકટાલને ઘેર હર્ષ ને ઉત્સાહથી આવતો.

તેનો દિવસજ આજે સારો ઉગ્યો નહોતો અને તેનું ઉદાર હૃદય પણ જોખમદારી કોઇકને માથે ઢોળવા તૈઆર હતું. તેને એમ લાગ્યાં કરતું હતું કે આ નવો આવનાર બ્રાહ્મણ આ બધા દુઃખનું કારણ હતો. આ વિચાર આવતાં તે આત્મતિરસ્કારથી હસ્યો. તેને અને પોતાના ક્ષોભને શો સંબંધ? પણ પોતાની મુર્ખાઇથી આદરેલો વિનાશ સામાન્ય માણસ ચાલી જતી બીલાડી ઉપર ઢોળે છે, તેમ પોતાના હૃદયની બળા તે આ અણજાણ બ્રાહ્મણ ઉપર ઢોળતો હતો.

તેના હૃદયમાં એક બીજો પણ પ્રશ્ન

થયા કરતો હતો. રાજકીય બાબતમાં મશગુલ તેની બુદ્ધિને આજે ઉંડો વિચાર કરવાનું કારણ મળ્યું હતું. બધા તેમજ પોતે બહારથી યુવરાજ આંભિના આવાગમનને કંઈ મહત્ત્વ આપતા નહીં, પણ એ પ્રકારની બેદરકારીમાં મુર્ખાઈ તો સમાઈ નહોતી ? તેનો માલીક અન્નદાતા હિરણ્યગુપ્ત નંદ લોકપ્રિય તો હતો નહીં. વક્રનાસ તરફ પણ ત્રાસતા રાજસેવકો સીવાય કોઈ અમીદૃષ્ટિ રાખતું નહીં. તેમાં કુમાર ચંદ્રગુપ્ત અદૃષ્ટ થયા. એટલું તો ચોક્કસ હતું કે મગધના ઘણા પ્રભાવશાળી ને ધનાઢ્ય પુરુષો કુમારને ચાહતા હતા. તેનું શૌર્ય, તેનો ઉદાર સ્વભાવ, જે કોઈ કંઈ માગે તેને આપવાની તત્પરતા, તેનું સૌજન્ય—એ બધાની મોહિની લોકો પર પ્રસરી રહી હતી, અને આવી વખતે તે અદૃષ્ટ હોવાથી લોકોને મન નંદ અને વક્રનાસ બન્ને વધારે અકારા થઈ પડ્યા હતા. ક્ષુદ્રક મલ્લવના દૂત પ્રણિધિઓ આજે મહીનો થયાં ગામમાં આવીને પડ્યા હતા. તેમનું સૌજન્ય, તેમનો સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવ અને તેમનું ગૌરવ જોઈ લોકો મુગ્ધ થયા હતા, અને પોતાના ગામના રાજપુરુષોની નીતિરીતિ ઘણી અધમ છે એમ પ્રત્યક્ષ પ્રમાણથી ખાત્રી કરી રહ્યા હતા. રાજપુરુષો પોતે પણ આ પ્રણિધિઓનું સ્વતંત્ર અને મર્દાનગીભર્યું ગૌરવ જોઈ પોતાની પરાધીનતા અને ક્ષુદ્રતાનું આત્મજ્ઞાન મેળવતા હતા. આ બધાથી અવ્યવસ્થિત થયેલા વાતાવરણમાં અસંતુષ્ટ મહાદેવીનો ભાઈ યુવરાજ આંભિ આવે એ મુસ્કેલીને પણ વધારે મુશ્કે[illegible] કરે એવો બનાવ હતો. તેમાં આ એક અ[illegible] બ્રાહ્મણ ધનનંદની રાજ્યનીતિનો પ[illegible] કરે; ધનનંદને લોકલાજે પણ તેને બોલાવવા મંત્રી મોકલવો પડે;—આ બધાં માનસિકનોથી રાજસેવાપરાયણ સેનાજિત ચિંતાતુર બન્યો હતો.

તે શકટાલના ઘર આગળ આવ્યો અને તેને ત્યાં ઘોડાઓ ઉભેલા જોઈ તે ચમક્યો. તેણે પોતાનો ઘોડો રોક્યો અને નીચા વળી નમસ્કાર કરતા શૌનક તરફ તે ફર્યો. "અલ્યા આ કોના ઘોડા છે ?"

"અન્નદાતા !" પરાધીન વાતાવરણનો ચેપ લાગવાથી શૌનકે નીચા નમી કહ્યું: "આ તો ક્ષુદ્રક માલવોના દૂત પ્રણિધિઓ આવ્યા છે."

સેનાજિત ચમક્યો. જાણે તેની વિચાર સૃષ્ટિમાંથી દૂત પ્રણિધિઓ નીકળી આવ્યા હોય એમ તેને વિપલવાર લાગ્યું. એક અક્ષર બોલ્યા વિના તે ઘોડા પરથી નીચે કુદ્યો, અને શકટાલનું બારણું ઠોકવા લાગ્યો. પેલા હસમુખા બ્રાહ્મણે બારણું ઉઘાડ્યું અને તેનું હાસ્ય અને તેની નાચતી આંખે અધીરા સેનાજિતને ક્ષણ વારથી ક્રોધાવિષ્ટ કરી મુક્યો. તેની ગૌરીનું ઘર પણ આજે તેનું નહોતું.

"કોણ છો ભાઈ ?" પેલા બ્રાહ્મણે પુછ્યું.

ગર્વથી વગર બોલ્યે સેનાજિતે બારણું વધારે ઉઘાડવા પ્રયત્ન કર્યો.

પેલો બ્રાહ્મણ મજાકમાં ખડખડ હસ્યો. તેના બળથી અધઉઘાડું રાખેલું બારણું સેનાજિતથી એક આંગળ પણ ખસ્યું નહીં.

"કોનું કામ છે ?" પેલા બ્રાહ્મણે પુછ્યું.

"આચાર્ય શકટાલનું."

"જરા ઉભા રહો, પુછી આવું." કહી બારણા પરથી સેનાજિતનો હાથ રમતમાં ખસેડી બ્રાહ્મણે બારણું દઈ દીધું.

સેનાજિતનું મોઢું લાલચોળ થઈ રહ્યું. રાજાનો લાડકો, અંતઃપુરનો લાડકો અને રાજ

[illegible] હશે, અને આ પ્રકારનું અપ-
માન [illegible] તેને પ્રસંગ આવ્યો નહોતો. ગોરી-
[illegible] ચાહતો હતો છતાં પોતાના અધિકાર-
નો [illegible] નહોતો, એટલે શકટાલ-
[illegible] આવાસમાં પોતે મહેરબાની રાખેલ છે
[illegible] તેના મગજમાં અસ્પષ્ટ ખ્યાલ હતો.
[illegible] બારણાને લાત મારી. બારણું
અને તેની સાથે નાનકડું ઘર બન્ને ધ્રૂજી
ઊઠ્યાં. શાનક અને તેના મિત્રોને કૈંક રસ
પડવા લાગ્યો.

જાણે તેની લાતના જવાબમાં હોય તેમ
બારણું ઊઘડ્યું; અને બળજોરીથી અંદર
જવાની ઇચ્છાવાળો તે જેવો આગળ ધસ્યો
તેવોજ તે શેષના પ્રચંડ શરીર સાથે
[illegible] અથડાઈ પડ્યો. એક માયાળુ વાત્સલ્ય-
ભર્યા સ્મિતથી વૃદ્ધ શેષે પોતાનો હાથ સેના-
જિતના ખભા પર મૂક્યો.

"અરે જરા ધીરે, સેનાજિત!"

સેનાજિતે શેષને ઓળખ્યા; ને તે શર-
મિંદો થઈ ગયો. આ સ્વસ્થ અને સ્મિતભર્યા
[illegible] પ્રતિકૃતિના દેખતાં તેણે આવી [illegible]
અને ઉદ્ધતાઈ દેખાડી તે હાસ્યજનક પ્રસંગનું
તેને તીવ્ર ભાન થયું. તેનો ક્રોધ જતો રહ્યો. એ
[illegible] અનુભવી રહ્યો. જેમ તેમ કરતાં
[illegible] તે બોલ્યો: "મને શી ખબર કે આપ
અહીંયાં છો!"

"[illegible]" શેષે જરા હસીને કહ્યું: "આચાર્ય
વિષ્ણુગુપ્તની [illegible] કરવા આવ્યા હતા."

સેનાજિતના હૃદયમાં ભાર હતો તે વધ્યો.
[illegible] વિષ્ણુગુપ્તને મળવા ક્ષુદ્ર માણસોના દૂત
[illegible] પોતાની મેળે આવે! પોતાને
[illegible] એક રૂપે ખરી કરવી દેખાઈ.
"આપ એમને ઓળખો છો?"

"કેમ નહીં?" [illegible] બેઠા અને તેની સાથે [illegible]
પોતપોતાને [illegible] અને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] ઊભા [illegible] અને [illegible]
[illegible] થયું.

[illegible]
"કેમ ભાઈ! તમે [illegible] મુલા-
કાત [illegible]?"

"મુલાકાત!" [illegible] કહ્યું: "હું [illegible]
મુલાકાત કરવાનો નથી."

"ત્યારે આને" એક [illegible] કહ્યું; "[illegible]
[illegible]
[illegible]?"

આ [illegible] અને શાનક-
ને પોતાનું [illegible] દેખાયું.
એટલામાં એક દૂરથી [illegible] તેણે
જોયો. અને વાત ફેરવતા તે બોલ્યો: "અરે આ
અગ્નિહોત્રી ક્યાંથી [illegible]!"

[illegible] આવે અગ્નિ[illegible] મંદિરનો પુજારી,
જે સવારે સેનાજિતને મળ્યો હતો તે, ધીમે ધીમે
આવતો જણાયો. તે [illegible] શાનક-
[illegible] બારણા તરફ વળ્યો.

"અગ્નિહોત્રીજી [illegible] ક્યાં [illegible]?"
શાનકે પૂછ્યું.

"અહીંયાં બેઠા છો ને ખબર નથી?"
અગ્નિહોત્રીએ કહ્યું.

"અહીંયાં વિષ્ણુગુપ્ત આવ્યો છે તે કોણ
આચાર્ય વિષ્ણુગુપ્ત?"

"તમે ઓળખતા નથી?" અગ્નિહોત્રીએ
પૂછ્યું.



[ચિત્રકાર :] હસીને શેઠ પોતાને ઘોડે બેઠા.-(પૃષ્ઠ ૪૧) [રા. ગોરક્ષકર

"તમે ઓળખો છો?" ચરકે પુછ્યું.

"જો એ ચણકઋષિનો પુત્ર હોય તો તો સારી રીતે. આચાર્ય શકટાલને ત્યાં ભણવા રહેતો હતો ત્યારે હું સારી રીતે ઓળખતો."

"અરે જાઓ જાઓ—કાકા!" શૌનકે કહ્યું; "આ વિષ્ણુગુપ્ત તે કૈં તમારો વિષ્ણુ હોય? અહીંઆં તો સવારથી સોનાં કપાય છે. રાક્ષસ મંત્રી, સિદ્ધાચાર્ય ક્ષપણક, શેષ ને સેનાજિત બધા આંટા ફેરા માર્યા કરે છે તે જાણે તમારા વિષ્ણુ માટે કરતા હશે!"

"શૌનક!" અગ્નિહોત્રીએ જરાક હસીને કહ્યું: "પુજાનું સ્થાન તો ગુણ; વય નહીં. હું થોડાં વરસ પર નૈમિષારણ્યમાં ગયો હતો ત્યારે મેં એની કીર્તિ સાંભળી હતી. ત્યાં તો એ બૃહસ્પતિનો અવતાર મનાય છે."

શૌનકે કહ્યું: "જાઓ હું ખાત્રીથી કહું છું કે આ ને તમારો વિષ્ણુ એક હોઇ શકેજ નહીં!"

"હું તેજ જોવા આવ્યો છું." અગ્નિહોત્રીએ કહ્યું.

"ત્યારે અમને પણ લઇ આવોને!" ચરકે ઉમેર્યું.

"હા કાકા!" બીજાએ ઉમેર્યું.

"ચાલોની ભાઇ, આવા શ્રોત્રિયોનાં દર્શન કરવાનાં હવે ક્યાં મળે છે?"

શૌનક ને તેના મિત્રો ઉત્સાહથી અગ્નિહોત્રી જોડે આવી ઉભા. અગ્નિહોત્રીકાકા ધીમે પગે બારણા પાસે ગયા અને આસ્તેથી કડું ઠોક્યું. પેલા હસમુખા બ્રાહ્મણે તે ઉઘાડ્યું; અને તેની આંખો અગ્નિહોત્રી પર પડી. તેમાંથી હાસ્ય જતું રહ્યું, અને તેના ડોળા ચક્કર ચક્કર ફરવા માંડ્યા; અગ્નિહોત્રી પણ ડોળા કાઢી તેની સામે જોઇ રહ્યા. આખરે પેલા હસમુખા બ્રાહ્મણે જેમ તેમ કરી ગળામાંથી અવાજ કાઢ્યો: "પિતાજી!"

અગ્નિહોત્રી ડુસકાં ખાવા લાગ્યા. અને પેલો બ્રાહ્મણ તેને પગે પડ્યો. અગ્નિહોત્રીએ નીચા વળી તેને ઉભો કરવા માંડ્યો. તેના ગળામાંથી જેમ તેમ કરતાં શબ્દ નીકળ્યો: "કદ્રુ!"

આંસુઓથી ગુંગળાતો કદ્રુ હસતે મોઢે રડતો ઉભો રહ્યો.

પ્રકરણ ૧૨ મું

ગૌરીની મુંઝવણ

અગ્નિહોત્રીએ આંસુ લુછતાં હેતથી કદ્રુની ખાંધ પર હાથ મુક્યો. રખેને એ હાથ ખસી જાય એવી બીકે કદ્રુએ તેને પોતાના હાથથી દાબ્યો. બંને અંદર ગયા. પાછળ શૌનક, ચરક અને તેના બે મિત્રો આવ્યા.

શકટાલનું ઘર નાનું, નીચું ને અંધારું હતું. અંધારી ઓસરીમાં એક તરફ ગાયની કોડ હતી.

અંદરના અડધા ખંડ પર છાપરું હતું અને બાકીનો ભાગ ખુલ્લો વાડો હતો. એની પેલી તરફ બીજો એવોજ નાનો ખંડ હતો.

વચલા ખંડમાં પ્રમંડક બારણા પાસે બેઠો હતો—ગૌરવ ને વિદ્વત્તાની મૂર્તિ જેવો શાંત ને તેજસ્વી. પાસે વૃદ્ધ શકટાલ બેઠા હતા. તેમનું જીર્ણ છતાં ટટાર શરીર અત્યારે ગૂઢ શક્તિની સાક્ષી પુરતું હતું. તેની સામે સેનાજિત બેઠો હતો. તેના અલંકારો આ નિર્ધન પરિસ્થિતિમાં કલંક જેવા જણાતા હતા. તેના મુખ પર ગર્વ ને અધીરાઇ હતાં. તે આ નવા આવનારાઓ તરફ તિરસ્કારથી જોઇ રહ્યો.

"પ્રમંડક! આ પિતાજી આવ્યા."

"કોણ પ્રમંડક તું!" અગ્નિહોત્રીએ સાશ્રુનયને પુછ્યું.

"હા. કાકા" પ્રમંડકે કહ્યું.

"ને વિષ્ણુ—આચાર્ય ક્યાં ?"

"અંદર છે, હમણાં આવશે." પ્રમંડકે કહ્યું; "ઘણે વર્ષે આપણે મળ્યા."

"હા, ભાઇ; ઘરડે ઘડપણ મારી આંખો ટાઢી થઇ."

"કેમ આચાર્ય દેવ!" અગ્નિહોત્રી શકટાલની પાસે બેઠા અને શૌનક વગેરે સામે વિનયપૂર્વક બેસી ગયા.

અંધ શકટાલે ડોકું ઉંચું કર્યું અને ખોખરા, નિશ્ચેતન અવાજે પુછ્યું: "કોણ ભાનુ ?"

મધરાતે મોભ તુટે અને તેનો અવાજ સુતેલાના હૃદયમાં જેવો આઘાત કરે એવો આઘાત બધાના હૃદયમાં આ અવાજથી થયો.

પળ વાર અગ્નિહોત્રી જરાક અસ્વસ્થ થયા અને પછી હીંમતભેર પુછ્યું: "દેવ! ખુશીમાં તો છોને ?"

શકટાલનું મોં વેદનાથી મચડાઇ રહ્યું. "ખુશી ? હા."

"આચાર્ય !" સેનાજિતે અધીરાઇથી કહ્યું; "હવે અંધારું થવા આવ્યું. મારે એક વાત કહેવી છે."

"શી ?" શકટાલે પુછ્યું. બધા શાંત થઇ સાંભળવા લાગ્યા.

"અંદર આવો."

એક પળ વાર શકટાલ શાંત રહ્યા અને પછી ભીંત પર હાથ મુકી ઉભા થયા. ઉંચા, સુક્કા, સ્નાયુવાળા, વૃદ્ધ શકટાલ નિરાશાની મૂર્તિ સમા અંદરના બારણા તરફ જવા લાગ્યા. સેનાજિત શકટાલને હાથ આપી બારણા તરફ દોરવા માંડ્યો. શૌનક અને તેના મિત્રો, કંઇક નવું જાણવાની તક ખોઇ હોવાથી, નાસીપાસ થઇ ગયા.

સેનાજિત શકટાલને અંદર લઇ ગયો: નિરુત્સાહ-નિરાશાને દોરી લાવતો હોય તેમ. અંદરના ખંડનો પણ અડધો ભાગ છાપરાવાળો હતો અને અડધો છાપરા વગરનો હતો. છાપરાવાળા ભાગ નીચે ગૌરી રાંધવાની તૈયારી ઝડપથી કરી રહી હતી. તેના હાથ જેમ લોટ મસળતા તેમ તેની આંખો ચમકતી હતી.

ખંડના ઉઘાડા ભાગમાં દૂર એક પાટલા પર વિષ્ણુગુપ્ત પ્રાણાયામ કરી રહ્યા હતા.

સેનાજિતે એક નજર ગૌરી તરફ ફેંકી, બીજી પ્રાણાયામ કરતા બ્રાહ્મણ તરફ નાખી. વિષ્ણુગુપ્ત ઉંચા પહોળા નહોતા; સ્વરૂપવાન નહતા; તેના વસ્ત્રમાં એક નાનું ટુંકું ધોતીયું હતું; અલંકારમાં ખાંધે જનોઇ ને કપાળમાં ભસ્મ હતાં— અને છતાં સેનાજિતને એ કૈં વિચિત્ર લાગ્યા. એને જોઇ સેનાજિતની દૃષ્ટિ તદ્દન બદલાઇ ગઇ. પ્રમંડક ઝાંખો લાગ્યો; શકટાલ ઓછો કઠોર દેખાયો. ગૌરી વધારે ને વધારે દૂર ગએલી, દુષ્પ્રાપ્ય થએલી દેખાઇ; પોતે કોઇક સ્થૂલ ને ક્ષુદ્ર ગુન્હેગાર હોય એવો દેખાયો. તેણે ગૌરી તરફ જોયું, તો તે નીચું જોઇ લોટ મસળી રહી હતી. આ તેની ગૌરી કે કોઇ બીજી ? આ ફેરફાર કેમ થયો તે તેને નહીં સમજાયું.

પળ વાર તેણે આંખો મીંચી.

"આચાર્ય" સેનાજિતે ધીમેથી કહ્યું: "અહીંઆં વાત કરીશું ?"

"અહીંઆં તો વિષ્ણુગુપ્ત પ્રાણાયામ કરે છે."

ગૌરીએ ઉંચું જોયું, અને તેની નજર સેનાજિત પરથી વિષ્ણુગુપ્ત પર ગઇ.

ગૌરીના હૃદયમાં આજે કૈં નવા ભાવો ને નવા વિચારો ઉદ્ભવતા હતા. નહીંતર જ્યારે

તેણે સાંભળ્યું કે બ્રાહ્મણ વિષ્ણુગુપ્ત નંદરાજાનું અપમાન કરી તેને ઘેર જતો હતો ત્યારે પહેલાં તો તેના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. નરેંદ્રદેવના ક્રોધથી કચરાએલા મંત્રી પર આ એક નવી આફ્ત આવી પડી અને આ આફ્તને પરિણામે તેના અને સેનાજિતના સંબંધમાં વિક્ષેપ આવશે એમ તેને લાગ્યું. એ એકદમ ઘેર જવા નીકળી.

ઘેર જતાં એ વિષ્ણુગુપ્ત કોણ હશે તેનો તેને વિચાર આવ્યો; અને વર્ષો પર પિતાને ઘેર શિષ્ય તરીકે રહેતો 'વિષ્ણુ' તો ન હોય એવો સંશય પેદા થયો. એની સ્મરણસૃષ્ટિમાં એક વિષ્ણુ હતો–તેજસ્વી ને વિદ્વાન–થોડાબોલો અને વિચારશીલ, જે તેના પિતા જોડે સદાએ મતભેદ દર્શાવતો અને છતાં જે તેમને અનહદ માન આપતો. એને યાદ હતું કે જ્યારે એ વિષ્ણુ તેને ત્યાં રહેતો ત્યારે પાટલીપુત્રના શ્રોત્રિયો તેને હેતથી સત્કારતા અને તેની બુદ્ધિની પ્રશંસામાં મુગ્ધ બનતા. ઘણી વાર તેની પાસે તે શીખવા બેસતી અને તે તેને રમાડતો હોય તેમ શાસ્ત્રો શીખવતો. તે વિષ્ણુ તો ન હોય?

આવા સંકલ્પ વિકલ્પ કરતી ગૌરી ઝપાટાબંધ ઘેર આવી અને પાછલે બારણેથી ઘરમાં આવતાં આ ખંડમાં તે વિષ્ણુને તેણે જોયો ને ઓળખ્યો.

આ વિષ્ણુગુપ્ત એ તેનાં સ્મરણોએ સંઘરી રાખેલો વિષ્ણુ અને છતાંએ જુદો. એને મળવા ધારાપુરી અનેક વ્યક્તિઓ, રાક્ષસ મંત્રી, શેષ જેવો દૂત પ્રણિધિ, ક્ષપણક જેવો જટિલ આવી જતાં તેણે જોયાં. ધારાપુરી લોકો તેની જોડે ધીમે ધીમે વાતો કરી. વિશાલ નયને વિષ્ણુગુપ્ત તે સાંભળી રહેતો. દરેક જણ ભક્તિભાવ વર્તતા; વિષ્ણુગુપ્તની શાંતિ અખંડ રહેતી.

ગૌરી ઘરકામમાં પડી. પણ તેનું ચિત્ત અસ્વસ્થ થઇ ગયું. તેના પિતાનો શિષ્ય વિષ્ણુ આવો કેમ થઇ ગયો? ક્યાં પોતે એક અજ્ઞાન, ભગ્નગૌરવ મંત્રીની કન્યા, સેનાજિત જેવા રાજ-સેવકની વચનદત્તા, અને ક્યાં આ વિષ્ણુ જેની આગળ રાક્ષસ, શેષ ને જટિલાચાર્ય ક્ષપણક નિર્જીવ લાગતા!

આ ખંડમાં આવતાં સેનાજિતના મનમાં જે પ્રશ્ન ઉદ્ભવ્યો તે ગૌરીના મનમાં ક્યારનોએ થયો. આ માણસ કેમ બધાથી જુદો લાગતો? પ્રતાપી શકટાલના એક સામાન્ય ને નિર્ધન શિષ્યમાં એવું શું હતું કે આમ લાગતું? ગૌરી સેનાજિતને વીસરી ગઇ હતી. તેનું ચિત્ત અત્યારે માત્ર આનાજ વિચારથી વ્યગ્ર થઇ રહ્યું.

જ્યારે સેનાજિત શકટાલને દોરીને અંદર લઇ આવ્યો ત્યારે તે પોતાના વિચારોમાંથી ઝબકીને જાગી. તેનો સેનાજિત–જેની જોડે પરણવા તે અધીરી થઇ હતી તે સેનાજિત આવ્યો હતો; અને છતાં તેનું હૈયું ખુશ થવા ના પાડતું હતું.

અત્યારે જીવનમાં બીજીવાર સેનાજિતનું આવાગમન તેને અકારું લાગ્યું. તે શા માટે અત્યારે આવ્યો? તેનાં કંકણો ને કુંડળ જે જોઇ તે સદા હરખાતી તે અત્યારે છીછરાપણાનાં પ્રદર્શન જેવાં દેખાયાં. તેનું રુપાળું, સુંવાળું મુખ જેની મોહિની તે વીસરતી નહીં તે કશાની ન્યૂનતા દર્શાવતું. શાની તે તે કહી શકી નહીં...તે અત્યારે શા માટે આવ્યો?

ભસ્મથી શોભિત અનેક પૂર્વજોની ટોળી તેની દૃષ્ટિમાં વિકાર આણી રહ્યું: સેનાજિતે ભસ્મ કરી હોત તો વધારે ગૌરવશીલ લાગત!

નીચું મોં કરી તે ચટકા કરી રહી. તેની મુંઝવણનો પાર નહોતો.

પ્રકરણ ૧૩ મુ

——o——

જેમાં શકટાલથી પોતાના શિષ્યનું ઊંડાણ મપાતું નથી.

સેનાજિતે શકટાલને આગળ જતા અટકાવ્યા. " આચાર્ય વિષ્ણુગુપ્ત ધ્યાન કરે છે " તેણે કહ્યું. શકટાલ ઉભા રહ્યા. ગૌરી એકથી બીજા સામું જોઇ રહી.

થોડીવારે વિષ્ણુગુપ્તે ધ્યાન પુરું કરી આંખો ઉઘાડી–શાંત ને સ્થિર ને ગહન આંખો. સેનાજિતને વાત પડતી મુકવાનું મન થયું; પણ જીદે ભરાઇ શકટાલના હાથ પર હાથ મુકયો.

" આચાર્ય દેવ ! " તેણે કહ્યું; " પછી અમારું શું ? "

ગૌરીનું મુખ લાલ ચોળ થઇ ગયું: તેણે નીચું ઘાલી લોટ મસળ્યા કર્યો.

" વિચાર કરીશ. " શકટાલે ટુંકામાં જવાબ વાળ્યો.

" પણ કયારે ? " સેનાજિતે થોડી વારે પુછ્યું. ગૌરીને આ પ્રશ્નપરંપરા અયોગ્ય લાગી. અને તે વળી વિષ્ણુગુપ્તના સાંભળતાં ?

" નક્ષત્ર આવે ત્યારે " શકટાલે જવાબ વાળ્યો.

" પણ આમ દહાડા જાય તેમાં અર્થ શો સરે ? "

" નક્ષત્ર વિના અર્થ સરેજ નહીં " શકટાલે દ્દઢતાથી કહ્યું.

" અર્થજ અર્થનું નક્ષત્ર. તારલા શું કરતા હતા ? " શાંત અવાજ આવ્યો; અને ચમકીને સેનાજિત અને ગૌરી જોઇ રહ્યાં. વિધિનો અવતાર હોય તેમ આ શબ્દો શાંતિથી બોલતા, વિષ્ણુગુપ્ત તેમના તરફ આવતા હતા.

સેનાજિત વિપલ વાર અસ્વસ્થ થયો–ને પછી આ શાંત બ્રાહ્મણને જોઇ તેજોદ્વેષથી પ્રેરાઇ રહ્યો. શકટાલ કર્કશતાથી હસ્યા.

" વિષ્ણુ " શકટાલે કઠોર ને નિશ્ચેતન અવાજે કહ્યું: " સેનાજિત ગૌરી સાથે લગ્ન કરવાની તિથિ પુછે છે. "

વિષ્ણુગુપ્ત હસ્યા–ધીમેથી, તટસ્થતાથી. "શકટાલી સેનાજિતને વરે તે તિથિ કયારે આવશે ? " તેની આંખો ગૌરી પર ઠરી. ગૌરી નીચું જોઇ બળી બળી થઇ ગઇ. " શાકટાલી સેનાજિતને વરે ! "—કેવું વિચિત્ર !

સેનાજિત ગુંચવાડાથી શકટાલ તરફ જોઇ રહ્યો. તેના ભગ્નગૌરવ મુખ પર હર્ષનો, વિજયનો ભાવ શો ? તેણે માથું ઉંચું કર્યું,–અને નિસ્તેજ આંખો ફાડી. " જે દિવસે નરેંદ્રદેવ મને વિષ્ણુ જોડે નૈમિષારણ્ય જવાદે તે દહાડે તિથિ " તેણે હસીને કહ્યું. હાસ્યમાં વિજય હતો ને ક્રોધ પણ હતું. ગૌરી ગભરાઇ ગઇ. આ શું ? તેના પિતા નૈમિષારણ્ય જવાના ! શા સારુ ? જ્યાં સુધી તેને નૈમિષારણ્ય જવાની રજા નરેંદ્રદેવ આપે નહીં ત્યાં સુધી તેનું લગ્ન નક્કી થાય નહીં ! આ નવો વિચાર કયારે આવ્યો ?

નહીં જેવું હાસ્ય વિષ્ણુગુપ્તના મુખ પર રમતું હતું.

સેનાજિતે એક પળમાં નિશ્ચય કર્યો. " આચાર્યદેવ ! એમજ હોય તો નરેંદ્રદેવ પાસે કાલે રજા અપાવું. "

ગૌરીને ગળે ડુમો ભરાયો. તેના પિતા વૃદ્ધ ને અંધ, તેને છોડી ચાલી જાય ! તો પછી લગ્નમાં સુખ શું ? તેની નજરે વિષ્ણુગુપ્તના શાંત મુખ પર રમતું અસ્પષ્ટ સ્મિત પડ્યું. આ 'વિષ્ણુ'

એને કે રસ્તો નહીં બતાવે.

"વિષ્ણુ !" શકટાલે કહ્યું; "તો તારી સાથે મને લઈ જશે ?"

"જરૂર." વિષ્ણુગુપ્તનો મીઠો ને શાંત અવાજ આવ્યો, "તમારા નરેન્દ્રદેવ પર બધો આધાર." કહી વિષ્ણુગુપ્ત બહાર ચાલી ગયા.

સેનાજિતને નીરાંત વળી. જો શકટાલનો આ સંકલ્પ દૃઢ હોય તો તેના જેવું બીજું શું ? પ્રિયતમા મળે અને આડખીલીરૂપ અપ્રિય સસરો ચાલ્યો જાય. "હું કાલે મળીશ" કહી સેનાજિત શકટાલને પાછો બહાર દોરી ગયો.

સેનાજિત બહાર ગયો. બધા ઉભા હતા—પ્રમંડક ને કદુ સીવાય બીજા હાથ જોડીને. વચ્ચે આચાર્ય વિષ્ણુગુપ્ત સ્નેહસામાચાર પુછતા હતા: આંખો સ્મિતભરી; અવાજ શાંત ને તટસ્થતાથી ભરપુર; ઉભા રહેવાની ઢબ અપાર્થિવ, ગૌરવભરી, કોઈ નિર્બલતા અધીરાઈ કે ચંચળ ઉમળકાથી અસ્પૃષ્ટ એવા દેવની હતી. દેવની ! શું આ બધા મનુષ્યોની સૃષ્ટિથી તે પર હતો ? અને હતો તો કેવી રીતે ? સેનાજિતને વિષ્ણુગુપ્તના વ્યક્તિત્વનું વૈચિત્ર્ય સમજાયું. તે મનુષ્ય નહોતો. દેવનું હોય એવું તેનું વ્યક્તિત્વ હતું; તેમાંથી શાંત છતાં મહાત કરતું તેજ બહાર પડતું. અને તે તેજ તેને બધાથી નીરાળો, દૂરસ્થ બનાવતું.

તે પળે સેનાજિતની આંખે અંધારાં વળ્યાં. ક્યારથી આ માણસનું નામ સાંભળી તેનો દહાડો બગડતો હતો તેનું કારણ પણ આ તેજ હતું શું ? તેના વડીલોને મોઢે તેણે તપોબળથી રાજાઓનાં તેજ ઝંખવતા તપોધનોની વાત સાંભળી હતી. આ તેવો તો કોઈ નહોતો ? તેણે વિષ્ણુગુપ્તના કપાળ તરફ જોયું. ભસ્મથી તે ઓપતું હતું; અને તેમાંથી નીકળતી અદૃષ્ટ જ્વાળાઓ બીજા બધાને ક્ષુદ્ર બનાવી મૂકતી હતી.

પ્રયત્ન કરી સેનાજિતે કલ્પનાને આવે માર્ગે જતી અટકાવી. આ માણસ નરેન્દ્રદેવનો દ્વેષી હતો અને એને સીધો કરવો એજ તેની ફરજ હતી. તેણે વાત તરફ ધ્યાન આપ્યું.

"આચાર્ય" અગ્નિહોત્રી ધ્રુજતે અવાજે બોલવા લાગ્યા.

"વિષ્ણુ ચાલશે" કહી વિષ્ણુગુપ્ત પ્રમંડકની આસની પર બેઠા. "ખુશીમાં તો ખરા ? તમારો ટટ્ટુ કેમ લાગે છે ?"

"ભાઈ !" ગળગળા થઈ અગ્નિહોત્રી બોલ્યા; "આપની કૃપાથી એનો ઉદ્ધાર થઈ ગયો."

સેનાજિત ધ્યાનથી જોઈ રહ્યો. વૃદ્ધ અગ્નિહોત્રીને વિષ્ણુ સાથે આટલો પરિચય ! આ બ્રાહ્મણો શું બધા એક છે ! પણ લાંબો વિચાર કરવાનો તેને સમય નહોતો. બધા બેસી ગયા. એજ એકલો ઉભો હતો.

"આચાર્યદેવ ! હું રજા લઈશ. આચાર્ય વિષ્ણુગુપ્ત ! ફરી મળીશ."

"હા. જરુર" વિષ્ણુગુપ્તે જવાબ વાળ્યો.

"ભાઈ આવજે" વૃદ્ધ શકટાલે કહ્યું. તેના અવાજમાં ફરી બોલાવવાની વૃત્તિ નહોતી.

સેનાજિત પગે લાગી ચાલી ગયો. થોડી વાર કોઈ બોલ્યું નહીં.

"આ પેલો શૌનક તો નહીં ?" વિષ્ણુગુપ્તે કહ્યું.

"હા. ! મહારાજ હું જ" ઓળખાયાથી હર્ષઘેલા થયેલા શૌનકે કહ્યું. 'આપે મને ઓળખી કાઢયો ખરો." તેણે ભભકાથી તેના મિત્રો તરફ જોયું અને તેની જીભ છુટી થઈ. "આજે આપે હદ કરી. આજે આપે બ્રાહ્મણનું નામ દીપાવ્યું."

"તમે બધા શું કરો છો ! જ્યાં અધર્મ હોય ત્યાં વસવાટ શા કામનો ?" વિષ્ણુગુપ્તે પુછ્યું.

" ચાણુક્ય !" અગ્નિહોત્રીએ કહ્યું. " શું કરીએ ? બાપ દાદાનું ગામ મુકી ક્યાં જઇએ ?"

વિષ્ણુગુપ્ત શાંતિથી જોઇ રહ્યા. " કાકા ! બ્રહ્મગૌરવ ચાણક્યને પૂરંજ કેવો ને આમ કેવું ?" તેના અવાજમાં મીઠાશ હતી; તિરસ્કાર હતો એમ કહેવાય એમ નહોતું.

" વિષ્ણુ !" શકટાલે કઠોરતાથી હસીને કહ્યું. " તને અમારી દશાની ખબર નથી."

" ગુરુદેવ ! તમને ગામ છોડવાનો પ્રતિબંધ છે. આ બધા અહીંઆં શા માટે પડી રહ્યા છે ?" વિષ્ણુગુપ્તે કહ્યું; " નૈમિષારણ્યમાં શાંતિ નથી ? ગંગાતીરે વનોમાં ફળ મુળ નથી ? નંદને શ્રોત્રિયો નહીં ગમતા હોય તો એને અશ્રોત્રિય મગધ પર રાજ્ય કરવા દો. જે સત્કાર ન દે તેને સહાય શા માટે કરવી ?"

બધા ગૌરવહીણા, બાપડા ને બીચારા હતા. તેમના હૈયામાં અસંતોષ સદાએ બળ્યા કરતો હતો. આ દૃષ્ટિબિંદુએ તે અગ્નિમાં ઘી હોમ્યું. બધા ઉત્સુક બની સાંભળી રહ્યા.

" વિષ્ણુ " શકટાલે કહ્યું: " દાઝેલાને ડામ નહીં દે તારામાં બુદ્ધિ હોય તો રસ્તો બતાવ."

" આચાર્ય દેવને રસ્તો નહીં સુઝશે તો કોને સુઝશે ?" પલવાર વિષ્ણુગુપ્ત અંધ મંત્રી સામું જોઇ રહ્યા.

" મને નથી સુઝતો." શકટાલે નિઃશ્વાસ મુકયો.

" આરે મારી સાથે નૈમિષારણ્યમાં કેટલા આવો છો ? હું થોડા દહાડામાં પાછો ચાલ્યો. શૌનક ! તું આવશે ?" એકદમ વિષ્ણુગુપ્તે પુછ્યું.

" હું !" ચમકીને શૌનકે પુછ્યું.

" અમે આવીશું " ચરકે ઉત્સાહમાં કહ્યું.

" શૌનક ! શ્રોત્રિયને જ્યાં તપ ને સ્વાધ્યાય મળે ત્યાં સ્વદેશ. પાટલીપુત્રના કેટલા બ્રાહ્મણો મારી સાથે આવે એમ છે ?" વિષ્ણુગુપ્તે પુછ્યું.

" પણ અમારાં કુટુંબીજનોનું શું ?"

" આવીને પછી લઇ જજો. ઉત્તરમાં જે રાજાઓ બીજા વેદમૂર્તિઓને પુજે છે, તે તમને નહીં પોષે ? કદ્રુ ! અત્યારે તો તારે ઘેર જા અને જે આપણી સાથે આવવા તૈયાર હોય તેને લઇ લે. શૌનક ! વિચાર કરી જોજે. ભાનુકાકા ! હવે સીધાવો " જાણે સામાન્ય વાત કરી હોય એમ વિષ્ણુગુપ્તે વાત પુરી કરી.

" આચાર્યદેવ !" અગ્નિહોત્રીએ શકટાલને પુછ્યું; " તમે પણ જવાના છો ?"

" મારુ નક્કી નથી " મોં બીડી શકટાલે કહ્યું. વધારે બોલવાની તેમની વૃત્તિ નહોતી.

બધા જવા લાગ્યા. કદ્રુ તેના બાપની જોડે ગયો. શૌનકાદિએ આચાર્યની આશિષ માગી. પ્રમંડક ઉઠી બહાર ગયો.

શકટાલના હોઠ જોરથી હાલતા હતા. વિષ્ણુગુપ્ત તેના પર નજર માંડી જોઇ રહ્યા હતા.

ગૌરી વચલા બારણામાં આવી. "આચાર્યજી" તેનો અવાજ ક્ષોભથી ધ્રુજતો હતો.

" મને બોલાવ્યો ?" વિષ્ણુગુપ્તે પુછ્યું.

" સુકેતુ મળવા આવ્યો છે."

વિષ્ણુગુપ્ત ઉઠયા.

" જોજે ભાઇ !" શકટાલે કહ્યું; " નંદે કોઇ મારો મોકલાવ્યો હશે "

" ગભરાશો નહીં. સુકેતુ નંદને કહે કોઇને મારે એમ નથી."

અજબ થઇ શકટાલે નિસ્તેજ આંખો પણ પહોળી કરી. આ છોકરાનું ઉંડાણ કોણ માપે એમ હતું ?

પ્રકરણ ૧૪ મું

---o---

જેમાં મૈનાકીને જીવન અકારું લાગે છે

ગૌરી રાંધતી હતી તેને પેલે છેડે સુકેતુ અને મૈનાકી વિષ્ણુગુપ્તના આસન સામે બેઠાં હતાં. આચાર્ય ધીમે ધીમે આવ્યા.

સુકેતુ ને મૈનાકીએ ઉભાં થઇ નમસ્કાર કર્યા; અને આચાર્ય નમસ્કાર ઝીલી બેઠા. "બોલો શું કામ છે ?" આચાર્યે પુછ્યું. તેની તેજસ્વી આંખો ભાવહીન બની હતી. મૈનાકી નીચે મોંઢે આંખના ખુણામાંથી આ નવા માણસની કીંમત આંકી રહી હતી.

"મહારાજ ! હું સુકેતુ છું–કુમાર ચંદ્રગુપ્તનો નાયક."

"મેં ઓળખ્યો. સંનિધાતા દર્શકની સહધર્મચારિણીની શી આજ્ઞા છે ?" સામાન્ય ખબર પુછતા હોય તેમ આચાર્યે કહ્યું.

મૈનાકી ગભરાઇ ગઇ. ગભરાટમાં તેણે ઉંચું જોયું, અને તેનાં ભયવ્યાકુળ નયનો આચાર્યને જોઇ રહ્યાં. આ તક્ષશિલાનો બ્રાહ્મણ તેને ઓળખી ગયો. એ કોઇ જાસુસ હતો કે કોઇ ત્રિકાળજ્ઞ ! તે કાંપી રહી. આ અસ્વસ્થ દશામાં તેનું મોહિનીરૂપ વધારે મોહક બન્યું.

"આર્યાઓમાં શ્રેષ્ઠ એવાં મૈનાકી !" મીઠાશથી આચાર્યે કહ્યું; "બોલો કેમ આવ્યાં છો ?"

"મહારાજ ! આજે કેટલા દહાડા થયાં કુમાર ચંદ્રગુપ્તનો પત્તો નથી. બધા કહે છે કે પ્રાગ્જ્યોતિષ ગયા છે. એનું શું થયું છે ?"

"તે હું જાણું કે મહામાત્ર સંનિધાતાની પત્ની જાણે ?"

"મેં બહુ તપાસ કરી પણ બીલકુલ ભાળ મળતી નથી."

"હું પણ આજે કેટલા દિવસ થયાં શોધુ છું" સુકેતુએ કહ્યું. આચાર્ય જરા હસ્યા

"વક્રનાસના જ્ઞાનનો પાર નથી. જે વક્રનાર જાણે છે તે નંદ જાણે છે. જે નંદ જાણે છે ત દર્શક જાણી શકે છે. જે દર્શક જાણે છે તે તેન પ્રિયતમાથી અજ્ઞાત કેમ હોય ?"

મૈનાકીની કાળી ને ભવ્ય આંખો ચમકી ઉઠી. આ સત્યો એ કેમ વીસરી ગઇ ? વાત મેળવવાના આ માર્ગ તે કેમ ચુકી ગઇ ! સાં સાથે વિષ્ણુગુપ્ત તરફ તે નિરાધાર બની જો રહી. આ ભયંકર ત્રિકાળજ્ઞ પુરુષની શાંત આંખે તેનું અંતર સારતી હતી; તેનો શાંત, તટસ્થ અવાજ તેને મહાત કરતો હતો; તેના શબ્દોન અર્થની ગહનતા તેને મૂઢ બનાવતી હતી.

મૈનાકી ઉસ્તાદ હતી. આ માણસને વશ કરવામાં તેને વિજય દેખાયો. તે હસી રહી; એવ ખુશીથી કે જો એ હાસ્ય દર્શકે જોયું હોત તે મોક્ષ મળ્યો માની તે પ્રાણ ત્યાગવા તૈયા થાત. આચાર્ય માત્ર જોઇજ રહ્યા.

"મહારાજ ! મારા કુમારનો કંઈ પત્તો મેળવ આપોને" સુકેતુએ કહ્યું.

"મને શા માટે પુછો છો ?"

"તમારા વિના કોઇ મદદ કરી શકે એવ નથી" મૈનાકીએ કરગરીને કહ્યું.

"મહારાજ ! તમારે જોઇએ તે લો. પણ આટલી મારી અરજી સાંભળો."

"હું મદદ શા માટે આપું ? હું તો પરદેશ છું. મને પાટલીપુત્ર સાથે શો સંબંધ ?"

"મહારાજ ! પણ અમારું કોઇ નથી."

"હે આર્યાઓમાં શ્રેષ્ઠ ! પણ ક્યાં તમે

અને કયાં મૌર્ય? કયાં પ્રતિષ્ઠિત ગૃહિણી અને કયાં એ અપ્રિય, માનહીણો રાજકુમાર ?"

મેનાકીએ અધીરાઇથી હોઠ કરડ્યા. આ માણસ તેની પરીક્ષા કરતો હતો. તેણે નફટાઇથી પાસો નાખ્યો.

" આચાર્ય ! ખરી વાત છે. કયાં મૌર્ય ને કયાં હું ? કયાં પ્રતાપી નરશાર્દૂલ અને કયાં તેની ચરણની એક રજ ? " તેનું સૌંદર્ય તેજો ખેરવી રહ્યું.

સુકેતુ આ હીંમત જોઇ ચકિત થઇ ગયો.

આચાર્ય હસ્યા : "તમે હીંમતવાન છો ? "

" નહીં તો અહીંઆં આવત કેમ ? "

" મારામાં તમે શા માટે વિશ્વાસ મુકો છો ? "

" બીજું કોઇ વધારે વિશ્વાસપાત્ર નથી તેમાં " મેનાકી હસી.

" હું દગો દેતો હોઉં તો ? "

" ચાણક્ય ! બધાજ દે છે–તો એક જણ વધારે."

" પણ તમારો ઘર સંસાર ? તમારી પ્રતિષ્ઠા –સંનિધાતા ?" શુષ્ક તટસ્થતાથી આચાર્યે પુછ્યું.

" પહેલાં કુમાર–પછી બધાં. "

" બોલો શી મદદ જોઇએ છે ? "

" કુમારને મેળવી આપો. "

" પછી ? "

" મહારાજ ! આચાર્ય ! " સુકેતુ વચ્ચે બોલ્યો; "એને પાટલીપુત્રથી દૂર કરો. અહીંઆં એને જંપીને કોઇ જીવવા દેવાનું નથી. "

આચાર્યે તીક્ષ્ણ દૃષ્ટિ મેનાકી પર નાખી. તે નીચું જોઇ રહી હતી. "આ આર્યા અહીંઆં છે ત્યાં સુધી એ પાટલીપુત્ર કેમ છોડશે ? " જાણે ઘણીજ સ્વાભાવિક વાત હોય એમ આચાર્યે પુછ્યું. શરમીંદી ગુંગળાતી મેનાકી નીચું જોઇ રહી, " કેટલાકને જીવ પ્રિય હોય, કેટલાકને સ્ત્રી પ્રિય હોય. સુકેતુ ! કેટલાક મહાત્માઓનેજ જીવ ને સ્ત્રી બંને પ્રિય ન હોય. "

" ત્યારે નંદ એને મરાવશેજ—"

" જો મરાવ્યા નહીં હોય તો."

સુકેતુએ માથું ખેદથી હલાવ્યું.

" કેટલીક સ્ત્રીઓ સ્વાર્થનેજ ઇચ્છે. બીજી સ્ત્રીઓ પ્રિયતમને ચાહે. વળી બીજી સ્ત્રી પ્રિયતમના હિતને ઇચ્છે છે સુકેતુ ! કઇ સ્ત્રી શું ઇચ્છે છે તે બૃહસ્પતિ પણ કહી શકયા નથી " આચાર્યે સૂત્ર ઉચ્ચાર્યું.

તેની આ બોલવાની રીત મેનાકીને ભયંકર લાગી. તેમાં સનાતન શાસ્ત્રવચનની નિશ્ચલતા હતી; કઠોરમાં કઠોર વચનની કટુતા હતી; અને તેમાં રહેલી તટસ્થતા ત્રાસ આપે એવી હતી. જવાબ આપવા તેનો જીવ ગુંગળાતો, અને છતાં કોઇ પુરાણકીર્તિત બ્રહ્મર્ષિના શાસન માટે જે માન ઉત્પન્ન થાય એવું માન તેને ઉત્પન્ન થતું અને વણબોલેલા બોલો જીભ પર સુકાઇ જતા.

સુકેતુએ મોટો નીસાસો મુકયો. આચાર્ય બોલ્યા નહીં. આખરે મેનાકી થાકી, "આચાર્ય ! હું શું કરું ? તે નિરાધાર બની બોલી.

"આર્યાઓમાં શ્રેષ્ઠ ! કુમાર ખાતર ધન, પ્રતિષ્ઠા ને પાટલીપુત્ર ત્યજશો ?

મેનાકી પળ વાર મુગી રહી. તેની આંખોમાં અદ્ભુત ચમક આવી. તેણે એક ઉંડો શ્વાસ લીધો. "ક્યારે ત્યજાવો છો ? "

" કાલે મધ્યરાત્રિએ અહીંઆં આવજો –પાટલીપુત્ર છોડવાની તૈયારી કરીને."

"હા, આવીશ" હોઠ દાબી મેનાકીએ કહ્યું. તેનું મોહક મુખ અદ્ભુત ભાવોથી ઓપતું હતું. સુકેતુ મોઢું ફાડી જોઇ રહેવા જેટલું ચેતન દર્શાવી શકયો. "જાઓ. હવે હું કાલે વાટ જોઇશ. સુકેતુ આવશે કે? "

"હું તો ખરે રસ્તો" કહી તે પગે લાગી ઉઠયો. મેનાકીએ પણ પ્રણિપાત કર્યા.

બંને જણ પાછલે બારણેથી ઘરની બહાર નીકળ્યાં ત્યારે એમાંથી એકે જણને બોલવાની હામ રહી નહીં. રાતે બહાર ફરનારે હાથમાં દીવો લઇ જવુંજ જોઇએ એ શાસન પ્રવર્તાવનારની સત્તા પાટલીપુત્રમાં હજી સ્થપાઇ નહોતી એટલે અંધારામાં ને વગર ઓળખાયે તે ચાલ્યાં.

મેનાકીનું માથું ધમધમતું હતું.

ઘર છોડી આમ બહાર ફરવાનો ડર, વિષ્ણુગુપ્તનો ત્રાસદાયક સમાગમ; કુમારનો વિરહ; તેને છોડવવાની તીવ્ર ઇચ્છા; તે માટે ઘરબાર ને આબરુને છોડવાની પ્રતિજ્ઞા; કાલે પ્રતિજ્ઞા પાળવી કે નહીં તેના સમ વિષમઃ—આ બધાં તેના મગજમાં તરવરતાં; તેના હૈયાને ગભરાવતાં. ક્યાં સુધી એમાંથી એકે બોલ્યું નહીં.

"સુકેતુ!" મેનાકીએ કહ્યું; "તું શું કહે છે?"

"દેવી તમે શું કહો છો?" સુકેતુએ કહ્યું.

"હું શું કહું? મને તો કૈં સમજ પડતી નથી."

"દેવી! વાચાળપણું ક્ષમા કરો તો કહું" સુકેતુએ કહ્યું.

"બોલ" મેનાકીએ આજ્ઞા કરી.

"નંદ કુમારનો જીવ જરુર લેવાનો—આજે નહીં તો વર્ષે, વર્ષે નહીં તો બે વર્ષે. અહીંઆંથી નાસી છુટયા વગર એમને બીજો રસ્તો નથી. અને તમને મુકીને એ નાસી જવાના નથી."

"એટલે તમારા બધાનું કહેવું એવું છે કે મારે લીધેજ એમને દુઃખ પડે છે."

"ક્યાં તો તમે એને છોડી દો—નહીં તો એની જોડે નાસી જાઓ."

મેનાકીએ જવાબમાં હોઠ પીસી પગ ઠોકયો. એમાંથી કોઇ કૈં બોલ્યું નહીં. મેનાકી ઘેર પહોંચી ત્યારે તેને કહ્યું: "કાલે સવારે આવી જજે."

"પછી રાતનું શું?" સુકેતુએ પુછ્યું.

"હું સવારે કહીશ."

સંનિધાતા આવ્યા; સ્ત્રીને મનાવવાની મહેનત કરી ને તે મહેનતમાં નિષ્ફલ ગયા. મુગે મોઢે ખાધું, ને રીઝવવાની ઇચ્છા પર નિદ્રાએ આક્રમણ કર્યું હોવાથી સુતા.

મેનાકી પણ આખરે સંનિધાતા પાસે સુવા આવી.

મંદમંદ બળતા દીપકના તેજમાં સંનિધાતા સુતેલા તેણે જોયા. આખો દિવસ પોતાનું કર્તવ્ય સંતોષકારક રીતે બજાવ્યું હોવાથી તેમની ઉંઘમાં કૈં પણ ખલેલ નહોતી; તેમની ફુંદ નિયમિતપણે ફુલતી અને સંકોચાતી; તેમનાં નસ્કોરાંમાંથી ધીર ગંભીર ગર્જના થતી.

મેનાકીના સ્ફટિકશા કપાળ પર ભયાનક ભ્રૂભંગ થયો. તેની આંખોમાં હિંસક પશુની આંખનું ઝેર આવ્યું. હરરોજ રાતના આ દશ્ય જોવાનું, આ વિશાલ વપુમાં લપાવાનું, આ ઘેરની ગર્જના સાંભળવાનું, આ લોભી, લુચ્ચું મુખ સવારે જોવાનું તેને લલાટે લખાયું હતું—શ્વાસ ને પ્રાણ એક હતા ત્યાં સુધી. અજગર શીકાર તરફ જોઇ રહે તેમ તે જોઇ રહી. દર્શકનું શરીર પળે પળે અકારું, અસ્પૃશ્ય, ભયાનક લાગવા માંડયું.

મેનાકી હોઠ પર હોઠ બીડી ઉભી રહી. તેની આંખો સ્થિર થઇ. તેનું મુખ પાષાણ જેવું નિશ્ચેતન થયું. કેટલો વખત ગયો તેનું ભાન રહ્યું નહીં. થોડીવારે દર્શકે પાસું બદલ્યું.

મેનાકી ચમકી. તેણે આંખો ચોળી ને તે બબડી: "આચાર્ય તમારી સલાહ મને કબુલ છે."

પ્રકરણ ૧૫ મું

શકટાલનો શિષ્ય

જમાડી, જમી, વાડામાં ખાટલો ઢાળી ગૌરી ઉંઘવા સુતી.

તેને રડું રડું થયાં કરતું હતું. સવાર સુધી આ ક્ષુદ્ર જીવન પણ સુખી હતું. પિતાની સેવા ને સેનાજિતની ભક્તિ બેથી તેનું હૃદય પ્રફુલ્લ રહેતું હતું. આખા દિવસની મહેનતમાં પણ તેને રસ પડતો. આજે તેની આંખો ઉઘડી, આજે જોએલી વસ્તુઓએ તેના અંતરમાં વિસંવાદ ઉભો કર્યો.

અત્યાર સુધી સેનાજિત તેનો પ્રભુ હતો. ભાવિ પતિના રુપાળા મુખનાં સ્મરણો તેને મુંગ્ધ કરતાં; તેના અલંકારોની ઝમક તેને આંજી નાખતી; તેનું હાસ્ય તેને વશ કરતું; તેની વાતચીતમાં તેને અદ્દભુત આકર્ષણ લાગતું. તેની સ્ત્રી બની તેના પાદ પુજવાની આકાંક્ષામાંજ તેને મોક્ષ દેખાતો હતો.

સ્પષ્ટ રીતે ન કહેવાય ને ન વિચારાય એવી રીતે આજે તે સેનાજિત એક મોજીલો અહંકારી સત્તાધીશ જણાયો. તેના ભભકભર્યા અલંકારોમાં ધનની ક્ષુદ્રતા, તેના હાસ્યમાં અનાકર્ષક આત્મસંતોષ, તેની વાતચીતમાં અરુચિકર સ્વાર્થ જણાયાં.


—અને તેના પિતા તેના લગ્નની વિરુદ્ધ હતા. નહીં તો તેનાં લગ્ન થયે તે પાટલીપુત્ર છોડી જવા તૈઆર થાય કેમ ? જે પિતાએ તેને લાડથી ઉછેરી હતી તે તેના લગ્નમાં સુખ જોતા ન હતા. શા માટે ?

અને આ વિષ્ણુ—! એનું શાંત મુખ, એનો તટસ્થ અવાજ, એની આકર્ષક સત્તા, એનાં અનેકાર્થી સૂત્રો, એની ભસ્માલંકૃત ભવ્યતા; આ બધામાં શો નવો જાદુ રહ્યો હતો ? તેના વિકરાલ પિતા પણ તેને માન આપતા. શેષ અને ક્ષપણક—દંતકથારૂપ પ્રતાપી માણસો પૂજ્યભાવ દર્શાવતા—અને તેનાં દર્શનથી આજે બધાની કીંમત પણ કેમ ફેરવાઇ ગઇ ?

આજે પહેલી વખત પોતે બ્રાહ્મણકન્યા છે તેનુ એને તીવ્ર ભાન થયું. તેના પિતાએ અનેક વાર તેને પોતાના પૂર્વજની કથા કહી હતી. ચક્રવર્તી શૈશુનાગ મહાનંદીના રાજ્યકાળમાં કાશીથી તે ચાલીને પાટલીપુત્ર આવ્યા. તે સર્વશાસ્ત્રવિશારદ હતા; તે રાજનીતિજ્ઞ હતા. તેમને મળેલો રાજ્યકાર્યભાર વિદ્વત્તાનું અંગ હતો. બાલ્હિકાચાર્યનું આચાર્યપદ મંત્રીપદથી સુવિખ્યાત ને પ્રતાપી હતું.

બાલ્હિકાચાર્યની પોતે કલ્પેલી મૂર્તિ અને વિષ્ણુગુપ્ત બે તેને એક જેવાં જણાયાં. વિદ્વત્તા તેજ ગૌરવ: સરળતા એજ ભવ્યતા: શાંતિ એજ સત્તા; વાણી એજ શક્તિ—આ ભાવના પ્રેરિત પૂર્વજની કન્યાના સંસ્કારની દૃષ્ટિએ વિષ્ણુગુપ્તની વિદ્વત્તામાંજ ગૌરવ દેખાયું. તેની તટસ્થતામાંજ ભવ્યતા જણાઇ, તેની શાંતિમાં જ પ્રતાપ જણાયો, તેના શબ્દોમાંજ શક્તિ દેખાઇ. તેના આત્માનાં ચક્ષુઓએ આત્મા નીહાળ્યો; અને તેના તેજમાં બધું અંધકારમય ને અનાકર્ષક લાગ્યું.

તે સુતી સુતી વિચાર કરતી હતી અને તેની વિચારમાલા તુટી. આગલા ખંડમાં વિષ્ણુગુપ્ત અને તેના પિતા વાત કરતા હતા. તેને એ વાત સાંભળવાની ઇચ્છા થઇ. તે આંખો ઉઘાડયા વિના કાન માંડી રહી.



ચિત્રકાર:] તે આંખો ઉઘાડ્યા વિના કાન માંડી રહી. [રા. ગોરક્ષકર

[પૃષ્ઠ ૫૨

વિષ્ણુગુપ્ત બોલતા હતાઃ "આચાર્યદેવ! મારી પ્રશંસા શા માટે કરો છો? હું તો તમારો શિશુ છું. હે ગુરો! આપણે તો બાલ્હિકાચાર્યે કરેલા પાપનું ફળ ચાખીએ છીએ."

ગૌરી ચમકી. આ લોકો પણ બાલ્હિકાચાર્યની વાત કરતા હતા. તેણે–તેના પૂજ્ય પિતામહે–શું પાપ કર્યું?

વિષ્ણુગુપ્તના શબ્દો અડધાપડધા સંભળાતા હતા.

"હું પહેલા કહેતો હતો કે ઉશનસનો સિદ્ધાંત ખોટો છે ત્યારે તમે હસતા હતા. આજે મારી વાત ખરી નથી લાગતી?... બાલ્હિકાચાર્યે મહાપદ્મની આકાંક્ષા પુરી પાડવા રાજનીતિ બદલી... તમે તેને ચાલુ રાખી... દંડનીતિનેજ એક વિદ્યા સ્થાપી. આચાર્ય દેવ! તમે –તપોધનને સૂત્ર ઉચાર્યુંઃ 'લોકની પ્રગતિના સાધકે ઉદ્યતદણ્ડ થવું!' દંડ... દંડ... તમારી દંડનીતિ વક્રનાસે અપૂર્વ કરી–આજે તમે નષ્ટ થયા... દેવ! દેવ! તમારો મિત્ર વક્રનાસ અને નંદ ઉદ્યતદંડ થઇ પૃથ્વી દમે છે..."

ગૌરી વિસ્મય પામી. તેના પિતા જેનાથી આખું ગામ ડરતુ હતું તેની સાથે આ તેનો શિષ્ય લઢતો હતો, અને તેના પિતા તે સાંખી રહેતા હતા. આ પરિવર્તન કેમ થયું?

વિચાર કરતાં તેને ઝોકું આવ્યું. તે પાછી જાગી ત્યારે વિષ્ણુગુપ્ત બોલતા હતા.

"વિદ્યા વિના વિપ્ર નહીં. દંડનીતિ એકજ વિદ્યા હોય તો વક્રનાસ બ્રાહ્મણ, સેનાજિત બ્રાહ્મણ, નંદ બ્રાહ્મણ..."

સેનાજિત બ્રાહ્મણ?— નંદના જેવો? ગૌરીની ઉંઘ ઉડી ગઇ. શબ્દપ્રવાહ આગળ વધ્યો.

"...આચાર્યદેવ! ખરી વિદ્યાનું સ્થાપન કર્યા વિના ઉદ્ધાર નથી."

"બેટા! કલિ તપે છે..."

"ખરી વિદ્યાઓના ઉદ્ધારથીજ કલિ ઝાંખો પડશે. ગુરુ દેવ!... વિદ્યા કાલનું કારણ છે... આન્વીક્ષકી,[1] ત્રણ વેદ ને વાર્તા[2]–એ ત્રણ વિદ્યા દંડનીતિમાં ભળશે. કલિ એની મેળે અસ્ત થશે..." વિષ્ણુગુપ્તનો અવાજ સમુદ્રના ગર્જનની માફક વધતો અને ઘટતો. શાંત અવાજ હૃદયને ભેદતો હતો... ગૌરીને પાછી ઉંઘ આવી ગઇ. તે પાછી જાગી ત્યારે તેના પિતા બોલતા હતા.

"તાત! મારામાં હવે કૈં શક્તિ રહી નથી. હું અહીંઆ રહી શું કરી શકવાનો છું?"

"આચાર્યદેવ! તમે ભલે તમારી જાતને અશક્ત માનો–બે જણ તેમ માનતા નથી. વક્રનાસ ને હું. સર્વ વિદ્યાના આશ્રય! વિદ્યાઓનો પુનરુદ્ધાર તમારે હાથે થશે. બાલ્હિકાચાર્યે જે સ્થાપ્યું તેનો વિનાશ તેના પુત્રેજ કરવો ઘટે છે."

"હું અપંગ છું."

"તમારી નીતિ ને શકિત હજી સર્વ શકિતમાન છે. પાંચસો ગૂઢ પુરુષ[3] તમારી સેવામાં રહેશે..."

...પછી વાત ઘણીજ ધીમી થઇ ગઇ. અને ગૌરીની ઉંઘ ઉડી ગઇ હતી છતાં તે કૈં સાંભળી શકી નહીં. તે પથારીમાં પડી પડી કાંપતી હતી આ બે જણ શું કરતા હતા!

થોડીવારે વિષ્ણુગુપ્તનો અવાજ સ્પષ્ટ રીતે સંભળાયો.

---

૧ સાંખ્ય, યોગ, અને લોકાયત (નાસ્તિકતા.) ૨ ખેતી, વ્યાપાર ને પશુપાલન. ૩ જાસુસ.

"આચાર્યની કન્યા સેનાજિતને વરે! શું વાત કરો છો?"

"બીજો રસ્તો નથી. ને ગારી પણ એજ ઇચ્છે છે." શકટાલે કહ્યું.

ગૌરીને થયું કે તેના પિતા આવું તે શું બોલતા હશે.

"ભરદ્વાજ, પરાશર, ને વિશાલાક્ષ જેવા મહર્ષિઓના સમોવડીઆની પુત્રી એક અ-સંસ્કારી સામાન્યને પરણે!"

"હું ના કહીશ તો નંદ મને મારી નાખીને એને પરણાવશે."

"ગૌરીને બીજાને પરણાવો."

ગૌરી ચમકી ઉઠી. આ વિષ્ણુગુપ્ત શું ઉથલપાથલ કરવા બેઠો છે?

"કોની મગદુર કે એને પરણે?" નિરાશાથી શકટાલે કહ્યું.

"પ્રમંડકને પરણાવશો?" ગૌરીને ગુસ્સો આવ્યો.

"ભદ્રાક્ષ ઋષિનો પુત્ર—"

શકટાલે ધીમેથી સવાલ પુછ્યો: "કુટિલ ઋષિનો પૌત્ર, ને ચણક ઋષિનો પુત્ર મારી પુત્રી નહીં સ્વીકારે?"

ગૌરી એકદમ પથારીમાં બેઠી થઇ. એની છાતી ધબકી ઉઠી. તેની ફાટેલી આંખ આગળ વિષ્ણુગુપ્તની મૂર્તિ ખડી થઇ. આચાર્ય વિષ્ણુ-ગુપ્તની પોતે પત્ની! તેના મોં પર લોહી તરી આવ્યું. ...ને સેનાજિત!

વિષ્ણુગુપ્તનો શાંત ને તટસ્થ અવાજ આવ્યો: "જ્યારે ધર્મને ચારે વિદ્યા પ્રેરશે, જ્યારે આર્યા-વર્ત્ત પર ધર્મ પ્રવર્તશે, ત્યારેજ હે આચાર્ય! કુટિલનો પૌત્ર આશ્રમ બદલશે."

ગૌરીને પોતાનું હૃદય ધબકતું અટકી જતું હોય એમ લાગ્યું.

"ત્યારે ગૌરીનું પાણિગ્રહણ કરશો!"

ગૌરીએ શ્વાસ રૂંધ્યો.

શાંત ને સ્વસ્થ અવાજ આવ્યો: "હા જો તે વખતે કાટિલ્યને સુયોગ્ય ગૌરી હશે તો."

ગૌરીનું મોં ગરમ ગરમ થઇ ગયું. તેનું હૈયું પાછું જોરથી ધબકી ઉઠયું. તેનું મગજ ગુંચવાડા-માં ભ્રમિત થવા લાગ્યું.

"બોલાવું?"

"હા."

"ગૌરી! ગૌરી!" શકટાલે બુમ પાડી.

ગૌરી ઉઠીને આવી. શરમની મારી તે નીચેથી ઉંચું જોઇ શકતી નહોતી. અત્યારે ધરતી માગ કેમ નહોતી આપતી? વિષ્ણુગુપ્તની સ્થિર આંખો અત્યારે જાણે તેની મજાક કરતી હોય એમ લાગતું હતું.

"ગૌરી!" શકટાલે કહ્યું; "પુત્રીઓમાં શ્રેષ્ઠ! તારી ઇચ્છા પુછું છું."

"શાની?" જેમ તેમ કરતાં ગૌરીએ કહ્યું.

"અત્યાર સુધી તારા લગ્નની વાત તારી ઇચ્છા પ્રમાણે નક્કી કરી હતી." આંગળીઓથી મુદ્રા કરી પ્રવચન કરતા હોય તેમ શકટાલે કહ્યું; "હે ગૌરી! આજે બીજી વાત ઉદ્ભવી છે."

"શી?" વધારે નીચું જોઇ ગૌરીએ પુછ્યું.

"તું સેનાજિતને પરણવા ઇચ્છે છે કે કુટિલ ઋષિના પૌત્ર અને શકટાલના શિષ્ય આચાર્ય વિષ્ણુગુપ્તને?"

"ગૌરી! આચાર્ય દેવ સ્પષ્ટ કહેતા નથી." ચાણક્યે શાંતિથી કહ્યું; "સેનાજિત કાલે પરણવા તૈયાર છે. એને પરણશે તો તને પ્રાસાદે વસાવશે, અલંકારે શણગારશે, ને રાજ્ય વૈભવથી રીઝવશે. મારી જોડે પરણવાની તિથિ હજુ વિધિએ નક્કી કરી નથી; કારણકે ધર્મથી પર કૈં નથી એવું પ્રતિપાદન થશે ત્યારે કૌટિલ્ય તારું પાણિગ્રહણ કરશે. અને હે શકટાલી! ત્યારે પણ જે ત્રિપુરારિએ પર્વતકન્યાને આપ્યું તેટલુંજ



ગૌરી એકદમ પથારીમાં બેઠી થઈ. તેની ફાટેલી આંખ
આગળ વિષ્ણુગુપ્તની મૂર્તિ ખડી થઈ.

[પૃષ્ઠ ૫૫

તને મળશે. શિક્ષાતલની શૈય્યા, ભિક્ષાપાત્ર, મૃગચર્મ ને વિભૂતિ."

ગૌરી બોલી નહીં. તે શું બોલે? આટલી ઝડપથી નિશ્ચય કેમ થાય? બીચારો આશાવાન, બ્રહ્મચર્યે સેનાજિત કેમ છોડાય—અને આ પ્રતાપી આકર્ષક શ્રોત્રિય કેમ જતો કરાય? ને સેનાજિતનો પ્રેમ? ને તેને પરણવાની ઉત્કંઠા? આટલી છોકરી આ બે મહારથીઓને શો જવાબ આપી શકે?

"ગૌરી!" શકટાલ બોલ્યા. અને તેના અવાજમાં અવર્ણનીય હેત હતું. "મેં તને વચનથી સેનાજિતને દીધી ત્યારે મેં સંકલ્પ કર્યો હતો કે જે પળે તે તને પરણે તે પળે કાં તો મારે પાટલિપુત્ર ત્યાગવું કે દેહ ત્યાગવો. બાહ્લિકના પુત્ર સર્વસત્તાધીશ શકટાલને ભૂતળ ત્યારે ભારે સારૂવાની જરુર રહે નહીં, કારણ કે મારી વિદ્યા, વૈભવ ને સત્તાના અવશેષમાં માત્ર તુંજ છે. તે પારકી થવાની. પણ આજે આ મારો શિષ્ય આવ્યો. મને—જીવતા મરેલાને—તેણે સજીવન કર્યો. પ્રેત સમાન જીવ્યા કરતાં, જીવન્ત સમાન મરવું સારું. બાહ્લિકાચાર્ય ને શકટાલની વિદ્યા ને શક્તિ મારા પુત્રથી વધારે આ શિષ્યમાં પ્રગટ્યાં છે. મારું સ્થાન એની પાસે છે." ડોસાના ગળામાં ખખરી આવી; "તારું સ્થાન કયાં?"

ગૌરીના ગળામાંથી અવાજ પણ ન નીકળી શક્યો. તેના મિતભાષી પિતાની જીભમાંથી આજ શબ્દજ્વાલાઓ નીકળતી હતી. "તારું સ્થાન કયાં? તારે જોઈએ તો સેનાજિતને વર—મને ના નથી. હું બંધ છું—વગર જોઈએ આશીર્વાદ આપીશ."

"પિતાજી! હું શું કહું?" ગૌરી એટલુંજ બોલી શકી. પલવાર તે મૃગચર્મની પથારી પર બેઠેલા યુવાન શંકર સમા વિષ્ણુગુપ્તને જોઈ રહી.

"વારેજ નક્કી કરવાનું છે. જો તું એ સેનાજિતને નહીં વરે તો જ્યાં હું ત્યાં તું—અને જ્યાં આ વિષ્ણુ ત્યાં હું. અને જો નંદનો હાથે ગલોથી પૃથ્વી પાછી ગળે તો—તો બૂઢર મહાવરાહની ગૃહલક્ષ્મી થઈશ—"

તટસ્થ રીતે, પદ્માસન વાળ્યું હોય એમ ટટ્ટાર વિષ્ણુગુપ્ત બેઠા હતા.

"તમારી શી ઇચ્છા છે?"

"તારી ઇચ્છા તેજ મારી ઇચ્છા."

"મને કે સમજાતું નથી. કાલ સુધી કે નહોતું ને આજે બધું કેમ બદલાઈ ગયું? શું કરું? કયાં જાઉં? કોને પૂછું?" ગૌરીએ ગુંચવાડામાં પુછયું; "પિતાજી! તમે રસ્તો નહીં બતાવો તો કોણ બતાવશે?" શકટાલે માથું હલાવ્યું. ગૌરીએ નીસાસો નાખ્યો. "આચાર્ય!" તે વિષ્ણુગુપ્ત તરફ ફરી; "તમે પણ કેમ કે કહેતા નથી?"

"હું શું કહું?" શાંતિથી વિષ્ણુગુપ્તે કહ્યું. "જો મદન પ્રેરતો હોય, જો રાજ્યલક્ષ્મીની લાલચ હોય, જો વિલાસ વૈભવનું આકર્ષણ હોય, જો દીધેલો કોલ ડંખતો હોય તો શાકટાલી! તું સેનાજિતને વર. એથી બીજું રુડું નથી."

ગૌરી અનિમિષ નેત્રે જોઈ રહી. ચાણક્યની આંખોમાં દિવ્ય તેજ આવ્યું. તેના શાંત અવાજમાં વેદવાક્યની ગર્જના સંભળાઈ.

"પણ જો મહર્ષિનાં પાદ સેવતી ઋષિપત્નીની સ્પર્ધા કરવાની ઉત્કંઠા હોય તો ગૌરી! બ્રહ્મચર્યાશ્રમે પહેલાં હતી તેવી તું મારી સહબ્રહ્મચારિણી થઈ રહે. ગ્રહસ્થાશ્રમે તું મારી સહધર્મચારિણી થશે. આચાર્ય દેવને મેં કે આપ્યું નથી. આ મારું વ્રત એજ મારી ગુરુદક્ષિણા!"

ગૌરીની આંખો ઠરી ગઈ. વિષ્ણુગુપ્તના શબ્દોની ભયંકર ગર્જના સંભળાયા કરી. તેનાં

અંધારી થતી આંખે પહેલાંનો બ્રહ્મચારી વિષ્ણુ પિનાકપાણિથી વધારે પ્રભાવશાળી દેખાયો. તેના પિતા—તેનો વિષ્ણુ અત્યારે એક હતા. પોતે તેમની કે દૂર દેખાતા સેનાજિતની? લગ્નના કોડ, વૈભવની આકાંક્ષા તેનું હૃદય ભેદી રહ્યાં. ધર્મનો વિજય, તપની સિદ્ધિ જીવલેણ ખેંચાણ કરી રહ્યાં. આંખે અંધારાં આવ્યાં; કાને કંઈ સંભળાયું નહીં. તેના ઘુંટણ વળ્યા—તે પડી. નિશ્ચેતનતાના તિમિરમાંથી શાંત અવાજ આવ્યો: "આચાર્ય દેવ ! જ્યાં ધર્મ ત્યાં જય."

પ્રકરણ ૧૬ મું

જેમાં નરેંદ્રદેવ ઉંઘમાંથી ઉઠે છે

નરેંદ્ર દેવને ઉંઘમાંથી ઉઠવાનો સમય થયો હતો.

થોડીક નાલિકા થયાં સૂર્યનાં કિરણો મોહનગૃહના રત્નજડિત સ્તંભોમાં હઝારો સૂર્યનાં પ્રતિબિંબ પાડી રહ્યાં હતાં.

આ પ્રતિબિંબિત રવિઓના ચમકારામાં રાક્ષસી યાવનીઓ, રીવાજ મુજબ, મોહનગૃહની આસપાસ હાથ જોડી ઉભી હતી.

મોહનગૃહના ઓટલા પર હાથમાં નાગી તલવાર લઇ આઠ ભયંકર દ્વારપાળો પથ્થરની મૂર્તિઓ સમા નિશ્ચલ બની ઉભા હતા.

અંદરના ખંડમાં ચાર ખુંધા વામનો દ્વારની રક્ષા કરતા હતા. તેમનાં રંગ ને રૂપ કોઇ ભયંકર સ્વપ્નામાં ઘડાયાં હોય એમ લાગતું હતું. મોટી કાળી આંખો ફાડી તે જોઇ રહ્યા હતા.

આ ખંડ મોટો હતો, તેનાં ભીંતો ને સ્તંભો રૂપે મઢયાં હતાં; અને તેમાં લાલ ને લીલમના આકારો કોતર્યા હતા. બે ચાંદીના સિંહો અંદરના બારણા આગળ ઉભા હતા.

બાજુ પર એક રૂપાનો કોતર કામે શોભતો બાજઠ હતો. તેના પર વક્રનાસ અને રાક્ષસ બેઠા હતા. રાક્ષસના મુખ પર અધીરાઇ હતી. અમાત્ય વક્રનાસનું હંમેશનું દ્વેષભર્યું, દુષ્ટતાદર્શક મુખ અત્યારે, તેવું ને તેવુંજ હતું—માત્ર વૃદ્ધાવસ્થાને લીધે હાલતું ત્યારે પોતાની વિશિષ્ટતા ચોમેર પ્રસારતું હોય એવું લાગતું હતું.

ત્યાંથી અંદર જતા સુવર્ણ ખંડમાં સેનાજિત એને રોજને સ્થાને હાજર ઉભો હતો. પાસે કંચુકી નરેંદ્રદેવને ઉઠવાની વાટ જોતો, અવાર નવાર અંદરના ખંડમાં નજર નાખ્યા કરતો હતો. બે કદરૂપી, વૃદ્ધ અને સ્નાયુઆળી યાવનીઓ ધનુષ્ય ગ્રહી અંદરના બારણાનું રક્ષણ કરતી હતી.

આ ખંડની ચાર સુવર્ણમય ભીંતો ચૈત્યના આકારમાં બાંધવામાં આવી હતી. લીલમ વડે તે આકારોને અલંકૃત કર્યા હતા. આ ખંડની વચ્ચે વરણી હતી તેમાંથી હવા અને અજવાળું આવતાં. વરણીની ઉપર ચાર યાવનીઓ ચોકી કરતી હતી.

એની અંદર શયનખંડ હતો. સુવાસભર્યાં ચંદન કાષ્ટની ભીંતો અને સ્તંભો પર સુવર્ણનાં કોતરકામ ચમકતાં. ચાર તરફ ચાર દેવની સુખડની મૂર્તિઓ ભીંતમાંજ જડવામાં આવી હતી. ચારે દિશાઓથી ભીંતમાં રાખેલા વાદાનીઆમાંથી પવન આવતો.

બારણા આગળ ઉમરાની ઓથમાં એક કુબ્જા ઉંઘતી હતી. તેને ઓળંગીને અંદર જનારને યાવનીઓ તરત વીંધી નાખતી, કારણ કે કોઇ પણ તેની રજા વિના શયનખંડમાં જઇ શકતું નહોતું.

આ સુરક્ષિત શયનખંડમાં આર્યાવર્તનો ચક્રવર્તી, ઇંદ્રના વૈભવની વિડંબના કરતો હિરણ્ય-

ઘુમ નંદ નરેંદ્ર એકલો ચંદનના ખાટલા પર સુતો હતો.

ખંડમાં જરા ઉજાશ થવા લાગ્યો. ખાટલા પર નરેંદ્રદેવ સળવળ્યા. કુબ્જા પથારીમાં બેઠી થઇ ગઇ.

નંદે આળસ મરડયું ને બુમ મારીઃ "કુબ્જા!"

"જય નરેંદ્ર!" કહી કુબ્જા દોડતી આવી. સાઠેક વર્ષની કદરુપી, સશક્ત, સ્ત્રીજગતના કલંકરૂપ આ રાક્ષસી શીવાય બીજા કોઇને નિશ્ચેતન અવસ્થામાં નંદ પોતાનો પ્રાણ ધીરી શકતા નહોતા.

બહાર ઉભેલી બે યાવનીઓ અંદર આવી હાથ જોડી ઉભી રહી.

નરેંદ્રદેવ આજે અકળાએલા ઉઠ્યા હતા.

"રાક્ષસ આવ્યો છે?

"હા" યાવનીએ કહ્યું.

"ને વક્રનાસ?"

"હા."

"બોલાવ" કહી નરેંદ્રદેવ છલંગ ભરી બહારના સુવર્ણ ખંડમાં ગયા.

સેનાજિત અને કંચુકીએ સાષ્ટાંગ દંડવત્ કર્યાં.

"સેનાજિત!" નરેંદ્રદેવ બોલ્યા "વક્રનાસ કયાં છે? રાક્ષસ કયાં છે?"

"બોલાવું" કહી સેનાજિત બહાર ગયો.

"કૃપાનાથ" કહી કંચુકીએ સુવર્ણના કલશ પર મુકેલું દાતણ ધર્યું.

તેના તરફ નજર નાખ્યા વિના નરેંદ્રે તે લીધું અને મોંમાં નાખ્યું. તેણે એક હાથે વાળ ઉંચા કર્યાં. અકળાયલા મુખમાં ચવાઇ રહેલું દાતણ, વીખરેલા વાળ, જરાક લાલ બનેલી આંખો આ બધાં નરેંદ્રને અત્યારે ગૌરવાન્વિત કરતાં ન હતાં...

વક્રનાસ ને રાક્ષસ આવ્યા. રાક્ષસે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. વક્રનાસનાં આઠ અંગ કાબુમાં ન હોવાથી તેને માત્ર નમસ્કારથીજ ચલાવી લેવાનો અધિકાર હતો. તે અધિકારનો તેણે ઉપયોગ કર્યો.

"કંચુકી! બહાર જા." દાતણ ચાવતાં નરેંદ્રે કહ્યું; "રાક્ષસ! કાલે જઇ આવ્યો? શું થયું?" કંચુકી અને સેનાજિત બહાર ચાલી ગયાં.

"દેવ! વિષ્ણુગુપ્તે આવવા ના પાડી."

"કેમ?" ભવાં ચઢાવી નરેંદ્રે પુછ્યું.

"એણે કહ્યું કે જે ઘરમાં વિદ્યાઓનો વાસ નહીં ત્યાં હું કેમ આવીને રહું?"

"એમ!" નરેંદ્રે કહ્યું; "પછી?"

"નહીં આવ્યા બીજું શું?"

"બ્રાહ્મણ ચીબાવલો છે" વક્રનાસે કહ્યું.

"ગુરુવર્ય! એમ નથી."

"કેમ?"

"એ વિદ્વાન છે, પ્રભાવશીલ છે, ને નિર્ભય છે."

"તું એના પર પ્રસન્ન થઇ ગયો હોય એમ લાગે છે" નરેંદ્રે કહ્યું.

"દેવ! હું તમારો દાસ ન હોત તો તેની પૂજા કરત." રાક્ષસે હીંમતથી કહ્યું; "આવા શ્રોત્રિયો રોજ જડતા નથી."

"પણ દાસ છે એટલે!" વક્રનાસે કડવું મોં કરી પુછ્યું.

"એટલે હું એને જડમૂલથી ઉખેડી નાખીશ; મને શું કહ્યું તે ખબર છે? મને કહે કે 'મંત્રીવર્ય! તમે અને હું સાથે સાથે ધર્મરાજ્યનો ભાર કયારે વહીશું?' મેં કહ્યું: 'આર્ય! આજે—તમારી ઇચ્છા હોય તો. નરેંદ્રદેવ તમને આજે મંત્રીપદ આપે.'"

"પછી?" નરેંદ્રે થુકતાં પુછ્યું.

"મંત્રીવર્ય! તેણે ભયંકર શાંતિથી કહ્યું; 'ધર્મરાજ્ય માટે ધર્મરાજ ઇંદ્ર અને ગુરુ બૃહસ્પતિ

બને જોઈએ."

"બને છે" દુષ્ટતાથી ભયંકર રીતે હસતાં વક્રનાસે કહ્યું.

"વક્રનાસ! હવે શું કરીશું?" નંદે મુંઝવાઈને પુછ્યું.

"એ છોકરો એમ નહીં વશ થાય. કાલે એને ત્યાં શેષ, ક્ષપણક, અગ્નિહોત્રી, ભાનુ અને થોડા ઘણા બીજા ગયા હતા. સેનાજિત ગયો હતો. રાતના સુકેતુ અને કોઈ સ્ત્રી પણ ગઈ હતી." વક્રનાસે પોતાની સર્વજ્ઞતા દર્શાવી.

"હં!" નરેંદ્રે કહ્યું; "પછી!" તેના અવાજમાં ચિંતા હતી.

"એજ રસ્તા છે." દીર્ઘદર્શી મંત્રીએ જવાબ વાળ્યો.

"શા?"

"કાં તો એ મરી જાય, કે કાં તો એ અહીંઆંથી ચાલી જાય" ઘણીજ શાંત રીતે વક્રનાસે કહ્યું.

નરેંદ્ર પ્રશંસામુગ્ધ બની જોઈ રહ્યા. "રાક્ષસ! એને મારી નંખાવ."

"ના." તિરસ્કારથી હસીને વક્રનાસે કહ્યું. "રાક્ષસનું એ કામ નહીં; અને ચણક ઋષિનો પુત્ર, શેષ અને આંભિનો મિત્ર, અને ક્ષપણકનો પૂજ્ય, તેને એમ કેમ મરાય?

"ત્યારે?" દાતણ જોરથી મચડતાં નંદે પુછ્યું.

"સેનાજિતની ગૌરી સીવાય શકટાલને ત્યાં બીજું કોણ રાંધે છે?" નિર્દોષતાથી વક્રનાસે પુછ્યું. નરેંદ્ર સમજ્યા ને હસ્યા.

"સેનાજિત માનશે?" તેણે પુછ્યું.

"કેમ નહીં? એનું જો ગૌરી માને તો" વક્રનાસે કહ્યું.

"સેનાજિત!"

"પ્રભો!" કહી સેનાજિત અંદર આવ્યો.

"કાલે તું શકટાલને ત્યાં ગયો હતો?"

"જેવી જી. મારા લગ્નની તિથિ નક્કી કરવા" જરાક અસ્વસ્થ બની સેનાજિતે કહ્યું.

"આ વિષ્ણુગુપ્તને મળ્યો?" નરેંદ્રે પુછ્યું.

"હા અન્નદાતા."

"કેવો લાગ્યો?"

"ભયંકર."

"એને દૂર કરવો જોઈએ. તું શું ધારે છે?" વક્રનાસે કહ્યું.

"મને પણ એમ લાગે છે." સેનાજિતે જવાબ આપ્યો. "પણ કેવી રીતે?"

"એ તારા હાથમાં–ગૌરીના હાથમાં છે." વક્રનાસે નિષ્કંપ અવાજે કહ્યું.

"મારા હાથમાં! ગૌરીના!" પલ વાર સેનાજિત વિચારમાં પડ્યો. પણ તરત સમજ્યો. સેનાજિત જરા ગુંચવાયો; "દેવ! ગૌરી મારું નહીં માને."

"કેમ?"

"આ માણસના આવ્યાથી કે કોણ જાણે કેમ પણ ગૌરી હતી તે નથી રહી" સેનાજિતે નીચું જોઈ જવાબ આપ્યો. "મને વિશ્વાસ નથી પડતો."

"તો જવા દે." નરેંદ્રે કહ્યું; "તો શું કરીએ?"

"હું વિચાર કરું" વક્રનાસે કહ્યું; "પણ સેનાજિત તારા લગ્નનું શું થયું?"

સેનાજિતે નીચું જોયું. "નરેંદ્રદેવની આજ્ઞા હોય તો કહું."

"હા. ખુશીથી."

"પ્રભો! શકટાલ કહે છે કે જો એને નૈમિષારણ્ય જવાની રજા આપો તો એ મને ગૌરીને પરણવાની રજા આપે."

"એમ" બાડી આંખે સેનાજિત તરફ જોતાં વક્રનાસે કહ્યું.

"કેમ! એને શું થયું છે?" નરેંદ્રે હસીને કહ્યું.

"એને પાટલિપુત્ર છોડવું છે."

"અંહ" વક્રનાસે કહ્યું; "વારુ! એ વાત પછી."

"સેનાજિત! તું મહાદેવીને તૈયાર કર. રાક્ષસ! તું કુમાર આંભિને એમની પાસે લઇ જા. તેને એની બ્હેનને મળવું છે. અમે આવી પહોંચીએ છીએ."

"જેવી આજ્ઞા" કહી સેનાજિત અને રાક્ષસે રજા લીધી. એ બને ગયા એટલે નરેંદ્ર શાન્ત આમાત્ય તરફ જોઇ રહ્યા. વક્રનાસના નિર્દય મોઢા પર બીહામણી રીતે હાસ્ય પ્રસરી રહ્યું.

"આ છોકરો જાડો છે." તેણે કહ્યું.

"કોણ?"

"હા. એને અહીંઆંથી કાઢવો જોઇએ."

"એ એક ખરી વાત, પણ કેવી રીતે?" નરેંદ્રે પુછ્યું.

"એક તો ચંદ્રગુપ્તની પીડા છેજ." વક્રનાસે રસથી ગણત્રી કરવા માંડી. "શેષ અહીંઆં છે. તેમાં આંભિ આવ્યો. શકટાલ નૈમિષારણ્ય જવા માગે છે. મહાદેવી તક્ષશિલા જવા માંગે છે. ક્ષપણક નવાં નવાં ભવિષ્ય ભાખે છે. ને તેમાં આ આફત પ્હોંચ્યો. આમાંથી કોઇને ભેગા મળવા દેવા ન જોઇએ." વિચાર કરતાં કરતાં તે બોલ્યા; "એકજ રસ્તો છે."

"શો?"

"આ બધાને વીખેરી દેવા. મહાદેવીને તક્ષશિલા મોકલી દો—એટલે આંભિ ને આ વિષ્ણુગુપ્ત ચાલી જશે."

"શું કહો છો?" ચકિત થઇ નરેંદ્ર દેવ બોલ્યા. અત્યાર સુધી તો કોઇ પણ પ્રકારે મહાદેવીને અહીંઆંજ રાખવી એવો નિશ્ચય હતો.

"હા. જો મહાદેવી રહેશે તો આંભિ રહેશે; અને તો આ વિષ્ણુગુપ્ત રહેશે. તે રહેશે તો એક મહીનામાં, ચંદ્રગુપ્તને પાટલિપુત્ર છોડવવાની જે પ્રેરણા કરી રહ્યો છે તે મહીનામાં શું કરશે? ને શેષ પણ એનો મળતીઓ છે. શેષની મા ને ચંદ્રગુપ્તની દાદી તે બે સગી બહેનો ભુલી ગયા?"

"ખરી વાત. એ તો હું વીસરીજ ગયો."

"અને શકટાલને જવાની રજા આપો; પણ મોરીને પરણવાની તિથિ લંબાવો. એટલે શકટાલ અહીંઆંનો અહીંઆં. મારી નજર આગળથી એ જાય એ મને જરા પસંદ નથી. આંધળો છે છતાં એ સચેતન આંખ તો બહુ ગુપ્તરીતે ઉભી કરે."

"એક દહાડો પુરો કરીએ."

"હમણાં નહીં. તેનો વખત આવશે ત્યારે એ વાત."

"ત્યારે મહાદેવીને જવાજ દઇએ. મને એના પર એવો કાળ ચઢે છે!" નરેંદ્રે દાંત પીસી પત્ની તરફનો ભાવ દાખવ્યો.

"હમણાં એને જવા દો. નહીં તો આ બ્રાહ્મણ બધા પાપગ્રહનું કેંદ્રસ્થાન થઇ પડશે."

"વરુ. ત્યારે મહાદેવીને ક્યારે મોકલી આપીએ?"

"આજે શું થયું—ત્રીજ. ચોથ—પાંચમ—છઠ. છઠે. આચાર્ય વિષ્ણુગુપ્તને સમાજ પુરો થતાં અર્ઘ્ય પણ આપીએ. તેમને પણ પાટલિપુત્રનો મોહ રહી ન જાય, ને ઇંદ્ર બૃહસ્પતિ યાદ રહે." કહી વક્રનાસે ભયંકર હાસ્યથી પોતાનો આત્મસંતોષ દાખવ્યો. "ચાલો દાતણ કરી રહ્યા હોય તો મહાદેવીનો ને તેના ભાઇનો હાસ્યવિનોદ સાંભળીએ. ફરી સાંભળવા નહીં મળે."

"હા." હસીને નરેંદ્રે કહ્યું. વક્રનાસના તોડથી તેને પણ આનંદ થયો, માત્ર વાંધો તેમાં એટલોજ હતો કે, મહાદેવી ચાલી જતી હતી. નંદને મહાદેવી ગમતી નહીં, પણ તેના અદ્ભુત સૌંદર્ય વિના તેને તૃપ્તિ થતી નહીં.

પ્રકરણ ૧૭ મું

મહાદેવી અને આંભિ

મેના જીદથી બોલી રહી હતી: "કલ્યાણી–સેનાજિત–કલ્યાણી–સેનાજિત."

પોતાના અંતઃપુરમાં મહાદેવી સુમોહા આશાભર્યાં નયને બારણા તરફ જોતી હતી. તેનું પૂર્ણ ચંદ્ર સમું વિલાસી મુખ અત્યારે લાલ દેખાતું હતું. તે પરણીને આવી ત્યારે આવો ઉત્સાહ તેના હૈયામાં રમતો હતો; આજે પીયર જવાની આશા તેવોજ ઉત્સાહ પ્રેરતી હતી.

તેને શરીરે સજેલા સોળ શણગારમાંથી નાનાં મોટાં રત્નો ચમકતાં હતાં. સ્રષ્ટાના ધનસંચયમાંથી આણેલા અણમોલા હીરા સમી તેની આંખો તે-થી વધારે ચમકતી.

એ અપૂર્વ હોઠો તલસતા હતા–ચુંબન માટે નહીં, પ્રણય માટે નહીં–ભાઇની ખબર પુછવા માટે.

સેનાજિત આવ્યો ને પ્રણામ કર્યા: "મહાદેવી! કુમાર આંભિ પધાર્યા."

બારણામાં સોનેરી બખ્તરમાં સજ્જ, મહાદેવીની જરાક ઉંચી, જરાક સખ્તાઇભરી પ્રતિમા ઉભી હતી.

"બંધુ!" મહાદેવીના તરસ્યા હોઠે અમૃત પીધું.

"ભગિની!" બારણામાંથી આંભિ અંદર આવ્યો. તેનો અવાજ હર્ષભર્યો હતો. પાછળ રાક્ષસ આવીને ઉભો.

"વીરા! તું કેટલો મોટો થઇ ગયો છે?" પંખીણીની માફક ઉડતી મહાદેવી આગળ આવી.

"ને તું સુમોહા! તું સ્ત્રી નથી રહી–સ્ત્રીના આકારમાં તેજઃપુંજ બની છે."

પોતાના શણગાર તરફ ગર્વમાં સુમોહા જોઇ રહી. પોતે રૂપવતી છે તેનો ગર્વ તેણે ઘણે દહાડે અનુભવ્યો. તેના ગાલ પર શરમ છવાઇ રહી.

"બંધુ! પિતાજી કેમ છે.?"

"ખુશીમાં. માતા પણ મજાહમાં છે. તું કેમ છે?"

"હું?" ચમકીને સુમોહાએ કહ્યું; "ખુશીમાં" તેણે નિશ્વાસ નાખીને કહ્યું. પલવારમાં હોંસ, ઉત્સાહ ને આનંદ જતાં રહ્યાં, તેની દુઃખીસ્થિતિનું તેને ભાન થયું. ભયગ્રસ્ત સસલાની માફક તે ચારે તરફ ફાટી આંખે જોઇ રહી.

"રાક્ષસ–સેનાજિત ને–અજાણ્યો" મેનાએ ચોકીદારનું કામ કર્યું.

સુમોહા નિસ્તેજ થઇ. તેના હોઠ ફીક્કા થયા. આંભિ સાવચેતીથી આ ફેરફાર જોઇ રહ્યો. "બીજી એક વાત ખબર છે? તારી બહેનપણી મરી ગઇ" તેણે ધીમેથી કહ્યું.

સુમોહા ચમકી. તેને કલ્યાણીએ સંકેત કહી રાખ્યો હતો તે યાદ આવ્યો. શું એ વૃદ્ધ દાસી તેની અને તેના ભાઇ વચ્ચે સંદેશા લઇ જઇ શકે એમ હતું?

તેણે શ્વાસ લઇ પુછ્યું. "કઇ?"

"કલ્યાણી." ભાઇ બહેનની આંખો મળી. રાક્ષસ ને સેનાજિત ન સમજે એવો અર્થ તે દૃષ્ટિમાં સમાયો હતો.

રાક્ષસ ને સેનાજિતને અકારણ લાગે એવી રીતે મહાદેવી હસવા લાગી. આંભિ પણ હસી હસીને તક્ષશિલાની વાતો કરવા લાગ્યો.

તે સામસામાં બેઠાં. રાક્ષસ અને સેનાજિત થોડે દૂર–સેવકોની માનભરી રીતથી અને ચોકીદારોની સાવધાનતાથી. પલવારમાં ભાઇ બહેનના



ચિત્રકાર :] પોતાના શ્રૃણગાર તરફ ગર્વમાં સ્રમોહા જોઇ રહી. (પૃષ્ઠ ૬૨) [રા ગોરક્ષકર

સ્મરણોના સમન્વયથી મગધના અંતઃપુરનું ભુલભી, વિશ્વાસહીણું વાતાવરણ અદૃષ્ટ થયું; અને ગિરિશૃંગોમાં સ્વાતંત્ર્યમાં વિહરતું તક્ષશિલાનું સંસ્કારમય વાતાવરણ પ્રસરી રહ્યું.

દીપતા સૂર્ય પર રાહુનું આક્રમણ થાય; ઉલ્લાસભર્યા બાલવૃંદ પર યમરાજનો પડછાયો પડે તેમ નરેંદ્રદેવ અને વક્રનાસનું હાસ્ય સંભળાયું. મહાદેવીનું હસવું ઠરી ગયું; આંભિની સ્નેહાળતા શુષ્ક બની.

કંચુકી આવ્યો. "મહાદેવી! નરેંદ્રદેવ અને અમાત્ય વક્રનાસ પધારે છે."

સુમોહા ઉભી થઇ. ત્રણે પુરુષો પણ ઉભા થઇ વસ્ત્ર ને શસ્ત્ર સજ્જ કરવામાં રોકાયા.

નરેંદ્રદેવની મોટી આંખોમાં હજી જરા ઉંઘ હતી. એના વાળ અવ્યવસ્થિત હતા. તેના હોઠની સ્થૂલતા અત્યારે વધારે દેખાતી.

વક્રનાસના મુખ પર રહેતા સ્વભાવજન્ય દ્વેષ પર પાનો ચઢયો હોય એવું લાગતું.

"કેમ કુમાર!" નરેંદ્રે કહ્યું; "બહેનને મળ્યા? અમારે ત્યાં કંઈ દુઃખ તો નથી પડયું?" તેણે તોછડાઇથી પુછ્યું.

આંભિએ નમસ્કાર કર્યા; "નરેંદ્રદેવ! તમારે ત્યાં કંઈ ખામી હોય?"

વક્રનાસ ડાબી આંખે આંભિને જોઇ રહ્યો. "સુબાહુરાજની કન્યાને શોભે એવું સુખ છે ને?"

આંભિ વક્રનાસ તરફ જોઇ પોતાનો તિરસ્કાર દાબ્યો દબાવી શકયો નહીં. મુંગે મોંઢે તે નરેન્દ્રદેવ તરફ ફર્યો, અને અમાત્યને જવાબ આપવાની તસ્દી લીધી નહીં.

"મગધનાથ!" આંભિએ કહ્યું; "સુમોહાને તમારે ત્યાં કંઈ ઓછું સુખ હોય? પણ અમારું બાંધુઓનું અધીરું હૃદય કંઈ એમ ધીરજ પકડે?"

મહાદેવી તો નીચું જોઇ મ્લાનવદને ઉભી હતી. આજે તેને નરેન્દ્રદેવ ને વક્રનાસના મુખ પરના ભાવ ભયભર્યા લાગતા હતા; અને પહેલ વાર ભાઇ જોડે કરેલી વાતચીત આ ભય ભરેલી દુનીઆને વધારે અકારી બનાવી મુકતી હતી. આ ભાઇ કાલે ચાલ્યો જવાનો અને વાદળ હતું તેવું ઘેરું થઇ રહેવાનું.

"બધું ખરું" નરેંદ્રદેવે કહ્યું; "પણ મહાદેવીને તમારે ત્યાંના જેવું તો નહીંજ મળે. કેમ ખરું કે નહીં?" તેણે સુમોહા તરફ ફરીને પુછ્યું.

સુમોહા બોલી નહીં. વક્રનાસ હસ્યો. "એ તો બધાને એમજ હોય. પણ આ આંભિરાજ! આપ આવ્યા તે મહાદેવીની ખબર લેવા કે એમને લઇ જવા?"

નરેંદ્ર તોછડાઇથી હસ્યા. હવેના શબ્દો પર જીવનનો આધાર રહ્યો છે એમ લાગવાથી સુમોહાએ આંખો મીચી. આંભિએ તીક્ષ્ણ નજરે વક્રનાસ અને નરેંદ્રદેવનો અર્થ પારખવા પ્રયત્ન કર્યો.

"નરેંદ્રદેવ!" તેણે વક્રનાસના સવાલનો જવાબ આપ્યો; "મહાદેવીને આવવું હોય તો લઇ જવા માટે; ન આવવું હોય તો ખબર લેવા માટે."

નંદ ખડખડ હસ્યો; "વક્રનાસ!" તેણે કહ્યું; "મેં નહોતું કહ્યું કે કુમાર સુબાહુરાજને પણ પહુતામાં ટપી જશે! બોલો મહાદેવી! હવે તમારે શું કરવું છે? કેમ નહીં વક્રનાસ! એમની જેવી ઇચ્છા."

સુમોહા નમ્રતાના અવતાર સરખી ઉભી હતી. તેની આંખોનાં ઝનુની તેજ તેના હૃદયમાં રહેલા રોષનાં જરાક દર્શન કરાવી રહ્યાં હતાં. "મારી શી ઇચ્છા? સ્વામીની આજ્ઞા એજ મારી ઇચ્છા."

નરેંદ્રે નફટાઇથી હસીને વક્રનાસ તરફ જોયું. "વક્રનાસ! મગધનાં ધન્ય ભાગ્ય છે, કે આવાં સુશીલ આર્યા તેનાં મહાદેવીપદે છે. અરું

કેની ? આંભિરાજ ! મહાદેવી જશે તો મારું તો હૃદય ચીરાઇ જશે. શું કરવું તે મને સુઝશે નહીં. નહીં વક્રનાસ? પણ ઘણા વર્ષથી મહાદેવી માબાપને મળ્યાં નથી એટલે ન છુટકે આપણે જવા દેવાં પડશે.” નંદની આંખમાં લાલસા ને ઉત્સુકતા બંને સ્પષ્ટ દેખાતાં. તેની ભુખી આંખ મહાદેવીનાં અંગો પર પડતાં વધારે ભુખી જણાતી હતી.

મહાદેવીએ આંખો પહોળી કરી નરેંદ્રદેવ તરફ જોયું. શું આ તેણે ખરું સાંભળ્યું ? શું તેને આ કારાગૃહમાંથી જવાની રજા મળશે ? શું મરતા પહેલાં તે માતપિતાને ફરી મળશે ? જેટલો તેને હર્ષ થયો તેટલીજ આ વાત ખરી ઠરશે કે કેમ તેની તેને શંકા થઇ. તેણે ક્ષોભથી હાથનાં કંકણો ફેરવવા માંડ્યાં.

આંભિ પણ શંકાશીલ હૃદયે સાંભળી રહ્યો. સેનાજિત ચકિત થએલો દેખાયો. રાક્ષસ આંખ ઝીણી કરી આ નવા પલટાનું રહસ્ય પારખવા મહેનત કરી રહ્યો.

“ નરેંદ્રદેવ !” વક્રનાસે તિરસ્કારથી હસીને કહ્યું. “ જેમ પત્નીને પતિની આજ્ઞા, તેમજ પુત્રીને માતપિતાની સેવા. મહાદેવીએ જવુંજ જોઇએ—જો સુબાહુરાજે બોલાવ્યાં હોય તો. ”

આંભિ પણ વિચારમાં પડયો. અશક્ય વાત આમ સરળતાથી શક્ય કેમ થઇ ગઇ ? તે કંઇક એવું બોલવા માંગતો હતો કે જેથી તે કશાથી બંધાય નહીં અને આ લોકોનો મુદ્દો સમજી શકે, અને વખત મળે આચાર્ય વિષ્ણુગુપ્તની સલાહ મંગાવી શકે. પણ મહાદેવીના મુખ પર થએલો ફેરફાર જોઇ તે મુંગો થઇ ગયો. રાત્રિના અંધકાર પર સંજીવિની ઉષાનો પ્રકાશ પ્રસરે તેમ તેના મ્લાન વદન પર હર્ષ ને ઉત્સાહ પ્રસર્યાં હતાં. તેની આંખોમાંથી તેજના ફુવારા ઉડયા. તેમાં ‘ તક્ષશિલા ! તક્ષશિલા ! ’ વંચાતું હતું.

“ દેવ ! ” તેણે કહ્યું; “મને આંભિ હમણાંજ કહેતો હતો મારાં માતાજી માંદાં છે અને મને મળવા માગે છે. મારો જવાનો વિચારજ છે.”

“ ત્યારે તમે નક્કીજ કર્યું છે.” નરેંદ્રે હસીને કહ્યું; “ ચાલ, વારુ ત્યારે અમારે બોલવાનું કૈં રહ્યુંજ નહીં. નહીં વક્રનાસ ? મહાદેવીને વહેલાં જવું પડશે—માતાજી માંદાં છે પછી કેમ થાય ? વક્રનાસ ! સારી તિથિ કયારે આવે છે ? ”

“ આજે ત્રીજ થઇ. છઠે પ્રયાણુગ્રહ ઘણાજ સારા છે.”

“ ઠીક, ત્યારે છઠે જાઓ ” નરેંદ્રે કહ્યું; “ પણ ભુલ્યો આંભિ ! અહીંઆં તમારે રહેવું હોય તો અમને વાંધો નથી.”

“ ના રે ! મારે પણ જેમ બને તેમ જલદી જવું છે. ”

“પણ આમ ઉતાવળ કરો તે શા કામની?” વક્રનાસે મજાકભર્યા અવાજે કહ્યું.

“ માતાજી માંદાં છેને ” સુમોહાએ કહ્યું.

“ ત્યારે છઠે સમાજ પુરો થાય ને તમે જજો ” વક્રનાસે કહ્યું.

“ સમાજ ! કયારે ? ”

“ તમારા ભાઇ આવ્યા છે ને. ” નરેંદ્રે કહ્યું.

“ કૈં ચાલે ? ” વક્રનાસે એક આંખ મીંચી કહ્યું; “ કૈં કૃપા કરી એ હો હો ! ને ત્યારે આચાર્ય વિષ્ણુગુપ્તને અર્ધ્ય પણ આપીશું.”

સુમોહા ને આંભિ આ નવી વાત સાંભળી ચકિત થઇ ગયાં.

બે ત્રણ નાલિકા સુધી આ પ્રમાણે વાતચીત ચાલી રહી. એટલામાં એક કંચુકી દોડતો આવ્યો.

“ કૃપાનાથ ! ” તે હાથ જોડી ઉભો રહ્યો. તે ક્ષુબ્ધ હતો અને શું બોલવું તે તેને સુઝતું નહોતું.

" શું છે ! " અધીરાઇથી નરેંદ્રે પુછ્યું. સેનાજિત ઉભો થઇ કંચુકી પાસે ગયો.

" તક્ષશિલાના બ્રાહ્મણે ઉગ્રસેન સ્થાનિકને મારી નાખ્યો ! બહાર ખબર આવી છે."

" શું ? " કહી નરેંદ્રદેવ ઉભા થઇ ગયા. બધાં પણ ઉભાં થઇ ગયાં. " કોણ ! "

વક્રનાસની આંખ અડધી મીંચાઇ ગઇ. કંચુકી ક્ષોભથી બોલી પણ શકયો નહીં.

" શું છે ? " વક્રનાસે આગળ આવી કહ્યું. આંભિ પણ પાસે આવ્યો.

" ગૌતમ ઓવારે તક્ષશિલાના આચાર્યે ઉગ્રસેન સ્થાનિકને વીંધી નાખ્યો. "

" બને નહીં ગાંડા " વક્રનાસે કહ્યું.

" તમારો આચાર્ય શું કરે છે ? " નરેંદ્રે આંભિ તરફ ફરીને કહ્યું.

" આચાર્ય વિષ્ણુગુપ્ત કદી અવિવેક કરે નહીં. કોઇએ એને છેડયા હશે. "

" પણ એ કૈં યોદ્ધો છે ? " વક્રનાસે કહ્યું.

" યુદ્ધ થશે ત્યારે બતાવશે. પણ હું જાઉં ને જોઉં શું થયું. " આંભિએ કહ્યું ને તે આગળ ખસ્યો.

" રાક્ષસ ! તું પણ જા. જો શું થયું. " નરેંદ્રદેવે કહ્યું.

" નરેંદ્રદેવ ! " આંભિએ ગુસ્સામાં કહ્યું. " જો આચાર્યને કૈં થશે તો—" પણ વાકય પુરું કર્યા પહેલાં અધીરાઇથી તે ચાલી ગયો. નરેંદ્ર તેના તરફ દ્વેષથી જોઇ રહ્યા.

" તો શું થઇ જવાનું હતું ? " રાક્ષસ તરફ અર્થસૂચક દૃષ્ટિ કરી વક્રનાસે કહ્યું.

" ગુરુવર્ય " દૃઢતાથી કહ્યું; " મારે હાથે બ્રહ્મહત્યા નહીં થાય. યુદ્ધમાં મળશે તો જુદી વાત."

" જા. જા. પછી વાત ! " નરેંદ્રે અધીરાઇથી ભવાં ચઢાવી આજ્ઞા કરી; અને રાક્ષસ ઝપાટાબંધ ચાલી ગયો.

પ્રકરણ ૧૮ મું

જેમાં રાક્ષસમંત્રી પણ વિસ્મય પામે છે

આંભિ ઉતાવળો રાજગૃહની બહાર પડયો અને સાથે રાક્ષસ પણ આવી લાગ્યો.

ઘોડેસ્વાર આંભિના સેનાનાયકો દોડતે ઘોડે તેની પાછળ થયા. રાક્ષસના અનુયાયીઓ પણ મંત્રીની પાછળ જવા લાગ્યા.

આંભિના નાયકો ઉંચા, સશક્ત, શ્વેતરંગી, આજના પઠાણોના પૂર્વજોને શોભે એવી કાઠીના હતા. તેમની મોટી આંખો અને કાળી દાઢીઓ પાટલીપુત્રના નગરજનો અજાયબીથી જોઇ રહ્યા.

રાક્ષસ અને આંભિ ઝપાટાબંધ ગૌતમ ઓવારે ગયા. આંભિનાં નસ્કોરાં અધીરાઇથી, ગુસ્સાથી ફાટી રહ્યાં હતાં. રાક્ષસ સ્વસ્થ હતો પણ તેની આંખમાં ચિંતા હતી.

ઓવારા પાસે આવતાં સમુદ્રની ગર્જના જેવો અવાજ તેમને સંભળાયો; અને ઓવારાને રસ્તે ઘોડાઓ વાળતાં સેંકડો માણસોની મેદની તેમની નજરે પડી.

અસંખ્ય સ્ત્રીપુરુષોના સાગરના તરંગો આગળ વધી આવતા હતા; અને તોફાની સાગરતરંગો પણ ભયંકર અવાજ કરી રહ્યા હતા. સૂર્યોદયે ગામલોક બધાં—સ્ત્રી પુરુષ ને છોકરાં ગંગામાં નહાતાં હતાં અને આ નવા આવ-

નારનો સમૂહ, ભીને લુગડે ચાલી આવતો હતો.

સૌથી આગળ સિદ્ધાચાર્ય ક્ષપણકના શિષ્યો 'જય જય જયંત'ની ઘોષણા કરી રહ્યા હતા. એક તરફનો સમૂહ 'આચાર્યદેવની જય' ઉચ્ચારતો હતો. બાકીનાં બધાં અનેક પ્રકારના અવાજો કરતા હતા.

એક તરફ દસેક ઘોડેસ્વાર સૈનિકો આ મનુષ્યોના સમૂહને ભેદવાને વ્યર્થ પ્રયત્ન કરી રહ્યા. પાટલીપુત્રની પ્રજા ન કલ્પી શકે એવી ધૃષ્ટતાથી કેટલાક આ રાજસૈનિકોના ઘોડાઓને આગળ વધતા અટકાવતા હતા.

સૈનિકો સીવાય બધા માણસો નદીથી નાહી પાછા આવતા દેખાતા હતા.

આ મનુષ્યપ્રવાહ ઝપાટાબંધ આગળ આવતો જોઇ આંભિ અને રાક્ષસ વધારે ઝપાટાબંધ આગળ વધ્યા; અને રાક્ષસે ક્ષપણકના શિષ્યોને થોભવાનો હુકમ કર્યો. જવાબમાં એકબીજાનાં શરીરો સાથે સાંકળી તેમણે દુર્જય કોટ કર્યો. "શું છે? શું છે?" રાક્ષસે મોટે અવાજે પુછ્યું. મગધની ભાષાથી બહુ પરિચિત નહીં એવો આંભિ ઉગ્રતાથી જોઇ રહ્યો.

એક ઉંચા, પડછંગ યુવકે બાવાઓના ખભા પરથી કુમાર આંભિને જોયા, અને મજબુત હાથવતી બાવાઓને ખસેડી તે આગળ આવ્યો અને પ્રણામ કરી આંભિ પાસે આવ્યો; "કુમાર આંભિનો જય!"

"કોણ કહુ?" આંભિએ તેને ઓળખી પુછ્યું: "આચાર્ય દેવ ક્યાં? શું થયું છે?"

કહુના મોટા મુખ પર એક વિશાળ હાસ્ય છવાઇ રહ્યું. "કૈં નહીં; એ તો મગધનું આતિથ્ય માણીએ છીએ." તે બાવાઓ તરફ ફર્યો: "ખસો! ખસો! કુમાર આંભિ આચાર્યદેવને મળવા આવ્યા છે. જગ્યા કરો!"

બાવાઓ બાજુ પર થયા અને તેમણે આપેલા માર્ગમાંથી પહેલાં આચાર્ય વિષ્ણુગુપ્ત અને તેની પાછળ પ્રમંડક-એમ બંને આગળ આવ્યા.

જેમ ઘણાખરા નાહી આવનારા નીચોવેલા લુગડે આવતા હતા, તેમ તે પણ આવતા હતા. આચાર્યના મુખ પર સ્મિત હતું; તેની શાંતિ અભંગ હતી. તેમની પ્રતિમા સમી તટસ્થતામાં ફેર પડયો ન હતો. તેને આવતા જોઇ આંભિ ઘોડા પરથી ઉતરી આગળ આવ્યો; આંભિનું જોઇ તેના નાયકો ઘોડા પરથી ઉતરી પ્રણામ કરી આગળ આવ્યા; રાક્ષસને અને તેનું જોઇ તેના અનુયાયીઓને પણ ઘોડા પરથી ઉતરી હાથ જોડી આગળ આવ્યા વિના ચાલ્યું નહીં. જે ઘોડેસ્વારો આ મેદની ભેદવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, તે રાક્ષસ મંત્રીને જોઇ તેના તરફ આવ્યા; અને તેને ઘોડા પરથી ઉતરતો જોઇ પોતે પણ ઉતર્યા. આ ઠઠ થંભીને ઉભી.

"કેમ કુમાર? અત્યારે તમે કયાંથી?" આચાર્યે પુછ્યું. "મંત્રીવર્ય!" રાક્ષસ તરફ ફરી તેણે કહ્યું: "તમે પણ કયાંથી?"

"અમને ખબર આવી" આંભિએ કહ્યું: "કે અહીંઆં કૈં રમખાણ થયું છે; એટલે અમે આવ્યા. શું છે?"

"કૈં નહીં" રાક્ષસ તરફ જોઇ આચાર્યે કહ્યું. "તમારો એક સ્થાનિક આ બીચારા બ્રાહ્મણના પ્રાણ લેતો હતો." કહી તેણે શૌનક તરફ હાથ કર્યો.

શૌનકનું દીલ લોહીલુહાણ હતું. તેની એક આંખ પર પાટો બાંધેલો હતો, અને બેભાન અવસ્થામાં તે બાવાઓના હાથમાં પડયો હતો.

રાક્ષસે પુછ્યું: "એનું નામ શું?" આચાર્યે કહ્યું: "નહીં ઓળખ્યો? એનું નામ શૌનક. તમે



શૌનકનું દીલ લોહીલુહાણ હતું. તેની એક આંખ પર પાટો બાંધેલો હતો. [પૃષ્ઠ ૬૭

મગધના બ્રાહ્મણબંધુઓને † ક્યાં ઓળખવા રહ્યા એમ છો? મંત્રીવર્ય! પુછો આ તમારા સ્થાનિકને."

જે સૈનિકો લોકો પર હુમલો કરતા હતા તેનો આગેવાન પાસે શરમીંદો બની ઉભો રહ્યો હતો. તેના માથાના મુગટનાં ઠેકાણાં નહોતાં. તેના દીલ પર કાદવ લાગ્યો હતો. તેના હાથ પર તેણે પાટો બાંધ્યો હતો; અને લોહીના છાંટા તેના દીલે અને તેના વસ્ત્ર પર દેખાતા હતા. તેની આંખો વિકરાળ હતી, અને તે વિષ્ણુગુપ્ત તરફ દ્વેષથી જોઇ રહ્યો હતો. એના મોઢા પરથી આવું કૈંક વંચાતું હતું: "આચાર્યદેવની જય!". બોલાવતા શૌનક જેવા ધૃષ્ટ અને ક્ષુદ્ર જંતુ પર ઘોડો ચલાવવામાં તેણે એવો શો મોટો ગુન્હો કર્યો કે જેથી આ બધું ધાંધલ થયું?

"ઉગ્રસેન!" રાક્ષસે કહ્યું; અને સખ્તાઇથી મંત્રી સ્થાનિક તરફ જોઇ રહ્યો.

"આણે" ઉગ્રસેને દાંત પીસી મંત્રીને જવાબ આપ્યો: "મને કર્પણથી વીંધી નાખ્યો. જુઓ આ કર્પણ" કહી તેણે એક નાનકડું તીર સામું ધર્યું. એ તીર માત્ર બે વેંત જેટલુંજ લાંબું હતું. આ શસ્ત્ર ધનુષ્ય વડે ફેંકાતું નહોતું, પણ અચુક અને અનુભવી મહારથીઓ તેને હાથ વડેજ સેંકડો વામ દૂર નાખી શકતા.

"તું શું કરતો હતો?" ઉગ્રસેન વીશે અવિશ્વાસ ઉપજવાથી રાક્ષસે કહ્યું.

"પાણીમાં ઉભો ઉભો આ બ્રાહ્મણ નહાતા માણસને કનડતો હતો ને હું કહેવા ગયો એટલે અપમાન કરવા બેઠો.' તે અટક્યો; "પછી આણે–મને ભગવાન અશ્વિનોના મંદિર પરથી કર્પણ માર્યું."

"ઉગ્રસેનજી" કદુએ તેનો ઘવાએલો હાથ પકડ્યો.

"ઓ બાપરે–" સ્થાનિકે વેદનાથી ચીસ પાડી.

"એમનું નામ 'આણે' નથી–આચાર્યદેવ છે" કદુએ મજાકમાં કહ્યું.

"કદુ!" સખ્તાઇથી આચાર્યે આંખ વડે આજ્ઞા કરી. કદુ સ્થાનિકનો હાથ છોડી મુંગો રહ્યો.

રાક્ષસે જોયું કે આ બધા વચ્ચે અત્યારે નરેંદ્રદેવની સત્તાની વિડંબના થતી હતી; અને આ સ્થાનિકે મુર્ખાઇ કરી હતી એટલુંજ નહીં પણ તે જુઠું બોલતો હતો. તેણે સખ્તાઇથી કહ્યું: "ગાંડો થઇ ગયો છે. અશ્વિનોના મંદિર પરથી મારેલું કર્પણ તને સો ધનુર* દૂર પાણી આગળ વાગ્યું. ને તે આચાર્યે! જુઠા જા અહીંઆંથી–"

"મંત્રીવર્ય" આચાર્યે કહ્યું. તેમની આંખમાં મજાક જેવું દેખાયું. "મેંજ કર્પણ માર્યું. એ સીવાય શૌનકને બચાવવાનો બીજો રસ્તો ન હોતો."

"પણ સો ધનુર!" રાક્ષસે આંખો ફાડી અજાયબીથી પુછ્યું. એનું હૈયું કંપી ઉઠ્યું. આ નાનો સરખો બ્રાહ્મણ-શરીરે સામાન્ય માત્ર વિદ્વતાથી વિખ્યાત–આમ શાંતિથી કર્પણ મારે! અને મગધનો સેનાપતિ માંડ માંડ પોણોસો ધનુર્–કર્પણ ફેંકે ને આ સો ધનુર્! આંભિ ને તક્ષશિલાના માણસો ખડખડ હસી પડ્યા. રાક્ષસ ચમક્યો.

"મંત્રી!" આંભિએ ખડખડ હસતાં રાક્ષસના ખભા પર હાથ મુક્યો. "ગભરાશો નહીં. જરુર પડે આચાર્યદેવ હોડસો ધનુરે વીંધી નાખશે." તક્ષશિલાના બધા માણસો

† આ સમયમાં મધ્યદેશના બ્રાહ્મણો મગધના બ્રાહ્મણોની અધમ દશાને લીધે તિરસ્કારથી તેમને બ્રાહ્મણબંધુઓ કહેતા.

* ધનુ=૧૦૮ આંગળ=૬ફુટ ૧૦૦ ધનુ એટલે ૬૭૫ ફુટ.

ફરી હસ્યા; સાથે ક્ષપણકના શિષ્યો અને આસપાસ ઉભેલા માણસો પણ હસવા લાગ્યા.

"મંત્રીવર્ય !" આચાર્યે તટસ્થતાથી કહ્યું: "આ બધી વાત પછી કરીશું. હમણાં આ શૌનકને ક્યાં લઇજ ઇએ ?"

રાક્ષસ હજુ સ્વસ્થ થયો ન હોતો. "શૈનક !"

"આ બ્રાહ્મણબંધુ" આચાર્યે કહ્યું; "આટલામાં કે જગ્યા નથી? અમે તો સિદ્ધાચાર્યને સ્થાનકે લઇ જતા હતા."

"ના" રાક્ષસે કહ્યું; "મારી સાથે ચાલો. અહીંઆં કુક્કુટારામમાં એક ભિક્ષુ ચિકિત્સક છે. ઉગ્રસેન ! જા ! અમાત્ય દેવને ખબર કહે હું આવું છું. મહારાજ !" તેણે આંભિને કહ્યું.

"ના ! હું પણ તમારી સાથેજ આવું છું. મારે અશ્વિનોનાં દર્શન કરવાં છે." આંભિએ જવાબ વાળ્યો.

"આચાર્યદેવ !" વિષ્ણુગુપ્તે શકટાલને કહ્યું; "આપ પ્રમંડક જોડે સીધાવો. હું શૈનકનું કૈં ઠેકાણું પડે ને આવું છું. ચાલો."

આંભિ, વિષ્ણુગુપ્ત, રાક્ષસ, શૈનકને જે બાવાઓએ ઉંચક્યો હતો તે અને આંભિના નાયકો ઉભા રહ્યા. પ્રમંડક શકટાલને દોરી લઇ જવા લાગ્યો. લોકો ત્યાં ઉભા રહ્યા. નરેંદ્ર-દેવનું અપમાન કરનાર–શકટાલ સાથે ઉઘાડે ચોકે ફરનાર–કુમારને રાક્ષસની સેવા સ્વીકારનાર અને દોઢસો ધનુર્ કર્પણ ફેંકનારને છોડી કોણ જાય ?

રાક્ષસે લોકો તરફ ફરી કહ્યું: "જાઓ. હવે ઘેર જાઓ, કૈં કામકાજ છે કે નહીં ?"

"મગધવાસીઓ !" આચાર્યે અવાજ મોટો કરી કહ્યું; "પધારો. તમારો સ્નેહ મને અહીંઆં આકર્ષશેજ. ફરી આવીશ."

રાક્ષસે જરાક વહેમાઇ આચાર્ય તરફ જોયું. શું આના શબ્દનો કૈં જુદો અર્થ હતો ?

લોકોએ રસ્તો કર્યો, અને રાક્ષસ આગળ થયો.

"કદ્રુ" આચાર્યે હસીને કહ્યું; "તું મારી સાથે ચાલ. તારી પાસે કર્પણો છે, તે વખત છેને જરુર પડે."

"સો ધનુર કર્પણ !" રાક્ષસથી બોલ્યા વિના નહીં રહેવાયું. આંભિ ખુબ હસ્યો.

"મંત્રીવર્ય" હસીને આચાર્યે કહ્યું. "સો ધનુર તો મારો કદ્રુ ફેંકે છે. એ વાત છોડો, નહીં તો તમારા નરેંદ્ર દેવની સેવા ભુલી જશો."

રાક્ષસ આ ન સમજાય એવા માણસની શાંત આંખો જોઈ રહ્યો.

પ્રકરણ ૧૯ મું

ભદંત ચંસ

આચાર્ય વિષ્ણુગુપ્ત, રાક્ષસ, આંભિ અને કદ્રુ અશ્વિનોના મંદિર તરફ ચાલ્યા. આંભિના અનુયાયીઓ બેભાન શૈનકને ઉંચકીને પાછળ આવ્યા. થોડેક દૂર પાછળ લોકોનાં ટોળાં શું થાય છે તે જોવાને માટે આતુર બની આવ્યાં.

રાક્ષસ જેવો મહામાત્ર પગે ચાલીને તક્ષશિલાના બ્રાહ્મણ સાથે જાય એ દશ્ય લોકોને જેવું અપરિચિત હતું તેવુંજ આકર્ષક હતું: કારણ કે નંદનો માનીતો મંત્રી અધમતાનો સ્વાદ ચાખે તેમાં બધાને રસ પડતો. તેમ

આંભિનું આકર્ષક સ્વરૂપ અને તેના અનુયાયીઓનાં ભવ્ય ને પડછંદ શરીર જોઇ લોકોને સ્વાભાવિક આકર્ષણ થયું. અને જે બ્રાહ્મણ નંદનું અપમાન કરી ઉગ્રસેન જેવા સ્થાનિકને ઘાયલ કરી પોતાની શક્તિથી પડકાર કરી રહ્યો હતો તેને વધારે જોવા પણ બધા લલચાયા.

રાક્ષસ મુંગે મોઢે રસ્તો બતાવવા આગળ ચાલી રહ્યો. અત્યારે ઝાઝું બોલવું એને ઠીક લાગ્યું નહીં. પોતાની સાથે સ્વસ્થ ડગલે ચાલી આવતા આચાર્ય તરફ તેનું હૃદય અજબ રીતે આકર્ષાતું. નંદના દરબારમાં ઉછર્યાં છતાં અને સત્તા ભોગવ્યા છતાં પણ તેના હૃદયમાં આવી શાંતિ, શક્તિ અને બુદ્ધિ માટે પૂજ્યભાવ પેદા થાય એટલું ઉમદાપણું રહ્યું હતું. પણ આ પૂજ્યભાવ તે બહાર દેખાવા દેતો નહીં. સતત સેવેલું મુત્સદ્દીપણું તેને સાવચેત રહેવા ચેતાવતું. આચાર્યનાં શાંત ને તટસ્થ નેત્રોમાં રહેલા પ્રતાપથી રખે તેના માલીકની સત્તા દાઝી જાય તેનો તેને ભય લાગ્યા કરતો હતો. અને જેમ તેમ કરતાં આ બ્રાહ્મણ પાછો તક્ષશિલા જાય તે ધન્ય પળ માટે તે પણ વકનાસની માફક વાટ જોતો હતો.

આંભિ વિષ્ણુગુપ્ત જોડે વાતો કરવાને કુદી રહ્યો હતો પણ રાક્ષસની હાજરીમાં શું કહેવું ને શું ન કહેવું એ સમજ ન પડવાથી વિષ્ણુગુપ્તમાંજ શ્રદ્ધા રાખી તે મુંગે મોઢે ચાલી ગયો. શાંત આચાર્ય સ્વસ્થતાથી રાક્ષસની સાથે આગળ વધ્યા.

અશ્વિનોનું મંદિર છોડી તેઓ પાટલિપુત્રના કોટની મસરીલે આગળ ને આગળ ગયા.

આખરે આંભિથી નહીં રહેવાયું. "અહીંઆં ગૌતમ ઋષિનો આશ્રમ છે શું ?"

રાક્ષસ હસ્યો. "આ ગૌતમ ઓવારો કહેવાય છે તેથી પુછો છો ?

"હા."

"અહીંઆં ગૌતમઋષિ થઇ ગયા નથી પણ આપણે જે ભિક્ષુ પાસે જઇએ છીએ તેમના પંથના મહાતપસ્વીનું નામ છે. એ વાત આપને એ ભિક્ષુ સરસ રીતે કહેશે."

"મંત્રીવર્ય !" આચાર્ય વિષ્ણુગુપ્તે રાક્ષસ સામે જોઇ પુછ્યું; "નંદરાજા પાખંડીઓને સેવે છે કે ?"

રાક્ષસ કડવા સવાલમાં રહેલો કટાક્ષ ગળી ગયો ને હસ્યો.

"યસની પાસે અવારનવાર આવે છે."

"યસ કોણ છે ?" આચાર્યે પુછ્યું.

"કામંદકનો પુત્ર યસ" રાક્ષસે જવાબ આપ્યો. "ભિક્ષુઓનો અગ્રણી છે. અને ભિક્ષુઓની વિદ્યામાં ને રોગ ચિકિત્સામાં અજોડ પ્રવીણ મનાય છે.[1] એ આ કુકુટારામમાં હાલ વાસો કરે છે." રાક્ષસે કહ્યું.

"કુકુટારામ શું છે ?"

"એ ભિક્ષુઓનું તપોવન છે. એમનો વૈસ[2] નારદ નરેંદ્ર મુંડના સમયમાં રહી ગયો ત્યારથી એ સ્થાન ઘણું પવિત્ર મનાય છે."

અશ્વિનોના મંદિરથી થોડે દૂર નદી તીરે એક નાનકડું તપોવન હતું. તેમાં આઠ નવ નાની નાની ઝુંપડીઓ દેખાતી. કેટલાંક વૃદ્ધ વૃક્ષો પોતાની વિશાલ છાયાથી આ સ્થળને રમણીય કરી રહ્યાં હતાં. પાટલીપુત્ર જેવા ઉદ્યોગી શહેરની પાસે આવું સુંદર ને શાંત સ્થળ મનોરમ લાગે તેની નવાઇ નહોતી.

પહેલી ઝુંપડી આગળ એક વૃદ્ધ પુરુષ બેઠો હતો. રાક્ષસે કહ્યું: "યસ અહીંઆંજ બેઠા છે." રાક્ષસ ઉતાવળે પગે તેના તરફ ગયો. આંભિ જિજ્ઞાસાથી આ વૃદ્ધ પુરુષ તરફ જોઇ રહ્યો. મોટી

---

૧ સ્થવિર વૃદ્ધભિક્ષુ. 	૨ વાર્તાના સમય પૂર્વે થએલો પાટલિપુત્રનો રાજા.

તેજસ્વી આંખો, સ્વચ્છ કેશવિહીન માથું, પહોળા, જાડા હોઠ અને પીળાં વસ્ત્રો:—આ બધામાં શોભતો કામંદકનો પુત્ર યસ 'नमो तस्स भगवतो अरहतो सम्मासम्बुद्धस्स'[1] બોલતો બોલતો ડોકું ધુણાવતો હતો. તે ભલમનસાઇનો અવતાર લાગતો. આંભિ ઉત્સુકતાથી અને આચાર્ય ઝીણવટથી આ વૃદ્ધ પુરુષને જોઇ રહ્યા.

રાક્ષસે તેને શૌનકની વાત કરી અને આંભિના અનુયાયીઓ શૌનકને તેની પાસે લઇ આવ્યા. યસે તરત–આવા વૃદ્ધ પુરુષમાં ન આશા રખાય તેવા ઉત્સાહથી—શૌનકને ઉપચાર કરવા માંડયા અને કુકુટ્ટારામની આ નાની ઝુંપડી આગળ પાછળ આવતા મનુષ્યોનું વર્તુલ થઇ રહ્યું. કેટલાકો અહીંઆં આવતાં–આવા ભિક્ષુઓના સ્થાનમાં આવતાં જરાક ખંચાયા; પણ રાક્ષસ, આચાર્ય ને આંભિની હાજરીથી હીંમત રાખી રહ્યા.

યસ કોઇ કોઇ વાર પોતાનો પાઠ બોલતો, કોઇ વાર તાનમાં આવતાં શૌનકને સંબોધતો, કોઇક વાર હસીને રાક્ષસ જોડે બે અક્ષર બોલતો.

"મંત્રી !" યસે પુછ્યું; "આ બધા કોણ છે ?"

"આ તક્ષશિલાના રાજકુમાર મહાદેવીના ભાઇ," રાક્ષસે ઓળખાણ આપી. "ને આ એમના–" રાક્ષસે અચકાતે કહ્યું; "–એમના આચાર્ય."

આંભિ અજબ થયો. આવી અજબ જેવી વાત સાંભળી આ વૃદ્ધ પુરુષે ઉંચું પણ ન જોયું ને બેદરકારીથી પોતાનો પાઠ અને ઉપચાર કરવા લાગ્યો. એટલામાં તેના જેવા બીજા બે ભિક્ષુઓ આવી લાગ્યા અને તેમણે શૌનકનો ઉપચાર કરવાનું કામ ઉપાડી લીધું.

"હે ભદંત યસ" રાક્ષસે કહ્યું, "આંભિ કુમારને આ ગૌતમ ઓવારાનું નામ કેમ પડયું તે સાંભળવું છે." યસની આંખોમાં રસ આવ્યો. તેણે આંભિ તરફ પહેલી વખત ધ્યાનથી જોયું, અને અજબ રીતે હસ્યો.

જરાક સખ્તાઇ ભરી રીતે, હંમેશ કરતાં વધારે તટસ્થતા દાખવતા આચાર્ય અડગ બની આ વૃદ્ધ પુરુષને તીક્ષ્ણતાથી જોઇ રહ્યા. આચાર્યની તીક્ષ્ણ નજરની પરવા કર્યા વિના પોતાના બોડા માથા ઉપર યસે હાથ ફેરવ્યો ને હસીને કહ્યું: "રાજન્ ! ગૌતમ ઓવારો પરમ ધામ છે. એ નિર્વાણનું દ્વાર છે. અહીંથી ભગવાન તથાગત ગંગા ઓળંગીને ગયા."

"ભગવાન તથાગત !" આંભિએ અજાયબ થઇ પુછ્યું.

"ગૌતમ–શાકયમુનિ. આ ભિક્ષુઓનો સંઘ સ્થાપનાર" ઢાહાપણથી કોઇ પણ પ્રકારનો રસ દેખાડ્યા વિના આચાર્યે માહીતી આપી.


"ભગવાને–સંબુદ્ધ એવા ભગવાન તથાગતે શિષ્યોમાં પ્રિય એવા આનંદને કહ્યું;" વૃદ્ધ યસે આચાર્ય તરફ જોયા વિના બોલવા માંડયું. એના અવાજમાં પૂજ્યભાવની આર્દ્રતા હતી. એની આંખમાં ભક્તિનો નીશો હતો. અનેક વખત કહેલી વાત તેને મન વિનય અને નિકાય-[2]ના સમગ્ર પાઠથી પણ વધારે પ્રિય હતી.

આંભિ જરાક હસ્યો. "ભદંત યસ !" તેણે કહ્યું: "તથાગત ! એ કોણ ?"

નિઃશ્વાસ મુકી યસે ઉંચી આંખો કરી અને બોલ્યો: "ભગવાન બુદ્ધ ! ભગવાન તથાગત ! ભગવાન વિજ્જાચરણ સમ્પન્નો લોકનાથો ! રાજન્ ! ચક્રવર્તીપદ સરળતાથી મળે છે પણ ભગવાન સુગત-ની કથા સહેલાઇથી સંભળાતી નથી." આર્દ્ર અવાજે યસે કહ્યું: "સાંભળો ! રાજગૃહથી નાલંદામાં આવતાં ભગવાન તથાગતે પ્રિય શિષ્ય

1 સમ્યગ સંબુદ્ધ ભગવાન અરહત (બુદ્ધ)ને નમસ્કાર. 2 જુના બૌદ્ધ ધર્મગ્રંથો.

આયસ્મા[1] આનંદને કહ્યું. "ચાલો પાટલિકગ્રામ જઈએ." શિષ્યોએ હા પાડી અને અહીંઆં ભગવાન આવ્યા. ભગવાને બીજે દિવસે સવારે ઉઠી અતિગૌરવાર્હ આનંદને કહ્યું: 'આનંદ! પાટલિકગ્રામમાં શહેર કોણ વસાવે છે?' આયસ્મા આનંદે જવાબ દીધો: 'પ્રભો! ભગવાન! મગધના મંત્રીવર્યો સુનીધ અને વસ્સકાર વજ્જીઓને રોકવા માટે પાટલિકગ્રામ આગળ શહેર વસાવે છે.' આ સાંભળી ભગવાને કહ્યું: હે આનંદ! દિવ્ય દૃષ્ટિથી હું જોઉં છું કે મનુષ્યોથી પણ શ્રેષ્ઠ એવા હજારો દેવો પાટલિકગ્રામમાં વાસો કરશી. હે આનંદ! જ્યાં સુધી સુંદર પ્રાસાદો છે, વ્યાપારીઓ વ્યાપાર કરે છે ત્યાં સુધી આ પાટલિકગ્રામ મહાનગર



પહેલી ઝુંપડી આગળ એક [illegible]
બુદ્ધ બેઠા હતા. –[પૃ૭૭]

---

1 જુઓ.

[illegible]

થશે અને દરેક પ્રકારની વસ્તુઓનો વિનિમય અહીંઆં થશે.' અને ભવિષ્ય ભાખતાં ભગવાન ધમ્મરાજાએ કહ્યું: ' હે આનંદ ! પાટલિકપુત્રને ત્રણ ભય છે: અગ્નિ, જલ અને આંતર કલહ ' આમ કહી પશ્ચિમ દ્વારેથી ભગવાન બહાર પડયા અને આ ઓવારેથી ગંગાને પેલે તીર ગયા."

યસની આંખો આકાશ પર ઠરી રહી હતી. તેમાંથી ભક્તિનાં તેજ ખરતાં હતાં. તેના અવાજમાં આર્દ્રતા હતી.

તે યસના શબ્દોમાંઊર્મિભર્યા હૃદયની સર્જકતા હતી. તેની આંખ આગળ એના ભગવાન એને દેખાતા હોય એમ લાગતું હતું. તે માત્ર વાત નહોતો કરતો, પણ કલ્પનાએ વારંવાર દેખેલા પ્રિય દૃશ્યનું શાબ્દિક સર્જન કરતો હતો.

યસની પૂજ્યભાવપૂર્ણ આંખો બધા તરફ ફરી, અને વિપલ વાર અપરિચિત બનેલી સૃષ્ટિને જોઇ રહી. એ ભિક્ષુઓ હઝાર વાર સાંભળેલી આ વાત રસથી સાંભળી રહ્યા. રાક્ષસ મુત્સદ્દીની ધીરજથી ધ્યાન આપી રહ્યો.

આર્યાભિના મુખ પર હાસ્ય હતું. એક નજીવી વાતને પણ આ ભલો ભોળો વૃદ્ધ કેટલી અગત્ય આપતો હતો ! આચાર્ય સખત તટસ્થતામાં, તિરસ્કાર દર્શાવી રહ્યા : " રાક્ષસ ! " આચાર્યે યસ તરફ જોયા વિના કહ્યું: " હવે આ લોકો પરવાર્યા હોય તો શૌનકને લઇ જઇએ."

" જેવી આજ્ઞા ! " રાક્ષસે કહ્યું અને અનુચરોને શૌનકને ઉપાડી લેવા કહ્યું.

યસ આચાર્ય તરફ ડોળા કાઢી જોઇ રહ્યો. ભિક્ષુઓમાં એ અગ્રગણ્ય હતો; એના શબ્દો એનો સંઘ પૂજ્યભાવથી સંઘરતો; ધનનંદ પોતે તેની પાસે કદી કદી આવતો; અને આર્યાભિ આ પરદેશી તેની તરફ સ્પષ્ટ રીતે તિરસ્કાર બતાવતો હતો. એનું આત્મગૌરવ ઘવાયું.

" તમે બ્રાહ્મણ કહાવો છો ? " તેણે જરાક અધીરાઇથી આચાર્યને કહ્યું; " તો સાંભળતા જાઓ–નિર્વાણમંત્ર " અને મોટે અવાજે તેણે પડકાર કર્યો.

" બ્રાહ્મણ માથી જન્મેલાને હું બ્રાહ્મણ કહેતો નથી. જો તે ધનાઢ્ય હશે તો લોકો તેને ' ભો !' કહી બોલાવશે. જે અકિંચન હોય, લેવાની ઇચ્છા વિનાનો હોય, તેનેજ હું બ્રાહ્મણ કહું છું. સર્વ સંયોજનોને છેદીને જે ત્રાસ પામતો નથી; જે આસક્તિથી પર ગયો છે, તેને હું બ્રાહ્મણ કહું છું. ચામડાના વરતને,[1] તથા જાળને[2] તથા મહોરીને[3] ક્રમ પ્રમાણે છેદીને જેણે ભોગળને[4] ફેંકી દીધી છે તેવા બુદ્ધને હું બ્રાહ્મણ કહું છું."

આચાર્યના મુખ પર હાસ્ય હતું; પણ તેની તેજસ્વી આંખોનાં શાંત ને એકાગ્ર તેજથી યસ છેલ્લી પંક્તિઓ બોલતાં અસ્વસ્થ થયો.

આસપાસ ઉભેલા લોકો પ્રિય થઇ પડેલા આચાર્યને આ પ્રમાણે સંબોધતા ભિક્ષુક તરફ જરાક ગુસ્સામાં જોઇ રહ્યા.

પલ વાર શાંતિ પ્રસરી.

" કામંદકના પુત્ર યસ !" તેના અવાજમાં તક્ષશિલાના વિશ્વવિખ્યાત વિદ્યાપીઠમાં શિષ્યસમૂહોને શાસ્ત્રજ્ઞાન દેતા પ્રતાપી આચાર્યની સત્તાશીલ શાંતિ હતી. " હું વિવાદ માટે અહીંઆં નથી આવ્યો; પણ ખબર ન હોય તો જાણી લે:

"સ્વધર્મમાં અવ્યભિચારી, આર્યોની મર્યાદામાં વ્યવસ્થિત, વર્ણાશ્રમમાં સ્થિત, ચારે વિદ્યામાં વિશારદ એવોજ બ્રાહ્મણ નાશ પામતો નથી.

"પુત્ર દારા છોડી, તેના પોષણની પરવા કર્યા વિના જે પરિવ્રાજક થાય છે, જે સ્ત્રીઓને પરિવ્રાજિકાઓ કરે છે, તે હે યસ ! દંડનો

૧. વેરને ૨. તૃષ્ણાને ૩. દૃષ્ટિને ૪. અવિદ્યાને

અધિકારી થાય છે:—એટલુંજ નહીં તેને ગામમાં આવવા દેનાર રાજા સ્વધર્મથી ચળે છે. ”

લોકો હસ્યા. આચાર્ય ફરીને આંખિ જોડે ચાલવા લાગ્યા. યસ ધ્રુજતો રહ્યો.

“ કામંદકના પુત્ર યસ ” રાક્ષસે મીઠાશથી વાત ફેરવી; “તમે વૈશાલી[1] ક્યારે જવાના છો ?”

પણ વાર યસ બોલી શક્યો નહીં. “ હું ભિક્ષુઓ સાથે પરમ દહાડે સવારે જવાનો છું. ” તેણે માથા પર હાથ ફેરવતાં જવાબ આપ્યો.

આચાર્ય જતા હતા તે યસ તરફ ફર્યા. તેની આંખોમાં જરાક હાસ્ય હતું. “ વિનય વિવાદ ક્યારે પુરો કરશો ? દશ વસ્તુનો[2] નિર્ણય થયો કે નહીં ? ”

“ ક્યાંથી થાય ? ” આ દશ વસ્તુ, યસની અકળામણનો પ્રથમ વિષય હતો. “ આજકાલ બધાએ ડાહ્યા થઇ બેઠા છે.”

“ તેમાં વૈશાલી જાઓ છો ? ”.

“ હા. શું કરું ? હું [illegible] તો [illegible] પણ તમે ક્યાંથી જાણશો ? ”

આચાર્ય હસ્યા. “ ગૌતમ [illegible] જવાના હશો ? ”

“ હાસ્તો. ”

“ ચાલો હવે ” કહી આચાર્ય [illegible] નીકળ્યા.

પ્રકરણ ૨૦ મું

ગૌરીનો ભાઇ-સ્થૂલભદ્ર

સવાર પડી તોએ ગૌરીની વ્યગ્રતાનો પાર રહ્યો નહીં. ઉગતા જીવનની તેની હોંશ નષ્ટ થઇ ગઇ. સેનાજિત માટે તેને પ્રેમ હતો અને છતાં તેના તરફ વિશ્વાસઘાત કરવાનું મન થતું. પિતા માટે તેને ગાઢ સ્નેહ હતો અને તેને દુઃખી કરવાની ઇચ્છા થતી. વિષ્ણુગુપ્ત માટે તેને પૂજ્ય ભાવ પેદા થયો હતો, અને તેનાથી નાસી છુટવા માગતી હતી. એકીસાથે તે સેનાજિતને પરણવા માગતી, પિતાને રીઝવવા માગતી, આચાર્યના મહાન કાર્યમાં મદદ કરવા માગતી —અને ત્રણેને સુખી કરવા માગતી. એના પ્રગાણમાં [illegible] વખતે પાર્વતીજી તો ફુલની પથારીમાં પડ્યાં હતાં.

શકટાલ પદભ્રષ્ટ થયા ત્યારે તે [illegible] બાલકી હતી; એટલે એ [illegible] તેના [illegible] ઘણી કડવાશ [illegible] રાજ્યમાંજ રહેલી [illegible] વાતાવરણ તેને મન [illegible] હતું [illegible] વિષ્ણુગુપ્તના [illegible] અનુભવ્યા. રાજનીતિમાં [illegible] તેના પિતાની [illegible] નંદ [illegible] દુષ્ટતાનું પરિણામ હતું. [illegible] શુદ્ધિમાં, વિદ્યામાં; [illegible] એવી [illegible] હતી. [illegible] કે મોટા સંકલ્પો [illegible] વિચારોના [illegible] તેમાં તે [illegible]

---

1. શહેરનું નામ.

2. આ સમયે બૌદ્ધ ભિક્ષુઓમાં બે તડ પડ્યાં હતાં; [illegible] અગ્રેસર 'દશ વસ્તુનિ' હતા. યસ એક પક્ષનો નેતા હતો. [illegible] —બુદ્ધનિર્વાણના સો વર્ષ પછી—વૈશાલીમાં ભિક્ષુઓની સંગીતિ (પરિષદ) [illegible] સંગીતિ પછી સ્થવિરવાદી અને મહાસંઘિક એવા બે પક્ષ પડ્યા.

ગઇ; અને છતાં એક વસ્તુ એના મગજમાં તર્યા જ કરી. જો આ બધામાં પોતે મદદ નહીં કરે તો ધર્મદ્રોહનું કલંક તેને માથે પડવાનુંજ.

શબ્દો તેના કાનમાં ગર્જના કરી રહ્યા: "ખરી વિદ્યાનું સ્થાપન કર્યા વિના ઉદ્ધાર નથી!..." ખરી વિદ્યા! આ વિદ્યામાં સેનાજિતનું કૈં સ્થાન ન હતું. 'કલિ એની મેળે અસ્ત થશે.' કોને લીધે? આચાર્યને લીધે? એવું શું કરવા માંડયું છે કે કે કલિ અસ્ત થશે? અને તેમાં તેનું સ્થાન કયું? તેના પિતાનું કયું? સેનાજિતનું કયું?... પણ તેનું સ્થાન કેવું હતું? 'મહર્ષિના પાદ સેવતી ઋષિપત્નીની સ્પર્ધા કરનારી' તે! અનસૂયા અરુંધતી–લોપામુદ્રાઃ અને પોતે તેમની પ્રતિસ્પર્ધી! તેનું હૈયું ઉછળી રહ્યું. તેના હૈયાના ધબકારા કેમ કર્યા શમ્યા નહીં.

પણ સેનાજિત!–વર્ષો થયાં તેના શબ્દ પર જીવનારો પ્રણયી! તેનું શું? "ઓ અશ્વિનો! હું શું કરું? કોને પુછું?"

કોને પુછું?–એ પ્રશ્ન તેને ઘણો અઘરો લાગ્યો. તેને કોઇ સહચરી ન હોતી, તેના પિતા સાથે કોઇ સંબંધ રાખી શકતું નહીં, તેને કોઇ સગું નહોતું. સગું? હા. તેના માડીજાયા ભાઇઓ હતા–પણ તે પ્રેતલોકના વાસી જેવા દુષ્પ્રાપ્ય હતા. મંત્રીપદ ખોવા છતાં રાજસેવામાં ઉત્સુક એવો એક ભાઇ શ્રીયક વક્રનાસને રીઝવી, શુદ્રાને પરણી દાક્ષેણ્યપથના અંતઃપાલનું પદ ભોગવતો હતો. તે પાટલિપુત્ર આવવાની હીંમત કરતો નહીં અને પિતા જોડે કશો વ્યવહાર રાખતો નહીં. જીવતા બાપનું તેણે કેટલાંએ વર્ષ થયાં સ્નાન કર્યું હતું.

સ્થૂલભદ્ર–મોટો ભાઇ પાટલિપુત્રમાં હતો. પણ આજે બારબાર વર્ષનાં વહાણાં વાયાં તેણે બાપ ને બ્હેનનું મોં જોયું નહોતું. તે કુલાંગાર હતો. તેણે ઇકોતેર પેઢીનું નામ બોળ્યું હતું. દુનીઆ બધી તેને સૃષ્ટિના એક કલંકરૂપ ગણતી હતી. તે શા કામનો?

પણ ગૌરીનું એકલવાયું હૃદય એના ભાઇ માટે તલસી રહ્યું. ગમે તેવો હોય પણ તેની માતા લક્ષ્મીવતીના કુખમાં પાકેલો સગો ભાઇ! એકની એક બ્હેનને કૈં રસ્તો નહીં દેખાડે?...

પણ એ ભાઇ મળે ક્યાં? લોકવાયકા એ ભાઇની કારકીર્દીને અનેક રંગે ને રૂપે વર્ણવતી. કોશા નામની ગણિકાને ત્યાં પડી રહેતો; તેની સાથે સ્વરચ્છંદે, આચાર ને વિચાર ત્યાગી, વિહરતો; ઘણીવાર તે પાનાગાર[1]માં સુરામત્ત બની કલહ કરતો. એને ક્યાં મળવું? કેવી રીતે મળવું?......

કોશાનું ભવન નદી પર જવાના માર્ગ પર હતું. ત્યાંથી આવતાં ગીત, વાદ્ય ને નર્તનનો ધ્વનિ તેણે ઘણીવાર સાંભળ્યો હતો. અંદર જઇ ભાઇનાં દર્શન કરવાની ઊર્મિ પણ કોઇક વાર ઉઠેલી. પણ ગણિકાના ઘરમાં કેમ જવાય?...

આજે તેને ભાઇને મળવાનું મન થઇ આવ્યું. તેણે શિષ્ટાચારનાં, સાવચેતીનાં, પિતાની પ્રતિષ્ઠાનાં અનેક સૂત્રો પોતાની જાતને કહી સંભળાવ્યાં. પણ ભાઇને મળી હૈયું ઠાલવવાની ઉત્કંઠા વધતી ગઇ. ગમે તેવો પણ માનો જણ્યો ભાઇ! તેનું નહીં સાંભળે? તેને કોઇ શીખામણ નહીં દે? તેને કૈં રસ્તો નહીં બતાવે?...

'ભાઇ! ભાઇ! ભાઇ! તને કેવી રીતે મળું?' તેનાં રોમે રોમ પોકારી રહ્યાં. બધા એને અન્યાય કરતા હતા. શા માટે એને કુલાંગાર ગણતા હતા? ગણિકાને ત્યાં રાજાઓ નહોતા જતા, મંત્રીઓ નહોતા જતા? અને કોશા?

(૧) દારૂની દુકાન.

ફરીએક હશે ? આખું ગામ એની વાતો કરતું. એણે એના ભાઈને લોભાવ્યો તેમાં એ શું કરે !......

જેમ તે વિચાર કરતી ગઈ તેમ સ્થૂલભદ્ર સીવાય બીજો આરો દેખાયો નહીં. ભાઈ—તેનો વહાલો ભાઈ—તેને આકર્ષી રહ્યો.

બપોર પછી, પિતા અને પરોણાઓને જમાડી તે પાણી ભરવા ગઈ. બપોરે રસ્તા પર બહુ લોકો નહોતા મળતા. તે કોશાના ઘર આગળ આવી—પણ પગ ચાલ્યા નહીં.

કોશા પાટલિપુત્રમાં સુવિખ્યાત વ્યક્તિ હતી. તેના બારણા આગળ એક હાથી ઝુલતો હતો, અને લોકો આવજા કરતા હતા. ત્યાં આગળ તેનાથી કેમ જવાય ? અને ગણિકાને ત્યાં પોતે જાય—પોતે—ગૌરી—શકટાલની આત્મજા—મહર્ષિઓના પાદ સેવતી, ઋષિપત્નીઓની સ્પર્ધા કરનારી તે ? તે ઝપાટાબંધ ત્યાંથી ચાલી ગઈ.

કોશાના ઘરથી જેમ તે દૂર જતી ગઈ તેમ ત્યાં જવાનું તેને મન થયું. તે પાણી ભરી પાછી આવી. એ ઘર ફરીથી દેખાતાં તે કંપી ઉઠી. ત્યાં તે મન કાબુમાં રાખી શકી નહીં.

બપોરના તડકાને લીધે રસ્તો નિર્જન હતો. તેની સાથે કોઈ ન હતું. શા માટે ભાઈને પલ વાર ન મળી આવવું ? ભાઈ ! તેનો ભાઈ !

તે ઘર આગળ આવી ઉભી રહી, થોડી આગળ ગઈ, થોડી પાછળ આવી. ઘર આગળ અત્યારે કોઈ નહોતું. બારણાં ઉઘાડાં હતાં. અંદરથી મૃદંગનો અવાજ આવતો હતો. કોશા ગણિકાને ત્યાં તે જાય ? શા માટે ? ભાઈ બહાર આવશે, પછી અંદર જવાની શી જરુર ?

બારણા પાસે જવાની તેની હીંમત ચાલી નહીં. તે પાસે એક ગલીમાં ગઈ. ત્યાં પાછળું બારણું હોય તો ત્યાં તપાસ કરવાનો નિશ્ચય કર્યો. ત્યાં એક ઓટલા પર એક વૃદ્ધા વાસણ માંજતી હતી.

ગૌરી ઉભી રહી, પાછી ચાલી, પાછી ઉભી રહી.

વૃદ્ધાએ પુછ્યું: "કોનું કામ છે બહેન ?"

"સ્થૂલભદ્ર !"

"સ્થૂલભદ્ર ?" હસીને વૃદ્ધાએ પુછ્યું. "તું કોણ છે ?"

મહામહેનતે ગૌરીએ જવાબ દીધો. "હું એની બહેન થાઉં છું."

"શકટાલની છોકરી ?" અજાયબ થઈ વૃદ્ધાએ કહ્યું. "શું કામ છે ?"

"મારે ભાઈને મળવું છે" કાંપતા સ્વરે ગૌરીએ કહ્યું.

"કોણ છે એ ?" અંદરથી કોઈનો અવાજ આવ્યો. ગૌરીના ગભરાટનો પાર રહ્યો નહીં.

"એ તો શકટાલ મંત્રીની પુત્રી આવી છે" વૃદ્ધાએ કહ્યું. એક બીજી સ્ત્રી આવી. તે જુવાન, ને રૂપવતી હતી. તેણે આવી ગૌરીને અંદર આવવા નિમંત્રણ કર્યું. "સ્થૂલભદ્રને મળવું છે ? જરુર. આવો, હું લઈ જાઉં" અંદર જવું ન જવું એ પ્રશ્નનું નિરાકરણ થાય તે પહેલાં પગે નિશ્ચય કર્યો. ગૌરી બહાર ગાગર મુકી ઘરમાં ગઈ અને પેલી સ્ત્રી તેને ઉપર લઈ ગઈ.

ગૌરીમાં ઘરની સમૃદ્ધિ જોવા જેટલી પણ સ્વસ્થતા નહોતી. જ્યારે ભાન આવ્યું ત્યારે એક સુંદર ખંડમાં એક ઉભી, છટાભરી સ્ત્રીની સમક્ષ પોતે ઉભી હતી એવો ખ્યાલ તેને આવ્યો.

આ સ્ત્રીની આંખોમાં ઉંઘ ને મદ હતાં. તેના વાળ વીખરાઈ ગએલા હતા, અને પારિજાતકનાં કરમાએલાં ફુલો કેટલેક ઠેકાણે હજી લટકતાં. લાગેલી પુષ્પમાલાઓ પગ આગળ પડી હતી. એક પેટી પર ઉતારેલાં ઘરેણાં પડ્યાં હતાં. ગૌરીના ગભરાટનો પાર રહ્યો નહીં.

"દેવી ! શકટાલની પુત્રી આવી છે."

"કોણ ગૌરી ?" પેલી સ્ત્રી અજાયબ બની આગળ આવી. તેની અજાયબી પળ વાર રહી. તેણે ગૌરીને જોઇ, હસી ને આવકાર દીધોઃ "આવ બહેન, બેસ !"

ગૌરીને લાગ્યું કે આ સ્ત્રી કોશા સીવાય બીજી હોઇ શકે નહીં.

કોશા પ્રતાપી મગધમાં પણ પ્રતાપ પાડનારી વ્યક્તિ હતી.

આઠ વર્ષની હતી ત્યારથી તેણે ધનનંદના અગ્રેસર નંદ આગળ ગાવું ને નાચવું શરું કર્યાં હતાં. કેટલાંક વર્ષો સુધી છત્ર, સોનાનો કુંભ અને પંખો લઇ નંદની પાલખી, સિંહાસન અને રથ શોભાવ્યાં હતાં. મોટી થતાં તે નંદની રાજગણિકા થઇ. ધનનંદ ગાદીએ આવતાં તે રાજસેવાથી વિમુક્ત થઇ હતી; અને છતાં નરેંદ્રથી માંડીને ગામના અધિકારીઓ અને શ્રેષ્ઠીઓ તેની સાથે પરિચય રાખવામાં મોટાઇ સમજતા હતા.

હીંમત આવતાં ગૌરી આ રૂપાજીવી સ્ત્રી તરફ જોઇ રહી, તેનાં આકર્ષણનો પાર નહોતો. તેની લાંબી ને સુરેખ આંખો, ભરેલા ગાલ, ઉંચી ડોક, લાંબા ને ગોળ હાથ અને છટાદાર, ઉંચું શરીર—આ બધાં વિલાસોત્સુક સ્વભાવનું સ્પષ્ટ સૂચન કરતાં. પણ તેના મુખ પર ભલાઇ હતી. તેની આંખોમાં સ્નેહ હતો, તેની રીતભાતમાં સંસ્કારિતા હતી.

તેણે ગૌરીની વાત હેતથી સાંભળી અને મૃદુ ને મીઠા અવાજે કહ્યું: "તારા ભાઇને મળવું છે ? હા. પણ હજુ ઉઠયા નહીં હોય."

"ઉઠયા !"

"હા." હસીને કોશાએ કહ્યું; "અમારે ત્યાં ઉઠવાનું જરા મોડું છે. હું હમણાંજ ઉઠી."

મધ્યાન્હ પછી ઉઠનાર આ સ્ત્રીને જોઇ ગૌરીને કમકમાટ આવ્યો.

"ચાલ મારી જોડે, એને ઉઠાડીએ" કહીને ગૌરીને સાથે લઇ ગઇ. આટલે આવ્યા પછી પાછાં કેમ જવાય તેનો વિચાર કરતાં પહેલાં તો કોશા એને નીચે થઇ પાસેના મકાનમાં લઇ ગઇ.

પાસેના મકાનનું બારણું પાનાગારમાં—દારુની દુકાનમાં—પડતું હતું. પ્રતિષ્ઠિત માણસો સીવાય બીજાને સુરા પાનાગારની બહાર મળતી નહીં; એટલે કોશાના ઘરમાંથી દુકાનમાં આવવાનો આમ છાનો રસ્તો રાખવામાં આવ્યો હતો. આ દુકાનના એક ખંડમાં તેઓ આવ્યાં. સમૃદ્ધિશીલોના સ્વચ્છંદથી અપરિચિત ગૌરીને પોતે ક્યાં આવી છે તેનું ભાન નહોતું.

એક અંધારા ખંડમાં, બે પથારીઓ અને ત્રણેક આસનો પડ્યાં હતાં. ચારે તરફ ગંધ ને પુષ્પની સુવાસ ઉડી રહી હતી. ભોંય પર અનેક પ્રકારની સુરાનાં ખાલી પાત્રો પડ્યાં હતાં. જે બારણે તેઓ આવ્યાં તે શીવાય બધાં બારી અને બારણાં બંધ હતાં. ગૌરી બારણામાં દાખલ થતાં અચકાઇ એટલે પહેલાં કોશાએ જઇ એક બારી ઉઘાડી.

એક પથારી પર, ગમે ત્યારે પણ ગૌરીના સહોદર તરીકે ઓળખાય એવો, એક પુરુષ ઘસઘસાટ ઉંઘતો હતો. તે પુરુષોમાં અસાધારણ ગણાય એવા સ્વરૂપનો હતો. તેના સુવાસભર્યાં લાંબા વાળ પથારી પરથી લટકતા હતા. તેની બંધ આંખોની આસપાસ ઉજાગરા અને સ્વચ્છંદે કાળાં ચાઠાં પાડયાં હતાં, છતાં તે આકર્ષક હતી. તેના હોઠ પર વિષયલાલસા સ્પષ્ટ દેખાતી. તોફાનમાં ચારે તરફ વેરેલાં પુષ્પોથી તે રણમાં વિજય પામી નિદ્રા લેતા યોદ્ધા જેવો દેખાતો હતો.



[ચિત્રકાર :] "છોકરી ! શા માટે અહીંઆં આવી ! તારું અહીંઆં શું કામ છે !" –પૃષ્ઠ ૮૦ [શા. ગોરક્ષકર

પોતાના આ ભાઈને ઓળખ્યો હતો છતાં આવા વિષયી પુરુષ પાસે જતાં ગૌરી ખંચાઈ. કોશા ઉત્સાહભર્યા સ્નેહથી પથારી પાસે ગઈ અને સ્થૂલભદ્રના કપાલ પર હાથ ફેરવ્યો.

"ભદ્રદેવ ! ઉઠો !" કોશાએ કહ્યું. આ ગણિકા ગમે તેવી હોય તોપણ તેના ભાઈને ચાહતી હતી એ વાત તો ગૌરીને નિઃસંશય લાગી.

ઉંઘમાં સ્થૂલભદ્રે પાસું બદલ્યું અને હંમેશની ટેવથી પોતાના હાથ વડે કોશાના હાથને આંટી નાખી. ગૌરીએ શરમના માર્યા આડું જોયું.

"દેવ ! ઉઠો. ગૌરી આવી છે. ઉઠો, ગૌરી–તમારી બહેન !" કોશાએ કહ્યું અને સ્થૂલભદ્રને ઢંઢોળ્યો.

"ઉંહ" કરી અધીરાઈથી તેણે કોશાનો હાથ દૂર કર્યો.

"ઉઠો દેવ ! ગૌરી મળવા આવી છે."

એકદમ સ્થૂલભદ્ર કચવાઈને ઉઠ્યા અને ગુસ્સામાં કોશાને દૂર ધકેલી. તેની આંખો ઉજાગરે લાલચોળ હતી, અને બારીમાંથી આવતા અજવાળાને લીધે ઉઘાડદે થતી. તેના કપાળ પર બગડેલી ઉંઘ અને સુરા બેના મિશ્રણથી નીપજતો ગુસ્સો હતો. દાંત પીસી તે બોલ્યોઃ "શું છે ? ઉંઘવા પણ નથી દેતી !"

કોશાએ હેતથી તેને વાંસે હાથ મુકયો. નિર્દયતાથી સ્થૂલભદ્રે તેને ખસેડી નાખ્યો. "જતી રહે. કેમ આવી છે ? જંપવા તો દે." તે ગર્જ્યો અને કોશાને ધક્કો મારી દૂર ખસેડી.

નીચું જોઈ ઉભી રહેલી ગૌરી પણ તેની નજરે પડી. પહેલાં તો તેને સ્વપ્ન જેવું લાગ્યું. તે ડોળા ફાડી જોઈ રહ્યો, પછી પોતાના વાળ પકડી ખેંચ્યા, પછી આંખ પર હાથ ફેરવ્યો.

"ગૌરા ! ગૌરી !" ખોખરા અવાજે સ્થૂલભદ્રે કહ્યું. "તું ક્યાંથી ? પિતા ઘમસાહન ગયા ?" તેણે એકીટશે જોઈ રહેતાં કહ્યું. તે પોતાની સ્મરણશક્તિ સતેજ કરવાનો પ્રયત્ન કરતો હતો.

"ના. એ તો માત્ર મળવા આવી છે" કોશાએ કહ્યું. સ્થૂલભદ્ર કચવાઈ ગયો. "અરે પણ તું છાની રહેની" કોશા જરાક હસીને મુંગી રહી. હમણાં હમણાં સ્થૂલભદ્ર ચીઢીઓ થઈ ગયો હતો.

ગૌરીને નાસી જવાનું મન થયું. આ માણસને શું કહેવું, ને શું પુછવું ? એને જીવન એક નિરંતર મચી રહેલો વાસનાનો ઉત્સાહ હતો. સેનાજિત, વિષ્ણુગુપ્ત, રાજ્યનીતિ, ઋષિપત્નીઓની સ્પર્ધા એ બધાંની આને શી પરવા ? એ બધાંને સમજવાની આને ક્યાંથી બુદ્ધિ ? અને એની સલાહ શા કામની ?

"તને અહીં કોણ લાવ્યું ?"

"કોશા" ગૌરીએ ગુંગળાતે, રડતે રાગે કહ્યું.

"કોશા !" તેના તરફ ફરી સ્થૂલભદ્રે કહ્યું; "તને આ કર્યા વિના નહીં ચાલ્યું !" તે કોશા તરફ કંટાળાથી, અકળામણથી જોઈ રહ્યો. કોશા સ્નેહભરી સહિષ્ણુતા દર્શાવી રહી. "છોકરી ! શા માટે અહીંઆં આવી ? તારું અહીંઆં–અહીંઆં—" તેણે તિરસ્કારથી ચારે તરફ પડેલી સામગ્રી બતાવી, "શું કામ છે ?"

ગૌરીનું હૈયું ભરાઈ આવ્યું. તેની આંખમાંથી આંસુ ખરવા માંડ્યાં. ડુસકાં ખાતાં તેણે કહ્યું: "ભાઈ ! મેં ભુલ કરી. હું જાઉં છું."

"જા. મને કોઈનું મોઢું નથી ગમતું."

ગૌરીથી ધાંટો પાડી રડાઈ ગયું. તે રુદન સાંભળી સ્થૂલભદ્ર એકદમ ઉભો થયો ને તેની પાસે ગયો.

[illegible] ગૌરી ! ગૌરી ! કહેતી રહે. " [illegible] તિરસ્કારથી બોલ્યો. " મારું મોઢું મારે જોવા [illegible] નથી. જા."

રડતી રડતી ગૌરી [illegible] ગઈ. કોશા સ્થૂલભદ્રની પાસે આવી.

"આર્યદેવ ! નાથ ! આમ ચોકમાં શા માટે પડ્યા છો ? જરા સ્નાન કરો, જરા મધુ પીઓ, પછી સ્વસ્થ થશો."

"[illegible] મારે સ્વસ્થ થવું નથી " તેણે [illegible] [illegible] કાઢી. " મારા [illegible] [illegible] [illegible] છે" તે પ્રકાર બબડવા લાગ્યો. " [illegible] [illegible] છો ? સ્નાન તો કરો. [illegible] [illegible] ક્યાં ? "

" [illegible] પેર " કહી કોશાને તરછોડી સ્થૂલભદ્ર ચાલી ગયો.

કોશાએ નિઃશ્વાસ મુક્યો. [illegible] [illegible] સ્થૂલભદ્રની તબીયત સારી નહોતી રહેતી.

પ્રકરણ ૨૧ મું

જેમાં સ્થૂલભદ્રને નવો રસ્તો જડે છે

ગુપાકામાંધ સ્થૂલભદ્ર ઘરની બહાર નીકળ્યો. અને વડકાની પરવા કર્યા વિના પાસેના [illegible] [illegible] તરફ ગયો.

એના મગજમાંથી હજુ નીશો દૂર [illegible] [illegible] હજુ દ્રષ્ટિ પણ સ્વપ્નવત લાગતી હતી. તેમાં [illegible] ઠંડથી [illegible] આખી દુનીઆ તેના પર તુટી પડતી હોય એવો ભ્રમ તેને [illegible] [illegible] હતો. જે દુનીઆમાં [illegible] [illegible] વહી તે દુનીઆ દુઃખમય નહીં તો બીજું શું ?

બાર વર્ષ થયાં તે કોશાને ત્યાં પડ્યો [illegible] [illegible] હતો અને પળે પળ વિષય વૃત્તિનાં તોફાનોમાં તે ચગ્યો [illegible] હતો. કોશા માટે પિતા, પ્રતિષ્ઠા ને જાત તેણે જતાં કર્યાં હતાં, સગાં [illegible] [illegible] વીસારે પાડ્યાં હતાં. પણ તેની નાની બહેન ગૌરી તેને મન એક પવિત્રતા અને નિર્દોષતાની મૂર્તિ હતી. તે મૂર્તિને આજ પાનાગારમાં કોશા લઈ આવી તેથી તેને [illegible] [illegible]. કોશાએ તેની બહેનની પવિત્ર મૂર્તિને [illegible] કરી ! કેવું દુઃખદ !

આટલાં વર્ષ તેના હૃદયમાં શરમનો સંચાર [illegible] [illegible]. દરેક [illegible] [illegible] તિરસ્કારવામાં તે [illegible] [illegible] હતો. [illegible]

અફસોસ કરી કરી તે નષ્ટ થઈ ગયો હતો. આજે તેણે ગૌરીને જોઈ. ગૌરીના [illegible] પવિત્રતાનો, સ્નેહનો અને માર્દવનો [illegible] વાયો. એકદમ આટલાં વર્ષે જે [illegible] [illegible] જોઈ નહોતી તે તેણે જોઈ.

ગૌરી જેવીની [illegible] અને [illegible] સ્થૂલતા વચ્ચેનો અંતર તેને [illegible] [illegible] તેને પોતાની સ્થિતિની શરમ આવી. [illegible] અને નિર્દોષતાની નમ્ર મૂર્તિનાં દર્શન કરતાં તેને પોતાની અધોગતિ સમજાઈ. [illegible] [illegible] કાપ્યો; આ ગૌરી ને પોતે એક [illegible] [illegible] હતાં, અને છતાં ક્યાં ગૌરી અને ક્યાં પોતે !

ગૌરી જોતાં તેને તેના પિતા [illegible] [illegible]. પિતા યાદ આવતાં કુટુંબની કીર્તિ—[illegible] [illegible] [illegible] પણ અપૂર્વ કીર્તિ યાદ આવી.

[illegible]—[illegible] [illegible] [illegible] તેજસ્વી, એક ચંદ્ર [illegible] [illegible] [illegible] [illegible] તેને સ્મરણ [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] કંપાવતી તેના પિતાની [illegible] મૂર્તિ તેના [illegible] [illegible] રહી.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેને [illegible] [illegible].

નિર્ધનતા, અંધાપો, નરેન્દ્રનો દ્વેષ અને પુરવાસીઓના તિરસ્કારમાં પણ ભયંકર ગૌરવ ધારી રહેલા વૃદ્ધ શકટાલ નજર આગળ દેખાયા. આવા પ્રતાપી કુલના અવશેષમાં એક નિર્માલ્ય અવશેષ, તે તેનો ભાઇ શ્રીયક–જેણે કીર્તિમય મરણ કરતાં અકીર્તિકર જીવન પસંદ કર્યું તે; અને બીજો પોતે જે બધું વીસારી સુરાપાન અને કોશાના આલિંગનમાં દિવસ ને રાત પુરાં કરતો હતો તે. તેનો આત્મતિરસ્કાર વધ્યો.

તે તિરસ્કારથી હસ્યો. મહત્તા, કીર્તિ, ભવ્યતા–એ કોનાં સગાં ને કોનાં નહીં ? તેમાં સાર શો ? ક્યાં અમાત્યશ્રેષ્ઠ શકટાલ અને ક્યાં આંધળો, ક્ષુદ્ર ભીખારી આજનો શકટાલ ? ક્યાં બાલ્હિકાચાર્ય અને ક્યાં તેનો વંશજ પોતે ? બધા જન્મ્યા; બધા મુઆ. ખાલી હાથે જેમ આવ્યા તેમ ખાલી હાથે ગયા. પોતે સુરાપાનમાં ચકચુર રહેતો. બીજા કીર્તિનું–જાત છેતરામણની સુરાનું—પાન કરતા. આખરે બધાનો રસ્તો એકજ. તે કડવાશથી હસી રહ્યો. કેવી વ્યર્થતા ! કેવાં ફાંફાં ! મહેનત કરો કે ન કરો; કીર્તિ મેળવો કે ન મેળવો: મહત્તા પામો કે નહીં; આખરે જન્મથી મરણ સુધીના એક કંટાળાભર્યા પ્રયાણ સીવાય તેને બીજું કૈં દેખાયું નહીં.

તે થાકેલો હતો; નિસ્તેજ હતો; કચવાએલો હતો. હજી નિદ્રાભંગની મહાવ્યથામાંથી છુટ્યો નહોતો. એની કંટાળેલી દૃષ્ટિએ આખી જીવનચર્યા નિરર્થક દેખાઇ. પણ અત્યારના તેના કચવાટનાં મૂલ ઘણાં ઉંડાં હતાં. પહેલું મૂલ તેની શક્તિનું શૈથિલ્ય હતું. દિવસ ને રાત અનેક પ્રકારની મસ્તી સેવી તેનું શરીર નિર્બલ પડ્યું હતું; અને તેનું મગજ સ્થિર અને અસ્વસ્થ રહેતું હતું. આખો વખત સુરાના સેવનથી તે કૃત્રિમ ઉત્સાહ રાખી રહેતો; અને ખરું બળ ખોતો હતો. શરીર ને મન હવે છેલ્લે પાટલે બેઠાં હતાં. સુરાપાન વિના તે ચાંચલ્ય દાખવવાની ના પાડતાં હતાં. અત્યારે સુરાના ઘેનમાંથી જાગતાં, ઉંઘના ભંગથી કચવાતાં, ગૌરીને જોઇ અધમતા અનુભવતાં બંને શરીર ને મન—જવાબદારી છોડી નિઃસત્ત્વ દશામાં પડ્યાં હતાં. જીવનક્રમ માત્ર ભારરૂપ લાગતો હતો; તેની નીચે કચરાઇ જવાનો તેણે ન છુટકે સંકલ્પ કર્યો હતો.

આથી પણ એક મોટું—અને ખરું જોતાં મોટામાં મોટું—કારણ કોશા હતી.

કોશા, દુનીઆમાં ઘણી પ્રતાપી સ્ત્રીઓ હોય છે તેમ, સદાએ તરસ્યા વિલાસની મૂર્તિ હતી. રસિકતાના ધનુષ્ય પર ઠરેલા ભોગાકાંક્ષાનાં તીર જેવી સ્થિર, એકાગ્ર ને તત્પર તે હતી. તે ગાતી, અને સૃષ્ટિ ગુંજતી. તે ચીતરતી અને સર્વે ભાવો મૂર્તિમાન થતા. તે નાચતી અને દશે દિશાઓ થનગન કરતી. તે હસતી કે કલ્લોલતી અને લાલસા ચારે તરફથી મર્યાદા છોડી ઉભરાતી. તેની આંખો કટાક્ષ ફેંકતી અને હૈયાં કહ્યું કરતાં નહીં. તે આલિંગતી અને મોક્ષનો સ્પર્શ થતો.

દિવસ ને રાત–બાર વર્ષ સુધી આ સદાય તત્પર એવા બાણને એણે ઝીલ્યું હતું. અને સત્કારથી નિરંતર સેવેલી આ જીવનચર્યામાં તેને પલ વાર પણ વિચાર કરવાનો વખત મળ્યો નહોતો. થોડો વખત થયાં તેની શક્તિ ક્ષીણ થતી હતી. અને પહેલાં જેવો સત્કાર કરવો અઘરો થઇ પડ્યો હતો.

પણ કોશાને તૃપ્તિ નહોતી. કોઇને પણ અતિતૃપ્તિ થઇ શકે તે તે સમજી શકે એમ નહોતી.

સ્થૂલભદ્ર અતિ તૃપ્તિની દુઃસહતા અનુભવતો હતો.

તે ક્યારાંભેર ગામની બહાર નીકળ્યો અને અકળામણનો માર્યો આગળ ને આગળ ચાલ્યો.

નમતો પહોર થયો. પાછા વળવાને બદલે તે આગળ ચાલ્યો. માથું દુઃખતું હતું, પગ દુઃખતા હતા, ને આત્માનું દુઃખ સહ્યું જતું નહોતું. બધું અકારું લાગતું હતું. સૂર્ય, વ્યોમ, પૃથ્વી, વૃક્ષો એ બધાં તરફ કંટાળાની નજરે તે જોતો હતો. બધુંજ ભારરૂપ હતું.........

એક મુંડ અને તેના બે શિષ્યો રસ્તા પર થઇ એક નેળ તરફ વળતા હતા. સ્થૂલભદ્રે તિરસ્કારથી તેમની સામું જોયું. આવા માણસો શા માટે આમ નીરાંતે ફરતા હશે? દુનીઆમાં દુઃખ ઓછાં છે કે વળી આમ રખડવાનું દુઃખ વેઠવું?

ત્રણે જણના હાથમાં રજોહરણ હતાં. સ્થૂલભદ્ર વિચિત્ર રીતે તેના તરફ જોઇ રહ્યો.

સ્થૂલભદ્રે પહેલા સાધુ તરફ દૃષ્ટિ કરી. એણે સબળ અને નિરોગી શરીર જોયું; એણે તેજસ્વી ને શાંત મુખ જોયું; જ્ઞાન અને કરુણાથી પૂર્ણ આંખો જોઇ. એણે સમભાવની પરાકાષ્ટા પર પહોંચેલાં વ્યક્તિત્વનું દર્શન કર્યું.

કચવાએલા સ્થૂલભદ્રની નજરે નવું તેજ દેખાયું. અતિતૃપ્તિને લીધે દુનીઆથી તે કંટાળી ગયો હતો. તે દુનીઆ આ માણસને સ્પર્શતી નહોતી એવો ભાસ થયો. ઇર્યાસમિતિમાં લીન સાધુએ ઉંચું જોયું ત્યારે તેણે હાથ જોડી નમસ્કાર કર્યા.

"વત્સ! ધર્મલાભ!" સાધુએ કહ્યું.

"ક્યાં જાઓ છો?"

"આ ગામમાં રાતવાસો કરવા જઇએ છીએ. હે વત્સ! તું કોણ છે? આવાં ચીમળાએલાં વસ્ત્રો ને કરમાએલાં પુષ્પો પહેરી ક્યાં ફરે છે? નગર તો ઘણું દૂર પડ્યું છે."

"મારે ક્યાંએ પણ જવું નથી."

"ત્યારે શું કરશે?" સાધુએ કહ્યું.

"મારે કંઈ પણ કરવું નથી."

"ત્યારે હે વત્સ!" સાધુએ કહ્યું. "જિનાગમરૂપી સુધાનું પાન શા સારુ કરતો નથી કે જેથી વિષયજન્ય ક્ષણિક સુખનો ત્યાગ કરી તું મહાનંદ પામે?"

સ્થૂલભદ્ર જોઇ રહ્યો. એને એવો પ્રયોગ કરે એવીજ સુધા જોઇતી હતી. કોશા અને તેના પર અવલંબેલા જીવને પેદા કરેલાં દુઃખો શમાવવાની સુધા કયાં મળે?

"સુધા ક્યાં મળે?" નિરાશાથી સ્થૂલભદ્રે પુછ્યું.

"પારાવાર વિપત્તિરૂપ સંસાર સમુદ્રમાં ડુબનારને સર્વજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ, સર્વ પરમેષ્ઠીઓમાં પ્રથમ એવા શ્રી મહાવીર અરિહંતને શરણે જા."

સ્થૂલભદ્રે મહાવીરના અનુયાયીઓ વીશે થોડું સાંભળ્યું હતું. "પ્રભો! આપ કોણ છો?"

"વત્સ! મારું નામ સંભૂતિવિજય છે. તું મારી સાથે આવશે? દુઃખમય [illegible] છુટવાનો એજ રસ્તો છે." આચાર્ય સંભૂતિવિજયે ઉમેર્યું.

પળ વાર સ્થૂલભદ્રે વિચાર કર્યો.

આની જોડે નહીં જાય તો પાછી કોશા; નિરંતર ગાયન, વાદન, નૃત્ય, સુરા; નિરંતર ગંધ, માલ્ય ને રંગ; નિરંતર દેહનાં ક્ષણિક સુખ, નિરંતર કલ્લોલ, કુજન ને હાસ્ય, વિયોગ ને સંયોગ, એજ પાછી ચિત્રશાળા, એજ પાછું પાનાગાર, એજ પાછી શય્યા. આ અનંત ચક્રના પાશમાંથી છુટવાનો રસ્તો શો? અને આની જોડે જાય તો સ્વચ્છંદે વિહાર; ભૂમિની શય્યા; ભિક્ષાનું અન્ન; નહીં વિરહનો અગ્નિ, નહીં સયોગનો લોભ; નહીં સુખ, નહીં દુઃખ.

પળ વાર તેને લાડીલી કોશા યાદ આવી.

તે વાટ જોશે, રડશે, કકળશે......પણ સવારે ઉઠી તેનું મોં—રાતે તેનું મોં...

"ભગવાન ! હું તમારે આધીન છું. મને દીક્ષા આપો.

સંભૂતિવિજયે તેને માથે હાથ મુકયો. "વત્સ ! ચાલ પાસેના ગામ જઇ સામયિકપૂર્વક હું તને દીક્ષા આપીશ. જિનાગમના સ્તંભ થવાનું તારે લલાટે લખાયું છે."

સ્થૂલભદ્રને હૃદય પરનો ભાર હલકો થયો લાગ્યો, તેણે પાછા ફરી નગર તરફ જોયું અને ફાંસ પીસ્યા: કાળાં ખાબાં રૂપ તે—રસ, ગંધ, સ્પર્શ ને શબ્દનું—રસિકતાના મનુષ્ય પર ફરેલા ભોમાં કાક્ષાના તીર જેવી સ્થિર, એકાગ્ર ને તત્પર એવી કોશાનું અસ્પષ્ટ ને અસ્પષ્ટ થતું સ્મરણ ચિન્હ હતું. દુનીઆમાં જેટલી વસ્તુ તેને અકારી થઇ પડી હતી તેની એ પ્રતિમા હતું.

તેણે બીજી તરફ જોયું, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દના દ્વેષ તરફ એ જતો હતો. ઉત્સાહથી તેણે ડગલાં ભર્યાં; એ દ્વેષમાં તેને નવું જીવન જણાયું.

પ્રકરણ ૨૨ મું

—:o:—

જેમાં પોતે કોને પરણશે તે ગૌરીને સમજાતું નથી

ગૌરી જેમ તેમ કરતી ઘેર આવી. છાનાંમાનાં કોશા જેવી પતિત સ્ત્રીને ત્યાં જઈ આવી, તેનો ગભરાટ, અને તેના ભાઇની દુર્દશાના દર્શનથી પેદા થએલો ખેદ એ બેથી તેની હતી તેટલી હીંમત પણ ચાલી ગઇ. તેની સૃષ્ટિ પર પ્રલયકાર થવાની તૈઆરી થતી હોય એમ લાગી.

આજે તેનું ઘર મંદિર થઇ ગયું હતું. આગલા ખંડમાં તેના પિતા અને આચાર્ય વિષ્ણુગુપ્ત બેઠા હતા; અને દર્શન કરનારાઓની પરંપર આવતી અને જતી. આ ઝુંપડીએ આટલા માણસો કદી જોયા ન હોતા. તે રસોડામાં કામ કરતી કરતી થોડી ઘણી વાતચીત સાંભળતી હતી, પણ તેમાં તેને રસ પડતો ન હતો. પાછી ઝુંપડી નિર્જીવ ને એકાંત કયારે થાય તેની તે વાટ જોતી હતી.

તેને સેનાજિતને મળવાનું ઘણું મન થયું હતું. એ બીચારો પરણવાના તલસાટમાં ઘેલો બનતો હશે, અને અહીંઆં તો તેની કન્યા બીજાને વરાવવાની હતી. કહવાટથી ગૌરીએ વિચાર કર્યો. સેનાજિત આજે આવશે એમ તેને લાગ્યું હતું. કાલે તેના પિતાએ કઇ મુરતે લગ્ન નકકી કરશે તે કહ્યું હતું; આજે તે નરેંદ્રદેવની શી આજ્ઞા છે તે કહેવા આવવોજ જોઇએ. આવે તો તેણે શું કરવું ?

આખરે તેની આશા ખરી પડી. ઉતાવળે પગે સેનાજિત આવ્યો. અને શકટાલને દોરી અંદર લઇ આવ્યો. ગૌરી ગુંગળાઇ ગઇ. શું મોઢું લઇને સેનાજિતને મળી શકશે, કે પણ વાત કરી શકશે ? શું એ લગ્નતિથિ નક્કી કરી લાવ્યો ? શું તેના પિતા તેને પરણાવવાની ના કહેશે ? શું સેનાજિતને તે આખરે નહીંજ વરે ? અને જ્યારે તેના પિતા તેના લગનની ના કહેશે ત્યારે તે શું કરશે ? તે કયાં જાય ? કયાં ભરાય ? ઘરમાં એક ખંડ ખાલી નહોતો. શકટાલને દોરી સેનાજિત અંદર લઇ આવ્યો. તેનું મોઢું ગંભીર હતું. તેની આંખોમાં ગ્લાનિ હતી. શું પિતાએ ના કહી દીધી ? ગૌરીને સંશય થયો.

"કેમ બેટા !"

"કાલે તમે કહી હતી તે વાત મેં નરેંદ્રદેવને કાને નાખી." નીસાસો નાખી સેનાજિતે

હતું. ગૌરી શ્વાસ રુંધી સાંભળી રહી.

"વારુ."

"નરેંદ્રદેવ તમને નૈમિષારણ્ય જવા દેવા ખુશી છે."

"એટલે શું લગ્ન માટે નરેંદ્રદેવે રજા આપી ? હવે પિતા શું કહેશે ?" ગૌરીનાં અંગે અંગ કાંપી રહ્યાં.

"તિથિ ?" શકટાલે પુછ્યું. તેનો અવાજ કઠોર હતો. સેનાજિતે નીસાસો નાખ્યો. "હમણાં તિથિ નક્કી કરવા ના પાડી. નરેંદ્રદેવે કહ્યું મહાદેવી હાલ પીયર જાય છે. પાછાં ફરશે પછી વાત." જરા કટુતાથી તેણે આગળ ચલાવ્યું; "તમે જાણો છો ને નરેંદ્રદેવ અને મહાદેવી મને પોતાના પુત્ર સમાન ગણે છે."

"ત્યારે હમણાં લગ્નતિથિ કેમ નક્કી થાય ?" શકટાલે પુછ્યું. ગૌરીને પિતાના અવાજમાં અપરિચિત કંપ સંભળાયો. થોડી વાર કોઇ બોલ્યું નહીં. ગૌરી પિતા શું કહે છે તેની વાટ જોઇ રહી. પિતા શું હમણાં વિવાહ તોડી નાખશે ? શું થશે ? સેનાજિતનું–તેનું શું થશે ?"

"ત્યારે હાલ તો મારું નૈમિષારણ્ય જવાનું પણ રહ્યું." શકટાલે કહ્યું.

ગૌરીએ ધારેલું કોઇ કૈં બોલ્યું નહીં. તેને શું સેનાજિતનેજ વરાવવી એવું પિતાએ નક્કી કર્યું હતું ? તેને પલ વાર હર્ષ થયો. પણ રાતના જોગથી આચાર્યની અડગ મુખમુદ્રા તેને યાદ આવી. શું આચાર્યે નિશ્ચય બદલ્યો ? એ કેમ બને !

બંને પુરુષમાંથી કોઇ પણ કૈં વધારે બોલ્યું નહીં. બે જણ બહાર ગયા. ગૌરી વીમાસણમાં રહી. એક રીતે તેને નીરાંત થઇ. હમણાં કોઇ સેનાજિત જોડે સંબંધ તોડવા માંગતું ન હોતું; એટલે આપત્તિ દૂર હતી. અને પિતા પણ હાલ અહીંઆંજ રહેશે. પછી જે થવાનું હશે તે થશે. તેનો ગભરાટ ઓછો થયો. તેને માથે ઝઝુમતો ભય દૂર ગયો. હજુ વિચાર કરવાનો, કોઇને પુછવાનો ઘણો વખત છે. આચાર્ય તો બે ત્રણ દિવસમાં ચાલી જશે. ક્યારે આવે તે કોણ જાણે ! અને પછી પાછું બધું હતું તેવું થઇ પણ જાય. સેનાજિત બીચારો કેવો દીલગીર દેખાતો હતો ! તેને પરણવાનો કેવો કોડ હતો ! તે કેવો નિરાશ થએલો લાગતો હતો ! તેનો સ્નેહ કેવો નિર્મળ ને અડગ હતો ! તેને શા સારુ છેહ દેવો ! પિતાને આ શી અક્કલ સુઝી !

સાંજ પડી. તેણે ઉત્સાહથી રાંધવા માંડ્યું. ગઇ કાલનું ઘેરાએલું વાદળ આજે ઉતરી ગયું લાગ્યું. જમતી વખતે તેણે આચાર્યને જોયા. તેના ધીમા ને સ્વસ્થ ઢબમાં રહેલી શક્તિ તેણે જોઇ. તેની તેજસ્વી, તટસ્થ આંખોમાં રહેલી, ગહનતાનો પ્રતાપ પ્રસર્યો. તેની જટાથી સુશોભિત ભસ્મથી ઓપતા કપાળની મોહિની તેને અસર કરવા લાગી. શું તે ભગવાન અશ્વિન જેવા લાગતા હતા—કે બાલ શંકર જેવા કે યુવાન થએલા બૃહસ્પતિ જેવા ? ગૌરી પીરસતાં પીરસતાં તેના તરફ ચોરી છુપીથી, મર્યાદાભંગ કર્યા વિના જોઇ રહી.

ત્રણ બ્રાહ્મણો બેઠા હતા—આચાર્ય, પ્રમંડક ને શકટાલ. તેના પિતાને તે રોજ જોતી હતી, અને એક [illegible] તરીકે પૂજતી હતી. પ્રમંડકનું અબળ [illegible] ઉપજાવે એવું હતું. અને છતાં આચાર્યની આંખમાંથી, મુખ પરથી, અવાજમાંથી, શબ્દોમાંથી એવું શું પ્રસરતું હતું કે જેથી તેને પોતાનું વીસરેલું [illegible] યાદ આવ્યા કરતું હતું ! તેણે જે કારમા [illegible]



ચિત્રકાર: શ. ઓરસ્કર] કેરી પીરસતાં પીરસતાં તેના તરફ ચોરી છુપીથી, મર્યાદાભંગ કર્યા વિના જોઈ રહી. [—પૃષ્ઠ ૮૫

કહ્યાં હતાં તે તેના હૈયા પર લખાએલાં હતાં: "શિલાતલની શય્યા, ભિક્ષાપાત્ર, મૃગચર્મ ને વિભૂતિ" આ ક્ષુદ્ર શબ્દો એની હાજરીમાં કેમ ભવ્ય બનતા હતા. ?

"કાલે રાતથી નંદરાજ સમાજ રચે છે" તેણે ગૌરી તરફ જોયું. "ગૌરી! તું કોઇ દિવસ સમાજમાં ગઇ છે કે?"

"નાનપણમાં ગઇ હોઇશ." ગૌરીએ કહ્યું: અને પદભ્રષ્ટ અમાત્યની કન્યાને સમાજમાં સ્થાન કેવું?

"આજે આચાર્ય દેવે સેનાજિત પાસે વચન લીધું છે કે એની બહેનની જોડે તને લઇ જાય. અગ્નિકુમાર આવ્યો તો સારું. સંકેત ને સમાજ જોવા તો મળશે. કેમ આચાર્યદેવ!"

"હા. સેનાજિતે લઇ જવાનું વચન આપ્યું છે." શકટાલે કહ્યું. ગૌરીનું હૈયું હરખી રહ્યું. જે સમાજ જોવા દુનીઆના લોક આવે ત્યાં તે જવાની! અને સેનાજિતની બહેનની જોડે-તેની ભાવિ નણંદ જોડે!

"આવતી કાલે રાતથી શરુ થશે. કાલે સાંજે સેનાજિતની બહેનનો રથ આવશે; જો એના નરેંદ્રદેવની રજા હશે તો."

"કેટલા દહાડા ચાલશે?" ગૌરીએ કહ્યું.

"ચોથની રાત, પાંચમ ને પાંચમની રાત, છઠે સવારે પુરો થશે અને અમે જઇશું?" વિષ્ણુગુપ્તે કહ્યું: "પણ ગૌરી! હું પાછો આવું ત્યાં સુધી એક વાત ધ્યાનમાં રાખવાની. મારા આચાર્ય ને તારા પિતા-તેની સેવા કરજે. તારા જેવી આર્ય પુત્રીને કહેવું પડે? સુશીલા મા કે પૃથ્વી પર એકજ રાજનીતિજ્ઞ છે-અને મગધમાં એકજ બ્રાહ્મણ છે. શકટાલ આચાર્ય!"

"તેની તમે ફીકર રાખશો નહીં." શરમાતાં શરમાતાં ગૌરીએ કહ્યું.

"આચાર્યદેવ!" ઘણીજ મમતાથી વિષ્ણુગુપ્તે કહ્યું: "ગૌરીનું હૃદય સુકુમાર છે, એની બુદ્ધિ હજુ ઘડાય છે. શકટાલની પુત્રીત્વનું ગૌરવ એને ધીમે ધીમે સમજાતું જાય છે. ગૌરી!" એકદમ ગૌરી સામું જોઇ વિષ્ણુગુપ્તે મીઠાશથી કહ્યું: "આજ્ઞા ઉલ્લંઘી માટે આચાર્યદેવની ક્ષમા માગી?"

ગૌરીની આંખે અંધારાં આવ્યાં. વિષ્ણુગુપ્ત શું કહેતા હતા? એ અગ્નિનો! શું પોતે કોણને ત્યાં ગઇ તે જણાઇ ગયું?"

શકટાલે વિષ્ણુગુપ્ત સામું જોઇ રહી મુગે મોઢે પ્રશ્ન કર્યો.

"આજે ગૌરી જરા ક્ષુબ્ધ હતી તે આપની આજ્ઞા ઉલ્લંઘી સ્થૂલભદ્રને મળી આવી."

ધરતી ફાટી હોય એમ ગૌરી ફાટી આંખે જોઇ રહી. વૃદ્ધ શકટાલનું [illegible] મુખ ગૌરીને પોતાની ઉગ્રતાથી નિઃશબ્દ ઠપકો આપી રહ્યું. ગૌરીની આંખમાંથી આંસુઓ ચાલી રહ્યાં.

"આચાર્યદેવ! એને ક્ષમા કરો. સહોદરની પ્રીત કેં વીસરાય છે? સારું થયું" વિષ્ણુગુપ્તે સ્નેહાળ અવાજે બોલવું ચાલું રાખ્યું. "ગૌરીએ એની પશુતા પોતાની નજરે જોઇ."

"ફરી જતી નહીં" શકટાલે સખત અવાજે આજ્ઞા કરી.

"આચાર્યદેવ! ગૌરી તમારી છોકરી છે. શકટાલાચાર્યની પુત્રી દેવયાનીની કાંતિની સ્પર્ધા કરશે. એ ફરી એવું નહીં કરે. એને કોઇનો પણ આધાર નથી: એ પણ જીવ મુંઝાય

તે શું કરે ? તે ફરી સ્પૃચંદ્ર જોવાનો નથી. ગૌરીના દર્શ નથી એનો ઉદ્ધાર થયો લાગે છે. મણિકાને એ બપોરનો જોડી ગયો છે અને તે જોડી બેઠી હવે હાથ ઘસે છે. ”

ગૌરી બેભાન બની જોઇ રહી. બધા જમીને ગયા પણ એને વિચાર કરવાની સ્વસ્થતા આવી નહીં. એ ભાનમાં આવી ત્યારે વિષ્ણુગુપ્તની શક્તિનું સ્મરણ કરતાં ભયવ્યાકુળ બની. આ પ્રતાપી પુરુષની પત્ની થવાનું સદ્ભાગ્ય તેના ભાગ્યમાં લખાયું હતું ! તો પછી સેનાજિતનું શું ?...અને કાલે તેને સેનાજિત તેડવા આવવાનો ?

રાત પડી. કામ કાજ પરવારી ગૌરીએ સુવાની તૈયારી કરી. આગલા ખંડમાં શકટાલ ને પ્રમંડક જોડે આચાર્યે ધીમે ધીમે વાત કર્યા કરી. તે ઉંઘી ગઇ.

કેટલી વાર તે ઉંઘી તેની ખબર રહી નહીં; પણ કોઇએ પાછલું બારણું ઠોક્યું. પ્રમંડકે આવી તે ઉઘાડ્યું, અને કોઇ બેજણ આવ્યા. એક ઝાંખા દીવાના અજવાળે, એક તો સુકેતુ જેવો લાગ્યો; બીજો કોણ હતો તે ઓળખાયો નહીં. તે બંને બહારના ખંડમાં આચાર્ય જોડે વાત કરવા ગયા અને પોતાના પોટલાં ત્યાં મુકતા ગયા.

આમ બધા આવશે ને નરેંદ્રને ખબર પડશે તો ? ગૌરીને ધ્રાસકો પડ્યો. પણ શું કરવું ? તે પથારીમાં માથું નાખી પડી રહી.

બે ત્રણ નાલિકા સુધી અંદર વાત ચાલી રહી; અને સુકેતુનો સાથી અંદર આવ્યો. અર્ધી ઉંઘેલી ગૌરી તેને ઓળખે તે પહેલાં તે એક કુદકે તેની પાસે આવ્યો, અને તે બુમ મારે તે પહેલાં તેને વળગી પડ્યો.

“ગૌરી ! મને ઓળખી કે ?” તેનો અવાજ સ્ત્રીનો હતો. તેના હાસ્યમાં વિજયનો ધ્વનિ હતો.

ગૌરીએ આંખો જોઇ, કપાળ જોયું, હોઠ જોયા. વાળની ભવ્ય ગ્રંથિ જોઇ. પાટલિપુત્રમાં એકજ જણ એ બધાનું ધણી હતું. “કોણ મૈનાકીબા ?”

“ છાની મર ” કહેતથા તેને દબાવી મૈનાકી બોલી.

પ્રકરણ ૨૩ મું

—o—

જેમાં ગૌરીને મિત્ર સાંપડે છે

સંનિધાતાની સ્ત્રીનું પુરુષના વેશમાં લાલિત્ય હજારઘણું ઓપતું હતું. તે હર્ષઘેલી દેખાતી. તેનું મોં હસ્યા કરતું અને તેના ગાલના ખાડા ઉંડા ને ઉંડા પડ્યા જ જતા. તેના લાલ હોઠ વધારે લાલ થયા હતા. તેનું પ્રૌઢ સ્ત્રીત્વ અત્યારે વિજયના તોફાનમાં મસ્ત બન્યું હતું.

"'ગૌરી ! ગૌરી !" મને શકટાલ આચાર્ય ઠપકો દેતા હતા કે હું તારી દરકાર કરતી નથી. બહેન ! તું એમ એકલી પડી રહે તે કેમ ચાલે ?" જાણે અનેક વર્ષની મૈત્રી હોય તેમ તે બોલી.

ગૌરી વિસ્મિત થઇ ગઇ. કોઇ અપ્સરા વિમાનમાં વિહાર કરતી ફરે તેમ તેણે સંનિધાતાની લાવણ્યવતી સ્ત્રીને ઓખે, જાણે કે નદી પર હીરામાં ચમકતી, દૂરથી જોઇ હતી. પદભ્રષ્ટ શકટાલની પુત્રીને તે ઓળખે છે કે નહીં તેની પણ તેને ખાત્રી ન હતી. તે આમ ઘેલી કેમ બની ગઇ ? આ ભાવ તેના ગર્વિષ્ઠ હૈયામાં કયાંથી પ્રગટયો ?

"ગૌરી ! શું વિચાર કરે છે ? મનોકહે, શું થાય છે ? તું પેલી અણિકાને ત્યાં ગઇ ? મને કહેવું હતું ને ?"

ગૌરી ગભરાઇ ગઇ. તેના પિતાએ એ વાત આને પણ કરી ! "મેં ભુલ કરી."

"અંહ ચાલો" મૈનાકીનો ઉત્સાહભર્યો અવાજ આવ્યો. "એમાં થઇ શું ગયું ? માણસ ગુંચવાય ત્યારે બીજું શું કરે ?"

ગૌરીને આ પ્રશ્નમાં વિષ્ણુગુપ્તના શબ્દનો ધ્વનિ સંભળાયો. આ ગર્વિષ્ઠ સ્ત્રી શું તેને ખરેખરી મદદ કરવા આવી હતી ? કે કે કામસર તેને ફોસલાવતી હતી ?...કે...કે વિષ્ણુગુપ્તની પ્રેરાયલી આમ કરતી હતી ?

"મારે ગુંચવાવું શું કામ ?" ગૌરીએ પુછ્યું.

મૈનાકીના હોઠ, મજાકમાં ગુસ્સાથી ભીડાયા. "જો જુઠું બોલી કે ? ગૌરી હું બધું જાણું છું. ખબર છે ? હું તારે માટે તો શકટાલ આચાર્ય જોડે લઢી." તેણે આશ્વાસન આપ્યું.

"શું કામ ?"

"આમ ને આમ તને એકલી રાખી મુકે. ...ને સેનાજિત તને પ્રિય હોય તો તેને વરજે. હમણાં તો કૈં નથી."

"શું તેના પિતાએ બધી વાત આને કહી દીધી ? ગૌરીએ વિચાર્યું. અને છતાં આ સ્ત્રી હેતાળ હતી. એ શા માટે દયાળાજી કરે ? આવી વિખ્યાત ને સુંદર સ્ત્રી તેની સહચરી થાય એથી વધારે સદ્ભાગ્ય બીજું કયું ? તેને વાત કરવાનો વીસામો નહોતો ત્યાં આ ઇંદ્રાણી સમી જાજ્વલ્યમાન મિત્ર ક્યાંથી ?

"દેવી ! મને કૈં સમજ પડતી નથી. પિતાજી અને બધાં સુખી થાય એમ મારે કરવું છે. પણ રસ્તો કોણ દેખાડે ?"

"હું દેખાડીશ. જરા ગભરાતી નહીં. તું

કાલે બપોરે મારે ત્યાં આવજે હું શિબિકા[1] મોકલીશ."

"તમે ક્યાં તસ્દી લેશો ?"

મૈનાકી હસી. એના હાસ્યની રમણીયતાના તરંગો તે ખંડમાં પ્રસરી રહ્યા. "હું જાતે ઉંચકવાની ખરીને" કહી તેણે ગૌરીને એક તમાચો માર્યો. "જો; ને સાંજે તો સેનાજિત તને લઈ જશે—સમાજમાં. હું પણ જવાની છું. ત્યાં મળીશું."

"તમે પણ જવાનાં છો ?" હરખભેર ગૌરી બોલી.

"મારા વગર પાટલિપુત્રનું રાજ્ય ચાલવાનું છે કે ?" ગર્વથી હસીને મૈનાકીએ કહ્યું; "તું તો સેનાજિતની બહેન સાથે જશેને ? સારું. એ લોકોને પણ ઓળખતી થશે."

"તમે તો બધુંજ જાણતાં લાગો છો !"

"ત્યારે ! હું કોણ ?" પાછી મૈનાકી હસી. જાણે પાટલિપુત્રનું રાજ્ય એનુંજ હોય એમ તે અત્યારે હસતી. આ તેજસ્વી સ્ત્રીની ભભક જોઈ ગૌરી અંજાઈ ગઈ. "બોલ તું શું પહેરશે ? મારે ત્યાં આવશે ત્યારે વસ્ત્રાલંકાર આપીશ."

"નારે ! મારે શું કરવાં છે ?" ગૌરીના મનમાં શબ્દો સંભળાયા: "શિલાતલની શૈય્યા, ભિક્ષાપાત્ર, મૃગચર્મ ને વિભૂતિ."

"અરે કેમ આમ ? હું એવાં સરસ આપીશ. ને તું એવી સુંદર દેખાશે !"

"હું તો ઠીક છું. પણ તમે કેવાં લાગશો તે મારે જોવું છે."

"જોજે મોહી પડતી" મૈનાકીએ કહ્યું. "ગૌરી ! હું આ પુરુષવેશમાં કેવી લાગું છું ?"

"કોઈ તમને પુરુષ માની શકે તેમ નથી. તમારો ચોટલો ને આંખો તરત પકડાઈ આવે" ઉભરાતા હેતથી ગૌરીએ કહ્યું.

"તું પણ મોહી પડી છે હોં, યાદ રાખજે."

"હું સંનિધાતા હોઉં તો—"

મૈનાકીના મોં પરથી હર્ષ જતો રહ્યો. તેણે ભ્રૂભંગ કરી મોં મચકોડયું. ગૌરીનું વાકય અધુરું રહી ગયું.

"ચાલ હવે જાઉં." મૈનાકી ઉઠી.

"આવજો દેવી !" તેણે ઉમળકાથી કહ્યું.

"કંઈ બીજું કહેવું છે ?"

થોડીવાર તેણે વિચાર કર્યો અને આખરે મૈનાકીએ બતાવેલા હેતથી તે મહાત બની; અને હૃદય ખોલવા બેઠી.

"દેવી ! સેનાજિત કેવો લાગશે ?"

"કુક્કડ ! કાલે એનો ભભકો જોવા જેવો થશે. તું હૃદય કાબુમાં રાખજે."

ભોળી ગૌરીના હૃદયનાં ઢાંકણ ઉઘડ્યાં તે બંધ થાય એમ નહોતાં.

"તમારે ત્યાં આવે છે ?"

"હા. રોજ."

"એની બહેન કેવી છે ?"

"જોવા જેવી. મોટો રૂનો ઢગલો છે. પણ ભલી બાઈ છે. તને ગમશે ખરી."

"મને બહુ બીક લાગે છે."

"તારા પિતા તો બીક માત્રને ગળી બેઠા છે. ને તું કેમ આમ ઢીલી પોચી છે ?"

"કોણ જાણે ? ને દેવી ! બધામાં રુપાળું કોણ હશે ?"

"રુપાળું ! અરે મૂર્ખી ! તે પણ ખબર નથી ?"

"કોણ તમે ?" હસીને ગૌરીએ પુછ્યું.

"તે તને હજી ખબર નથી ? પાટલિપુત્રમાં મારાથી કોઈ રુપાળું થાય તો તેના વાળ પીંખી નાખું" કહી મૈનાકી ફરીથી હસી.

"—ને એક બીજું પુછું ?" પિતાજીએ

૧ પાલખી.

આ શું માંડયું છે ?" ગૌરીએ ધીમેથી પુછ્યું.

"હું કાલે કહીશ. હવે જાઉં." કહી મેનાકી જવા લાગી.

"પણુ દેવી ! જરાક ઉભાં રહો. મારો જીવ ગુંગળાયા કરે છે ?"

"શું છે ?"

"તમે આચાર્યને મળ્યાં ?" છેક ધીમેથા ગૌરીએ પુછ્યું.

મેનાકી ગંભીર થઇ ગઇ "કોને ? તારા પિતાને ?" તેણે વાત ઉડાવી.

"ના. તક્ષશિ—" કહી ગૌરીએ નજર આગલા ઓરડામાં ફરી.

મેનાકી બોલી નહીં.

"કેમ બોલતાં નથી ?"

"કહું ? ગૌરી ! મનમાં રાખજે" મેનાકીએ ધીમે ને ગંભીર સ્વરે કહ્યું; "એ આચાર્ય માણસ નથી—"

"હેં !"

"—દેવ છે" પૂજ્યભાવથી મેનાકીએ કહ્યું.

ગૌરીએ નિઃશ્વાસ મુકયો ને નીચું જોયું.

"ગૌરી ! તારા જનનો વિચાર કરે છે ? સેનાજિત કે આચાર્ય ? મૂર્ખી ! હું તારી જગ્યાએ હોઉં તો શું કરું ખબર છે ?"

"ના."

"ચોર્યાંશી લાખ ભવમાં દરેક ભવે સેનાજિત મળે તોએ આચાર્ય માટે વાટ જોયાં કરું." તેણે ભયંકર ગાંભીર્યથી કહ્યું.

ગૌરીએ મેનાકીની ગંભીર આંખો જોઇ, શબ્દ સાંભળ્યા; તેનો અર્થ મળ્યો; અને દગલો થઇ પથારી પર પડી.

મેનાકી મુગે મોઢે ત્યાંથી બહારના ખંડમાં ગઇ, અને થોડી વારે સુકેતુને લઇ ચાલી ગઇ.

ગૌરીને થોડી વારે આવતી કાલના ઉત્સવના વિચારો આવ્યા, સારાં કપડાં પહેરી, સેનાજિતની બહેનની જોડે જવાના ખ્યાલો કરતી તે ઉંઘી ગઇ.

પ્રકરણ ૨૪ મું

—:o:—

જેમાં સંનિધાતાને પોતે રાજનીતિજ્ઞ છે એવી ખાત્રી થાય છે

બીજે દહાડે સવારે નરેંદ્રદેવ ઉઠયા કે તરત સંનિધાતા દર્શક તેમને મળવા આવી પહોંચ્યા.

સંનિધાતા આજે ઘણાજ આનંદમાં હોય એમ દેખાતું હતું. તેમની આંખો હરખથી પટપટી રહી હતી. તેમનો હાથ ફુંદ પર જઇ પડતો, અને તેમના હોઠો હસ્યાંજ કરતા.

વાત ઘણીજ ગંભીર હતી. અનેક વર્ષો થયાં, તેમની તીવ્ર બુદ્ધિ છતાં, નરેંદ્રદેવ રાજ્યના સંબંધમાં તેની સલાહ પુછતા નહીં. ધનની બાબતમાં તે માનીતા હતા; રાજનીતિની બાબતમાં તેમનો હીસાબ નહોતો. આ વાત તેમને ઘણીજ સાલતી. એટલુંજ નહીં પણ આ વાતથી તેમના મનમાં ડર પેઠો હતો કે એમનું મગજ રાજનીતિજ્ઞો પ્રમાણે ચાલતું નહોતું.

આજે સવારે તેમના મગજમાં એક મહાન વિચાર આવ્યો. એ વિચાર એમનોજ હતો. કે એમની મેનાકીનો તે વીશે તે સ્પષ્ટ નહોતા. પણ એને પુરેપુરો ગોઠવી કાઢયો તો તેમણેજ. ના. ના. એ વિચાર તેમનો પોતાનોજ હતો.

મૈનાકીએ પોતે તેમના મુત્સદ્દીપણાનાં વખાણ કર્યાં હતાં. નહીં તો મૈનાકી કોઈ દિવસ નહીં ને આજે મુક્ત કંઠે વખાણ કરે ! એમને ખાત્રી થઈ કે વિચાર તેમનો પોતાનોજ હતો.

આ ખાત્રી સાથે એક બીજી વસ્તુથી પણ તે ખુશમીજાજમાં આવી ગયા હતા. આજે મૈનાકી સવારથી હસતી હતી. આજે તેમની દાઢી પકડી તેમને ઉઠાડ્યા, ને હસતાં હસતાં તેમનું નાક પકડ્યું. તેમની દાઢી ને નાક પર તેનો સ્પર્શ—આલ્હાદક માદક સ્પર્શ તેમને હજુ લાગતો હતો.

આ વિચાર ઘણોજ ઉંડો ને સરસ હતો; અને વક્રનાસાદિ જે વસ્તુની ચિંતા આજે બે દહાડા થયાં કરી રહ્યા હતા તેનો ઝટ તોડ કાઢે એવો હતો. આનો તોડ રખેને કોઈ કાઢે અને નરેંદ્રદેવને કહી દે એટલીજ બીક તેમને હતી. પોતે મળવા આવ્યા છે એ સંદેશો તેમણે ક્યારનો કહાવ્યો હતો; પણ હજુ નરેંદ્રદેવ કેમ આવ્યા નહીં ? શું એમનો વિચાર વક્રનાસ જાણી ગયો ? તે કેમ બને ? યાવનીઓ આવી; સેનાજિત આવ્યો; અને પછી નરેંદ્રદેવ ને વક્રનાસ બંને આવ્યા. સંનિધાતા હસવા લાગ્યા. આજે વક્રનાસને પણ પાઠ પઢાવવા તે આવ્યા હતા.

" કેમ દર્શક ! તું ક્યાંથી અત્યારમાં ? બૈરીએ કાઢી મુકયો ? " નરેંદ્રે હસતાં કહ્યું.

" દેવ ! ગમે તેવી પણ વૈશાલીની કન્યા છે." વક્રનાસે ક્રૂર રીતે હસતાં કહ્યું.

" કૃપાનાથ ! એક અગત્યના કામને લીધે આવ્યો છું " નરેંદ્રદેવે આસપાસ જોયું એટલે વક્રનાસ અને એક યાવની સીવાય બીજાં બધાં ચાલી ગયાં.

" બોલ શું છે ? " નરેંદ્રદેવે પુછ્યું.

" આજે ત્રણ દહાડા થયાં આપ અને અમાત્ય બધા ચિંતાતુર છો—આ તક્ષશિલાના બ્રાહ્મણને લીધે. "

" કોણે કહ્યું ? " વક્રનાસે પુછ્યું.

ગર્વથી સંનિધાતાએ પેટ પર હાથ ફેરવ્યો અને હસ્યા. હું પણ કૈં થોડું ઘણું જાણું છું. આજે ત્રણ દહાડા થયાં નરેંદ્રદેવનો જીવ ઠેકાણે નથી તે હું જ નહીં જાણું ?"

" તું શું જાણે છે ? "

"અમાત્ય એને અહીંઆંથી કાઢવા મથે છે. ક્ષપણક, શેષ, અને આંભિનો એ મિત્ર કેમ જાય એ ચિંતા એ દિવસ ને રાત કરે છે. અને તેમાં મદદ કરવી એ મારું કામ. "

" શું મદદ કરે છે ? " સંનિધાતા તરફ અજાયબી દર્શાવી નરેંદ્રે કહ્યું.

" એને અહીંઆંથી કાઢવા માટે તો મહાદેવીને વળાવો છો. " સંનિધાતાએ કહ્યું.

નરેંદ્ર ને વક્રનાસ ખસીઆણા પડી એક બીજા તરફ જોવા લાગ્યા. આ માણસમાં આ અક્કલ ક્યાંથી આવી ?

" સંનિધાતા ! " વક્રનાસે જરા કટાણું મોઢું કરી કહ્યું; " શું કહેવા માગો છો તે કહી નાખો."

" હું એક રસ્તો દેખાડવા આવ્યો છું " મરઘો છાતી ફુલાવે તેમ છાતી ફુલાવી સંનિધાતાએ કહ્યું.

" શો ? "

" જુઓ " ભપકાથી સંનિધાતાએ કહ્યું; " એ બ્રાહ્મણ કાવત્રું રચવા આવ્યો છે. "

" ક્યાંથી જાણ્યું ? " વક્રનાસે પુછ્યું.

" મેં જાણ્યું. એને જવા દેવો એ તમારો રસ્તો છે. એને અહીંઆં રાખવો છે એ મારો રસ્તો છે. "

નરેંદ્ર ને વક્રનાસ હસી પડ્યા. સંનિધાતા જરાક ખીસીઆણા પડી ગયા.

" તારી સલાહ તારી પાસેજ રહેવા દે."

" ત્યારે આ રહી. બાકી મારો રસ્તો લેશો તો એ અહીઆંનો અહીઆં રહેશે ને કાવત્રું તુટી પડશે " તોરથી સંનિધાતાએ કહ્યું.

" કેવી રીતે ?" નરેંદ્રે પુછ્યું.

" જુઓ સમાજ પછી તમે યુવરાજ આંભિને અને શેષને વદાય કરવાના છોને ?"

" હા. તે વખતે આને અર્ઘ્ય આપવા બોલાવવો છે નહીં ?"

" વારુ ?" વક્રનાસે અજાયબ થઇ કહ્યું.

" ત્યારે જુઓ એ ત્યાં આવેજ નહીં તો કેવું ?"

"મૂર્ખો ! એ બહુ સહેલી વાત હશે કેમ !" નરેંદ્રદેવે કહ્યું.

સંનિધાતાએ ધીમેથી કહ્યું: " આવતા પહેલાં શકટાલનું ઘર ચેતી ઉઠે તો પછી કેમ આવે ?" કહી નીરાંતે સંનિધાતાએ પેટ પર હાથ મુક્યો. નરેંદ્ર ને વક્રનાસ બંને એક બીજાની સામું જોઇ, ચિંતા દર્શાવી, થોડીવાર મુગા રહ્યા.

" પણ શેષ ને આંભિ જીવ કાઢશે તો ?" નરેંદ્રે કહ્યું.

" શું કરવાના હતા ? બધું બળીને એમની પાસે આઠસેં માણસ છે. પણ આપણે બે હજાર હાજર રાખીશું."

" બહુ જોખમ છે." વક્રનાસે ડોકું ધુણાવ્યું.

" પણ જો ચાલી જશે ત્યારે કેટલું જોખમ ઉભું થશે તેનો કૈં ખ્યાલ છે ?" સંનિધાતાએ પુછ્યું; "બહુ બહુ તો તક્ષશિલા ને ક્ષુદ્રકમાલવો યુદ્ધમાં ઉતરવું પડશે."

" પણ મૂર્ખ !" નરેંદ્રે કહ્યું; " એક એક બ્રાહ્મણખાતર એટલું બધું શા માટે તોફાન કરવું ?"

" જોજો કૃપાનાથ ! કરવું ન કરવું આપના હાથમાં છે. હું તો સલાહ આપી છુટું."

વક્રનાસે ડોકું ધુણાવ્યું. " તારો રસ્તો વ્યાજબી નથી લાગતો. છતાં હું વિચાર કરીશ."

સંનિધાતા નાસીપાસ થયા. આવો રસ્તો ધર્મભીરૂ વક્રનાસ જાણી જોઇને લેતો ન હતો.

" વારુ, બધું બગડે તો મને પુછવા નહીં આવતા."

" દર્શક ! " નરેંદ્રે કહ્યું; " એક કામ કર, તારી યોજના પ્રમાણે તું તૈયારી કરી મુક. જરુર પડશે તો એ યોજના આપણે અજમાવીશું."

" જેવી કૃપાનાથની આજ્ઞા " નીચા વળી દર્શકે નમસ્કાર કર્યા.

" જા હવે " નરેંદ્રે કહ્યું. દર્શક પ્રણામ કરી ચાલ્યો ગયો.

" વક્રનાસ ! આજે આને શું થયું ?" તેણે પુછ્યું.

" કૈંક અંદર મુંઝાયો છે."

" શો હોઈ શકે ?"

"આ અક્કલ એની નથી. કોની હોઇ શકે ?"

"બીજાનું તો કોણ હોય ?"

"હા" વક્રનાસે દીવાલ પર હાથ મુક્યો અને તે હસવા લાગ્યો "મૈનાકીની."

"એની ઓની ?" નરેંદ્રે વિસ્મિત થઇ પુછ્યું.

"બીજું કોઇ દેખાતું નથી."

"પણ એ આ બધું ક્યાંથી જાણે ?"

" એજ સમજાતું નથી. અમે બે આ બધું જાણે એ તો બહુ ખોટું. એ અને ચંદ્રગુપ્ત બંને એક."

"હા" ચિંતાતુર અવાજે નરેંદ્રે કહ્યું.

"એકજ કારણ હોઇ શકે."

"શું ?"

"દર્શકને અમાત્ય થવું હશે તેની તૈયારીઓ કરતો જણાય છે."

"એમ ?" નરેંદ્ર વહેમાયા. "આ તો બીચારો આપણો છે. પણ એની સ્ત્રીનું કેમ ?"

"એની સ્ત્રી મોજમજાહ કરે છે. ત્યાં સુધી એ કૈં કરવાની નથી. ચંદ્રગુપ્ત પાછો આવશે એટલે પાછી શાંત પડી જશે. આજેજ એના ઘરમાં ગૂઢ પુરુષ મુક્યું."

"સમાજની તૈઆરી થઇ ગઇ ?"

"બધું તૈઆર છે"

"ને ચાણુક્યને નિમંત્રણ મોકલ્યું ?"

"હું જાતેજ હમણાં કહેવા જાઉં છું. મારે એનું માપ કાઢવું છે. વખત છે ને કાલે ઉઠીને કામ પડે." વ નાસે ખાત્રી આપી.

"મહાદેવી તો તૈઆર થઇ ગઇ છે" નરેંદ્રે કહ્યું.

"હા. એમને પીએર જવાની ઉતાવળ આવી ગઇ છે."

"ત્યારે છઠે સવારેજ બધાને વદાય કરીએ. આ બ્રાહ્મણને પણ જવાજ દઇએ."

"હાલ તો એમજ રાખો. પછી જોઇશું. કોણ જાણે શું થાય છે ? આ ચાણુક્યનો મને ભરોસો નથી."

"મને પણ એ જશે ત્યારે નીરાંત વળશે."

એટલામાં એક મંત્રી આવ્યો ને વક્રનાસના કાનમાં ક કહેવા લાગ્યો.

"શું છે ?" નરેંદ્રે આજ્ઞા કરી.

"કૃપાનાથ ! કાલે રાતના મધરાતે સુકેતુ ને એક બીજો પુરુષ શકટાલને ત્યાં પાછલે બારણે ગયા હતા."

"પછી ?"

"અને ઘણો લાંબો વખત ત્યાં રહ્યા. પછી બંને સુકેતુને ત્યાં ગયા."

"બીજો કોણ હતો ?"

"કોઇ છોકરો હતો. ઓળખાયો નહીં. સુકેતુના ઘરમાંથી નીકળ્યો નથી."

"હજુ ?" આશ્ચર્યથી વક્રનાસે કહ્યું.

"હા."

"ઠીક, જા." વક્રનાસે કહ્યું.

બંને એકલા રહ્યા એટલે નરેંદ્રે કહ્યું. "આ વળી નવી પીડા."

"એનો તો કૈં હીસાબ નથી. છઠે આ બધા આમ ગયા કે આઠેમે ચંદ્રગુપ્ત પ્રાગ્જ્યોતિષથી પાછા આવશે એટલે સુકેતુનો પછી ભય શો ?"

"ચાલો, આ બધા ક્યારે જાય એમ હવે તો થાય છે" નરેંદ્રે જવાબ વાળ્યો.

એટલામાં બીજો એક મંત્રી આવ્યો.

"કૃપાનાથ ! કોશા મળવા માંગે છે."

"ગણિકા ?" વક્રનાસે પુછ્યું; "કેમ હવે બધા પરવારી ગયા ને એને કામ પડયું ? શું કામ છે ?"

"કહે છે ઘણુંજ અગત્યનું કામ છે."

"બોલાવ" હસીને નરેંદ્રે કહ્યું; "જરા ગમ્મત તો કરીએ."

મંત્રી નમસ્કાર કરીને ગયો, અને થોડી પળમાં કોશા આવી. એક દહાડામાં કોશાનાં રૂપ ને રંગ ફેરવાઇ ગયાં હતાં. રડી રડી તેની આંખ લાલ થઇ ગઇ હતી. તેના વાળ વીખરાએલા હતા. તેનું મોં સુઝેલું લાગતું હતું. અત્યારે તે દુઃખની પુતળી લાગતી હતી. આવી તેણે નરેંદ્ર અને વક્રનાસને પ્રણામ કર્યા અને તે સામું બેઠી.

"કેમ ?" નરેંદ્રે તોછડાઇથી હસીને પુછ્યું.

"કૃપાનાથ ! દેવ !" તેના અવાજમાં અશ્રુઓ હતાં; "મારું સૌભાગ્ય પરવારી ગઇ છું તે પાછું લેવા આવી છું."

"શું થયું તને ?" વક્રનાસે તિરસ્કારથી પુછ્યું; "ઘડપણ આવ્યું ?"

"આવ્યું હોત તો સારું" તેણે બિચારા વદને કહ્યું; "સ્થૂલભદ્ર ચાલી ગયા."

"ક્યાં ?" વક્રનાસે ગંભીર થઇ ધ્યાન આપ્યું.

"બપોરે ઘેરથી. પાછા આવ્યાજ નહીં."



[ચિત્રકાર :] "દેવ! કૃપાનાથ! મને સ્થૂલભદ્ર પાછો બોલાવી આપો." (પૃષ્ઠ ૫૬) [રા. જગમોહન મીસ્ત્રી

" તપાસ કરાવી ? "

" બહુએ કરાવી " કોશાએ માથે હાથ દઈ જવાબ દીધો. " આખરે પત્તો ખાધો. એક કોઈ મુંડ પાસે દીક્ષા લઈ તેની સાથે ચાલી ગયા " કોશાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

નરેંદ્ર હસ્યા " શકટાલનો છોકરો મુંડ થઈ ગયો ? વક્રનાસ ! એ પણ ખુબી થઈ ગઈ."

વક્રનાસના મુખ પર દ્વેષભર્યો હર્ષ છવાયો હતો.

" દેવ ! કૃપાનાથ ! મને સ્થૂલભદ્ર પાછો બોલાવી આપો. એના વિના મારાથી કેમ જીવાશે ?" તે કરગરી. જેમ કોશા વધારે ગંભીર થતી ગઈ તેમ નંદને વધારે હસવું આવ્યું. " પણ હું શું કરું ?" તેણે આખરે હસવું ખાળી કહ્યું.

" એના ગુરુને બોલાવી આજ્ઞા કરો."

" પણ ગાંડી ! એ બધું હું કયાં કરવા બેસું ? "

" કૃપાનાથ ! તમે નહીં કરો તો બીજું કોણ કરશે ?"

નંદ હસ્યા ને વક્રનાસ તેમાં સામેલ થયો.

" દેવ ! એક કામ કરો" વક્રનાસે ક્રૂર હાસ્ય કરી કહ્યું.

" શું ?"

" બીચારી આ એકલી પડી છે. એને કોઈ બીજાને સોંપો."

કોશા પહેલાં તો સમજી નહીં; અને પછી સમજી ત્યારે તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં. રડતી આંખે પણ તે રોષભરી જોઈ રહી.

નરેંદ્ર ખડખડ હસ્યા ' અરે હા ! એ વાત ખરી. કોશા રડે શું કામ ? પાટલિપુત્રમાં સ્થૂલભદ્રોના કયાં તોટા છે ? "

" દેવ ! શું બોલો છો ? મરેલાને શીદને મારો છો ? દુનીઆમાં એકજ સ્થૂલભદ્ર હતો."

નરેંદ્ર પાછા હસ્યા. "વક્રનાસ ! પાટલિપુત્રની ગણિકાઓ પણ હવે શીયળવતી થઈ ગઈ, નહીં ? " વક્રનાસ જવાબમાં હસ્યા. " કોશા ! ગભરા નહીં. તને બીજો કોઈ મોકલી આપું છું."

" કૃપાનાથ ! દયા કરો. મારે કોઈ નથી જોઈતું. "

" અરે કેં ચાલે ? " વક્રનાસે એક આંખ કોશા પર ઠેરવીને કહ્યું.

" ના, ના " આક્રંદ કરી કોશાએ કહ્યું. આ બાબતમાં પણ નરેંદ્રદેવની આજ્ઞા પાળવાની ફરજ દરેક ગણિકાની હતી; અને તે ન પાળે તો તેને સખત શિક્ષા કરવામાં આવતી. કોશાએ જોયું કે સ્થૂલભદ્ર મેળવવા જતાં તેના ભોગ લાગી ગયા.

" કોશા ! " વક્રનાસે ગંભીર અવાજે કહ્યું. " નરેંદ્રદેવની આજ્ઞા થઈ ચુકી. "

"દેવની આજ્ઞા મારે શિર સાટે છે. પણ— પણ—"

"અરે પણ ને બણ" વક્રનાસે કહ્યું; "દેવ ! કોણ કોશાને રાખશે ? "

" આપણો સીતાધ્યક્ષ[1] તૈયાર છે. "

" દેવ—"

" કોશા ! હવે ઘણું થયું જા. " નરેંદ્રે સખતાઈથી કહ્યું.

કોશા ઉઠી ને નરેંદ્રદેવને પગે લાગી. તેની આંખમાંથી ઝેર વર્ષી રહ્યું હતું. દેખીતી નમ્રતામાં પણ તેનો ક્રોધ છુપાઈ રહેતો નહોતો. ગર્વથી તે ઉભી થઇ. "સીતાધ્યક્ષ ક્યારે આવશે ? " તેણે પુછ્યું; " સમાજમાં મળશે" વક્રનાસે કહ્યું.

" જેવી આજ્ઞા !" કહી માથું ઉંચકી, ગુસ્સામાં તે બહાર જતી રહી.

---

૧. ખેતીવાડીનો અધ્યક્ષ.

પ્રકરણ ૨૫ મું

સમાજનો પ્રારંભ

ચોથની સવારથી પાટલિપુત્રથી રાજગિરિનો રસ્તો માણસોથી ઉભરાવા લાગ્યો.

—એ રસ્તા પરથી સવારથી પગે ચાલી જનારાઓ જવા લાગ્યા. ઘણાએ બૈરાં છોકરાં સાથે લીધાં હતાં. કેટલાક કુદતાં હસતાં છોકરાં ખભે ચઢાવ્યાં હતાં. કેટલાક વૃદ્ધો, છોકરાઓથી દોરાતા હતા છતાં, નિસ્તેજ આંખે નવું જોવાનો ઉત્સાહ દાખવતા જતા હતા.

—એ રસ્તા પર બળદનાં વાહનોમાં જનારા પણ ધીમે ધીમે દેખાવા લાગ્યા. તોફાને ચઢી, બળદની ગાડીની શરતો દોડાવી હોકાર ને ચુમાટાથી તે પોતાનો ઉત્સાહ દર્શાવી રહ્યા હતા. બે પખાલીઓ, એક પાડા પર અને એક ગધેડા પર બીરાજી જાણે હાથી પર ચઢયા હોય એવા દમામથી ચાલ્યા જતા.

—એ રસ્તા પર રંગેલા, શણગારેલા, ઝાંઝરીઆળા ઘોડા પર ચઢી, મજાહમાં ચકચુર બનેલા સવારો પણ ઘોડા થનગનાવતા, પગે ચાલનાર જોડે ટોલ ટપ્પા મારતા આવી લાગ્યા.

—એ રસ્તા પર કોઇ વૃદ્ધ રાજપુરુષ, કોઇ અત્યંત જાડો શ્રેષ્ઠી, કોઇ રૂપગર્વિતા સ્ત્રી—શસ્ત્રસજ્જિત સૈનિકોથી વીંટાએલી—પાલખીએ ચઢી આવવા લાગી. કેટલીક સ્ત્રીઓએ પોતાની પાલખી પર જરીનાં કપડાં ઢાંક્યાં હતાં. અને પોતાનું રૂપ જોઇ કુતૂહલ થાય તેનાથી વધારે કુતૂહલ પેદા કરવાની પેરવી કરી હતી.

—એ રસ્તા પર રથ અને હાથી શોભાવનારા મહાજનો પણ આવી લાગ્યા. રથોના ઘોડા ચાલતા નહોતા, નાચતા હતા. હાથીઓ પણ ચાલતા નહોતા, થનક થનક ડોલતા વિહરતા હતા. રથ ઉપરની ધજાઓ ફરકતી; અંબાડીઓનાં શિખર ચમકતાં.

—આ રસ્તે શ્વેત ને પ્રતાપી, સુવર્ણે રંગેલા એવા હયયુગલો ઝપાટાબંધ દોડતા ધુળ ઉડાડતા આવ્યા; અને લોકો માગ આપે ન આપે તે પહેલાં તેમના દેદીપ્યમાન રથને લઇ ગયા. જનારા લોકોએ રત્નમાં ચમકતી, સ્ફટિકથી શોભતી, દેવાંગનાસમી દેદીપ્યમાન એક સ્ત્રી—વીજચમકની ઝડપથી—જતી જોઇ; અને સ્મરણપટમાં નોંધ્યું કે મહામાત્ર સંનિધાતા દર્શકની સુવિખ્યાત સ્ત્રી જોઇ તેમનું જીવન આજે કૃતાર્થ થયું...

—એ રસ્તે પ્રતાપી રાજપુરુષો, અધ્યક્ષો ને સેનાપતિઓ પણ આવ્યા. સંનિધાતા દર્શક પણ પોતાના હાથી પર આવ્યા. અંતઃપુરના રથો પણ જરીના પડદા પાછળ હસતી યુવતીઓનું લાલિત્ય સંતાડતા આવ્યા.

—અને આખરે રાજહસ્તી પણ આવ્યોઃ હિરણ્યગુપ્ત નંદ સાથે આંભિકુમાર વિરાજતા હતા; પાછળ વક્રનાસ ને રાક્ષસ અને આંભિનો મંત્રી બેઠા હતા. આસપાસ ત્રણસો સશસ્ત્ર ઘોડેસ્વારો સેનાજિતની આજ્ઞા પ્રમાણે ચાલતા હતા.

આ બધા રાજગિરિ પર રચેલો સમાજ જોવા જતા હતા. નંદના પાટનગર પર છવાએલી ગમગીની આજે દૂર થઇ હતી. બધા ઉલ્લાસઘેલા બન્યા હતા. ઘણે વખતે ધનનંદે આમ પ્રજાજનને પોતાના આતિથ્યનો લાભ આપ્યો હતો.

રાજગિરિ એક ટેકરી હતી તેના પર મોટા ચોગાનમાં સમાજ રચવામાં આવ્યો હતો. મગધરાજના સમાજો જગવિખ્યાત હતા. ચાણુર મુષ્ટિના યુદ્ધ માટે કંસે રચેલા સમાજથી તેમાં વધારે આકર્ષણ હતું; પાંડવોની પરીક્ષા માટે દ્રોણાચાર્યે રચેલા સમાજથી તેમાં વધારે વીરતા હતી; યાદવોએ રચેલા સમાજથી તેમાં વધારે તોફાન હતું.

આ ચોગાન હજાર ધનુર્ લાંબુ અને પાંચસો ધનુર્ પહોળું હતું. તેની પશ્ચિમે સરસ્વતીનું મંદિર હતું. આખું ચોગાન એ મંદિરનું સભાગૃહ બની રહેતું.

આ મંદિરના વિશાલ પથ્થરના ઓટલા પર રંગભૂમિ હતી; અને ચોગાનની બે તરફ બે માળનાં પ્રેક્ષાગારો હતાં.

જમણી બાજુએ પહેલો પ્રેક્ષાગાર નરેંદ્ર દેવનો હતો; અને સામેનો પ્રેક્ષાગાર અંતઃપુર માટે હતો. પછી થોડા પ્રેક્ષાગારો જુદા જુદા મહાજનોના હતા. ત્યાર પછીના પ્રેક્ષાગારો જુદા જુદા ગણોના હતા જ્યાં નગરજનો જોવા બેસતા.

દરેક જણે પોતપોતાનું પ્રેક્ષાગૃહ પોતાની શક્તિ પ્રમાણે શણગાર્યું હતું. બધે રંગબેરંગી આચ્છાદનો હતાં. દરેક ગૃહમાં ચોગાનમાં જોઈ શકાય એવી રીતે–મંચાતિમંચ–મંચ પર મંચ ગોઠવ્યા હતા. અંતઃપુરના ગૃહ પર સૂક્ષ્મ જાળની જવનિકા નાખવામાં આવી હતી. નરેંદ્રદેવના પ્રેક્ષાગૃહ




ચારે તરફ તેણે જોયું–અને એકદમ ઉંચી નજર સેનાજિતના પ્રેક્ષાગાર તરફ કરી

પર સોનાના વરખ ચોંટાડ્યા હતાં; અને અંદરના પર્યંકો રંગીન કપડાં અને પુષ્પથી શણગાર્યા હતા.

મંદિરની સામેની બાજુ ખુલ્લી હતી; ત્યાં ગરીબ નરનારીઓ આવી બેઠાં હતાં.

બે પ્રેક્ષાગાર વચ્ચે પશુઓને આવવાનો માર્ગ હતો. મંદિર પર અને બધા પ્રેક્ષાગારો પર વાજિંત્રો હતાં; અને ઢોલ ને તૂરિના નાદો ગગન ભેદી રહ્યા હતા.

પ્રેક્ષાગારની પાછલી બાજુએ રાજાના રસોઇઆઓ સમાજમાં આવેલાંને માટે માંસ, અનેક પ્રકારનાં અન્ન, અને સુવાસભરી સામગ્રી તૈઆર કરતા હતા. ભોંયમાં દાટેલા વાસણોમાં પાણી ભરી રાખ્યાં હતાં. ઠેકઠેકાણે ફળ, અવદંશ[1] અને સુરા મહાપુરુષો માટે રાખવામાં આવ્યાં હતાં. પાટલિપુત્રનો જનસમૂહ બે દિવસ ને બે રાત અહીંઆં ઉત્સવ કરવા આવતો હતો.



દરેક ડોક પ્રેક્ષાગૃહમાંથી આગળ લંબાઈ. “આ કોણ?” ગૌરીએ સુનેત્રાને પૂછ્યું.

ગૌરી આ બધું જોઇ દિઙ્મૂઢ બની ગઇ. સેનાજિતની બહેન સુનેત્રા આધેડ વયની, જાડી અને ભલી હતી. તે પોતાની સગી, સહચરીઓ સાથે સેનાજિતનું પ્રેક્ષાગૃહ શોભાવતી હતી. ગભરાતી ગૌરી તેને પસંદ નહોતી; તેનો ભાઇ ખરાબ વહુ લઇ આવ્યો હતો એમ તેનું માનવું હતું; તેને કોઇ મહાપુરુષની કન્યા ભાભી તરીકે ગમત. પણ તેના તેજસ્વી ભાઇથી તે બીતી; અને રખે તે ગુસ્સે થાય એવા ડરથી તેણે નક્કી કરેલી વધૂ ઉપર વારી જવાનો ડોળ તે કરતી.

ગૌરી જોઇ રહી. આટલાં બધાં માણસોનો ને આટલાં બધાં ધનાઢ્ય સ્ત્રીપુરુષોનો સમૂહ તેણે કદી દીઠો નહોતો. તે બધાંને જોવામાં પડી; અને સુનેત્રાને બધા નામ ને ઓળખાવવામાં રસ પડ્યો.

તેણે ગરીબોને હરખાતા આવતા જોયા; પૈસાવાળાઓને મલકાતા આવતા જોયા. ઠઠ્ઠા મશ્કરી કરતા, હસતા વીરો; કુટુંબીઓમાં ઘુમતા ધનાઢ્યો; અચંબો પામી રહેલા પરદેશીઓ;

[1] ઉત્તેજક પદાર્થ.

મીજાજમાં પગ ફેરવતી સુંદરીઓ; આડંબર દર્શાવતા સામંતો; ગર્વથી આવતા રાજપુરુષો: આ બધા એક પછી એક આવતા તેણે જોયા. અને પાટલિપુત્રની સમૃદ્ધિ ને સત્તાનું પ્રદર્શન જોઇ પિતાની અધોગતિનું દુઃખદ સ્મરણ થયું. તે અત્યારે અમાત્ય હોત તો તે—

બે સુવર્ણરંગી ઘોડાવાળો, ઇંદ્રનો હોય એવો રથ ઉડતો હોય તેમ આવ્યો, અને નરેંદ્રદેવના પ્રેક્ષાગાર પાસે ઉભો રહ્યો.

દરેક ડોક પ્રેક્ષાગૃહમાંથી આગળ લંબાઇ, દરેક આંખ કુતૂહલથી જોઇ રહી.

"આ કોણ?" ગૌરીએ સુનેત્રાને પુછ્યું.

"ઉંહ." સુનેત્રાએ મોં મચકોડયું. "એ તો પેલી મૈનાકી" તિરસ્કારથી તેણે કહ્યું. પોતાના પતિની એક સામાન્ય અધ્યક્ષની પદવી, પોતાની સાધારણ ધનાઢ્યની સ્થિતિ, પોતાનું સામાન્ય રૂપ એ બધાથી થાકી રહેલી સુનેત્રા મૈનાકીને જોઇ બળી બળી થઇ રહી.

"કોણ દેવી!"

સુનેત્રાની સહચરીઓ જરા તિરસ્કારથી જોઇ રહી. સુનેત્રા દેખતાં મૈનાકીનાં વખાણ કરવાં એટલે તેનો ક્રોધ વહોરવા જેવું થતું. સુનેત્રાની આંખો ગુસ્સામાં ફાટી–અને છતાં જાદુથી હોય તેમ નીચે ઢરી રહી.

હીરા ને રત્નમાં સૌંદર્યના સ્વપ્ન સમી મૈનાકી રથમાંથી ઉંચી, છટાભરી—તે ઉતરી. ચારે તરફ તેણે જોયું–અને એકદમ ઉંચી નજર સેનાજિતના પ્રેક્ષાગાર તરફ કરી. તે હસી. સુનેત્રા ને તેની સખીઓના મુખ પરનો ક્રોધ જતો રહ્યો—ને નમ્રતાભર્યા આવકારનું દીન હાસ્ય છવાઇ રહ્યું.

મૈનાકી પોતાના પ્રેક્ષાગારમાં વળવાને બદલે સુનેત્રા તરફ આવી. સુનેત્રાએ ગૌરીને પુછ્યું: "તમને મૈનાકી ઓળખે છે કે?" તેના અવાજમાં માન હતું.

"હા. દેવી મારાં બ્હેનપણી થાય છે" ગૌરીથી ગર્વ દર્શાવાઇ ગયો. બધાં એકદમ ગૌરી તરફ સબહુમાન જોઇ રહ્યાં. આ છોકરી મૈનાકીની બહેનપણી!

અંધકારગ્રસ્ત વાદળમાંથી ચંદ્ર તરી આવે તેમ ચમકતી મૈનાકી આવી. "કેમ ગૌરી! કેમ છે?" હીરાઓ ચમકયા. સુગંધ ને સુવાસથી આખો ખંડ ચારે તરફ મધમધી રહ્યો. હાથ જોડી બધાં હસી રહ્યાં. સુનેત્રાના મોં પર હાસ્ય છલકાઇ ગયું.

"દેવી! આમને ઓળખ્યાં?" ગૌરીએ શરમાઇને કહ્યું; "સેનાજિતનાં બ્હેન"

"સુનેત્રાદેવીને હું ઓળખું છું" મૈનાકીએ હસીને કહ્યું. સુનેત્રાના મોંઢામાં પાણી આવ્યું. "તમે બંને મારી પાસે આવોની. ના નહીં કહેશો. ચાલો. સેનાજિત પણ આજ આવવાનો છે."

સુનેત્રાની આંખે અંધારાં આવ્યાં. આખા પાટલિપુત્ર દેખતાં મૈનાકીની સાથે બેસવું, હસવું, ખાવું, સુવું! ખરેખર તેના ભાઇએ ઘણીજ સરસ વધૂ પસંદ કરી હતી. ગૌરી ન હોત તો મૈનાકી સાથે બેસવાનો લહાવો મળત?

ગૌરી ના કહેવા જતી હતી. પણ સુનેત્રા બીજી વાર કહેવાની વાટ જુએ એવી નહોતી. તેણે પોતાની શાલ હાથમાં લીધી. અને સાથે ગૌરીની પણ લઇ લીધી.

"અધ્યક્ષરાજ આવે તો કહેજે કે હું દેવીના પ્રેક્ષાગૃહમાં છું."

મૈનાકી આ બેને લઇ પોતાના પ્રેક્ષાગૃહમાં આવી. નંદરાજના ગૃહથી જરાક ઓછું દેદીપ્યમાન આ હતું; પણ તેમાં ચીતરેલાં ચિત્રો, મઢેલો શણગાર અને પાથરેલાં પુષ્પો તેને ઘણુંજ રમણીય કરતાં હતાં. ચંદનની સુવાસ ચારે તરફ

પ્રસરી રહી હતી. આ પ્રેક્ષાગારમાં નાના ખંડો હતા. ચારે તરફ દાસ દાસીઓ ફર્યા કરતાં.

ગૌરી આ ભભકો ને વિલાસ જોઇ મુંગી થઇ ગઇ. સુનેત્રા અંજાઇને દીન વદને જોઈ રહી. આ બધામાં દેવાંગના સમી મેનાકી પ્રતાપનાં કિરણો ફેંકતી ફરતી હતી. વાજિંત્ર વગડ્યાં, તૂરિના નાદ થયા, દુંદુભિ ગગડ્યાં. હઝારો લોકોએ જય જય ઉચ્ચાર્યો. અને નંદરાજાની અને તેમના અતિથિની પધરામણી થઇ.

ગૌરીની નજર રાજહસ્તી પર નહોતી, ધનનંદ પર નહોતી, આંભિકુમાર પર નહોતી. રાજહસ્તીની આસપાસ ફરતા સુસજ્જ ઘોડેસ્વારોના નાયક પર તેની નજર ચોંટી હતી.

તેનો ઘોડો પંખાળો હોય તેમ ઉડતો; તેનું સુવર્ણમય બખ્તર સૂર્ય તેજનું બન્યું હોય એમ ચમકતું; તેના મુકુટ પર મોરપિચ્છ ગર્વથી, આનંદથી ફરકતું. તેના સ્વરૂપવાન મુખ પર પ્રભાવ હતો. તેના અવાજમાં મોહક સત્તા હતી.

ગૌરી બધું વીસરી ગઇ. તેને એકજ પુરુષ દેખાયો: સેનાજિત–ઉલ્લાસ ને સત્તા ને વીર્યના અવતાર સરખો તેનો પ્રણયી. તેની આંખો ઠરી રહી. સેનાજિતનાં સ્વરૂપે સ્વરૂપ તેણે આંખોમાં, હૈયામાં મઢયાં.

જ્યારે તે નરેંદ્રના પ્રેક્ષાગૃહમાં અદષ્ટ થયો ત્યારે આંખો મીંચી તે સ્વરૂપોને કાલ્પનિક રંગોથી ફરીથી જોઇ રહી.

તે પ્રેક્ષાગૃહમાં ગઇ.

ચારે તરફ લોકો ભરાઇ ગયા. સામાન્ય લોકોની ઠઠ સામે બેસી ગઇ. શંખનાદ થઇ રહ્યો.

બધાં શાંત થઇ ગયાં.

સરસ્વતીના મંદિર આગળ વક્રનાસ ને ધનનંદ અને બે બીજા આવ્યા. સરસ્વતીની પૂજા કરી બકરાનું બલિદાન આપ્યું. લોકોએ જય જયકાર ઉચ્ચાર્યો. બંદી જનોએ પ્રશંસાઓ ગાઇ. બ્રાહ્મણોએ આશિર્વચન કહ્યાં. નરેંદ્રદેવ ને વક્રનાસ પાછા તેમના ગૃહમાં ગયા અને પાછા વાજિંત્ર વગડ્યાં. પાછો શંખનાદ થયો અને શાંતિ પ્રસરી.

બે ગદાધરો સામાન્ય રીતે દશ માણસ હોય તોજ ઉંચકાય એવી મોટી ગદા લઇને આવ્યા. મગધના એ બે વિશ્વવિખ્યાત ગદાધરો હતા.

તેમનું દ્વંદ્વયુદ્ધ થયું. બે નાલિકા સુધી નિઃશબ્દ જનસમૂહ એકી ટસે જોઇ રહ્યો. બંને મહારથીઓ કલ્પના કલ્પી ન શકે એવું દારુણ યુદ્ધ કરી રહ્યા; અને છતાં બેમાંથી કોઇને આંચ આવી નહીં. નરેંદ્રદેવ આંભિને પોતાના બળની પ્રશંસા સંભળાવી રહ્યા. આખરે તેમણે આજ્ઞા કરી. ગદાધરો પ્રણામ કરી વીરમ્યા. નંદે તેમને શીરપાવ આપ્યો અને લોકોએ 'જય જય' શબ્દોએ તેમને વધાવ્યા.

પાછાં વાજિંત્ર વાગ્યાં અને લોકોમાં કોલાહલ શરુ થયો. ખાવાનું તૈયાર થઇ ગયું હતું. નરેંદ્રદેવ, આંભિકુમાર ને વક્રનાસ જમવા માટે અંતઃપુરના પ્રેક્ષાગૃહમાં ગયા.

સંનિધાતા પોતાના પ્રેક્ષાગૃહમાં જમવા ગયા. સુનેત્રાના પતિને મેનાકીએ જમવાનું નિમંત્રણ મોકલ્યું હોવાથી તે પણ આવ્યા. બધા જમવા બેઠા. ગૌરીએ આશા રાખી હતી કે સેનાજિત આવશે; પણ તેને ભાન આવ્યું કે નરેંદ્રદેવ જમે ત્યારે અંતઃપુરના સેનાધ્યક્ષે ત્યાં હાજર રહેવુંજ જોઇએ. આશા નષ્ટ થઇ. સામાન્ય લોકોને રાજાનાં પકવાનો ખાવાનો લાભ મળવાથી ગમ્મતનો પાર રહ્યો નહીં.

પાછાં વાજિંત્ર વાગ્યાં ને લોકો પોતપોતાને સ્થાને આવી બેસવા લાગ્યા. નરેંદ્રદેવ ને આંભિકુમાર પણ પોતાને સ્થાને પાછા આવ્યા.

સંનિધાતા તેમની પાસે ગયા. સુનેત્રા ને તેના પતિ પોતાના પ્રેક્ષાગારમાં ગયાં.

ગૌરી મૈનાકી જોડે એકલી રહી—અને પૂજ્ય ભાવથી આ દેદીપ્યમાન અપ્સરાને નીરખી રહી. મૈનાકી જોતી હતી. અને અવારનવાર ગૌરીને કોઇ ઓળખાવતી હતી કે કૈં સમજાવતી હતી.

"આ પેલા ગૃહમાં કોણ છે ?" ગૌરીએ એકદમ પુછ્યું.

"એ ગણિકાનો પ્રેક્ષાગૃહ છે. પેલી કોશા"—

"હા, મેં ઓળખી," ગૌરીએ કહ્યું ને નીસાસો મુકયો. તેને તેનો ભાઇ સાંભર્યો.

"આ પેલો સીતાધ્યક્ષ" મૈનાકીએ કોશા પાસે બેઠેલો એક રાજપુરુષ ઓળખવાનો પ્રયત્ન કરતાં કહ્યું. "એ કયાંથી ? હં અ. એ તો નરેંદ્રદેવે કોશાને એને સોંપી છે."

શરમની મારી ગૌરી નીચું જોઇ રહી. કોશાએ પણ તેજ વખતે મૈનાકી અને ગૌરીને જોયાં. અને એક દાસીને બોલાવી કૈં સંદેશો કહ્યો.

હજુ નાટયપ્રયોગ શરુ થયો નહોતો એટલે તે દાસી ચોગાનમાં થઇ મૈનાકીના પ્રેક્ષાગૃહ તરફ આવી. થોડી વારે એક મૈનાકીની દાસી પોતાની શેઠાણી પાસે આવી.

"દેવી ! બહાર એક દાસી ગૌરીદેવીને સંદેશો કહેવા આવી છે." ગૌરીને લાગ્યું કે સેનાજિતનો સંદેશો હશે. તે સહર્ષ ઉઠી.

"જા" સમજીને મૈનાકીએ કહ્યું.

ગૌરી પાછલે બારણે ગઇ. કોશાની પેલી દાસી ઉભી હતી. "કેમ ?" ગૌરીએ અધીરાઇથી પુછ્યું.

"દેવી ! તમારો ભાઇ શોધવા જેને ત્યાં તમે ગયાં હતાં તેણે એક પ્રાર્થના કરી છે."

"કોણ કો—"

દાસીએ મોઢા પર આંગળી ધરી. "હા. તમે તેની પાસે યાચના કરી, તેવી એ અત્યારે કરે છે."

"શી ?"

"એને મૈનાકીદેવીને મળવું છે."

"અરર–પણ—"

"કોણ મળવા માગે છે ?" મૈનાકીએ પુછ્યું. દાસીએ મૈનાકીને ઓળખી ને પ્રણિપાત કર્યા.

"કોશા."

"મોકલ" મૈનાકીએ આજ્ઞા કરી; "ને આ પાછલા ખંડમાં બેસવા કહેજે."

ગૌરી અજબ થઇ. મૈનાકી જેવી પ્રતિષ્ઠિત સ્ત્રી કોશાને મળે ? તેને ખબર નહોતી કે મૈનાકી હવે રાજનીતિના પાઠ પઢતી હતી. થોડી વારે પાકો શંખનાદ થયો. અને લોકો શાંત થઇ ગયા. અંધારું થવા લાગ્યું હતું. મંદિરના ઓટલા પર પાંચસો મશાલચીઓ મશાલ લઇ ગર્ભદ્વારની બે તરફ ઉભા રહી ગયા હતા.

એ બેની વચ્ચે ઉઘાડા ઓટલા પર 'દક્ષયજ્ઞ' નો નાટક શરુ થતો હતો. લોકો એકેચિત્તે જોઇ રહ્યા હતા.

સૂત્રધારે નાંદી બોલવા માંડી.

એક દાસીએ આવીને મૈનાકીના કાનમાં સંદેશો કહ્યો; એટલે તે ઉઠી, ગૌરીને બેસવાનું કહી તે બાજુના ખંડમાં ગઇ.

એ ખંડમાં એક દીવેલનો દીવો બળતો હતો. મૈનાકીએ જોયું. સામે કોશા ઉભી હતી.

"દેવી ક્ષમા કરો ! મારા જેવીને તમારી પાસે આવવાનો અધિકાર નથી. પણ દુઃખની મારી આવી છું." ગદ્ગદ્ કંઠે તેણે હાથ જોડી કહ્યું.

સખતાઇથી મૈનાકીએ જોયા કર્યું.

"દેવી ! આપ જાણતાં હશો. મારું હતભાગિનીનું નશીબ ફુટયું છે."



ચિત્રકાર:] "દેવી ક્ષમા કરો ! ... ... દુઃખની મારી આવી છું."–પૃષ્ઠ ૧૦૨ [રા. જગમોહન મીસ્ત્રી.

" શું છે ?"

" સ્થૂલભદ્રદેવ જતા રહ્યા." કોશાએ ધ્રુસકું ખાધું.

મૈનાકી બોલી નહીં.

" ને અમારાથી રાજઆજ્ઞા ઉથાપાય નહીં. નહીં તો દેહાંત દંડ થાય. નરેંદ્રદેવે સીતાધ્યક્ષને મારે માટે મોકલી આપ્યા છે."

મૈનાકી તિરસ્કારથી મુગીજ રહી.

" મને બચાવો. હું પતિત છું–પણ માનવ જાત છું–સ્ત્રી છું. દેવી ! તમે સ્ત્રી છો. હું શૂદ્ર છું–પણ મારી વહારે ધાઓ. નરેંદ્રદેવને આપના પતિ મારફતે કહાવો ને આજ્ઞા રદ કરાવો. સંનિધાતાનું નરેંદ્રદેવ માનશે. સ્થૂલભદ્ર સીવાય મારે બધા વર્જ્ય છે."

"એ મારું કામ નહીં" પુઠ ફેરવી મૈનાકીએ કહ્યું.

"દેવી ! દેવી !" કોશા પગે પડી. "તમારા સીવાય કોઇ એ કરી શકે નહીં. સંનિધાતા સીવાય કોઇ નરેંદ્રદેવને સમજાવી શકે નહીં. મને જીવન–મારો ધંધો–શ્વાસ ને પ્રાણ અકારાં થયાં છે. મને મદદ કરો. મારો ઉદ્ધાર કરો."

મૈનાકીએ ગર્વથી ડોકું ઉંચું કર્યું. પતિત સ્ત્રીઓની વહારે ધાવાનું તેનું કામ નહોતું. તેણે એક ડગલું ભર્યું—ને વિચાર આવ્યો. તેની આંખો ચમકી ને તે પાછી ફરી. "કોશા નરેંદ્રદેવ નહીં માને તો શું કરશે ?"

"સીતાધ્યક્ષનો પ્રાણ લઇશ કે મારો આપીશ." કોશાએ દૃઢતાથી કહ્યું.

" નરેંદ્રદેવને તું કેમ મળતી નથી ?"

" મળી, પણ ના કહે છે. વક્રનાસ મજાક કરે છે."

" ત્યારે એ નહીં માને." મૈનાકીએ કહ્યું.

" કૈં રસ્તો તો બતાવો."

" એક જણ રસ્તો બતાવે તો બતાવે. મારી અક્કલ ચાલતી નથી."

" કોણ ?"

" શકટાલને ત્યાં આચાર્ય વિષ્ણુગુપ્ત આવ્યા છે. તેને પુછી જો. કહે છે કે એ સર્વશાસ્ત્ર-વિશારદ છે."

મૈનાકી ચાલી ગઇ. કોશા દિંગ થઇ જોઇ રહી ને નીસાસો નાખ્યો ને ત્યાંથી ભારે હૈયે પાછી વળી.

મૈનાકી ગૌરી પાસે ગઇ ત્યારે મનમાં મલકાતી હતી. તે હવે રાજનીતિમાં પ્રવીણ થતી હતી.

પ્રકરણ ૨૬ મું

—o—

તે રાતે

મૈનાકી પાછી આવી અને થોડા વખતમાં સેનાજિત આવ્યો. ગૌરીનું અંતર હસુહસુ થઇ રહ્યું.

રંગભૂમિ પર શંકર પાર્વતી પ્રેમ કરતાં હતાં. સુવાસ ચારે તરફ પ્રસરી રહી હતી. મશાલોના આછા ઉજાસથી પ્રેક્ષાગૃહમાં રમણીય–આછા બહારના પ્રકાશથી મોહક અંધકાર પ્રસર્યો હતો. સેનાજિત આવ્યો ને તેણે મુગટ દૂર મુકયો, તેની આંખો પણ નાચતી હતી. મૈનાકીનાં વસ્ત્રોમાં સજ્જ થએલી ગૌરીને જોઇને પળ વાર મુગ્ધ બની ઉભો અને પછી આવી વાતો કરવા લાગ્યો. મૈનાકી ચતુર હતી. તેણે બંનેને થોડાં હસાવ્યાં અને સુવાનું બહાનું કાઢી બીજા ખંડમાં ચાલી ગઇ. બે પ્રણયીઓ એકલાં રહ્યાં.

એમાંથી કોઈ બોલી શકયું નહીં. બહાર પાર્વતીજી પોતાનું રુદન કરી રહ્યાં.

પછી સેનાજિત બોલવા લાગ્યો. તેમના લગ્નમાં પડેલા વિક્ષેપની વાત કરી; પોતાની આશાઓની વાત કરી. ગૌરીએ પોતાની મુશ્કેલી સુચવી. પિતાની જીદ વીશે બે બોલ કહ્યા. સેનાજિતે આચાર્યનો ઉલ્લેખ કર્યો. ગૌરીથી બોલાઈ ગયું; 'એ આચાર્યજ આડે આવે છે.' ભલી બીચારી નિર્દોષ ગૌરીથી ન કહેવાનું કહેવાઇ ગયું. સેનાજિતનાં ભવાં સંકોચાયાં.

"એજ વચમાં આવે છે. એની દાનત તને પરણવાની છે."

ગૌરી શું કહે ? તે નીચું જોઇ રહી.

સેનાજિત ઉકળ્યો, વિષ્ણુગુપ્ત વીશે જે કહેવાનું હતું તે કહ્યું.

ગૌરીને પણ એ વાત ખરી લાગી. એ નહીં આવ્યા હોત તો આ બધી પીડાઓ ઉભી થાત નહીં.

થોડી વાર બંને મુગાં બેઠાં. આચાર્યજ વચ્ચે આવે છે એમ બંનેની ખાત્રી થઈ ગઇ. ગૌરી સેનાજિતના મીઠા, ભાવભર્યા સ્વરની મોહિનીમાં બધું વીસારી પ્રણયઘેલી થઇ. સેનાજિત ગૌરીની હાજરીમાં કર્તવ્ય વીસરી કાલોઘેલો થઇ ગયો. અનિશ્ચિત ભાવિની ચિંતા કરતાં બંને 'દક્ષ યજ્ઞ' જોતાં હતાં, બીજી થોડી વાતો કરતાં હતાં, ઘણી વાર મુંગાં બેસતાં હતાં, એક બીજાની પ્રણયઉષ્માથી સચેતન બનતાં હતાં.

સેનાજિતે પોતાના કર્તવ્યની પરવા કરી નહીં. આવો લહાવો કયારે મળશે ? તેમાં હાથમાંથી સરી જતી ગૌરી નજર આગળ હતી ને આવાં વાતાવરણમાં—એકાંતમાં. તે ત્યાંજ બેઠો. રાત જવા લાગી. એ પ્રણયીને વખત ગયો તે જણાયો નહીં. સેનાજિત વીસરી ગયો કે રાતે નગરમાં પોતાને ત્યાં જઇ આવવાનો તેણે સંકલ્પ

કર્યો હતો. પોતાને ત્યાં પડેલો ભુખ્યો કેદી તો કયાંથીજ સાંભરે ?

મધરાત વીતી ગઇ. કેટલાક પ્રેક્ષાગારોમાં લોકો સુવા માંડયા. ભોંય પર બેઠેલા લોકોએ લંબાવવા માંડયું. નટોના અવાજ ખોખરા થયાં. મશાલનાં બળતાં નિસ્તેજ થવા લાગ્યાં.

નાટકના રસીઆઓને પણ ઉંઘ આવી. ગૌરી ને સેનાજિતની વાત ખુટી નહીં. એમાંથી કોઇને ઉંઘ આવતી જણાઇ નહીં

મૈનાકી સુતી હતી તે ખંડમાંથી એક જુવાન પુરુષ બહાર પડયો. અંધકારમાં તે આગળ વધ્યો.

તેને એક બીજો પુરુષ મળ્યો. થોડે દૂર બે ગયા ને બે ઘોડાઓ તૈઆર ઉભા હતા તેના પર બેઠા. બધા મોજમજાહ કરી, ખાઇ ઉંઘતા હતાં, કે નાટક જોતા હતા. કોઇએ તેમને જોયા નહીં.

પેલા બે પુરુષોએ નગર તરફ ઘોડા મારી મુકયા. ગુપ્ત મંત્ર ઉચ્ચારતાં, દરવાનોએ દરવાજા ઉઘાડયા; અને પેલા બે જણ સંનિધાતાના પ્રાસાદ તરફ આડે રસ્તે થઇ ગયા.

થોડે દૂર એક માણસ ઉભો હતો તેના હાથમાં તેમણે ઘોડા સોંપ્યા. અને ઉતાવળે પગે તેઓ સંનધાતાને પાછલે બારણે ગયા. એક દાસીએ તરત બારણાં ઉઘાડયાં ને એ બે જણ અંદર પેઠા.

ઝપાટા બંધ ઉપર જતાં બંને જણે સુકેતુને જોયો.

"સુકેતુ !" એમાંના એક જણે કોમળ અવાજે કહ્યું.

"બધું થઇ ગયું. કુમાર અંદર છે."

"ને આચાર્ય—"

"આ ખંડમાં હમણાં આવશે" સુકેતુએ કહ્યું. સુકોમળ અવાજે પુછનાર હોડતે, ધીરે પગે અંદરના ખંડમાં ગયો. સંનિધાતાના પ્રાસાદના

એક સુશોભિત ખંડમાં એક પુરુષ ઉભો હતો નવા આવનારને સાંભળતાં તે પાછો ફર્યો. તે હસ્યો ને હર્ષથી તેણે હાથ લંબાવ્યા "મૈનાકી !"

નવો આવનાર એક કુદકે તેના હાથમાં જઇ પડયો.

પુરુષ ઉંચો અને સશક્ત હતો. એની આંખોમાં નીખાલસપણું, વિશ્વાસ અને હીંમત-ની ચમક હતી. તેના ગુંછળાંવાળા વાળ તેના કપાળ પર, તેના ખભા પર નાચતા હતા.

સેનાજિતના ભોંયરામાં આ માણસ નિસ્તેજ દેખાતો. અત્યારે ઉત્સાહથી તે કાંપતો હતો. તેણે મોટે અવાજે કહ્યું: "આખરે તેં મને છોડવ્યો ખરો. મને ખાત્રી હતી કે તું મારા વિના નહીં રહી શકે." તેણે મૈનાકીને જોરથી દાબી. મૈનાકી સુખની લહેરો અનુભવતી હતી. તેણે આંખો મીંચી પોતાની જાતને ચંપાવા દીધી.

" કુમાર !" થોડી વારે મૈનાકીએ કહ્યું; "મારે તમારા વગર ચલાવવું પડશે, કારણ કે તમારે હમણાં ને હમણાંજ પાટલિપુત્ર છોડી ચાલી જવું પડશે."

કુમાર હસ્યો અને મૈનાકીને ધસડી પોતે ખાટલા પર બેઠો. મૈનાકી તેના હાથમાંની છુટી સામે ઉભી. "કુમાર !" તેણે કહ્યું; "અત્યારે ને અત્યારે તમારે અહીંઆંથી ચાલી જવાનું છે."

"કુમાર હસ્યો. "તારે જોઇએ તે કર, હું અહીંઆંથી જરાએ ખસવાનો નથી."

મૈનાકી ગંભીર થઇ. "તમે મશ્કરીની વાત જવા દો. તમને ખબર છે કે તમને છોડવતાં મને કેટલું થયું છે ?"

"આખરે હું છુટયો ખરોને !" પગ પર પગ ચઢાવી કુમારે નીરાંતે કહ્યું.

મૈનાકીએ કચવાઇને પગ ઠોકયો; "તેમાં શું વળ્યું ? જરા સાંભળો તો ખરા."

"રાત ઘણી થોડી રહી છે. નહીં તો તને સાંભળવાની મારે કોઇ દહાડો ના છે ?"

"કુમાર !" મૈનાકીએ ગાંભીર્યથી કહ્યું; "મશ્કરી ઘણી થઇ સાંભળો. શેષ તમારા સગા થાય છે એટલે તે અહીંઆં છે ત્યાં સુધી તમને નરેંદ્રે કેદ કર્યા. લોકો એમ માને છે કે તમે શીકાર કરતાં કરતાં પ્રાગ્જ્યોતિષ ગયા. એટલામાં અહીંઆં મહાદેવીના ભાઇ આંભિકુમાર આવી પહોંચ્યા. પરમ દહાડે સવારે આંભિકુમાર ને શેષ પાટલિપુત્ર છોડી જવાના છે."

"હા," કુમારે મૈનાકીનો અર્થ સમજવાનો પ્રયત્ન કરતાં કહ્યું; "તેમાં મને શું ?"

"નરેંદ્ર તમારા પર, મારા પર, આંભિ પર અને શેષ પર ઘણાજ ગુસ્સે છે. તમે અહીંઆં હશો તો તમારી જીંદગી જોખમમાં પડશે."

કુમાર હસ્યો. "હું તો જન્મથીજ જોખમ ખેડતો આવ્યો છું."

"સાંભળો તો ખરા," અધીરાઇથી મૈનાકી-એ કહ્યું. મૈનાકીની અધીરાઇ જોઇ કુમાર ગંભીર થઇ ગયો. મૈનાકીએ આગળ ચલાવ્યું: "કેમ કર્યો તમારો પત્તો લાગતો નહોતો. આખરે આંભિ-કુમારના આચાર્ય પાસે હું ગઇ."

"કોણ વિષ્ણુગુપ્ત—જે પગે ચાલી શકટાલ-ને ત્યાં ગયો હતો તે ?"

મૈનાકીએ ચમકીને પુછ્યું: "તમે કેમ જાણ્યું ?"

"મને સેનાજિતે કહ્યું હતું. એ વિષ્ણુગુપ્ત શકટાલનો અસલનો શિષ્ય તો નહીં? તક્ષશિલા-ના કોઇ આચાર્યનો છોકરો છે; નાનો સરખો છે." હસીને તેણે ઉમેર્યું: "મારા પ્રમાણમાં."

મૈનાકીની અજાયબીનો પાર રહ્યો નહીં. "તમે કયારથી ઓળખો છો ?"

કુમારે સ્મરણ તાજું કરતાં કહ્યું: "મને યાદ છે. હું ઘણો નાનો હતો ત્યારે એ છોકરો

મને નદીને પેલે તીર મળેલો. શું કરતો હતો તે ખબર છે ? એ ત્યાંની બધી દુર્વા ઉખેડી નાખતો હતો. મેં પુછ્યું કે 'આટલી બધી દુર્વા શું કામ ઉખડે છે ?' એણે જવાબ આપ્યો કે ' એક વખત સમિધ ભેગાં કરતાં મારે પગે દુર્વા લાગી ત્યારથી આ બધી દુર્વા ઉખેડી નાખવાનો મેં સંકલ્પ કર્યો છે. મેં એને ગાંડો ધારી કહ્યું કે આ શું ગાંડપણ લાગ્યું છે ?' "જાણે છે ? તેની આંખો ભયંકર રીતે સ્થિર થઇ ગઇ ! નિશ્ચલ, કારમા અવાજે તેણે મને કહ્યું: 'છોકરા ! ચાલી જા. મારી વાતમાં વચ્ચે પડવામાં સાર નહીં.' હું એનાથી એક હાથ ઉંચો હતો, દશધણો સબળ હતો; પણ મારા હૃદયમાં એનો ધાક પેસી ગયો છે. પછી અમે મળ્યા હતા. મેં એમ પણ સાંભળ્યું હતું કે એ ઘણો વિદ્વાન હતો. પણ પછી એ એને દેશ ગયો ને શું થયું તેની મને ખબર નથી. એજ આ વિષ્ણુગુપ્ત હશે. "

મૈનાકીના અવાજમાં પણ બીકભર્યું ગાંભીર્ય હતું. "કુમાર ! એજ વિષ્ણુગુપ્ત. આવા વિષ્ણુગુપ્તો બે ન હોઇ શકે. અને એની આજ્ઞા છે કે તમારે હમણાં ને હમણાં અહીંઆંથી ચાલી જવું. "

" મૈનાકી ! શું કામ ફાંફાં મારે છે ? એવા દશસહસ્ર આચાર્યો મને અત્યારે અહીંઆંથી ઘરની બહાર પણ મોકલી શકે એમ નથી. એવો તે કેવોએક થયો છે કે તેં પણ એનું કહેવું કબુલ કર્યું ? "

" કુમાર ! કુમાર ! તમે એમને મળ્યા નથી તેમાં એમ કહો છો. શેષ જેવો એને પૂજ્ય લેખે છે. સિદ્ધાચાર્ય ક્ષપણક જેવો ભયંકર પુરુષ એના પાદ સેવે છે. યમનો પણ જેને ડર નથી એવો શકટાલ નાના છોકરાની માફક એનું કહ્યું કરે છે. વક્રનાસ અત્યારે કાંપી રહ્યો છે અને કાલે સવારે [illegible]દની સત્તા ડોલશે, પછી એ અહીંઆંથી જશે. "

કુમારનું હાસ્ય વિશ્વાસવાહોણું હતું. "ગાંડી! તારા પર એણે ભુરકી નાખી છે."

" ના, "મૈનાકીએ કહ્યું, " એણે મારી પરીક્ષા કરી. હું તમારે માટે ઘર બહાર ને પ્રતિજ્ઞા છોડવા તૈઆર છું કે કેમ તેની કસોટી કરી; અને મને રસ્તો સુઝાડયો."

" મને દેશપાર કરવાનો ? " અવિશ્વાસથી માથું ધુણાવતાં કુમારે કહ્યું.

" હા. "

" શા માટે ? "

" તમને પાછા લઇ આવવા માટે. "

" કેવી રીતે ? "

મૈનાકી વિપલ વાર ગાંભીર્યથી જોઇ રહી. " તમને મગધને સિંહાસને બેસાડીને. "

કુમાર ચમકયો. તેની મોટી આંખો પણ વધારે મોટી થઇ. તે પાછો અવિશ્વાસથી હસ્યો. "તારો આચાર્ય કેમ કરીને મને મગધને સિંહાસને બેસાડશે ?" કુમારે ડોકું ધુણાવ્યું.

" શકટાલ અને હું અહીંઆં, આચાર્ય ને તમે પરદેશ, એ બે વચ્ચે ધનનંદની સત્તા ને પ્રતાપ બે કચરાઇ જવાનાં. "

કુમાર હસ્યો. " મૈનાકી ! આખરે સ્ત્રી તે તો સ્ત્રીજ રહી. ઘેર બેઠાં તને ધનનંદની સત્તાનો શો ખ્યાલ આવે ? તને ખબર છે કે આખું આર્યાવર્ત એને નામે કાંપે છે ? તને ખબર છે કે ભારતના યુદ્ધમાં જેટલું અક્ષૌહિણી સેન્ય હતું તેથી ત્રણઘણું એ સમરાંગણે લઇ જઇ શકે એમ છે ? હું એનો એક સેનાનાયક છું. હું એની શક્તિ જાણું છું."

કુમાર આગળ બોલે તે પહેલાં સુકેતુ આવ્યો. " કૃપાનાથ ! આચાર્ય આવ્યા. "

કુમારે બારણા તરફ જોયું. તેને આજ્ઞા આપવાની જરૂર નહોતી. વર્ષો પહેલાં દરોનું

નિકંદન કાઢતો, શકટાલનો શિષ્ય ઉંમર વધ્યે વધારે પ્રતાપી વ્યક્તિત્વ દાખવતો, બારણામાં ઉભો હતો.

કુમારના અવાજમાં જરા ક્ષોભ હતો.

" કોણ વિષ્ણુગુપ્ત ? "

અમાનુષી તટસ્થતાથી જવાબ આવ્યો: " ચંદ્રગુપ્ત મૌર્ય ! હા; હું તેજ. "

આચાર્ય ખંડમાં આવ્યા.

પ્રકરણ ૨૭ મું

ચાણક્ય અને ચંદ્રગુપ્ત

આચાર્ય થોડી વાર જોઇ રહ્યા. તેની સામે ચંદ્રગુપ્ત અજાયબીથી જોઇ રહ્યો. આખરે ધીમેથી આચાર્યે કહ્યું: " કુમાર ! મૈનાકીને ન હોય તો મને ખબર છે. બધું મળી દશ અક્ષૌહિણી સૈન્ય છે. પણ તને એક ખબર નથી. તક્ષશિલા, કમ્બોજ ને ક્ષુદ્રકમાલવો આજે તારા છે. કાલે સવારે કાશી તારું થશે આચાર્ય શકટાલ અને સિદ્ધાચાર્ય ક્ષપણક મગધના ઘરેઘરમાં જવાલા પ્રગટાવી રહ્યા છે. "

" પણ મને સિંહાસન પર—એ શું ? "

" હું કહું છું; તારો સુકેતુ જાણે છે; આ મૈનાકીને ખાત્રી છે. "

ચંદ્રગુપ્ત હસ્યો. " અરે આચાર્ય તમે પણ શું બોલો છો ? એમ તે નંદોનું રાજ્ય જવાનું હતું ? "

" કેમ જાણ્યું કે નહીં જાય ? "

ચંદ્રગુપ્ત મુગો રહ્યો. હસીને તેણે પુછ્યું: " એ ન થાય તો "

" એ કેમ ન થાય ? તે હું કલ્પી શકતો નથી." આચાર્યે ઠંડે પેટે કહ્યું.

"અરે પણ હું," કુમારે કહ્યું; " સારી પેઠે કલ્પી શકું છું. તમારી ઇચ્છા શી છે ? આજે હું ખાઇ પી મોજ કરું છું તે છોડી શશશૃંગ શોધવાને નીકળું ?"

"અરે કુમાર !" મૈનાકીએ બોલવા માંડયું; —આચાર્યની આંખો સ્થિર થઇ ને તે સ્થિરતા જોઇ બોલતી અટકી પડી.

" મૌર્ય ! ઘણી વખત શશશૃંગ શોધવામાં પણ મહત્તા હોય છે. અત્યારે તું પરાધીન છે, આશ્રિત છે. તને કયારે મારી નાખશે તે કહેવાતું નથી. મૈનાકી તારાથી કયારે વીખુટી પડશે તે કહેવાતું નથી. અને જો મારું શશશૃંગ જડશે તો મગધનું સિંહાસન, મૈનાકીનો હાથ અને સનાતન કીર્તિ ત્રણે મળશે."

" મૈનાકીનો હાથ ! " મૌર્યે ચમકીને મૈનાકી તરફ જોયું.

મૈનાકીનું તેજસ્વી મોં ગર્વ અને શરમથી ઝગમગતું હતું. તેણે સુકેતુ તરફ જોયું. સુકેતુ ઉત્સાહથી હસતો હતો.

" હા," આચાર્યે કહ્યું; " મૈનાકીના ગ્રહો ભયંકર છે. એને લલાટે મગધનું મહાદેવીપદ લખાયું છે."

કુમાર હસ્યો. " મારે લલાટે મગધરાજ થવાનું કયારે લખાયું છે ? "

" જયારે મારી આજ્ઞા પ્રમાણે ચાલશે ત્યારે."

" શી આજ્ઞા છે ? "

" હમણાં ને હમણાં સુકેતુ જોડે જા. એ તારા કેશ કાપી તને ભિક્ષુનો વેષ પહેરાવશે. સૂર્યોદયે કામંદકનો પુત્ર યશ ગૌતમ ઓવારેથી નદી ઓળંગી વૈશાલી જવાનો છે. તેની સાથે વૈશાલી જા. "

ચંદ્રગુપ્તની આંખો મજાકમાં હસી રહી. તે પોતાના મનમાં હસતો હોય એમ લાગ્યું. તેણે પુછ્યું: "પછી ?"

"વૈશાલીમાં મૈનાકીનો માણસ તને શસ્ત્ર ને ઘોડો આપશે."

"પછી ?"

તે લઇ નૈમિષારણ્યમાં પ્રમંડકના આશ્રમમાં જઇ મારી વાટ જો. હું પણ કાલે નીકળી આવી પહોંચું છું."

ચંદ્રગુપ્ત એકદમ ખડખડાટ હસી પડયો. તેનાથી હસવું ખળાયું નહીં અને તે હીંચકા પર બેસી ગયો.

મૈનાકી ને સુકેતુ ગભરાટથી અને આચાર્ય સખતાઇથી તેના તરફ જોઇ રહ્યા.

આચાર્યે પુછ્યું: "તને આ પ્રપંચ લાગે છે ?"

"હું તમને શું બાળક લાગું છું ?" કુમારે પુછ્યું.

"ના. મૂર્ખ લાગે છે. અધમ ગણાતા ભાયાતની આગળ હું અર્વાનમાં અપ્રતિમ એવું સામ્રાજ્ય ધરું છું અને મતિમંદ તે ના પાડે છે. ચંદ્રગુપ્ત તું મને સારી રીતે ઓળખે છે. તને મારો મિથ્યાવાદ લાગતો હોય તો તારું દુર્ભાગ્ય."

"મારું દુર્ભાગ્ય શા માટે ? ધનનંદ રાજાને ઘેર અવતર્યો, હું ભાયાતને ઘેર અવતર્યો. એ રાજ કરે છે, હું મોજ કરું છું."

"આ કારણથી કાયર બને છે ! તો જાણ હે મૌર્ય ! કે તારો પિતામહ કુમારગુપ્ત શૈશુનાગ મહાનંદીનો ઔરસપુત્ર પુત્ર હતો. મુરા દાસીનો પુત્ર નહોતો" આચાર્યે કહ્યું.

ચંદ્રગુપ્ત આંખો ફાડી શબ્દોના અર્થ ન સમજતો હોય તેમ જોઇ રહ્યો.

મૈનાકી પણ વાર જોઈ રહી, અને ઉઠીને ચાણુક્યની સામે આવી. તેનું તેજસ્વી મોઢું જિજ્ઞાસા અને દબાવેલા ઉત્સાહથી તપ્ત સુવર્ણ સમું જ્વલંત લાગતું હતું.

"કોણ ? કુમારગુપ્ત–મહાનંદીના ઔરસ પુત્ર ?"

"શું કહો છો !" નિર્બલ અવાજે ચંદ્રગુપ્તે પુછ્યું.

"જો સવાર પડવા આવી છે ને વખત છે નહીં. તું દાસીપુત્ર છે તે ભુલી જા. તારા પિતામહ કુમારગુપ્ત મહાનંદીની મહાદેવી સુભગાના પુત્ર હતા."

"કયાંથી જાણ્યું ?" મૈનાકીએ પુછ્યું. આ પ્રશ્નના જવાબમાં રહેલા ગાંભીર્યથી તેના મુખ પર લોહી તરી આવ્યું.

"આર્યોઓમાં શ્રેષ્ઠ ! જે હું જાણું છું તે હું જાણું છું." ચાણુક્યે શાંતિથી જવાબ વાળ્યો. "મગધના નાથ મહાનંદીને તેની પ્રિય શુદ્રાના પુત્ર ઉગ્રસેને મારી નંખાવ્યા એ વાત સુવિખ્યાત છે."

ચંદ્રગુપ્ત જોઇ રહ્યો. મૈનાકીએ અધીરાઇથી પુછ્યું: "પછી ?"

"પિતૃલોકમાં વિચરેલા તે મહાત્માને વરેલી પૃથ્વીનો પતિ થવાને તે ઉગ્રસેન ઉત્સુક થયો

અને શૈશુનાગ વંશનો વિધ્વંસ કરાવ્યો. એ વાતની કોને ખબર નથી ?"

"મેં સાંભળ્યું છે" મૈનાકીએ કહ્યું.

"હે માર્યવર્ય !" આચાર્યે કહ્યું; "જ્યારે શૂદ્રાપુત્ર ઉગ્રસેને મહાપદ્મ નંદનું નામ ધારી મહીને ફરીથી સનાથ કરી ત્યારે-પતિ વિયોગથી દુઃખી એવી સુભગા મહાદેવી શૈશુનાગની કીર્તિના બીજ રૂપ એવો તેજસ્વી ગર્ભ ધારતી હતી."

"હેં !" ચંદ્રગુપ્તને વાચા થઈ.

"સાંભળ વાત !" આચાર્યે કહ્યું. "કૃતાંત સમો મહાપદ્મ રખેને પુત્ર રૂપે અવતરેલા એ બીજનો વિનાશ કરે એવા ભયથી મહાદેવીએ તેને દુઃખથી ગર્ભ જેનો પડ્યો છે એવી મહાનંદીની પ્રિય દાસી મુરાને સોંપ્યો." પુરાણની કથા કહેતા હોય એવી તટસ્થતાથી તેણે ઉમેર્યું.

"પછી ?"

"સાંભળ, એ પુત્ર તે કુમારગુપ્ત મૌર્ય-મહાનુભાવ !-તારો પિતામહ. માટે ક્ષત્રિયકુલ-ઉદ્ધારક મૌર્ય ! શંકા છોડી તું કર્તવ્ય કરવા તત્પર થા."

આચાર્ય બોલી રહ્યા પછી ક્યાં સુધી કોઈ બોલ્યું નહીં. ચંદ્રગુપ્ત આંખે બે હાથ દઈ બેઠો હતો. આ વાત ખરી કે ખોટી તે તપાસવાની પણ તેનામાં હીંમત નહોતી. પોતે મહાનંદીના દાસી પુત્રનો પૌત્ર હતો એ ખ્યાલ તેના તેજસ્વી સ્વભાવને સાલ્યા કરતો. શું આ કલંક ખોટું હતું ? શું શૈશુનાગકુલના ભૂષણ મહાનંદીનો પોતે પ્રપૌત્ર હતો ? શું પોતે ક્ષત્રિય હતો ?

પોતે અધમ છે એવી માન્યતાથી તે ઘણી વખત અધમતામાંથી ઉદ્ધરવાનો પ્રયત્ન કરતો નહીં, અને નંદની મહત્તાને નમતું આપતો. અત્યારે પલ વારમાં તેને પોતાનો પ્રતાપ અને નંદની નિર્માલ્યતા બંને વધતાં લાગ્યાં. અત્યાર સુધી પોતે કુલવિહીનતાની ખીણોમાં ઉભો ઉભો નરેંદ્રકુલના ગિરિશૃંગ પર વિરાજતા ધનનંદને પૂજ્યભાવથી જોઈ રહ્યો હતો. હવે બંને સ્થાન ફેર લાગ્યાં પોતે વ્યોમસ્પર્શી ગિરિરાજ પરથી નીચે ઉભેલા નરેંદ્રને જોઈ રહ્યો હતો.. પોતે-શૈશુનાગ ક્ષત્રિય કુલોદ્ધારક !

"આચાર્ય !" આખરે તેણે પુછ્યું; "આ વાત ખરી એની ખાત્રી શું ?"

"અલ્પ શ્રદ્ધામાં આનંદ માનનાર ! મહાપદ્મને પોતાની વિદ્યાથી સહાય્ય કરતા હતા એવા બાલ્હિકાચાર્યે અણી વખતે પોતાને ઉપયોગ લાગે એવા મુદ્દાથી આ યોજના રચી હતી. તે આચાર્યવર્યને સ્વમુખે સાંભળનાર તેના પૌત્ર આચાર્ય શકટાલ અહીંઆંજ છે. સુકેતુ ! ગુરુદેવને બોલાવ."

સુકેતુ ગયો. કોઈ બોલ્યું નહીં. થોડી વારે સુકેતુ અંધ શકટાલને દોરીને લઈ આવ્યો. આચાર્ય વિષ્ણુગુપ્ત, મૌર્ય અને મૈનાકી હાથ જોડી ઉભાં રહ્યાં.

"ગુરુદેવ !" વિષ્ણુગુપ્તે કહ્યું; "મૌર્યને પોતાની જન્મ કથાની ખાત્રી નથી થતી."

શકટાલના હોઠ થોડી વાર કાંપ્યાં. તેણે કર્કશ અવાજે કહ્યું: "મૌર્ય ! તું મહારાજ મહાનંદીનો પ્રપૌત્ર છે એમાં કંઈ સંશય નથી."

ચિતામાંથી ઉભા થએલા કોઈ શબને જોતો હોય એવા ગભરાટથી ચંદ્રગુપ્ત આ અધં-

ક્રૂર મંત્રી તરફ જોઈ રહ્યો. "તમને" તેણે આખરે પુછ્યું; "કોણે–બાલ્હિકાચાર્યે કહ્યું?"

"હા." શકટાલે જવાબ આપ્યો.

"ગુરુદેવ! ગુરુદેવ!" ચંદ્રગુપ્તે અકળાઈને કહ્યું. "તમે અને આચાર્ય વિષ્ણુગુપ્ત મને બનાવો છો. આચાર્ય મને કહો ખરી વાત શી છે? હવે ખરું જાણ્યા વિના મારાથી જીવાશે નહીં."

"તારે પ્રત્યક્ષ પ્રમાણ જોઈએ છે? કુમારગુપ્તને મુરા દાસી પાસે લઈ જનાર બાલ્હિકાચાર્યના શિષ્ય મુનિ ઉદ્દાલક નૈમિષારણ્યમાં હજુ તપશ્ચર્યા આદરે છે."

"મુનિ ઉદ્દાલક!" ચંદ્રગુપ્તે પુછ્યું.

"કુમાર!" ધીમેથી આચાર્ય વિષ્ણુગુપ્તે કહ્યું: "કામંદકનો પુત્ર યસ જવાની તૈયારી કરતા હશો. હવે નીકળી જા."

ચંદ્રગુપ્ત આચાર્ય સામું ડોળા ફાડી ઘુરકી રહ્યો. "તમારે મને નૈમિષારણ્ય મોકલવો છે? એ વાત છે, કેમ?"

"હા." આચાર્યે કહ્યું.

"જો મુનિ ઉદ્દાલક ન મળે તો—"

"તો, પાછા આવતાં કોઈ તને રોકતું નથી."

"આચાર્ય! આચાર્ય!" અધીરાઈથી વિષ્ણુગુપ્ત તરફ હાથ કરી મૌર્યે કહ્યું; "તમેજ આ બધું તોફાન ઉભું કર્યું છે. પણ શા માટે તે કહેશો? આ બધી પુરાણી કથા ઉકેલવાનો મુદ્દો શો? તમે પરદેશી છો. આ પ્રપંચમાં મને કચરી નાખવા શા માટે તૈયાર થયા છો?"

"તને પૃથિવી અપાવવા."

"પણ આ પરમાર્થ કેમ આદર્યો?" કટુતાથી ચંદ્રગુપ્તે પુછ્યું. "આ મેનાકીને કેમ હાથ પર લીધી છે? આટલે વર્ષે આ વૃદ્ધ મંત્રી પાસે રહસ્યો કેમ ઉઘાડાં પડાવ્યાં? કઈ વ્યૂહરચનામાં મને સપડાવવો છે? આચાર્ય! શા માટે?"

"શા માટે!" આચાર્ય વિષ્ણુગુપ્તે કહ્યું; અને તેના હોઠ જરાક કાંપ્યા. "મને સ્વાર્થ છે."

"શો સ્વાર્થ?"

"મારો સ્વાર્થ. હા. છે. અત્યારે પૃથ્વીનું આધિપત્ય જે આ દુષ્ટ શૂદ્ર–ધનનંદના હાથમાં છે, તે લઈ મારે તારા— ક્ષત્રિયના હાથમાં મુકવું છે."

"તમારે અમાત્યપદ લેવું છે–એમ કહોની" ચંદ્રગુપ્તે કટાક્ષથી કહ્યું.

"હા. પણ મને એ પદની લાલસા નથી. તક્ષશિલાનું અમાત્યપદ મારા પિતાનું છે તે કાલક્રમે મારું થશે. ધારું તો વક્રનાસનું પદ લઈ શકું એમ છું. પણ ગુરુદેવની સામે જો. શેષને ભારરૂપ એવા અમાત્ય શ્રેષ્ઠ શકટાલની આ દશા જોયા પછી એ પદનો મોહ કયા મૂઢને રહે?"

"ત્યારે એ લોભ શા માટે રાખો છો?"

"કારણ કે એ પદ લેનાર રાજત્વનો અગ્નિહોત્રી બને છે. કુમાર! રાજત્વ પણ વૈશ્વાનર છે. તે બળે છે, બાળે છે; પોષે છે ને પુનિત કરે છે; વિનાશે છે ને સજીવ કરે છે. તેને જે સાચવે છે તે તેના પ્રતાપથી તપે છે છતાં તેના વડે મોક્ષ પામે છે ને પમાડે છે."

"ધનનંદનું રાજત્વ તે વૈશ્વાનર ને વક્રનાસ તેનો અગ્નિહોત્રી. હા. હા." ચંદ્રગુપ્ત પાછો કડવાશથી હસ્યો.

"ના, એ રાજત્વ વૈશ્વાનર નથી, વડવાનળ છે. એના હોતાએ એને સંસ્કારની મર્યાદા, ધર્મનું પોષણ ને વિદ્યાની પ્રેરણા નથી આપી. એમાં દેવત્વ નથી."

"ને આપણામાં આવશે."

"હા. જ્યારે એ વહ્નિ હું સાચવીશ ત્યારે દેવો મર્ત્યોમાં પ્રવેશશે. પણ મારે નથી તને રાજ્ય સુખ મળવાનું ને નથી મને વિજય સુખ મળવાનું" આચાર્યના અવાજમાં તટસ્થતા ઓક્

ગઇ. તે સ્વસ્થ હતા છતાં તેના મોં પર હૃદયમાં બળતી જ્વાળાઓનાં તેજ દેખાવા માંડયાં.

"પણ ત્યારે એ ફાંફાં શા માટે?"

"મૌર્ય! એ પાવકની સ્થાપના એ મારા સંકલ્પની સિદ્ધિ—એજ મારો સ્વાર્થ." તે અટકયા. તેની સ્થિર આંખોમાં હૃદયની જ્વાળાઓની આંચ લાગી ને તે ભભુકી ઉઠી. તેના અવાજમાં સર્વભક્ષી અગ્નિની વિનાશક ગર્જનાનો પ્રતિશબ્દ સંભળાયો. તે સદા શાંત ને તટસ્થ દેખાતા હતા, પણ અત્યારે જાણે અશાંત તેજોમય વૈશ્વાનરની મૂર્તિ જેવા જણાયા; અને તેમના વ્યક્તિત્વમાંથી પ્રદીપ્ત ભાવનાઓના શબ્દતણખા ઉડાવવા લાગી. "તે સંકલ્પ સિદ્ધિનું દર્શન કરવું છે?"

કોઇ બોલ્યું નહીં. આચાર્યે આંખ મીંચી. તે પરાઇ દુનીઆની વાત કરતા નહોતા, પોતાના જીવન સર્વસ્વના રહસ્યનું દર્શન કરાવતા હતા.

"તાત! તને હું રાજ્યદંડ હાથમાં લેતો જોઉં છું ત્યારે સર્વ ધર્મના આશ્રયરૂપ વિદ્યા તને હું પ્રેરતી જોઉં છું—પ્રજ્ઞા, વાકય ને ક્રિયામાં તને વિશારદ કરતી જોઉં છું—લોક કલ્યાણમાં તને મચ્યો રાખતી જોઉં છું. ત્રણે વેદો વડે લોકને રક્ષતો, વર્ણાશ્રમને સાચવતો, આર્ય મર્યાદાઓને જાળવતો, સ્વધર્મમાં પ્રજાને પ્રવૃત્ત રાખી તેને સ્વર્ગ ને આનંત્ય[1] અપાવતો હું તને જોઉં છું. હું તને ખેતી વધારતો, પશુને પાળતો વાણિજ્યથી વૈભવને વિસ્તારતો જોઉં છું. લોકયાત્રાના આધાર રૂપ દંડનીતિથી અલબ્ધનો લાભ મેળવતો—લબ્ધને રક્ષતો—રક્ષિતને વધારતો—વધારાને સુયોગ્યોમાં વહેંચતો હું તને જોઉં છું. અને મૌર્યશ્રેષ્ઠ! ચારે વિદ્યાથી રાજ્યચક્ર ચલાવતો, તારા છત્ર નીચે અનેક રાષ્ટ્રો ને ગણો સંઘરતો, આર્યોના ધર્મો વડે લોકસંગ્રહને ઉદ્ધારતો, મહર્ષિઓના જીવનમંત્રોને સનાતન કરતો, અવનિને આર્યાવર્તની સીમાઓ એક કરી નાખતો હું તને જોઉં છું. મૌર્ય! આ મારો સ્વાર્થ!"

તે જરા વાર થોભ્યા. "ચંદ્રગુપ્ત!" તેણે આજ્ઞા કરી; "એ સ્વાર્થ સાધવા તત્પર થા. ચાલ."

આચાર્યની આજ્ઞાની ગર્જના બધાના હૃદયમાં ભય પ્રસારતી, ખંડમાં ભયંકર પ્રતિશબ્દ કરતી દૂર ને દૂર જતી સંભળાઇ. મૈનાકી પૂજ્યભાવથી અવાક્ બની જોઇ રહી. ચંદ્રગુપ્ત આંખો વિકાસી, સ્તબ્ધ બની સાંભળી રહ્યો.

શકટાલની નિસ્તેજ આંખમાંથી દડ દડ આંસુ પડતાં હતાં. તેના હોઠ થર થર કાંપતા હતા. હાથ લંબાવી, તે લથડતે પગે, તે એક બે ડગલાં પાસે આવ્યા. હાથવડે વિષ્ણુગુપ્તને શોધ્યો. તેનું માથું શોધી તેના પર તેણે જમણો હાથ મુકયો.

"વિષ્ણુ...! આયુષ્માન્...!" તેનો અવાજ રડતો હતો; "વૃદ્ધ શકટાલની આશિષ" તે ગુંગળાઇ ગયા. તેણે હાથવતે વિષ્ણુગુપ્તને લીધાને છાતી સાથે દાબ્યા.

મૈનાકી ધ્રુસકાં ભરતી હતી.

વિષ્ણુગુપ્તે છુટા પડી હાથ જોડ્યા. તેણે શાંતિ ને તટસ્થતા જોતજોતામાં પાછાં મેળવ્યાં.

"કૌટિલ્ય!" શકટાલે સબહુમાન કહ્યું; "આજે હું શિષ્યનો પણ શિષ્ય થવામાં સદ્ભાગ્ય સમજું છું. જા, વિજય કર!"

"જેવી ગુરુદેવની આજ્ઞા" કહી આચાર્ય ચંદ્રગુપ્ત તરફ ફર્યા.

ચંદ્રગુપ્ત ધ્રુજતો હતો. તેની આંખો, વણ પડ્યાં આંસુથી લાલચોળ થઇ ગઇ હતી. તે એકથી બીજા તરફ જોતો હતો.

---

૧. મોક્ષ.

"તાત !" ચાણક્યે શાંતિથી પુછ્યું; "શું કહે છે ? મારો સ્વાર્થ સાધવા તૈયાર છે કે નહીં ?"

ચંદ્રગુપ્તે એક પગલું ભર્યું–હાથ જોડ્યા તે ચાણક્ય આગળ પડ્યો અને તેણે માથું તેના પગ પર મુક્યું.

"આચાર્યદેવ ! તમારો સ્વાર્થ તે મારો ધર્મ, હું તૈયાર છું."

"ચંદ્રગુપ્ત ! યાદ રાખજે. જ્યારે મારા આ સ્વાર્થની સામે જઈશ તે દહાડે તું જીવથી જઈશ."


"ગુરુદેવ !" રડતે અવાજે ચંદ્રગુપ્તે કહ્યું; "તમારા સ્વાર્થ વીસરતાં પહેલાં હું પોતે જીવથી જઈશ."

"શતં જીવ તાત !" કહી ચાણક્યે તેને ઉઠાડ્યો ને કહ્યું; "તું મૈનાકીની રજા લઈ લે. સુકેતુ તને યસ પાસે લઈ જશે. કૈલાવીમાં તારે માટે બધી તૈયારી થઈ ગઈ છે."

"જેવી આજ્ઞા"

"આર્યે !" ચાણક્યે મૈનાકીને કહ્યું; "તમે પણ પાછાં જાઓ. સવાર પડવા આવી."

"જેવી આજ્ઞા !" કહી શરમાતી મૈનાકીએ નીચું જોયું.



ચંદ્રગુપ્તે એક પગલું ભર્યું–હાથ જોડ્યા, તે ચાણક્યે આગળ પડ્યો અને તેણે માથું તેના પગ પર મુક્યું.

પ્રકરણ ૨૮ મું

સેનાજિતનો દ્વેષ

છઠની સવાર પડી ને ચોઘડીઆં વગડ્યાં. ખાનપાન ને ગંમતના નશામાંથી રાજા ને પ્રજા જાગવા લાગ્યાં. પોતાના પ્રેક્ષાગારના ખંડમાંથી આંખો ચોળતી મૈનાકી બહાર આવી ત્યારે પણ સેનાજિત અને ગૌરીની વાતચીત પુરી થઈ નહોતી.

"હવે ઘણું થયું, સેનાજિત !" સેનાજિતને મૈનાકીએ કહ્યું; "ઉઠો, નહીં તો નરેંદ્રદેવને ઊંઘમાંથી ઉઠાડી દેશું !"

"હા, ખરી વાત છે" કહી જરા શરમાઈ, જરા હસી સેનાજિત ગયો અને મૈનાકી ને ગૌરી તૈયાર થવામાં રોકાયાં.

થોડીક નાલિકા પછી નરેંદ્રનાં દર્શને પુરુષોએ અને મહાદેવીનાં દર્શને સ્ત્રીઓએ જવાનું હતું એટલે આખા સમાજમાં પ્રવૃત્તિ આવી અને બધા ન્હાવા, ધોવા, વસ્ત્રો પહેરવામાં રોકાયા.

ખણાત થયો એટલે સરસ્વતીના મંદિર આગળ પુરુષો આવી, દેવીનાં દર્શન કરી, નરેંદ્રની વાટ જોતાં બેઠાં.

નરેંદ્રદેવ આવ્યા સાથે આંભિકુમાર, વકનાસ, સંનિધાતા, રાક્ષસ વગેરે મહાપુરુષો આવ્યા. લોકોએ જયજયકારી દર્શન કર્યાં, અને બધાની સમક્ષ સરસ્વતીનું પૂજન થયું.

અંતઃપુરના પ્રેક્ષાગારની પાછળના ચોકમાં વિધવિધ શણગાર સજી સ્ત્રીઓ ભેગી મળી. અલંકારોથી ઓપતાં, પાસે આવની સ્વતંત્રતાથી ઉલ્લાસભર્યાં મહાદેવીએ દર્શન આપ્યાં. આ સમૂહમાં તેને હવે રસ નહોતો—તેની આંખ તો તક્ષશિલાના પંથ તરફ ઠરી હતી.

[illegible] વાજું કાંસી અને વાજિંત્રો વગડ્યાં અને નરેંદ્રદેવ પ્રેક્ષાગારમાં ગયા. લોકો થી ભરાયા, અને નાના મોટા ટોળામાં વહેંચાઈ જઈ ગાવા, વગાડવા લાગ્યા. કેટલાક નટ, વિટ ને ગાયકો પોતાની કલાનું પ્રદર્શન કરવા બેઠા. કેટલાકો અબીલ ગુલાલ વહેંચવા લાગ્યા. કેટલાકો ઉડાવવા લાગ્યા. કેટલાક મદિરાનું પાન કરવા લાગ્યા. બધા પુરુષોની મહાણ કરવા લાગ્યા.

સ્ત્રીઓએ પોતાના પ્રેક્ષાગારોમાંથી હસી હસીને જોવા માંડ્યું. કેટલીક [illegible] આવી સખીઓને ખભે હાથ નાખી ફરવા લાગી. કેટલીક તાળી લેવા લાગી, કેટલીક [illegible] જતા આવતા લોકોની મશ્કરી કરવા લાગી.

આખા ચોગાનમાં સૌભાગ્ય [illegible] ગાવા, કુદવા અને [illegible] ગુલાલથી વાતાવરણ લાલ થઈ ગયું. બીજી તરફ પ્રેક્ષાગારમાં મહા પુરુષો ને સ્ત્રીઓ આ ગંમત જોઈ, ગંમતમાં આવવા માંડ્યાં.

નરેંદ્રદેવે પીચકારી ભરી કેસરથી નીચે જતા વૃંદને છાટી નાખ્યું. તરત અનેક પ્રેક્ષાગારોમાંથી કેસર ને કેસુડાની પીચકારીઓ નીચે મજાક કરતા લોકો પર રંગ વર્ષાવવા લાગી. ધીમે ધીમે પાસે પાસેના પ્રેક્ષાગારોમાંથી મહાજનો એક બીજાને રંગભીના કરવા લાગ્યા.

સ્ત્રીઓએ પણ એક બીજા પર કે સગાં સંબંધીઓ તરફ પીચકારીથી સહભાવ દર્શાવવા માંડ્યો.

આંભિકુમારને પણ રસ ચઢ્યો. તેણે પીચકારી ભરી ન[illegible] છાંટ્યા. નરેંદ્રદેવે આંભિને છાંટ્યા. રા[illegible]ગારમાં આનંદની રેલમછેલ થઈ.

અંતઃપુરમાં રાણીઓને પણ રસ લાગ્યો. કેસુડે તેમણે એક બીજાના પાલવો રંગી નાખ્યા. નીચે લોકો તાનમાં આવી નાચવા લાગ્યા. રંગની રેલમછેલ થઈ રહી.

અધીરા સેનાજિતને કાંઈ [illegible] નહોતું તે સંનિધાતાના પ્રેક્ષાગા[illegible] તે[illegible]નનો સ્પર્શ નહોતો. ગૌરી તો [illegible] રસ લેતી હતી. મોજથી મેનાકો[illegible] રંગભીરે નયનોએ, તિરસ્કારથી આ ઉ[illegible] રહી હતી.

"કેમ દેવી ! [illegible] લેતાં નથી ?"

"અને કહો છો [illegible] ગૌરી આ લે પીચકારી" કહી [illegible]કારી તરફ તેણે આંગળી કરી.

[illegible]માં નીચું જોઈ રહી.

[illegible] સેનાજિત બોલવા જતો હતો.

[illegible] સેનાજિતને પગે લાગી; "બહાર આપનો માણસ આવ્યો છે તે બોલાવે છે."

"કોણ ?" સેનાજિત એકદમ ફીક્કો થઈ ગયો. મેનાક્ષી ધ્યાનથી જોઈ રહી.

"શત્રુ."

સેનાજિત છલાંગ મારી બહાર ગયો અને મેનાક્ષીના મુખ પર અસ્પષ્ટ હાસ્ય પ્રસર્યું. ગૌરીએ ચિંતાતુર મુખે જોવા કર્યું. થોડીવારમાં સેનાજિત સહેજ ગભરાઈ જઈ પાછો આવ્યો. તેની આંખો બહાવરી થઈ ગઈ હતી, તેના મોં પર ગભરાટ હતો.

બન્ને સ્ત્રીઓ તરફ તેણે ગભરાટથી જોયું, મુંઝવાણી અને બોલવાનો પ્રયત્ન કર્યો.

"શું છે ?" ગૌરીએ ગભરાઈને પૂછ્યું. મેનાક્ષીના ગાંભીર્ય પર વિજયનો ભાસ હતો.

"કંઈ નહીં."

"પણ શું છે ?" હસીને મેનાક્ષીએ કહ્યું.

"કંઈ નહીં" અરધસ્થ સેનાજિતે જેમ તેમ કહ્યું; "હું જાઉં છું."

"પણ આવ્યા કેમ ? ચાલ્યા કેમ ? એવું તે શું છે ?" મેનાક્ષીએ પૂછ્યું: "હું પણ મોડી પડતી જાઉં છું. ચાલો, હું સ્નાન કરવા જાઉં છું." તેણે મશ્કરી કરી, ને મૂકેલું પોતાનું ઉપરણું લીધું અને ચાલ પકડી.

સેનાજિત સ્તબ્ધ બની ગૌરીને જોઈ રહ્યો. [illegible] ગૌરી તેની પાસે [illegible] મુખે જોઈ રહી.

"શું છે ?" તેણે આર્દ્ર અવાજે પુછ્યું.

"ગૌરી," અંગત અવાજે સેનાજિતે કહ્યું, "ગૌરી ! મોટું આવી બન્યું."

"શું ?" ગભરાઈ જઈ ગૌરીએ પુછ્યું. "એવું શું બોલો છો ?"

"ગૌરી ! આજે [illegible] મને કોઈ શિક્ષા થાય તો નવાઈ નહીં."

"પણ કેમ ?" ગૌરીની આંખો ભરાઈ આવી.

"તને કેમ સમજાવું ? મારી વલ્લભા ! ફરી મળીએ કે ન પણ મળીએ. ગૌરી ! નરેંદ્રદેવ મને એક કેદી સોંપ્યો હતો તે ગઈ કાલે છૂટી નાસી ગયો."

"કેમ કરતાં ?"

"કાલે રાતે હું અહીંયાં બેસી રહ્યો તેમાં. ગૌરી ! આપણું પુણ્ય પરવારી ગયું. નરેંદ્રદેવ આવો ગુનો માફ કરતા નથી." સેનાજિતે હાથમાં હાથ નાખી આમળી નાખ્યા. તેના હોઠ થરથર ધ્રુજતા હતા.

"પણ એવો તે કેવો મોટો કેદી હતો ?"

"ગૌરી ! એના પરતો કેટલાક લોકોના જીવન-નો આધાર રહ્યો હતો. ચાલ હવે જાઉં ! જે થાય તે ખરું. પ્રિયે ! વિધિએ આપણું લગ્ન નજ નિરધારેલું તે શું કરીએ ?" તેણે દુઃસહ નિરાશાથી ઊંડા નિશ્વાસ મુક્યો.

એકદમ ગૌરીએ ઉંચું જોયું અને ગુંગળાતી [illegible] જેમ તેણે [illegible] મુક્યો. "મને હવે [illegible] ચારે તરફ જોઈ રહી. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

"[illegible]

[illegible]

હું જ તમારી વેરી થઈ."

શકટાલે તેની બહેન પાસે નિમંત્રણ કેમ માગ્યું, મેનાકીએ એમને એકાંત કેમ કરી આપ્યું એ બધું સેનાજિતને હવે સમજાયું.

"જે થયું તે થયું ગૌરી!" સેનાજિતના કપાળ પર કરચલી વળી.

"આ બધાનું મુળ એજ છે. આપણા સમ વચ્ચે પણ એજ આવ્યો. અત્યારે મારું મૃત્યુ સાંધી રહ્યો છે. અત્યારે આપણને વીખુટાં પણ એજ પાડવા મથે છે."

"નાથ! આપણને કોઇ વીખુટાં પાડે એમ નથી. પણ મને પણ હવે બધું સમજાય છે. આપણે એનાં રમકડાં થઇ ફરીએ છીએ." ગૌરીની આંખોમાંથી નિરાધારીનાં આંસુઓ ટપકવા માંડયાં.

"—ને મરીએ છીએ. એ દુષ્ટ બ્રાહ્મણનો પ્રાણ ક્યારે લઉં?" દ્વેષથી મુઠ્ઠી વાળી સેનાજિત બોલ્યો.

"પણ તમારો કેદી—"

"આ બ્રાહ્મણ અહીંઆં ન હોત તો કેદી છુટત તેમાં કે બહુ ભય નથી."

"ખરી વાતછે, એજ–એજ બધાનું મૂળ છે."

"એ મુળજ ઉખેડી નાખું છું." નિશ્ચયાત્મક અવાજે સેનાજિતે કહ્યું. "ગૌરી! જો હું બચું તો પરણીશને–એ બ્રાહ્મણ વચ્ચે આવે તો એ?" ગૌરી ધ્રીઝી થઇ ગઇ. તેના કાનમાં ગર્જના થઇઃ "મહર્ષિઓના પાદ સેવતી ઋષિપત્નીની સ્પર્ધા કરશે, શિલાતલની શય્યા, ભિક્ષાપાત્ર, મૃગચર્મ ને વિભૂતિ! તેની આંખે બાલશંકર જેવા વિપ્રવર્યની મૂર્તિ દેખાઇ. તેને ચક્કર આવ્યાં. તેણે ટેકા માટે ભીંત પર હાથ મુકયો.

આ અકળામણનું કારણ શોધવા પુરતાં સ્વસ્થતા કે સમય સેનાજિત પાસે નહોતાં. તેને કર્તવ્ય યાદ આવ્યું.

"હું જાઉં છું. નરેંદ્રદેવને કહી દઉં નહીં તો..." તે ચાલી ગયો.

પ્રકરણ ૨૯ મું

જેમાં સંનિધાતાની યુક્તિ સફળ થાય છે

સેનાજિત ઉતાવળો ઉતાવળો નરેંદ્રના પ્રેક્ષાગારમાં ગયો, પણ ત્યાં તો એવો રંગ જામ્યો હતો કે કોઇને કંઇ કહેવાય એવું નહોતું. શુક વકનાસ પણ ખુણે બેસી બાઢી આંખ તાકી પીચકારી મારી રહ્યા હતા. પોતાનાથી નરેંદ્રદેવને છોડી જવાય એવું નહોતું, બીજા કોઇને ચંદ્રગુપ્ત પાછળ મોકલાવાય તેમ નહોતું એટલે આંભિરિ બાવરો, તે ઉભો રહ્યો.

નરેંદ્રદેવ રંગ પર આવ્યા. તે આંભિને લઇ પીચકારી ભરી અંતઃપુરમાં ગયા એટલે સેનાજિતની નોકરી શરુ થઇ. અકળાને હૈયે તે નરેંદ્રદેવની પાછળ નોકરી બજાવવા ગયો.

ક્યાં સુધી નરેંદ્રદેવ, આંભિ, મહાદેવી ને બીજી રાણીઓએ તોફાન મચાવ્યું. સમય વહ્યો, ને મધ્યાન્હ થયો. ફરીથી શંખ ફુંકાયા, વાજિંત્ર વગડ્યા ને બધા જવાની તૈયારી કરવા લાગ્યા. નરેંદ્રદેવ અંતઃપુરમાંજ જમ્યા. સેનાજિત કર્તવ્ય બજાવી રહ્યો.

આખરે વકનાસને તેણે એકલા જોયા એટલે પાસે ગયો. "ગુરુવર્ય! મારે નરેંદ્રદેવની વાત કરવી છે."

"શી?"



"આચાર્ય વિષ્ણુગુપ્ત," ગૌરીએ કહ્યું. ભલી ભોળી ગૌરીને આ જ્ઞાન કેમ થયું એ કલ્પવાને અશક્ત સેનાજિત ચમક્યો.

[ચિત્રકાર: રા. જ. મીસ્ત્રી]

[પૃષ્ઠ ૧૧૫

" આ બધાં દેખતાં કેમ થાય ? "

" હમણાં એ તારે માટે એકલા પડવાના હતા ? " તિરસ્કારથી વક્રનાસે પુછ્યું: " શું છે ? "

" પણ ઘણીજ અગત્યની છે. કુમાર રાતના નાસી છુટયા." તેનાં અંગે અંગ ભયથી કાંપતાં હતાં.

વક્રનાસની એક આંખ ઝીણી થઇ. તેણે તિરસ્કારથી કહ્યું: " પીડા ઓછી."

" શું કહો છો ? " સેનાજિતને આ અણધારેલો જવાબ સમજાયો નહીં.

" કાલે સવારે આ પીડા ટળે એટલે એને છોડવોજ હતો. તો એક દહાડો વહેલો છુટયો. કે બગડવાનું નથી. " સેનાજિતનો ગભરાટ જતો રહ્યો અને તેને શાંતિ વળી.

" પણ પેલો બ્રાહ્મણ છોડવી ગયો હોય તો ? " તેણે હોઠ પીસી પુછ્યું.

" કોણ ? " વક્રનાસના મુખ પર દ્વેષ વધ્યો. તેણે એક આંખે બાડું જોયું ને વિચાર કર્યો: " તક્ષશિલાવાળો ? "

" હા. "

અમાત્યના મુખ પર દ્વેષપૂર્ણ હાસ્ય છવાયું. " ફીકર નહીં, સંનિધાતા પાસે જા અને એની યુક્તિ અમલમાં મુક. છાનોમાનો જા."

" નરેંદ્ર દે— "

" તેની ચિંતા તું છોડની. " કહી વક્રનાસે જવા ફરમાવ્યું.

સેનાજિત ઉતાવળે પગે સંનિધાતાના પ્રેક્ષાગારમાં આવ્યો. ત્યાં દર્શક સંનિધાતા, મેનાકી, મૌરી ને બે ત્રણ મિત્રો જમવા બેઠાં હતાં. સેનાજિતે સંનિધાતાને બહાર બોલાવ્યા.

" શું છે સેનાજિત ? " વિશાલ પેટ પર હાથ ફેરવતાં તેમણે પુછ્યું.

" નરેંદ્રદેવની આજ્ઞા છે. "

" શી ? "

" તમે જે યુક્તિ સુચવી હતી તે અમલમાં આપણે મુકવી એવી આજ્ઞા છે."

" વિષ્ણુગુપ્ત માટે— " સંનિધાતાનું મોઢું હસું હસું થઇ ગયું.

" હા. "

" મેં નહીં કહ્યું–કે મારી યુક્તિ સીવાય છુટકો નથી." હરખાતાં સંનિધાતાએ કહ્યું.

" પણ શી છે ? " સંનિધાતાએ તેના કાનમાં કહ્યું. સેનાજિતના મુખ પર સખ્તાઇ પ્રસરી ને તેની આંખમાં કૌર્ય પ્રસર્યું.

" માણસોનું શું ? " તેણે પુછ્યું.

" તૈયાર છે " સંનિધાતા આત્મસંતોષમાં મલકાતા હતા. " મારી યુક્તિ વગર પત્તો ખાય નહીં તો. ચાલો, આવો. જમ્યા ? આવો બેસો."

" ચાલો. " કહી સેનાજિત જમવા આવ્યો. તેની અસ્વસ્થતા દૂર થઇ હતી તે જોઇ મૌરીના જીવમાં જીવ આવ્યો. તેમની આંખોએ સંદેશા કહ્યા ને સાંભળ્યાં ને બંનેના હૈયાંમાં આશા ફરી સ્થપાઇ. તેવીજ રીતે સંનિધાતાની આંખોએ હર્ષના સંદેશા મેનાકી પર મોકલ્યા. તે સમજી ને તેની આંખોએ પણ પાછા સંદેશા પાઠવ્યા. એ બેનાં હૈયામાં પણ આશા સ્થપાઇ: માત્ર એક નહીં પણ બે જુદી જુદી.

સમાજનો કાર્યક્રમ આગળ વધ્યેજ ગયો. રાત પડીને પાછો બીજો નાટક શરૂ થયો.

સેનાજિત મૌરીની રજા લઇ ચાલી ગયો હતો અને આજે રાત્રે તે ફરી આવવાનો ન હતો. સંનિધાતા પણ ગયા હતા, એટલે તે રાતે [illegible] મેનાકીને મૌરી બે રહ્યાં. મેનાકી મનમાં મલકાતી હતી. તેનું ધારેલું બધું થતું હતું અને [illegible] નું પ્રેક્ષાગાર પોતાનુંજ હોય એવો તેને [illegible] માંડયો હતો.

મૌરી ગભરાતી નહોતી, પણ [illegible] તેને આ ખટપટમાં કે સમજ [illegible]

અને છતાં પોતે જાણે તેનું મધ્યબિંદુ હોય એવું તેને જણાતું હતું.

ગૌરીનો હવે ઉપયોગ હતો નહીં અને આચાર્યને છોડી તે સેનાજિતને વરવાની અધમતા દેખાડી રહી હતી એટલે મૈનાકીને મન તે અકારી થઇ હતી. પણ આદરેલો ખેલ પુરો કરવો એવો નિશ્ચય કરી તે આ છોકરી તરફ સ્નેહ દેખાડતી હતી.

મધરાત થવા આવી. બેમાંથી એકેનું ચિત્ત નાટકમાં ચોંટતું નહોતું. એને નિરર્થક ક્રૂરતાના લહાવા લેવા ગમે છે. મૈનાકીને એ લહાવો લેવાનું મન થયું. "મધરાત થઇ!" તેણે કહ્યું; "ચાલો. સેનાજિતે પેલા આચાર્યને પુરા કર્યા હશે."

"હેં! શું?"

"હા. કેમ તને કહી ગયા નથી?"

"ના. ના. ત્યારે મેં ભુલ કરી. મારે તને નહોતું કહેવું જોઇતું."

"ના. મને કહો." ગૌરી મૈનાકીનો હાથ પકડી કરગરવા લાગી. "દેવી! આ શું છે? આ બધા આમ કેમ કરે છે! સેનાજિત ક્યાં ગયા છે? આચાર્યને શું થવાનું છે?"

"ગૌરી! તું તો હજુ બાલક છે. આચાર્ય તારી ને સેનાજિતની વચ્ચે આવતા હતા ને." કટાક્ષથી મૈનાકીએ કહ્યું; "હવે નીરાંત થશે"

"પણ એ શું કરવા ગયા છે.'

"તેને બાળી મુકવા."

"કેવી રીતે!"

"અરરરર— ને મારા પિતા—"

"સેનાજિત તેને શું કરવાના છે?"

"દેવી! દેવી! મને કહો. શું વિષ્ણુગુપ્ત બળી મુઆ હશે?"

"ક્યારના" મૈનાકીએ નીરાંતે કહ્યું.

"ના. ના." ગૌરીનું હૃદય કાંપી ઉઠયું.

"આવા તેજસ્વી વિદ્વાન આચાર્ય!"

"તારે શી પીડા પડી છે?" મૈનાકી ગૌરીને તીક્ષ્ણ નજરે જોતી હતી. "તું ક્યાં એને પરણવાની હતી?"

"તેમાં શું? પણ દેવી! કંઈ કરો. એને બચાવો. એ મહાત્મા છે. તપસ્વી છે. એને માર્યે સેનાજિતને બ્રહ્મહત્યા લાગશે. દેવી! કોઇને મોકલો. ઉઠો. કંઈ કરો."

"હું ઉઠીને શું કરું? મારું કે કોઇનું સેનાજિત કોઇ દિવસ માને છે. તું જા વખત છે ને માને." મૈનાકીએ કહ્યું.

"ત્યારે મને જવાદો. માણસ આપો. મને જવા દો" દુઃખની મારી ગૌરી હાથમાં હાથ દાબી ઉભી થઇ.

"હા. જો થાય તો કંઈ કર. જો કે મને નથી લાગતું કે કંઈ થાય."

"હશે દેવી! નહીં તો સેનાજિતને બ્રહ્મહત્યા લાગશે."

મૈનાકી ઠંડે પેટે ઉઠી ને માણસોને આજ્ઞા કરવા ગઇ. થોડીવારમાં બધી તૈઆરી થઇ. અને બે વિશ્વાસુ માણસ ગૌરીને લઇ, ઘોડે બેસી, નગર તરફ ઉપડ્યા.

એક સેવકે ગૌરીને પોતાની પાછળ બેસાડી હતી, એટલે સ્વારીથી અપરિચિત ગૌરી જેમ તેમ કરીને એ સેવકને વળગી રહી. તેની તો સ્થૂલ અને સૂક્ષ્મ બંને સૃષ્ટિઓ સ્થિરતા ખોઇ બેઠી હતી.

ગૌરીના મગજમાં ધબકારા થતા હતા. તેનું હૈયું ચીરાઇ જતું હતું. આ શું? સેનાજિત આચાર્યને બાળી મુકે! બપોરની વાતો યાદ આવી; ક્રોધનો માર્યો તેનો સેનાજિત 'બાલ શંકર' જેવા આચાર્યને બાળી મુકશે? પછી! ને તેના અંધ પિતાને કંઈ થાય તો! શું થશે? નગર ક્યારે કેમ આવ્યું, દરવાજા વટાવ્યા, રસ્તો કેમ ગયો

તેનું તેને ભાન રહ્યું નહીં. પોતાના ઘર પાસે આવતાં તેણે જોયું તો આકાશમાં લાલ ને તેજોમય ધુમાડો દેખાતો હતો.

"ઓ મારી મા !" એટલુંજ તે બોલી શકી.

ઘોડેસ્વારો આગળ વધ્યા. ગોરીએ પોતાની આગળ બેઠેલા સ્વારની પડખેથી જોવાનો પ્રયત્ન કર્યો.

તેના ઘરની ભીંતો થોડીએક ઉભી હતી. છાપરું અંદર પડયું હતું. બારણાં ને બદલે બાકોરાં થઇ ગયાં હતાં. અંદરથી બળતાં નીકળતાં હતાં. તેનું ઘર ઘર રહ્યું ન હોતું—બળતી ચિતા થઇ ગઇ હતી.

તે ગાંડાની માફક બાવરી થઇ ગઇ. આગની જ્વાલાઓએ તેને આંધળી કરી મુકી. તેના મગજમાં પણ ભભુકા ઉઠયા. "આચાર્ય ! પિતા !......" તે બોલી અને ઘોડા પરથી બેભાન થઇને પડી.

પ્રકરણ ૩૦ મું

અર્ઘ્ય ?

બીજે દહાડે–સાતમે–સવારે આગલા દિવસની માફક લોકો તૈયાર થઇ સરસ્વતી મંદિરની સામે નરેંદ્રદેવનાં દર્શન કરવા આચાર્ય વિષ્ણુગુપ્તને અર્ધ્ય અપાતો જોવા અને કુમાર આંભિને વીદાય કરવા ભેગા મળ્યા. મૈનાકીના મગજમાં અનેક યુક્તિઓ ને અનેક આશાઓ તરવરતાં હતાં.

તે પણ નાહી, ધોઇ, વસ્ત્રાલંકારથી સજ્જ થઇ, અણધાર્યા પ્રસંગોની ઝાંખી કરતી તેના પ્રેક્ષાગારમાંથી જોઇ રહી. જીવનમાં પહેલી વખત તેના પોતાના મુત્સદ્દીપણાનો પ્રથમ વિજયોત્સવ થઇ રહ્યો હતો. તેનું હૃદય પ્રફુલ્લ હતું. કુમારનાં સ્મરણો ને ભાવિ મહત્તાનાં સ્વપ્નો તેનાં રોમાંચ ઉભાં કરી રહ્યાં હતાં. ઘડીભર આખો સમાજ સ્વપ્નવત લાગતો હતો. પોતે શું મગધની મહાદેવી થવાની હતી ?...કેવું ભવ્ય...તેણે ધ્યાન પૂર્વક બધા તરફ નજર નાખી.

આ મોટા લોકસમૂહમાં કાલ જેવો આનંદ, તોફાન ને ઉત્સાહ નહોતાં. ચિંતા ને ભય દરેક મુખપર દેખાતાં હતાં, અને દરેક જીભને સંયમી બનાવતાં હતાં. ચારે તરફ અનેક ગપાટા ઉડી રહ્યા હતા. શકટાલનું ઘર રાતે બળી ગયું અને શકટાલ અને નંદનું અપમાન કરનાર તક્ષશિલાનો આચાર્ય વિષ્ણુગુપ્ત તેમાં બળી મુઆ. એ ગપાટો તેની દાસી તેની પાસે લઇ આવી હતી. લોકોએ પણ તે સાંભળ્યો હશે. તે મનમાં હસી.

આવા ગપાટાઓ સાંભળતાં સામાન્ય લોકો ગભરાટમાં પડયાં હતાં.

ધનનંદનું અપમાન કરનાર વિપ્ર માટે તેમના હૃદયમાં પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. રાજ્યના જુલ્મથી ત્રાસતા છતાં એ બહાદુર પુરુષની હીંમત, ટેક ને વિદ્વત્તા માટે તેમણે સદ્ભાવ બતાવ્યો હતો. અત્યારે એ વિપ્રવર્યના આવા કારમા મૃત્યુથી, અને ધનનંદના આવા ત્રાસદાયક પ્રતાપથી તેમનાં હૃદય કાંપી ઉઠયાં. આખરે નંદનું ભયજનક પ્રાબલ્ય વિધિના પ્રાબલ્યની માફક વિજય પામવાનુંજ એ ખ્યાલે તેમની હોંસ ને ઉલ્લાસ કચરાઇ ગયાં. તે હતા તેનાથી વધારે કાયર થઇ ગયાં.

આ ગપ સાંભળી કેટલાંક નગર તરફ ચાલવા માંડ્યાં હતાં. ઘણાખરા આંભિકુમાર શું કરે છે તે જોવા ઊભા રહ્યા. કોણ શું કરશે કે કોને શું થશે તે કોઈ કહી શકે એમ નહોતું. ગભરાટને જેમ તેમ કાબુમાં રાખી કુતૂહલને વશ થઈ, આ બધા મંદિર આગળ આવીને બેઠા.

નરેંદ્રદેવ આવ્યા; મૈનાકીની દૃષ્ટિમાં વેરભાવ ને દ્વેષ આવ્યાં. આ દુષ્ટને સ્થાને તેનો પ્રિયતમ ક્યારે બેસશે ?

નરેંદ્રનું મોં આજે ઘણું મલકાતું હતું. સેનાજિતના મુખપર પણ વિજયનો હર્ષ હતો. નરેંદ્રદેવ સેનાજિતના ખભા પર હાથ રાખી હસી હસીને બોલતા હતા ને આંભિકુમારને તાલી દેતા હતા. ભલે એ મલકાય. મૈનાકીએ વિચાર કર્યો:-'આ પળ એની છે, આવતી પળ કોની આવશે ?' નરેંદ્રદેવે હંમેશની માફક બારોબાર અલંકારો, પીતાંબર અને પીછોડી પહેર્યાં હતાં અને બેગમ ત્રિશૂલવાળું અર્ધચંદ્રાકાર પટ્ટસ કેડે લટકાવ્યું હતું. આંભિકુમારે પણ મુસાફરીની તૈયારી કરી હતી. તેણે ડોકથી પગ સુધી લોહજાલિકા[1] પહેરી હતી, પણ માથું ઉઘાડું રાખ્યું હતું.

પાછળ વક્રનાસ ને સંનિધાતા પણ હસતા હસતા આવતા હતા. પાછળ આંભિના બે યોદ્ધાઓ પણ લોહજાલિકા પહેરી આવતા હતા.

આ બધાના મુખ પરનો આનંદ જોઈ લોકોનો ગભરાટ જરા શમ્યો. પ્રેક્ષાગારમાંથી સ્ત્રીઓ ડોકાવી જોવા લાગી. મૈનાકીનું હૃદય તો તેની આંખોમાં આવ્યું.

સેનાજિતની આજ્ઞાથી ચોગાનમાં બેઠેલા લોકોએ વચ્ચે માર્ગ આપ્યો. એ વાટે આચાર્ય વિષ્ણુગુપ્ત અર્ધ્ય સ્વીકારવા આવવાના હતા. ચોગાન પુરું થાય ત્યાં આંભિના ત્રણસો કવચધારી ને સશસ્ત્ર યોદ્ધાઓ ઘોડે ચઢી પ્રયાણની વાટ જોતા ઊભા હતા. તેમની પાછળ રાજગિરિના ઢાળ પર આંભિના બીજા માણસો, અને નંદના સૈનિકો વાટ જોતા હતા.

નરેંદ્રદેવ અને બીજા રાજપુરુષો મંદિરના ઓટલા પર જ્યાં રંગભૂમિ કરવામાં આવી હતી ત્યાં પાથરેલાં આસનો પર બેઠા અને આચાર્ય વિષ્ણુગુપ્તની વાટ જોવા લાગ્યા. વખત જવા લાગ્યો, આંભિ ઉતાવળ કરવા લાગ્યો. નરેંદ્ર વક્રનાસ ને સંનિધાતાએ સામસામું જોઈ મલકાયા કર્યું. મૈનાકીના મનમાં પણ ઉચ્ચાટ કે મલકાટ વધારે હતો તે કહેવાય એમ નહોતું.

"કેમ હજુ નહીં આવ્યા ?" ગંભીર મુખમુદ્રા કરી વક્રનાસે ચિંતા દર્શાવી.

"મને પણ તેજ થાય છે" આંભિએ કહ્યું.

"મને પણ તેજ થાય છે" નરેંદ્રે ઉમેર્યું.

લોકો પણ થાકવા લાગ્યાં. થોડી વારે અંતઃપુરમાંથી પાંચ શિબિકાઓ[2] નીકળી અને સરસ્વતીમંદિરની રંગભૂમિ આગળ એક તરફ ઊભી રહી. તેમાં મહાદેવી અને તેની સહચરીઓ પ્રયાણ કરવાને તૈયાર થઈ આવી હતી.

થોડીવારે પાંચ કવચધારી યોદ્ધાઓ ચોગાનની પેલી તરફ ઉભેલા આંભિના યોદ્ધાઓમાંથી છુટા પડી આંભિનો ઘોડો લઈ મંદિરના ઓટલા તરફ આવ્યા. અને શિબિકાઓ હતી તેની સામી બાજુએ ગોઠવાઈ ગયા.

આ પાંચમાના ત્રણ જણ આંભિ અને તેની સાથે બેઠેલા યોદ્ધાઓના ઘોડા દોરતા હતા અને તેમાંના એકના હાથમાં આંભિનાં શિરસ્ત્રાણ[3] અને

---

[1] માથાથી પગ સુધીનું લોઢાની જાળીનું બખ્તર. [2] પાલખીઓ [3] માથું ઢાંકતો કવચનો ભાગ; ટોપ.

અસિયષ્ટિ[1] હતાં. આ પાંચ જણાએ એકજ જાતનું સોનેરી ચિત્રોવાળું લોખંડનાં પતરાંનું વારવાણુ[2] શરીરે પહેર્યું હતું અને તેમનાં શિરસ્ત્રાણો માથા પર બાંધ હતાં. તેમના કવચધારી ઘોડા પર ધનુષ્યબાણ, કર્પણો[3], અને તાલમુલ[4] વગેરે લટકાવ્યાં હતાં.

નરેંદ્રદેવ આ ભભકો જોઇ હસ્યા. આ શસ્ત્રસજ્જિત પાંચસો માણસોથી તેને આંભિ ગભરાવવા માંગતો હતો, પણ તે મૂર્ખને ખબર નહોતી કે સાર્જગિરિની તળેટીમાં બે હજાર યોદ્ધા અને આ સમાજમાં છુપે વેશે બીજા બે હજાર યોદ્ધાઓ તેની આજ્ઞાની વાટ જોતા ઉભા હતા. પણ રાતે લાંબી મસલત કરી તેણે ને વક્રનાસે નક્કી કર્યું હતું કે કોઇ પણ કારણે યુદ્ધ તો મચાવવુંજ નહીં. તક્ષશિલા અને ક્ષુદ્રક માલ્લવો જોડે વેર કરવાનો હમણાં વખત નહોતો. મહાદેવીને અહીંઆં રાખવામાં પણ કૈં મુદ્દો નહોતો. અને આવા નજીવાં કારણો માટે મગધની પ્રજાનો અસંતોષ વધારવામાં પણ કૈં ડહાપણ નહોતું. ચાણક્યને બાળી મુકયો એ છેક ડહાપણભર્યું નહોતું, પણ એ બાબતમાં એથી વધારે પ્રતાપ દેખાડવામાં મુર્ખાઇ હતી. આથી આંભિને પોતાની શક્તિનો સ્વાદ ચખાડવાનો આ સમય નહોતો. નરેંદ્રદેવ હસ્યા. "જા હમણાં તો મઝા કર."

એટલામાં શેષ અને ક્ષુદ્રક માલ્લવોના બીજા દૂતપ્રણિધિઓ આવી પહોંચ્યા. તે સવારે વહેલા ઉઠી સિદ્ધાચાર્ય ક્ષણપકનાં દર્શન કરવા ગયા હતાં. શેષ અને તેના સહયોગીઓ પણ અત્યારે રજા લેવાના હતા એટલે તે પણ શસ્ત્રસજ્જિત હતા. તેમણે માત્ર છાતીનુંજ રક્ષણ થાય એવાં પટ્ટ[5] પહેર્યાં હતાં.

તેમની લાંબી દાઢીઓ હવામાં ફરફરતી હતી. શેષના મુખ પર અત્યારે સખ્તાઇ હતી. તે અવારનવાર લઢી પસવારતો અને દૂર જોઇ આચાર્યની વાટ જોયા કરતો. આ દૂતપ્રણિધિઓ આવ્યા અને ઘોડા ઉપરથી ઉતરી નરેંદ્રદેવ અને આંભિકુમારને મળ્યા.

"હજુ આચાર્ય નથી આવ્યા ?" શેષે પુછ્યું.

"ના. અમે તેનીજ વાટ જોઇએ છીએ" નરેંદ્રદેવે કહ્યું.

નરેંદ્રદેવ અને વક્રનાસ શીવાય બીજા બધા અધીરા થતા હતા. આંભિકુમાર હોઠ કરડતા હતા. મૈનાકીનું હૃદય અધીરાઇ, આશા અને ચિંતાથી ધબકતું હતું; છતાં તે સ્થિરતાથી બધું જોઇ રહી. પણ એટલામાં શંખ ફુંકાયા અને સિદ્ધાચાર્ય ક્ષપણકના શિષ્યોનું ટોળું દોડતું દોડતું આવી પહોંચ્યું. એક પડછંદ બાવો હાથમાં એક મોટો દંડો લઇ, શંખ ફુંકતો આવ્યો. લોકો અજાયબ થયા. નરેંદ્ર ને વક્રનાસના કપાળ પર કરચલી વળી. દરેક જણના હૈયામાં એવો ઉચ્ચાટ હતો કે, કૈં પણ અસાધારણ વસ્તુ બનતી, તો તે ગભરાઇ ઉઠતા. સેનાજિત ઓટલા પરથી નીચે ઉતરી આગળ આવ્યો ને બાવાને મળ્યો.

"કેમ ?"

"જય જય જયંત ! સિદ્ધાચાર્ય ક્ષપણક આચાર્ય વિષ્ણુગુપ્તને વીદાય કરવા આવ્યા છે."

"આચાર્ય વિષ્ણુગુપ્ત !" કટાક્ષથી સેનાજિતે કહ્યું; "હજુ આવ્યા નથી. ઉભા રહો. નરેંન્દ્રદેવની આજ્ઞા માગી આવું."

---

૧. લાંબી તીણી તરવાર. ૨. બખ્તર. ૩. હાથથી નાંખવાનું બાણ ૪. લાકડાની ઢાલ.
૫. એક પ્રકારનું હાથ વગરના કોટ જેવું બખ્તર.

સેનાજિત નરેંદ્રદેવ પાસે આવ્યો. અને તેણે રથ આણી તેની ખબર આપવા તે બાળક પાસે ગયો. બાળક 'જય જય જયંત' ઉચ્ચારી ચોગાનની બહાર ગયો. આ અણુધારેલી પધરામણીથી લોકોમાં સળવળાટ થયો.

"હું સમજાતું નથી." આંબિકુમારે શેષ તરફ જોઈ કહ્યું; "હજુ નથી આવ્યા? કોણ લેવા ગયું છે?"

"રાક્ષસ મંત્રી ગયા છે." વક્રનાસે કહ્યું.

"હજુ એ કેમ નહીં આવ્યા?" મજાકમાં દયામણું મોઢું કરી નરેંદ્રે કહ્યું.

"પછી મોડું થાય છે" શેષે કહ્યું. "આપણે હવે નીકળી જવું જોઈએ."

શંખ ફુંકાયા. 'જય જય જયંત'ની ઘોષણા થઈ, અને લાકડાની કાળી બેઠક પર ચઢી સિદ્ધાચાર્ય ક્ષપણક આવી પહોંચ્યા. લોકોએ વળી વળી પ્રણામ કર્યા. સંનિધાતા અને સેનાજિત તેને તેડવા આવ્યા.

પાલખી પરથી ઊભા ને પડછંગ સિદ્ધાચાર્ય ચારે તરફ જોઈ રહ્યા.

"જય જય જયંત! આચાર્ય ક્યાં છે? [illegible] રહ્યા?" તેણે બુલંદ અવાજે પુછ્યું.

"હજુ આચાર્ય આવ્યા નથી. રાક્ષસ મંત્રી તેડવા ગયા છે." સંનિધાતાએ પગે લાગતાં કહ્યું. "આપ ઉપર પધારો."

[illegible] નરેંદ્રદેવાદિ તેને નમસ્કાર [illegible] ઊભા રહ્યા. [illegible] સિદ્ધાચાર્યે તેમની તરફ જોયું; ઉપર જોયું, નીચે જોયું, [illegible] નાકને આંગળી લગાડી અને નીચેથી આંબિકુમારને કહ્યું: "આંબિકુમાર! જાઓ હવે [illegible] પુરું થવા આવ્યું છે."

"ઉપર પધારો" વક્રનાસે કહ્યું.

"ના" તેણે કહ્યું; "સિદ્ધાચાર્ય ક્ષપણક સરસ્વતીને અહીંથીજ સાષ્ટાંગ પ્રણામ કરશે." કહી તેણે પ્રણામ કર્યા. શ્વાસ રુંધી મેનાકી અણધાર્યો રંગ જામવાની ક્ષણની વાટ જોઈ રહી.

આંબિ અને શેષ આગળ આવ્યા. "નરેંદ્રદેવ! આચાર્ય નથી આવ્યા તેનું કૈં પણ કારણ હોવું જોઈએ." નાગોદરિકાવાળા હાથ એક પર એક ઠોકી આંબિકુમારે કહ્યું.

"લેવા કોણ રાક્ષસ મંત્રી ગયા છે?" શેષે પુછ્યું. નરેંદ્રદેવ, આંબિ અને શેષ એટલાની છેક પાગેર આગળ ઊભા હતા. નીચે, વચ્ચોવચ સિદ્ધાચાર્ય હતા. એક તરફ મહાદેવીની શિબિકાઓ હતી. બીજી તરફ વારવાણમાં સજ્જ થએલા આંબિના ઘોડેસ્વારો હતા.

"ક્યાં લેવા ગયા છે?" ક્ષપણકે કહ્યું.

"નગરમાં, મંત્રી શકટાલને ત્યાં." વક્રનાસે કહ્યું

"શકટાલને ત્યાં! હા, હા, હા;" ક્ષપણક હસ્યો. "એ તો રાતે [illegible] ખાખ થઈ ગયું."

લોકો કાંપ્યાં, અજાણ્યાં હતાં તે ચમક્યાં. આંબિકુમારે ભ્રૂભંગ કર્યો ને ખડ્ગ પર હાથ મુક્યો. સંનિધાતાને સેનાજિતે સભામાંથી નજર કરી; નરેંદ્રદેવ ને વક્રનાસે લાચારી જાહેર કરી. મેનાકીની આંખમાંથી અગ્નિ વરસ્યો.

"અરરરર—શું કહો છો?!" [illegible] હોઠ [illegible] દેખી વક્રનાસે કહ્યું.

---

૧ [illegible]

"અરર—અમારા ભાગ્યમાં અર્ધ્ય નજ આપવાનું—" નરેંદ્રદેવે ઉમેર્યું.

"જય જય જયંત!" સિદ્ધાચાર્યે મોટો બરાડો નાંખ્યો. અને બે હાથ ઉંચા કર્યા ને વિપલ વાર આંખ મીચી. "ફીકર કરો નહીં. ઘર બળી ગયું, પણ આચાર્યને આંચ લાગી નથી." એના શબ્દોનો પડઘો બધે ફરી વળ્યો ને લોકો સ્તબ્ધ થઇ આ ગાંડા જેવા નાગા બાવાને જોઇ રહ્યાં. "સિદ્ધાચાર્યનું વચન છે. જય જય જયંત! જય જય જયંત!" તેણે મોટેથી ઘોષણા કરી, અને લોકોએ એકેધ્યાને સાંભળી. "હિરણ્યગુપ્ત! અર્ધ્ય આપવો હોય તો તારો અર્ધ્ય લાવ." તેણે એક હાથ નરેંદ્ર તરફ કર્યો અને બીજો બીજી તરફ લંબાવ્યો. "આચાર્ય કૌટિલ્ય! અર્ધ્ય સ્વીકારો! જય જય જયંત! જય જય જયંત!"

જે તરફ સિદ્ધાચાર્યે દષ્ટિ કરી હતી તે તરફ બધાએ જોયું. અભિના પાંચ બખ્તરવાળા યોદ્ધાઓ ઉભા હતા તેમાંના વચલાએ નાગોદરિકાવાળો હાથ ઉંચો કર્યો. અને પોતાનું શિરસ્ત્રાણ કાઢી નાખ્યું. બધાં હૈયાં પળ વાર અટકી ગયાં. વારવાણમાં સજ્જ આચાર્ય વિષ્ણુગુપ્ત તટસ્થતાથી સિદ્ધાચાર્યને પગે લાગતા હતા.

પ્રકરણ ૩૧ મું

પ્રતિજ્ઞા

મેનાકીએ આચાર્યનું તેજસ્વી ને નિશ્ચલ મુખ જોયું અને હર્ષનો ઉત્સાહ તેની રગેરગ ગુંગળાવી રહ્યો.

તેની વિજયઘેલી દષ્ટિ બધા પર પડી. સંનિધાતા, પહોળે મોંઢે ને ફાટે ડોળે જોઇ રહ્યા હતા. સેનાજિતના મુખ પર કાળું વાદળ પ્રસર્યું હતું, અને ગભરાટથી બેભાન બની તે વાળ ખેંચતો હતો. વક્રનાસનાં ભવાં ભયંકર દ્વેષથી ભેગાં મળ્યાં અને તેનો નીચલો હોઠ છેક લબડી પડયો હતો.

લોકો ગભરાટની પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા.

આચાર્ય કૌટિલ્યે ઘોડો આગળ આણ્યો. ક્રોધથી અસ્વસ્થ નરેંદ્રની આંખો લાલ થઇ રહી હતી. તે હોઠ પીસી, ભવાં ભેગાં કરી, વિકરાળ ઝનુનથી આચાર્યને જોઇ રહ્યા. તેમના હાથનાં આંગળાં વિનાશકતાથી બીડાતાં ને ઉઘડતાં...

પોતે ઓટલા પર ઉભા હતા, આચાર્ય સામું ઘોડા પર બેઠા હતા. તેના મુખની પાસે, જરા નીચું, હાથમાં મસળી શકાય એમ આચાર્યનું મુખ હતું...

ઘાતક વૃત્તિ—ચંચલ પણ દુર્ધર્ષ—તેની રગોને પ્રેરી રહી...

આચાર્યની જટા તેના હાથ આગળ હતી. તેણે હિંસક પ્રાણીના જેવો નાદ કર્યો—હાથ લંબાવ્યા...ને આચાર્યની જટા બે હાથે પકડી.

નિઃશબ્દ જનસમૂહ, અનિમિષ, જોઇ રહ્યો.

આચાર્યના મુખે દેવોના મુખની સનાતન નિશ્ચલતા પ્રાપ્ત કરી. અજોડ શાંતિથી લોખંડી હાથે તેણે નરેંદ્રદેવનું કાંડું પકડ્યું-કચર્યું.

રવિકિરણ સમી ઝળકતી તેજ રેખાઓ તેનાં નયનોમાંથી ફુટી—નરેંદ્રદેવ અંજાએલા જોઈ રહ્યા. તેની ઘાતક વૃત્તિ ગભરાટમાં ફેરવાતી હતી. તેની આંખની ઝનુનમાં ભીતિ પેઠી.

ધીમેથી આચાર્યના હાથની આજ્ઞાને વશ થઈ તેના હાથ જટા પરથી ખસ્યા, દૂર થયા.

આચાર્યના ભ્રૂભંગથી જાણે તેને ત્રીજું લોચન ઉઘડ્યું હોય એમ લાગ્યું.

તેના હાથને આચાર્યે છોડયા—તે હેઠા પડયા. તેનું મુખ ફીક્કું પડ્યું.

આચાર્યની જટા, સ્પર્શથી ઢીલી થએલી, તેના ખભા પર પડી.

“ નંદ! તારા અગ્નિએ જેને બાળ્યો નહીં તે તારે હાથે મરશે? જવાદે! બધા મશ્કરી કરશે.”

વારવાણ ને જટામાં, સંયમભરી છતાં ઉગ્ર ભયાનકતામાં કાર્તિકેય સમા આચાર્યનો અવાજ સ્પષ્ટ ને શાંત, બધે સંભળાયો.

એક વિપળ વાર પ્રસરેલી ધાકભરી નિઃશબ્દતાની શૃંખલા છુટી.

યોદ્ધા પાસે આવ્યા. આંભિ, શેષ, સેનાજિત ભદ્રશાલ બધા શસ્ત્ર પર હાથ મુકી પાસે આવ્યા. બધા આજ્ઞાની વાટ જોતા હતા.

વક્રનાસે તરત સ્વાસ્થ્ય મેળવ્યું ને નરેંદ્રના હાથ પર હાથ મુક્યો. તે હસ્યો “કોણ આચાર્ય વિષ્ણુગુપ્ત! પધારો પધારો. અમે ક્યારના વાટ જોઈએ છીએ. અમને શી ખબર કે આવે વેશે તમે આવશો?” તેના અવાજમાં દંભનો ડંખ હતો.

નરેંદ્ર તરત સમજી ગયા. તેણે ભય ને નિષ્ફળતાને જેમતેમ શમાવી શાંત થવાનો પ્રયત્ન કર્યો ને તે બબડ્યા: “ પધારો! પધારો!”

મેનાકીની ચમકતી આંખો એક દૃષ્ટિએ સમગ્ર દર્શન કરી રહી ને તેનું હૈયું ધબકી ઉઠ્યું. યોદ્ધા અસ્વસ્થ થતા હતા; નરેંદ્રના યોદ્ધાઓ પાસે આવતા હતા. શું કતલ ચાલશે! તેના જીવનનો પરમ પ્રસંગ આવ્યો તેને લાગ્યો. આખી મેદની તેની આંખ આગળ તરવા લાગી.

તેણે સિદ્ધાચાર્યને આચાર્યના પડખા પાસે આવતો જોયો. તેની મોટી દાઢી બ્રહ્માનો ચમત્કાર કરતી હતી. તેનો બુલંદ અવાજ ગાજ્યો. “જય! જય! આચાર્ય વિષ્ણુગુપ્તનો જય! આચાર્યનો જય!”

તેના શિષ્યોએ, શેષ ને આંભિના અનુયાયીઓએ, અને કેટલાક યોદ્ધાએ ઘોષણા ઉપાડી લીધી. મેનાકીને એ ઘોષણા જોર વગરની લાગી. પોતાનો અવાજ તેમાં ઉમેરવાની તેને ઇચ્છા થઈ, પણ હીંમત ચાલી નહીં.

લોકો વીખરાવા માંડ્યા. આવા અનર્થ થપાતો જોવા કરતાં દૂર જવું ઘણાને ડહાપણભર્યું લાગ્યું.

આ લોકો ચાલી જતા કેમ નથી? મેનાકી કચવાઈ ને બબડી. સેનાપતિ ભદ્રશાલ ને સેનાજિતને આજ્ઞા કરી ચાણક્યે ચોકી કરતા તેણે જોયા.

આંભિકુમાર ને શેષ અને તેમના અનુયાયીઓ પોતપોતાને ઘોડે બેસવા લાગ્યા.

અસ્વસ્થતાથી કંપતા નરેંદ્રના કાનમાં વક્રનાસ કંઈ કહેતો હતો. મેનાકીએ નરેંદ્રને કહેતા સાંભળ્યા: “આચાર્ય પધારો!”

"આંભિકુમાર !" આચાર્યનો અવાજ આ ગભરાટમાં પણ સ્પષ્ટ સંભળાયો; "વખત જાય છે ચાલો."

"આંભિકુમાર !" નરેંદ્રે કહ્યું. તેનો અવાજ ધ્રુજતો હતો. "જરા થોભો. આચાર્ય ક્ષમા કરો આ આર્ય—"

સેનાજિતે આવી આચાર્યના ઘોડાની લગામ પકડી? આચાર્યે ઘોડાને ઝાડ કર્યો, અને તેના તોફાનથી આસપાસના લોકો દૂર ખસ્યા.

આમ થએલા વર્તુલમાં આચાર્યે ઘોડાને પાછો સીધો કર્યો. નરેંદ્ર ઓટલા પર, આચાર્ય ઘોડા પર એકમેકની સામે જોઈ રહ્યા.

નરેંદ્રના મુખ પર દબાવેલા ક્રોધને નિષ્ફળતાની અસ્વસ્થતા હતી. આચાર્યનું મુખ પાષાણની નિશ્ચેતનતા ધારતું હતું.

"હું અહીંયાં અર્ઘ્ય લેવા આવ્યો નથી" તેના અવાજમાં મહારુદ્રની તાંડવગર્જનાનો પ્રતિધ્વનિ હતો. "નંદ! હું હમણાં જાઉં છું. પાછો ફરી આવીશ. પણ મારી પ્રતિજ્ઞા સાંભળતો જા. જ્યારે, ભૂતલ પરથી નંદોને ઉખેડી કાઢશે ત્યારે કૌટિલ્ય તારી છોડેલી આ શિખા બાંધશે."

...અને હજારો નયનોએ શંકરસમા કૌટિલ્યની આંખે નંદોના કાલ સમા કોઈ કર્કોટકને વિસ્તરતો જોયો.

અને મૈનાકી હસી...મગધનું, મહીની આકૃતિ પણ તેની આંખ આગળ તરી રહ્યું...

આચાર્યે ઘોડો ઉછાળ્યો ને ધસાવ્યો. આંભિકુમાર આગળ વધ્યો. તેણે આજ્ઞા કરી. એક સાથે શંખ ફુંકાયા. ગભરાએલા, કચડાએલા, લોકોએ માર્ગ આપ્યો.

આંભિને શેષના અનુસરે ચોગાનની બહાર નીકળ્યા: પાછળ મહાદેવીની શિબિકાઓ પણ ચાલી.

લોકોમાં ભંગાણ પડ્યું. ચારે તરફ તુમુલ નાદ થઈ રહ્યો. સેનાપતિ ભદ્રસાલ ને સેનાજિત આજ્ઞાની વાટ જોતા ઉભા રહ્યા. વક્રનાસની આંખો ઉંડી પેસી ગઈ હતી. નરેંદ્ર અવાચક થઈ ગયા હતા.

નરેંદ્રને ભાન આવ્યું ત્યારે આંભિકુમારના યોદ્ધાઓ ચોગાન વટાવી રાજગિરિ પરથી ઉતરી જતા હતા. નરેંદ્રે બુમ મારી.

"સેનાજિત ! ભદ્રસાલ ! આ દુષ્ટોને—" વક્રનાસે તેનો હાથ પકડ્યો ને તેના કાનમાં કહ્યું: "નરેંદ્રદેવ ! વીરનું ભૂષણ ક્ષમા છે. શંખ, વાજીંત્ર વગાડો. સમાજની પૂર્ણાહુતિ કરો."

નરેંદ્રના મોં પર ફીણ આવ્યાં હતાં. તેના કાનમાં ગર્જના થતી હતી. "પૃથ્વી પરથી નંદો ઉખેડશે ત્યારે..." તેની આંખો ઉડી ને ઉડી ગઈ. વીખરાતો સમાજ લોહીઆળ રંગનો બન્યો હતો...

"જય જય જયંત" બોલતા બ્રાહ્મણોની ઘોષણા તેના કાનમાં વિશ્વવિનાશના કડકડાટ સમી સંભળાઈ. તેને બે નિશ્ચેતન આંખોની રશ્મિઓ બાળી મુકતી હતી...એક વિષમય કર્કોટકની ફણાસમી શિખા તેના શરીરની આસપાસ ગુંછળાતી હતી.

ક્ષિતિજપર પોતાનાં શબ પર ગીધ ઉડતાં હતાં.

...અને ફરી દિશામાં જ્વાળામુખ [illegible] જણાતો હતો... તે બોલ્યાં નહિં તેમનું ચેતન, અસમર્થ જડતામાં ડોલવા લાગ્યું. [illegible]



ચિત્રકાર :] [રા. જગમોહન મીસ્ત્રી

નરેંદ્ર ઓટલા પર, આચાર્ય ઘોડા પર એકમેકની સામે જોઇ રહ્યા. પૃષ્ઠ ૧૨૬.

મોડીક ખાઈઓમાં બેઉએ પીખરાઈ ગયા અને નરેંદ્રદેવ વક્રનાસને લઈ પાછા જવા હાથી પર ચઢ્યા ત્યાં સુધી પણ તેને વક્રનાસની સલાહ ગળે ઉતરી નહોતી.

"ગુરુ ! તમે આ દુષ્ટોને મહેલમાં જવા દીધા."

"દેવ !" વક્રનાસે કહ્યું; "આ બધાને મારી નાખ્યા હોત તો શું થાત તે ખબર છે ? ઉપાધ્યાયના આ વાવરા. હવે જોઈએ તો સેનાજિતને મોકલીએ. એ કામ પાર પાડશે."

"શું કપાળ કરશે ? કાલે તો એણે બધું બગાડ્યું."

"કંઈ બગાડ્યું નથી" વક્રનાસે કહ્યું. "સેનાજિત !"

સેનાજિત હાથ જોડી ઊભો રહ્યો. તેને શી શિક્ષા મળી તે કોણ કહી શકે ? "ગુરુદેવ !"

"સેનાજિત !" વક્રનાસે કહ્યું; "તેં અક્ષમ્ય અપરાધો કર્યા છે."

સેનાજિતે માથું નમાવ્યું.

"તેનું પ્રાયશ્ચિત તારે કરવું એમ નરેંદ્રદેવ આજ્ઞા કરે છે. જેટલા જોઈએ તેટલા સૈનિકો લઈ ચેલા ચાણક્ય પાછળ જા, અને એ અને કુમાર બે ભેગા ન થાય તેની ચોકસી કરી આવ."

"જેવી આજ્ઞા !"

"ને સેનાજિત !" વક્રનાસનો નીચલો હોઠ આગળ આવ્યો "મગધની બહાર ગયા એટલે એ બેઆથી, એક નહીંતર તો [illegible] શું ? મારી વાળને !" દુષ્ટતાથી તે હસ્યો. સેનાજિતે હાથ જોડી માથું નમાવ્યું.

"ને સેનાજિત ! જોજે, કુમારને કંઈ થાય નહીં તો સારું." ફરીથી ભયંકર રીતે હસીને વક્રનાસે કહ્યું. નરેંદ્રદેવ આ વૃદ્ધ અમાત્યની કહેવાની રીત પર હસ્યા.

"સમજ્યો. જેવી આજ્ઞા !"

એને આજ્ઞાજ જોઈતી હતી. આ આચાર્ય તેની વિનાશકતામાંથી બચી ગયો, નરેંદ્રના ક્રોધથી બચી ગયો, હવે તેના હાથમાંથી નહીં બચે. આ તેનો, નંદની રાજ્યલક્ષ્મીનો કટ્ટા વેરીનો પોતે કાળ હતો.

તેણે દાંતપીસ્યા, અને જોઈતા સૈનિકો ભેગા કરવામાં રોકાયો. મધ્યાન્હ પહેલાં તેને વિષ્ણુગુપ્તની પુંઠે પડવું હતું.

તેને ગૌરીને મળવું હતું. પણ ક્યાં ? જે ઘર બાળીને તેણે ભસ્મ કર્યું હતું ત્યાં જવાની હિંમત નહોતી. તેણે મેનાજીને ત્યાં તપાસ કરી. ગૌરી ત્યાં હતી પણ માણસે ખબર આપી કે તે બેભાન સ્થિતિમાં હતી એટલે કોઈ તેને મળી શકે એમ નહોતું.

નિ:શ્વાસ નાખી, વિષ્ણુગુપ્તના શિરને એકાગ્ર ચિત્તે ઇચ્છતો તે [illegible] [illegible]-પુત્રની બહાર પડ્યો.

પ્રકરણ ૩૨ મું

ગૌરી નૈમિષારણ્ય જવા કેમ નીકળી

ગૌરી ભાનમાં આવી. તે કોઇના સુંદર મકાનમાં, પથારી પર પડી હતી. એક દાસી પવન નાખતી હતી. તે જાગતી હતી કે ઉંઘતી હતી? સમાજ, દક્ષયજ્ઞ, સેનાજિત, અંધારી રાતે ઘોડા પર મુસાફરી અને પોતાનું બળતું ઘર, આ બધી વસ્તુઓ તેના મગજમાં આવતી ને જતી. તેના હૈયાને સ્થાને એક વિશાળ બખોલ હતી—તેમાં એક ચિતા ભડભડ બળ્યા કરતી. તે ચિતાનું એકજ રૂપ હતું. થોડી ભીંતો ઉભી હતી, છાપરું પડી ગયું હતું, બારણાની જગ્યાએ બાકોરાં હતાં. આ ભયંકર ચિતા તેના ઘરની, વિષ્ણુગુપ્તની, પિતાની, તેની આશાની, મનોરથોની ને જીવનની ચિતા હતી. એના રાતા પીળા ભડકા તેની આંખ આગળ નાચતા. એના બળતાની આગ તેના માથાને અને ગાત્રને તપાવતી હતી.

તેણે પથારીમાં બેઠા થઇને ચારે તરફ જોયું. અંધારું થવા આવ્યું હતું. તેની આંખે બધે બળતાં દેખાતાં હતાં. તેણે વિચાર કરવાનો પ્રયત્ન કર્યો ને આખરે વિચાર એકજ આવ્યો: સેનાજિતે તેના પિતા અને તેના વિષ્ણુગુપ્તને બાળી મુકયા! તેને કમકમાં આવ્યાં. તેણે ગભરાટમાં બંને હાથ લંબાવ્યા.

તેની આંખ આગળ ઘર બળતું દેખાયું; શકટાલ ને વિષ્ણુગુપ્ત બળીને ભસ્મ થતા દેખાયા; બંનેની કારમી ચીસો તેને સંભળાઇ. બંનેના બળેલા હાડકાંમાંથી લીલી ભુરી જ્વાલા નીકળતી દેખાઇ. તેણે લમણે હાથ મુકી આ ચિત્રપરંપરા દૂર કરવા નિષ્ફલ પ્રયત્ન કર્યાજ કર્યો.

સેનાજિત ક્રૂર થયો; ઘાતકી થયો; પિતૃઘાતી થયો; અઘટિત થયો. હવે તે તેનો નહોતો. તેનો વેરી હતો, તેનાં લાડનાં સ્મરણો તેને સાપના ડંખ જેવાં વેદના દેવા લાગ્યાં. જે હાથ સેનાજિતે હાથમાં લીધો હતો તે ઝળઝળ બળતો હતો. તેનો મોહ, પ્રેમ બળીને ભસ્મ થઇ ગયો.

દુષ્ટ સેનાજિતે કોને બાળી મુક્યા! શકટાલ અને વિષ્ણુગુપ્તને! તેના પ્રિય પિતા, તેના જીવનનો આધાર, તેની સેવાના પૂજ્ય અધિકારીઓને? અંધ ને વૃદ્ધ પિતાએ આટઆટલા દુઃખમાં તેને માટે શું શું કર્યું હતું! પુત્રોને વીસારી પુત્રીના આશ્રય નીચે તેણે ઘડપણ ગાળવાનો નિશ્ચય કર્યો હતો; તે પુત્રીના પ્રણયીએ આખરે એને દગો દીધો, જીવતા બાળી મુકયા. નંદના ક્રોધે અને વક્રનાસના દ્વેષે જે ન કર્યું તે આ પ્રણયીની ઇર્ષાએ કર્યું. આખરે તેજ તેના પિતાની વેરી થઇ. તેની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. "પિતા! પિતા! દીકરાઓ તો માત્ર છોડી ગયા, મેં તો તમને બાળી મુકયા. પૂજ્ય પિતા! જે સ્તંભ પર તમે આધાર રાખ્યો તેણેજ તમને કચરી નાખ્યા?" તે બબડી.

આગ લાગી હશે ત્યારે વૃદ્ધ પિતા થરથરતે પગે નાસી જવા ઉઠયા હશે. પણ આંખના અંધકારમાં તેને દોરીને બહાર કોણ લાવે? હંમેશાં તે દોરતી હતી—આજે પોતે તેની પાસે કેમ નહોતી? પોતે મજાહ કરવા ગઇ હતી, પ્રણયીની વાતો સાંભળતી હતી. અને કેવો ક્રૂર પ્રણયી! તેણે કેવા કોડથી સેનાજિતને પરણવાની ઇચ્છા રાખી હતી! હવે લગન કેવું! કોડ કેવા! તેની અને સેનાજિતની લગ્નવેદી પર પૂજ્ય પિતાનું કારમું જોખમ શબ બાકું પડયું હતું!

અને પિતાના કેવા કેવા મનોરથો હતા! પુત્રીના સુખની ખાતર તેણે વેર વીસારે મુક્યું હતું. તેણે વિષ્ણુગુપ્તને વરાવવાની ઇચ્છા બતાવી હતી. આવા હેતાળ પિતા આખરે આવું મૃત્યુ પામ્યા!

ને વિષ્ણુગુપ્ત પણ બળી મુઆ. સેનાજિતે તેને બાળવા ઘર બાળી મુક્યું! ઇર્ષ્યાથી, વેરથી, ક્રોધ કે શું નાસી છુટયો તેથી? પણ કેવો ભયંકર દ્વેષ! સુતેલા આચાર્યને જીવતા સળગાવી દીધા!

તેણે આંખે હાથ દીધા. વિષ્ણુ કેવો વિદ્વાન હતો! તે નાની બાલકી હતી. ત્યારે તે તેના ઘરમાં રહેતો ને પિતાની સેવા કરતો. વિષ્ણુએ વખત છે ને તેને રમાડી હશે, વાતો કહી હશે, ભણાવી હશે. અને વર્ષો વીત્યે એ વિષ્ણુ આચાર્ય બની આવ્યો. તે તેના ગુરુનું ઘર શોધતો, નંદના નિમંત્રણને તિરસ્કારીને! કોઇએ નંદને પડકાર નહોતો કર્યો તે આ તેના વિષ્ણુએ કર્યો.

તે ઘેર ચાલીને આવ્યો—તેજસ્વી સ્વરૂપવાન, બાલ શંકર સમો. તેની નાની ઝુંપડી ચાર દિવસ પ્રાસાદ થઇ રહી. શેષ ને ક્ષપણક ને રાક્ષસ ત્યાં આંટાં મારવા લાગ્યા. તેના પિતાના નિશ્ચેતન જીવનમાં ચેતન આવ્યું. શિષ્યને જોઇ ગુરુને કેવા ગર્વ ને આનંદ થયા હતા!

આ બાલ શંકરે તેને પરણવાની ઇચ્છા દર્શાવી. પિતાએ પણ એજ ઇચ્છા દર્શાવી. બાપે તેને વચને તો વરાવી અને છતાં પોતે પાપિણી સેનાજિતને વરવા ઉત્સુક બની. "આચાર્ય! આચાર્ય! મારે માટે તમે જીવ ખોયો."

તેને આચાર્યના શબ્દો યાદ આવ્યા. તે પોતાને માટે બ્રહ્મચર્ય છોડવાના હતા. તેના પર કેવી કૃપા!

આચાર્ય બધાથી નીરાળા હતા. દેવો જેવી તેમની અપાર્થિવ તટસ્થતા હતી. મૈનાકીએ કહ્યું હતું કે ભવોભવ એવાને માટેજ વાટ જોવી. અને છતાં પોતે દુષ્ટા સેનાજિતને શોધવા નીકળી, તેની પ્રિયતમા બની 'દક્ષયજ્ઞ' જોવા બેઠી અને તેને બાળી મુકાવ્યા!

સેનાજિત ને આચાર્ય! ક્યાં આ દ્વેષી બ્રહ્મહંતા સેનાજિત ને ક્યાં બ્રાહ્મણશ્રેષ્ઠ વિષ્ણુગુપ્ત! તેને શબ્દોનું સ્મરણ થયું. 'જો મદન પ્રેરતો હોય ને રાજ્યલક્ષ્મીની લાલચ હોય, જો વિલાસવૈભવનું આકર્ષણ હોય, જો દીધેલો કોલ ડંખતો હોય તો સેનાજિતને વર, પણ જો મહર્ષિઓના પદ સેવતી ઋષિપત્નીની સ્પર્ધા કરવાની ઉત્કંઠા હોય—''

ખરી વાત છે. પોતે લોભી, દંભી, દુષ્ટા હતી. તેને મહર્ષિઓના પાદ સેવતી ઋષિપત્નીઓની સ્પર્ધા કરવાની ઇચ્છા ન થઇ. એટલુંજ નહીં પણ પોતે દુષ્ટાએ એ મહાત્માને બાળી મુકાવ્યા. ગઇ કાલે તેણે જો વિષ્ણુગુપ્તનો મુદ્દો સેનાજિતને ન કહ્યો હોત, તો સેનાજિત જાણત નહીં, ને આવું દુષ્ટ પગલું લેત નહીં.

અને કેવો વિપ્ર! બાલ શંકર જેવો!

"ઓ અગ્નિનો! મને બાળીને ભસ્મ કેમ ન કરી?" તેના પિતા જેવાએ પણ જેને માટે પૂજ્યભાવ દર્શાવ્યો તેને તરછોડ્યા, તેને બાળી મુકાવ્યા. તેના શબ્દોમાં શી મહત્તા હતી!...

પોતે બ્રાહ્મણકન્યા સેનાજિતને વરવા, આવા વિપ્રનો વિનાશ કરવા તત્પર થઇ. વિનાશ કરવા! તેનો વિનાશ કર્યો. વિષ્ણુગુપ્ત ધર્મનો અવતાર હતો, બૃહસ્પતિ સમાન વિદ્વાન હતો. તેને બાહ્લિકાચાર્ય જેવા બ્રાહ્મણની પૌત્રીએ બાળી મુકાવ્યો!

એમનો શું વાંક? એમને તો વિદ્યાનો પ્રતાપ પ્રસારવો હતો. ત્રણ વેદ ને વર્ણાશ્રમની પુનઃસ્થાપના કરવી હતી. શૂદ્ર નંદ બ્રાહ્મણોનો દ્વેષી, શકટાલનો શત્રુ તે સેનાજિતને મન પિતા

તુલ્ય હતો. તેવાને પોતે પરણવા તૈયાર થઈ—આ બૃહસ્પતિને છોડીને ! પોતે બ્રાહ્મણ કન્યા ! જેનું પેટ દેવોને પણ દુર્લભ એવી બ્રાહ્મણ કન્યા !

તેનું મગજ પ્રજ્વળી રહ્યું. તે હાવરીબાવરી થઈ ચારે તરફ જોઈ રહી. તેણે જોરથી માથું આવતા હતા. વસિષ્ઠ ને અંગિરા, ભરદ્વાજ ને અત્રિથી માંડી બાલ્હિકાચાર્ય સુધી બધા તેના તરફ ધસી આવતા હતા. આ વેદમૂર્તિઓની જ્વલંત આંખો ક્રોધથી તેની સામે જોઈ રહી. તે ગભરાઈ ગઈ; કયાં જવું તે સુઝયું નહીં. દિશા-



"તું ! તું ! તું કુલકલંક. તેં બ્રાહ્મણકન્યાએ બાલ શંકર સમા વિષ્ણુગુપ્તને બાળી મુકયા !"

પછાડયું. "હું જન્મતાં મરી કેમ ન ગઈ, ?" તેની ભયત્રસ્ત આંખો ફાટી ગઈ. "આ કોણ આવતા હતા ? ક્ષિતિજ પરથી મહર્ષિઓ ચાલી ઓ તેમના શાપથી કંપાયમાન થતી હતી. હજારો પૂર્વજો તેને સંબોધતા હતાઃ "તું ! તું ! તું કુલકલંક. તેં બ્રાહ્મણકન્યાએ બાલ શંકર

સમા વિષ્ણુગુપ્તને બાળી મુકયા!" તે બોચે પછડાઇ, બેઠી થઇ, પાછી પડી. "તું પૂર્વજ-દ્રોહી, ધર્મદ્રોહી, વિદ્યાદ્રોહી! તેં અમારા આચાર્યને બાળી દીધા!" ના ના! તે બોલવા ગઇ પણ કોઇએ સાંભળ્યું નહીં. પૂજ્ય પૂર્વજોનો સમૂહ તેના તરફ આવ્યો. વ્યોમમાં ભયંકર પ્રતિશબ્દો થયા. "તેં—તેં—બ્રાહ્મણ કન્યાએ શૂદ્રના સેવકના મોહમાં આચાર્યને બાળી મુકયા!" તેમનાં ઉગ્ર નયનમાંથી આંસુઓ પડવા લાગ્યાં. "દુષ્ટા! દુષ્ટા! એ વેદ ને વર્ણાશ્રમ સ્થાપત. એ વિદ્યાનો ઉદ્ધાર કરત. પણ એને તેં પાપિણીએ બાળી મુકયો" તે ગાંડી જેવી ઉઠી 'મેં બાળી મુકયા. હા, ક્ષમા કરો. મને મારી નાખો." દિશાઓ ક્રોધથી કાંપી. શેષનાગ ડોલવા લાગ્યો. ભયંકર શાપોની ગર્જના તેના કાનમાં થવા લાગી. "ના. ના. તું જીવતી બળ્યા કર."

"ના, ના, ના," કહી ચીશ પાડતી તે ઉઠી મહર્ષિઓના શબ્દોનો ભયંકર પ્રતિશબ્દ થયો. "અમને કોણ અંજલિ આપશે? આર્યાવર્તને કોણ ઉદ્ધારશે? વિદ્યાને કોણ સંરક્ષશે? પાપિણી! અમારું શું થશે?"

તે ગુંગળાઇ ગઇ. આ ભયંકર શબ્દો તેની પાછળ પડયા, તે આગળ દોડી. "ઉભી રહે! અમારું શું થશે?" આમ પાછળ કોઇ બોલતું હતું શબ્દો તેનાથી સહ્યા જતા નહોતા. તે કયાંથી નીકળી, કયાં ગઇ તેનું તેને ભાન નહોતું. પાછળ બધા દોડતા હતા, આગળ એ જતી હતી. "અરે આ શું કરે છે? અમારું શું થશે!" એ શબ્દો પાછળ ને પાછળ આવતા હતા.

સૂર્યોદય થયો. તે દોડતી ગઇ. વગો પરિચિત હતો. ત્યાં લોકોની ઠઠ ભેગી મળી હતી. કોની ઠઠ? પૂર્વજોની? કયા પૂર્વજોની તે તે કહી શકે એમ નહોતી. "આચાર્ય બળી ગયા." બધા કહેતા હતા "અમારું શું થશે?" એમ પાછળ ગર્જના થતી હતી. તે આ ઠઠમાં પેઠી. બધાંએ રસ્તો આપ્યો. તે આગળ ગઇ ને તેની આંખે અંધારાં આવ્યાં.

તેણે બળેલા ઘરના કોલસા જોયા, તેમાંથી નીકળતો ધુમાડો જોયો. તે આગળ દોડી. આ તેનું ઘર! પાછળથી "ઉભી રહે, ઉભી રહે" ના પોકારો કોઇ કરતા હતા...ચારે તરફ બધા —કોણ?—પૂર્વજો?—ઉભા હતા.

બળતા ઘર આગળ કોઇ બેઠું હતું. કોણ હતું? આ શું? તેના પિતા—હતા તેવા—બળતા ઘર આગળ રસ્તામાં બેઠા હતા? શું તે પિતૃલોકમાં આમ બેઠા હતા કે ખરેખરા જીવતા? પિતા! દયા કરો" તેણે આક્રંદ કર્યું. તે આગળ આવી. વૃદ્ધ શકટાલે હાથ લંબાવ્યો. "બેટા ગૌરી" તેજ અવાજ! તેજ હાથ! તે ફસડાઇ પડી. પણ તેની નજર બળતાં ઘર તરફ ગઇ... આ બળતાં નીચે મહર્ષિઓને પ્રિય એવા બાલ શંકરનાં અસ્થિ પડ્યાં હતાં..."ક્ષમા કરો" તેણે ચીસ પાડી.

કોઇએ તેને પકડી. તેનાં ગાત્ર શિથિલ થયાં. અંધકાર પ્રસરી રહ્યો.......

ઘર આગળ ગામલોક એકઠું થયું હતું. બળતાં ઘર આગળ અંધ શકટાલ ભયંકર એકલતામાં પોતાની સ્વસ્થતા જાળવી બેઠા હતા. આચાર્ય વિષ્ણુગુપ્ત ઘર નીચે દબાઇ બળી ગયા હતા એમ લાગતું હતું. ગાંડી જેવી ગૌરી આવી પિતાની પાસે બેભાન થઇ પડી.

આ જોઇ લોકોનો કોપ વધી ગયો. ચારે તરફ બડબડાટ થવા માંડ્યો. નંદના તરફ દ્વેષ જાગ્યો. નિર્બલ પ્રજામાં પણ પલ વાર બળ આવ્યું.

કેટલાક જણે શકટાલને ત્યાંથી ખસવા વીનવ્યા.

"ના, મારું ઘર બળી ગયું. હવે મને આગ કયારે મુકાય છે તેની વાટ જોતો હું બેઠો છું."



ચિત્રકાર:] ગાંડી જેવી ગૌરી આવી પિતાની પાસે બેભાન થઈ પડી-પૃષ્ઠ ૧૩૨. [રા. રવિશંકર રાવળ.

લોકો ત્રાસ્યા અને આવા કુકર્મી નંદ પર દેવો કેમ કોપતા નથી તેનો વિચાર કરવા બેઠા. મૈનાકીનાં માણસો ગૌરીની પાછળ આવ્યાં હતાં તે તેને ઉપાડી ગયાં.

આખરે કેટલાકે ઘર, છાપરું, બળેલાં લાકડાં જુદાં કર્યાં, અને તેઓ આચાર્યનાં હાડકાં શોધવા બેઠા. એટલામાં સિદ્ધાચાર્યના કેટલાક બાવાઓ આવી લાગ્યા અને ખબર આપી. સિદ્ધાચાર્યે મંત્રથી આચાર્યને કેમ બોલાવ્યા, આચાર્યે શું કહ્યું, આચાર્ય નિર્વિઘ્ને ગામ છોડી કેમ ગયા તેની બધાએ વાત સાંભળી. લોકોની અજાયબીનો પાર રહ્યો નહીં. દેવો આખરે નંદ પર રુઠ્યા ખરા તેની તેમને ખાત્રી થઇ, અને તેના પુરાવા તરીકે તેમણે વિષ્ણુગુપ્તની પ્રતિજ્ઞા મોઢે કરી લીધી.

શકટાલના ઘરમાંથી લોકોએ કચરો સાફ કર્યો, અને કેટલાકોએ માટી વગેરે લાવી નવા ઘરની તૈયારી કરવા માંડી. થોડીક વારે સંનિધાતાનાં માણસો આવી, એ કામમાં મદદ કરવા લાગ્યાં.

શકટાલે ત્યાંથી એક ડગલું પણ ખસવાની ના પાડી.

મૈનાકી લગભગ મધ્યાહ્ને ઘેર આવી. ગૌરીની માવજતમાં પડી અને જ્યારે ભાનમાં આવી ત્યારે તેને ખવડાવી પીવડાવી તેણે બધી વાત કરી. પિતા અને આચાર્ય બચી ગયા એ વાતથી ગૌરીમાં જીવ આવ્યો, અને વિષ્ણુગુપ્તે પ્રતિજ્ઞા કેમ લીધી તેની હૃદયભેદક વાત ઉત્સાહી મૈનાકીને મોંઢે સાંભળતાં તેની નિર્બલતા દૂર થવા લાગી. અને તેણે પોતાને આવેલા થોડા ઘણા વિચારો મૈનાકીને કહ્યા.

બપોર પછી સંનિધાતા ઘેર આવ્યા, અને સેનાજિતને જે આજ્ઞા કરવામાં આવી હતી તેની વાત તેમણે મૈનાકીને કરી. તે ચમકી, અને સંનિધાતા ખાઇને સુતા એટલે સુકેતુને બોલાવ્યો અને તેની સાથે તેણે થોડી મસલત કરી. પછી ગૌરી સુતી હતી ત્યાં તે આવી. તેના મુખ પર પાછી ચિંતા દેખાતી હતી.

" ગૌરી ! પાછા ભોગ જાગ્યા. "

" શું છે ? " ચમકીને ગૌરીએ પુછ્યું. આપત્તિપરંપરા ક્યારે આવતી અટકશે તે કલ્પી શકે એમ તે નહોતી.

" આચાર્યને મારી નાખવા નરેંદ્રે સેનાજિતને મોકલ્યો છે. "

" હેં ? "

" હા " મૈનાકીએ માથે હાથ મુક્યો.

" ને સેનાજિ—" ગૌરીની જીભ અટકી. " ગયા ? "

" હા, ક્યારના. "

" શું કરીએ ? " ગૌરીએ પુછ્યું.

" આ તો બધું યુદ્ધ તારેજ માટે ચાલે છે. "

" મોઇ હું ! મરતાં કોઇએ વિષ પણ નહીં દીધું. "

" એમ શું હારી ખાય છે? એક કામ કરીએ. હું આ સુકેતુને માણસો લઇ સેનાજિતની પાછળ ખબર રાખવા મોકલું છું. તું એની સાથે જા. જો કોઇ આપત્તિ દૂર કરી શકે એમ હોય, તો તે તુંજ છે. "

" તમે કહો તેમ કરું " નિરાધાર ગૌરીએ કહ્યું.

" સુકેતુ જોડે જા ને આચાર્ય શકટાલને પુછી આવ. "

" ના ના. દેવી ! હું પિતાજીને શું મોઢું લઇ પુછવા જાઉં ? મારું કર્મ હુંજ ફોડું. પણ જો આચાર્ય બચે એમ હોય તો હું જાઉં. "

" તું જશે તોજ બચશે. "

ગૌરીએ વિચાર કર્યો ને એકદમ ઉઠી. "દેવી ! એમને કોઇ પણ રસ્તે બચાવવા જોઇએ.

હું તૈયાર થાઉં છું. સુકેતુને કહો કે મને લઇ જાય."

"ધન્ય છે ગૌરી!" મેનાકીએ કહ્યું.

ગૌરી આચાર્યને બચાવવા પ્રાણ આપવા તત્પર થઇ.



સંનિધાતાએ મેનાકીને વાત કરી.

પ્રકરણ ૩૩ મું

નૈમિષારણ્ય

સેનાજિતનું કામ એણે ધાર્યું હતું તેના કરતાં ઘણું અઘરું નીકળ્યું. પોતે પાછળ પડયો છે તેની જાણ આંભિના સૈન્યને ન પડે એવી તેને ચોકસી રાખવી પડતી. તે ઉપરાંત કુમાર ચંદ્રગુપ્ત આવીને વિષ્ણુગુપ્તને મળ્યા કે કેમ તેની ગૂઢ પુરુષો મોકલી ખબર કઢાવ્યા કરવી પડતી.

સેનાજિતની અકળામણનો કંઈ પાર નહોતો. તેના તંતુએ તંતુ વિષ્ણુગુપ્તને મચડી નાખવાને ઉછળી રહ્યા હતા. દિવસો જેમ જતા હતા તેમ તેની અધીરાઇ વધતી હતી.

મગધની સીમા તેણે વટાવી ત્યારે તેને કંઈ ચેન પડયું. હવે તેના પર મુકાએલો અંકુશ દૂર થયો. ઝપાટાબંધ જઇ, સામાસામી યુદ્ધ કરી, આ દુષ્ટનો અંત આણવાનો તેને વિચાર આવ્યો. પણ આંભિ ને શેષ બંનેના રસાલામાં લગભગ બે હજાર યોદ્ધાઓ હતા અને વખત છેને પોતાના ચાર હજાર યોદ્ધાઓને એ હરાવે તો? ના; ઉતાવળ કરવાનું કે મુર્ખાઇભર્યું પગલું ભરવાનું કંઈ કારણ નહોતું.

સેનાજિતે ઉંઘ ને અન્ન બંને છોડ્યાં હતાં. વિચાર, ડહાપણ, સેવા, પ્રેમ એમાંથી કોઇએ વસ્તુ તેને રુચતી નહોતી. વિષ્ણુગુપ્ત પાછળ, જેમ જલ પાછળ તરસ્યો મૃગ દોડે તેમ, તે દોડી રહ્યો હતો.

તેની પ્રિયતમા તેણે લઇ લીધી તેનો કેદી તે છોડવી ગયો. તે બળતા ઘરમાંથી નાસી ગયો. તેના પર નરેંદ્રની મહેરબાની હતી તે તેણે ખોવડાવી. આખા પાટલિપુત્રમાં તેની હાંસી કરાવી; તેની પ્રતિષ્ઠા, તેની કીર્તિ, ને તેનું સુખ ખુંચવી લીધું. અનેક વર્ષોનું તેનું તેજસ્વી જીવન થોડી પળોમાં ચુંથી નાખનાર આ પિશાચનો વિનાશ એજ તેને પરમ ને પ્રથમ ધ્યેય જણાયું.

દિવસ ને રાત તે આવા વિચાર કર્યા કરતો. એકાગ્રતા એકાગ્રતાને સરળ કરી આપે છે. જાગતાં તે વિષ્ણુગુપ્તના વિનાશના વિચારો કરતો; સુતાં તેના લોહીમાં હાથ ઝબોળતો.

અનેક દિવસો પછી તે મુંઝવણમાં પડયો. આંભિનું સૈન્ય મોટો રસ્તો છોડી, ઉત્તર તરફનો રસ્તો લેતું હતું. આનું કારણ શું? તેણે ગૂઢ પુરુષો મોકલી તપાસ કરાવી પણ કંઈ પત્તો ખાધો નહીં. તેણે પણ તેજ રસ્તો લીધો.

ત્રણ દિવસની મજલ પછી પર્વતમાલાઓ દેખાઇ, અને શીતલ પવન વાવા લાગ્યો. રસ્તો હવે સપાટ નહોતો, પણ ઉંચો નીચો થતો હતો, અને પર્વતોનાં નાનાં મોટાં શિખરો ચારે તરફ દેખાવા લાગ્યાં હતાં. હવે એક બીજાથી દૂર કે છુપા રહેવાય એમ નહોતું. ગૂઢ પુરુષો ખબર લાવ્યા કે આંભિ નૈમિષારણ્ય તરફ જતા હતા.

સેનાજિતનું સૈન્ય આગળ વધ્યું, અને આંભિનું સૈન્ય દેખાય એવી રીતે રાતવાસો કર્યો.

સેનાજિતે નૈમિષારણ્યની અનેક વાતો સાંભળી હતી પણ તે જોયું નહોતું. ધનનંદના દરબારમાં નૈમિષારણ્ય એટલે ભુખાળવા, અસંતુષ્ટ ને દુષ્ટ બ્રાહ્મણોનું નિવાસસ્થાન એમ મનાતું, અને તેને માટે તિરસ્કારવૃત્તિ સીવાય બીજી વૃત્તિ કેળવાતી નહોતી. તેણે વડીલો પાસે આ અરણ્યની કથાઓ સાંભળી હતી, પણ મોટપણે તેને તે હસી કાઢતો હતો. સેનાજિતને મનમાં હસવું આવ્યું —ભૂત સ્મશાને પાછું જતું હતું!

આવી જગ્યા જોવાનું તેને મન થયું.

સેનાજિત સવારે ઉઠયો ત્યારે આંભિનું સૈન્ય હતું ત્યાંજ એક પર્વતની તળેટી આગળ છાવણી નાખી પડયું હતું. સેનાજિતની ધીરજ હવે રહી નહીં. તેણે પણ લશ્કરને છાવણી નાખવાની આજ્ઞા કરી અને સો ચુનંદા ઘોડેસ્વાર યોદ્ધાઓ લઇને તે આગળ વધ્યો.

એક વૃદ્ધ યોદ્ધાએ વાંધો ઉઠાવ્યો. "અધ્યક્ષ-રાજ! શસ્ત્ર સજીને નૈમિષારણ્યમાં કેમ જવાય?"

સખ્તાઇથી સેનાજિત જોઇ રહ્યો. "આ હિરણ્યગુપ્ત નંદનું રાજ્ય છે—પરીક્ષિતનું નથી" તેણે કડવાશથી કહ્યું ને યોદ્ધો મુંગો રહ્યો. તેઓ આંભિની છાવણી આગળ આવી પહોંચ્યા. એક ઝાડ નીચે થોડા યોદ્ધાઓ વીસામો ખાતા હતા, તે એકદમ ઉભા થઇ સામું આવ્યા. એક જણે ધમનિકા[1] ફુંકી એટલે બીજા યોદ્ધાઓ છાવણીમાંથી બહાર આવવા લાગ્યા.

"હું લડવા નથી આવ્યો. ગભરાશો નહીં." સેનાજિતે કહ્યું. "આંભિકુમાર કયાં છે?"

એક શિબિરમાંથી કદ્રુનું હાસ્ય સંભળાયું. "કોણ સેનાજિત!" કદ્રુ બહાર આવ્યો. તેનું વિશાલ મોઢું મજાકમાં હસતું હતું. "કેમ તમે ભુલા પડયા?"

"આંભિકુમાર ને મહાદેવી કયાં છે?" સેનાજિતને આ પ્રચંડ ને હસમુખા બ્રાહ્મણનું મોં ન ગમ્યું.

"એ બધા કુલપતિ ભદ્રાક્ષને આશ્રમે ગયાં છે." કદ્રુએ એક આંખ મીંચી કહ્યું.

"કેમ?"

"આસતીથે સ્નાન કરવા. બેસો; થાકી ગયા હશો. બેસો."

"ના મારે એમનું કામ છે." સેનાજિતે અખ્તાઇથી કહ્યું.

"કોનું?" ને કદ્રુના મોંએ હસ્યા જ કર્યું.

"આંભિકુમારનું."

"ચાલો, રસ્તો બતાવું."

"ના, હું જઇશ." સેનાજિતે જીદ કરી.

કદ્રુ ખડખડ હસ્યો. "હું એકલો કયાં તમને ખાઇ જવાનો છું! સેનાજિત! ગભરાશો નહીં. મારે પણ ત્યાંજ જવું છે. હું આઘો આઘો ચાલીશ" કહી તેણે ઝોળી ખભે ભેરવીને ચાલવા માંડયું.

"આવો, આવવું હોય તો" સેનાજિતે કહ્યું.

"—ને આ ઘોડા ને શસ્ત્રો પણ સાથે લઇ જશો?" કદ્રુએ પુછયું.

"કેમ શો વાંધો છે?"

"નૈમિષારણ્યમાં કોઇ લઇ જતું નથી. પછી તમારા જેવા મહારથીને કોઇ ના કહી શકયું છે?" કદ્રુએ હસીને કહ્યું. સેનાજિતે જીદમાં હોઠ ખીચ્યા અને જવાબ દીધો નહીં. કદ્રુએ ચાલવા માંડયું, અને સેનાજિત અને તેના યોદ્ધાઓ સાથે સાથે ચાલ્યા.

તળેટીમાંથી તે બધા એક ટેકરી પર ચઢયા. જેવા તે ત્યાં ચઢયા એટલે સેનાજિતે ઘોડો ઉભો રાખ્યો ને ચારે તરફ નજર નાખી. તેઓ એક પર્વતના સપાટ મથાળા પર ઉભા હતા.

ધૂમ્રમય પણ પારદર્શક વાતાવરણ ચારે તરફ વિસ્તરતી પર્વતમાલાઓ પર પ્રસરી રહ્યું હતું. ઉત્તરમાં દૂર ને દૂર પર્વતો મોટા થતા હતા અને વાદળાની પેલી તરફ એક ગિરિરાજનું હિમમય શૃંગ ગગન ભેદતું હતું. તાપ આછો હતો; પવન શીતળ હતો; થોડાંક નાનાં સોનેરી વાદળો સીવાય વ્યોમ નિર્મલ હતું. ગરમી, ઠંડી, તેજ ને છાયા બધાનો અદ્ભુત સમન્વય જોનારની દરેક ઇંદ્રિયને મુગ્ધ કરી અવાસ્તવિક રમણીયતાભર્યું ચિત્ર ઉભું કરતો હતો.

[1] શુંગળ

પણ આ બધામાં પર્વતમાલા વચ્ચે આવેલી ખીણ ધ્યાન ખેંચતી હતી.

આ વિશાલ ખીણ ઉભરાઇ રહેલી લીલોતરી નીચે સંતાઇ રહી હતી, અને તેની વચ્ચે થઇ એક નદી કોઇક વાર સૂર્યના તેજમાં દીપતી, કોઇક વાર ઝાડોમાં લપાઇ જતી, આગળ વધતી દેખાતી હતી. નાના મોટા ઝરાઓ ઠેકઠેકાણે હીરાની માફક ચમકતા હતા. ઠેકઠેકાણેથી ધુમાડાની સેરો લીલોતરીની ઉપર ચાલી આવતી હતી.

પાટલિપુત્રમાં રહેતા બ્રાહ્મણોના વાડા જેવું નૈમિષારણ્ય કૈંક હશે એવો સેનાજિતને ખ્યાલ હતો.

તેણે પર્વતની ધાર પર ઘોડા લાવી એકીટશે જોયા કર્યું.

દૂર બે પર્વતમાલાઓ મળી જતી ત્યાં સુધી આ લીલોતરી ને સરિતાનો પ્રવાહ જતો વહેળાઓની ચમક રંગમાં ભભક આણતી; ધુમાડાની સેરો ઉંચે ને ઉંચે આવવા મથતી. કોઇક ઠેકાણે જટાધારી માણસો કે છોકરાઓ જતા. કોઇક ઠેકાણે ગાયો વિહરતી પડી હતી. એક ઠેકાણે–વચ્ચે–વિભૂતિની એક નાની ટેકરી રંગમાં ભાત પાડતી હતી. કોઇક ઠેકાણેથી ધુમાડાની સેરો સાથે સુવાસ આવતી; કોઇક ઠેકાણેથી ઘંટનાદનો મીઠો ધ્વનિ આવતો. કોઇક ઠેકાણેથી કોઇના હોંકારા કે હાસ્યનો અવાજ આવતો, અને અનેક ઠેકાણેથી મંત્રોચ્ચારનો મીઠો, પ્રેરણાવાહક ધ્વનિ સુવાસ અને બીજા ધ્વનિ સાથે ભેગો મળી, જાણે આ શાંત ને રમણીય સ્થલનો વિશુદ્ધ ને સમૃદ્ધ પ્રાણ હોય તેમ, વરુણદેવના વ્યોમસિંહાસનને સ્પર્શવા ની મહેચ્છાથી ઉપર ને ઉપર આવતો હતો.

અનેક ઇંદ્રિયોદ્વારા આત્મામાં અમી રેડતા આ અરણ્યે સેનાજિતને જરા શાંત કર્યો. પણ બીજી પળે ભ્રૂભંગ કરી તેણે એ શાંતિને હડસેલી મુકી. આ અરણ્યનો પેલો વિષ્ણુગુપ્ત કીડો હતો. મહાપદ્મ નંદ અને તેના પુત્રોના પ્રતાપથી નાઠેલા બ્રાહ્મણો જે વર્ષો થયાં અહીંઆં ભરાઇ બેઠા હતા તેનો એ પ્રતિનિધિ હતો. એ આચાર્યનો વિજય તે આ અરણ્યનો વિજય; આ અરણ્યની મોહિની તેજ એનો પ્રતાપ. સેનાજિત ક્રૂરતાથી હસ્યો. વિષ્ણુગુપ્ત સાથે આ અરણ્યને પણ આગ મુકાય તો કેવું ?

"સેનાજિત !" કદ્રુએ મજાકમાં પુછ્યું, પહેલા કદી આવ્યા હતા કે ?" તેણે મુગે મોંઢે ના કહી, અને થોડી વાર પોતાની વિનાશકતા પોષી રહ્યો. રમણીયતા, શાંતિ, પ્રાણવાહક ધ્વનિનું માધુર્ય: એ સૌ તેને સકલ સૃષ્ટિના કલંકરૂપ લાગ્યાં; તેનો બધાનો વિનાશ કરવા તેના હાથ તલસી રહ્યા. મહાપદ્મ નંદે આરંભેલા બ્રાહ્મણવિનાશના શુભ કાર્યને આ અરણ્ય બાળી મુકીને કયારે સિદ્ધિ અપાવે ?

"પેલા બ્રાહ્મણનો આશ્રમ કયાં છે ?"

"પેલો બ્રાહ્મણ !" હસીને કદ્રુએ કહ્યું અને જેવી તોછડી રીતે સેનાજિતે પુછ્યું હતું તેવીજ રીતે, પણ મજાકમાં, જવાબ વાળ્યો; "કોણ પેલા ભદ્રાક્ષ ? આ રસ્તે જા" તેણે આંગળીવતી રસ્તો બતાવ્યો. સેનાજિતે બોલ્યા વગર બતાવેલી પગથી પર ઘોડો મારી મુકયો. થોડે આગળ જઇ તેણે જોયું તો તેના સાથીઓ ઘોડો આગળ ચલાવતા નહોતા.

"ચાલો" સેનાજિતે ગુસ્સામાં આજ્ઞા કરી. બધા ઘોડેસ્વાર તેની પાછળ ગયા. કદ્રુ બીજી પગથીએથી દોડતો દોડતો અદ્દષ્ટ થઇ ગયો.

સેનાજિત અધીરાઇથી ખીણમાં ઉતર્યો. સપાટ જમીન પર તે આવ્યો. એટલે પગથી ઝાડોની છાંય નીચે સુરમ્ય તપોવનમાં જઇ જતી જણાઇ.

અહીંઆં સવિતાનારાયણે પણ માધુર્ય કેળવ્યું હતું. તેમનાં કિરણો ઝાડોનાં પંદડાં સાથે ઝુલતાં હતાં, ભોંય પર કુદી, રમતાં ભમતાં, તેજ-છાયાના ચંચળ પાથરણાં પર જુદી જુદી ભાત પાડતાં હતાં. જ્યાં સુધી નજર જાય ત્યાં સુધી મોટાં, વિશાલ વૃક્ષોની પરંપરા દેખાતી; અને વચ્ચે વચ્ચે લટકતી વેલો દૃષ્ટિપથમાં અવનવી કારીગીરી રચતી હતી.

આ બધાએ રચેલા અપુર્વતાના દર્શનમાં કિરણોએ પાડેલાં ભાતભાતનાં કુંડાળાં અદૃષ્ટ વનદેવીઓનાં નૃત્યથી પડતી પદરેખાઓ જેવાં લાગતાં. પ્રખરતાવીહોણા સૂર્યથી તાપ અને પ્રકાશ બંને સુકુમાર બન્યાં હતાં; સ્વપ્નામાં સુલભ એવું સુકુમાર વાતાવરણ પ્રસરી રહ્યું હતું અને વૃક્ષપરંપરામાં થઈને અનંત અપૂર્ણતા પોતાની ઝાંખી કરાવતી હતી.

વૃક્ષ અને વનલતામાં વનનું વૈપુલ્ય હતું ને ઉપવનના સંસ્કાર હતા. વૃદ્ધ વૃક્ષોને થાળાં હતાં, નાનાં વૃક્ષોને ક્યારા હતા. વનલતાઓ, સ્નેહભરી તેમને વીંટઇ કિસલયને પુષ્પથી પોતાના સુખી દામ્પત્યનો વિજય દર્શાવતી હતી.

કોઇ ઝાડ પાકાં લીલાં, તો કોઇ લીલાશ-ભર્યાં પીળાં, તો કોઇ રાતાં પત્રોથી શોભતું હતું. ગોગમના લીલા ઝાડ પર એક તરફ આછા કીર-મજીઆ પુષ્પોનો પુંજ, ઇંદ્રાસન પરથી સિંધુરે રંગાએલા પુષ્પોનો ઢગ એ ઝાડ પર ખરતો હોય, એવો ભાસ આપતો હતો. એક વિશાળ પારિજાતક પર તારાઓ ચમકે તેમ દેવપુષ્પો ચમકતાં હતાં ને ક્યાં સુધી સુવાસ પ્રસારતાં હતાં. ઠેકઠેકાણે લીલી જાસુદીનાં મોટાં, ઘાટીલાં, ઘેરાં, લાલ પુષ્પો આનંદથી ડોલી લીલી લાગતી સૃષ્ટિમાં રંગવૈવિધ્યની છાંટ પાડતાં હતાં.

આ રમણીય સમૃદ્ધિ પાષાણને શાંત કરત, પણ સેનાજિતમાં સહિષ્ણુતા પણ ન લાવી શકી.

તેણે હોઠ પીસી ઘોડાને એડ મારી અને ઉંચું જોયું–એક વાંદરો એની સામું દાંત કચ-કચાવતો હતો. એણે પણ સામું દાંત પીસ્યા.

વચ્ચે વચ્ચે નાના વહેળા નાના, સુંદર, સફેત પથ્થરો પર થઇ વહી જતા હતા. તેનાં જલ નિર્મલ ને શીતલ હતાં. તેના ઘોડાએ માથું નીચું કરી પાણી પીવા માંડયું એટલે સેનાજિતે ન છુટકે શ્વાસ ખાધો. તેની નજર વહેળાના પ્રવાહ તરફ ગઇ. ખળખળ વહેતો નાનકડો પ્રવાહ કલ્લોલ કરતો, નાના છોડો નીચે છુપાઇ જતો હતો. માથા ઉપર એક વનલતા પુષ્પોના ઝુમખાઓથી તેને ખીજવી રહી હતી.

દૂરે એક કોયલ બોલી. તેણે હોઠ પીસી ઘોડા-ની લગામ ખેંચી ને વહેળો ઓળંગી તે આગળ વધ્યો.

વચ્ચે નાનું ચોગાન આવ્યું. પગથીઓ બે ત્રણ દિશામાં જતી હતી. ક્યાં જવું તે વિચારતા તેણે ઘોડો રોકયો. સામે એક પગથી પર એક કૃષ્ણ અને ત્રણ બીજા એમ ચાર મૃગો જાણે એની દયા ખાતાં હોય તેમ ઉભાં ઉભાં જોયા કરતાં હતાં.

"રાજપુરુષો મહેનત કરી મરે ને આ આળસુ પાડાઓ શું મોજ કરે છે ?" તેણે વિચાર કર્યો. તેણે મૃગો તરફ ઘોડો દોડાવ્યો. ક્યાં સુધી તો આશ્રમના મનુષ્યથી પરિચિત મૃગો શાંતિથી ઉભા રહ્યા, પણ આખરે આ જોસભેર આવતા ઘોડેસ્વારો પર વિશ્વાસ ન પડવાથી, ગભરાઇ નાસી ગયા.

બીજો વહેળો આવ્યો. તે જરા મોટો હતો. ત્યાં પાણી ઉંચાં નીચાં પથ્થર પરથી વહેતું ગાન ને નૃત્ય બંને કરતું હતું. એક ઠેકાણે વહેળાનાં પાણીનું નાનકડું તળાવડું થયું હતું. તેમાં એક નીલકમલના પુષ્પની આસપાસ સારસની જોડી ગેલ કરતી હતી. દૂર એક સ્ત્રી ઘડો ભરી ચાલી

જતી હતી. ઉછળતા ઘોડા ને સજ્જ સૈનિકો જોઇ સારસોએ ચીસ પર ચીસ પાડી નાસવા માંડયું. પેલી સ્ત્રીના હાથમાંથી ઘડો પડીને ભાંગી ગયો અને તે પાછું જોયા વિના ચાલી ગઇ.

સેનાજિતે શ્વાસ ખેંચ્યો, ને ઘોડાની લગામ પણ ખેંચી સારસની ચીચીઆરીઓ તરફ તે જોઇ રહ્યો. એક ફટકે તેમનો પ્રાણ લેવાનું તેને મન થયું, પણ અંતરમાં શરમ વ્યાપી. આવા રમણીય સ્થલમાં, જ્યાં મૃગો ને સારસ નિર્ભય રીતે વિહરતાં ત્યાં એક બ્રાહ્મણને મારવા સો શસ્ત્રસજ્જિત સૈનિકો લઇને તે જતો હતો! તેને પોતાના પર ચીઢ ચઢી.

"બાકી બધા પાછા જાઓ. દશ માણસ મારી સાથે ચાલો" તેણે આજ્ઞા કરી.

તેનાં માણસો તેની મજાક તો નહોતાં કરતાં તે જોવા તેણે સખ્તાઇથી પાછું જોયું અને ઘોડો આગળ ચલાવ્યો. આખું નૈમિષારણ્ય તેની મજાક કરતું હતું! ચારે તરફની શાંત રમણીયતામાં એ અને એનાં માણસો વિચિત્ર–જાણે કલંકરૂપ–હોય એવાં લાગતાં હતાં.

પ્રકરણ ૩૪ મું

—o—

કુલપતિ ભદ્રાક્ષ

એક ઘાસની ઝુંપડી આગળ એક માણસ આંખ મીચી હાથ ગૌમુખીમાં રાખી બેઠો હતો. સામે એક મૃગ મૃગીઓને રીઝવતો હતો. સેનાજિત તે તરફ ગયો, પણ માણસે ઉંચુ જોયું નહીં ને આંખ ઉઘાડી નહીં. તે થોડીવાર ઉભો રહ્યો, ને પેલો માણસ જાપ જપી રહ્યો. અને મૃગ મૃગીઓને રીઝવ્યો ગયો. ઝાડ પર ટહુકતા કોઇક પંખીના ટહુકાર સીવાય બધું શાંત હતું. સેનાજિતના અશાંત હૃદયને ન છુટકે શાંતિ કેળવવી પડતી હતી. તેને પેલા મૂઢ પર ઘોડો ચલાવવાનું મન થયું. નરેંદ્રનો એક પ્રતાપી અધ્યક્ષ એક ધ્યાનસ્થ માણસ પર ઘોડો કેવી રીતે ચલાવે છે તે દેખાડવા મૃગ મૃગીઓનું ધ્યાન ખેંચી રહ્યો. મૃગ પણ તેની મશ્કરી કરતો લાગ્યો. તેણે કચવાઇને ઘોડો આડો ફેરવી આગળ દોડાવ્યો.

બુકુલ વૃક્ષોની આસપાસ રચેલો એક લતામંડપ આવ્યો. એક પારિજાતક રસ્તામાં સુવાસનાં પ્રાણ સરખાં ફુલડાંઓ વેરી બેઠું હતું. તે પુષ્પતારલાઓને પોતાના ઘોડાની ખરીથી કચરાતાં તેને પોતાની શક્તિમાં શ્રદ્ધા આવી ને આનંદ થયો.

તેના ઘોડાના અવાજથી બે હરણો દોડતાં નાઠાં. એક હંસ કોઇના હાથમાંથી છુટી નાનાં ઝાડવાં પાછળ આવેલાં જલાશય તરફ ઉડી ગયો. બે નાનકડાં માંથાં લતામંડપની પાછળથી આગળ આવ્યાં. બે કાળા કેશકલાપ લીલાં પાતરાંમાં શોભી રહ્યાં. ચાર ભયવ્યાકુલ, રૂપાળી આંખો તેને જોઇ રહી.

આ તો બે આંખો ગૌરીની હતી તે દુષ્ટ વિષ્ણુગુપ્ત ચોરી ગયો હતો.

"ભદ્રાક્ષનો આશ્રમ ક્યાં?"

એક છોકરીએ આંગળીથી દિશા દેખાડી. જ્યાં સુધી વિષ્ણુગુપ્ત ભૂમિને ભારે મારતો હતો ત્યાં સુધી આવી રૂપાળી છોકરીઓ તેને અકારી લાગતી હતી. તે આગળ ગયો.

સુકુમાર અવાજો તપોવનની શાંતિનો ભંગ કરી રહ્યા.

अपां नपातमवसे सवितारमुपस्तुहि—



ચિત્રકાર:] એક ઘાસની ઝુંપડી આગળ એક માણસ [રા. રવિશંકર રાવળ
આંખ મીચી હાથ ગૌમુખીમાં રાખી બેઠો હતો.

—પૃષ્ઠ ૧૪૦.

જે તરફથી અવાજ આવતો હતો તે તરફ તે ગયો તો ચારે તરફ નાની નાની અનેક ઝુંપડીઓ દેખાઇ. એક ઝુંપડી આગળ ઝાડ નીચે છ સાત શિષ્યો વેદોચ્ચાર કરતા હતા. તે આ કાલ જેવા આદમીને જોઇ એકદમ ગભરાઇ ગયા ને અટકયા. આ સૃષ્ટિમાં તે પોતેજ વિસંવાદરૂપ હતો.

"ભદ્રાક્ષ કયાં છે ?" તેણે કચવાઇને પુછ્યું.

છોકરાઓ વિસ્મય પામ્યા. તેમનાં નિર્દોષ નયનો આ અપરિચિત પ્રશ્નથી પહોળાં થઇ ગયાં. એકથી બોલાઇ ગયું: "ભદ્રાક્ષ !"

"હા" સેનાજિતે દાંત પીસી કહ્યું.

એક છોકરાએ એક પગથી પહોળી થતી જતી હતી તે તરફ આંગળી કરી, ને સેનાજિત તે તરફ ગયો. છોકરીઓ, છોકરાઓ, મૃગ, પોપટ ને હંસ કયારે પુરાં થશે ને પેલો એનો વેરી કયારે દેખાશે ?

તે પગથીએ થઇને ગયો એટલે વિશાલ વૃક્ષોથી વીંટાએલું વિશાલ ચોગાન આવ્યું. ઝાડો નીચે નાની મોટી અનેક નીચી ઝુંપડીઓ હતી. ત્યાં આગળ કોઇ બેઠું હતું. વચ્ચે ભોંયમાં એક મોટી વેદી કરેલી હતી. ત્યાં ત્રણેક શિષ્યો સમિધ ગોઠવતા હતા. એક તરફ દૃષદ્વતીનાં દર્શન થતાં હતાં. તેનો પ્રવાહ આ ચોગાનને સ્પર્શીને ધીમેધીમે વહી જતો હતો. બંને તીરે નાના, નીચા, પુષ્પભર છોડો પવનમાં નાચી રહ્યા હતા. પેલે તીરે એક બગલું બેઠું હતું. અહીંઆં મનુષ્ય, પશુ ને વનસ્પતિની જીવનચર્યા અપૂર્વતાની આહ્લાદક સ્વસ્થતા પામી રહ્યાં હતાં.

"ભદ્રાક્ષનો આશ્રમ આ ?" કર્કશ અવાજે સેનાજિતે પુછ્યું. તે આ પ્રશ્ન પુછી પુછી કંટાળી ગયો હતો.

એક તપસ્વી ઉભો થયો. "હા. આપ કોણ છો ?" શાંત અવાજ ને મર્યાદાશીલ પ્રશ્ને સેનાજિતને વધારે કચવ્યો. "ભદ્રાક્ષ કયાં છે ?" તેણે તોછડાઇથી પુછ્યું. પેલા તપસ્વીએ પણ પ્રશ્નની અપરિચિતતાથી આંખો ફાડી, પણ "પધારો" કહી તે તેને એક ઝાડ તરફ લઇ ગયો. આવા અરણ્યમાં આ રમણીયતા, આ શાંતિ, આ સમય, આ વિનય તેના ક્રોધને ગુંગળાવી રહ્યાં. જેમ જેમ તેના ક્રોધને બહાર નીકળવાનો અવકાશ મળ્યો નહીં, તેમ તેમ અંદર ને અંદર તે ધુંધવાતોજ ગયો.

એક વૃદ્ધ વડ તરફ તે ગયા. તેના મોટા થાળા પર એક તરફ બે મુળીઆ વચ્ચે લાકડાં બાંધી પથારી જેવું કર્યું હતું. બીજી તરફ એક વૃદ્ધ પુરુષ મૃગચર્મ પર આંખો મીચી બેઠો હતો.

એ પુરુષ ઘણો વૃદ્ધ લાગતો હતો. તેની દાઢી ને જટા મોટાં ને સફેત હતાં. તેની આંખો બાટીલી હતી. તેણે દર્ભનું વસ્ત્ર પહેર્યું હતું. ને પહોળું, સ્વચ્છ ને શ્વેત યજ્ઞોપવીત તેની ગૌરવર્ણી ડાબી ખાંધેથી, હિમાલય પરથી ગંગા ઉતરે તેમ, ઉતરી રહ્યું હતું. તેણે કપાલ પર ભસ્મનું ત્રિપુંડ્ર કર્યું હતું. અને હાથે ને છાતીએ ભસ્મ લગાડી હતી. આ વૃદ્ધ ને તેજસ્વી તપસ્વી આ પુનિત, પુરાણ ને સાત્ત્વિક સ્થળની મૂર્તિસમા લાગતા હતા. તેના શાંત વ્યકિતત્વમાંથી શાંતિ ચારે તરફ પ્રસરી આખા અરણ્યને શાંતિમય બનાવતી લાગતી હતી. સેનાજિતને અત્યારે શાંતિ કે સાત્ત્વિકતા કંઈ રુચે એમ નહોતું. આ ડોસા જેવો કોણ ? એને કયાંક જોયો હતો એવો એને અસ્પષ્ટ વિચાર આવ્યો. ને પોતે આ વડની પાસે આવ્યો એટલે તેણે અધીરાઇથી પેલા તપસ્વીને પુછ્યું: "ભદ્રાક્ષ કયાં છે ?" પેલા વૃદ્ધ તપસ્વીએ ધીમેથી આંખો ઉઘાડી, પ્રફુલ્લ કમલને જેની ઉપમા અપાય, એવાં વિશાલ નયનોનાં સૌમ્ય ને સ્નેહભર્યાં તેજોનો પ્રવાહ તેના તરફ વળ્યો, અને પળ વારમાં તેને પખાળવા લાગ્યો. સેનાજિતે ભ્રૂભંગ કર્યો. પોતે આવા ઢોંગી-

ઓને ઓળખતો હતો. એ કૈં પહેલો એવો હતો ?

"કયા ભદ્રાક્ષનું કામ છે ?" વૃદ્ધ પુરુષ જરાક હસ્યા. એ હાસ્ય મહાનને પણ મહાત કરે એવું હતું. ક્ષોભથી અકળાતો સેનાજિત વધારે તોછડો થયોઃ "ભદ્રાક્ષ—જેનો આ આશ્રમ છે તે. જેને ત્યાં આંભિકુમાર આવ્યા છે તે."

વૃદ્ધ પુરુષ ફરીથી હસ્યા. તેની આંખોમાં મમતાજ હતી અને પોતે આ મમતાથી પળેપળ શૈશવની અલ્પતામાં સરકતો હતો. એક વૃદ્ધ મૃગ આવી કુતૂહલ દર્શાવતો ઊભો. તેને પેલા વૃદ્ધે પંપાળવા માંડયો.

"જરા શાંત પડો" તેણે હેતભર્યા અવાજે કહ્યું.

"ભદ્રા—" સેનાજિત જીદમાં મોટે અવાજે બોલવા ગયો, અને પાસેની પગથી પરથી કેટલાક માણસો આ તરફ આવતાં તેણે જોયાં. તે ચમક્યો ને બોલતો અટકી પડયો. ક્ષોભમાં તેણે લગામ ખેંચી હોવાથી ઘોડો ઊભો થઇ ગયો...

પગથી પરથી પહેલો, યજ્ઞોપવીત, દર્ભનું વસ્ત્ર, ને ભસ્મમાં સુશોભિત, પેલા તેજસ્વી વૃદ્ધની યુવાવસ્થાની છબી સરખો, પ્રમંડક આવ્યો. પછી આંભિકુમાર, શસ્ત્ર વિનાનો, એક માત્ર પીતાંબરમાં, ઉઘાડે પગે, ભસ્મથી આચ્છાદિત; પછી સુમોહા મહાદેવી, ભસ્મ માત્રથીજ અલંકૃત, એક વલ્કલમાં; પછી શેષ, માત્ર દર્ભના વસ્ત્રમાં; પછી અનેક દાસીઓ અને તક્ષશિલાના ને શુદ્રક માલવોના યોદ્ધાઓ, એવાજ સૌમ્ય સ્વરૂપમાં; બધા સાદા ને અલંકાર વિનાના, ને ભસ્મે આચ્છાદિત—ધન, વૈભવ ને શક્તિના કૃત્રિમ આડંબર વીહોણાં, નૈમિષારણ્યની નિર્મલતા પ્રાપ્ત કરી પુનર્જીવન પામેલાં નરનારીઓ.

સેનાજિત ધ્રુજ્યો: આ બધા દેખતાં પોતે ઘોડા પર, બખ્તરમાં શસ્ત્ર સાથે, ક્રોધાવિષ્ટ સ્વરૂપમાં, અધીરો, તોછડો, વિનયહીણો આ આ સૃષ્ટિમાં પોતે એક કલંક રૂપ—પાપરૂપ !

આ બધાં આવ્યાં ને પેલા વૃદ્ધને લાંબા થઇ પગે લાગ્યાં. વૃદ્ધે હાથ લંબાવ્યા: "વત્સો ! આયુષ્યમાન્ થાઓ."

મહાદેવી જેને પ્રણિપાત કરે તેને એણે કેવી રીતે બોલાવ્યા હતા ? તે ગળગળો થઇ ગયો. શરમને લીધે તેને પરસેવાના રેલા નીકળ્યા.

વૃદ્ધ પુરુષ આશીર્વાદ આપી તેના તરફ ફર્યા ને મમતાથી કહ્યું: "વત્સ ભદ્રાક્ષની ખબર પુછે છે ? આશ્વલાયનનો વંશજ ભદ્રાક્ષ તે હુંજ."

સેનાજિતને જીભ કરડવાનું મન થયું. તેના રોમેરોમ શરમથી, આત્મતિરસ્કારથી ઉભાં થઇ ગયાં. તે ઘોડા પરથી ઉતર્યો, શસ્ત્ર ફેંકી દીધાં. "આચાર્ય ! ક્ષમા કરો !"

મહાદેવીએ જરાક અધીરાઇથી, તિરસ્કારથી તેના તરફ જોયું. તે હવે અંતઃપુરના કારાવાસમાં નહોતી. "ભગવાન ! કૃપા કરો ને અમને તીર્થો બતાવો."

"વત્સે ! રાજી થા" કહી કુલપતિ ભદ્રાક્ષ આશ્વલાયન ઉઠયા.

સેનાજિત અલ્પતાનો કડવામાં કડવો આસ્વાદ ચાખી રહ્યો. તેનું બખ્તર તેને કચરી નાખતું હતું. "વત્સ !" કુલપતિ તેમના તરફ ફર્યા. "જા, તું અને તારા મિત્રો શસ્ત્રકવચ ઉતારી સ્વસ્થ થાઓ. અને અમે વ્યાસતીર્થે જઇએ છીએ ત્યાં આવી પહોંચો. પ્રમંડક તમારી પરિચર્યા કરશે."

તે બાઘો બની ઊભો રહ્યો, ને કુલપતિ મહાદેવી વગેરેને લઇ ધીમે ધીમે ચાલી ગયા. બધા ચાલી ગયા પછી તે પ્રમંડકની સાથે એક ઝુંપડી તરફ ગયો. શસ્ત્રકવચ કાઢયાં ને વ્યાસતીર્થે જવા તૈયાર થયો. "આચાર્ય વિષ્ણુગુપ્ત કયાં છે ? તે કેં દેખાયા નહીં ?" ઘણાં વખત

થયાં જીભ પર આવી રહેલો પ્રશ્ન તેણે પુછ્યો.

" આચાર્ય મુનિ ઉદ્દાલકને આશ્રમે ગયા છે."

" તે વળી કેટલેક દૂર છે ?"

" એ એક યોજન હશે. "

સેનાજિતના મનમાં આનંદ થયો. વિષ્ણુગુપ્તને અહીંઆં સ્પર્શવો અઘરો પડે, પણ એ યોજનના એકાંતમાં શું એ થાય ! તે બંને ઝપાટાબંધ વ્યાસતીર્થ ગયા, વ્યાસતીર્થ આગળ દૃષદ્વતી વિસ્તાર પામી, ધીમે ધીમે વહી જતી હતી. બંને તીરે ઝાડો નીચાં નમી પોતાનું સૌંદર્ય તેના નિર્મલ જલમાં જોઇ રહ્યાં હતાં. ઠેકઠેકાણે સારસ અને હંસો તરતાં હતાં. સામે તીરે વિભૂતિનો ડુંગર હતો. ઓવારા પર વરુણનું મંદિર હતું. આ ધર્માત્માઓના ટોળામાં વખત કેમ નીકળશે તેનો વિચાર કરતો, વિષ્ણુગુપ્તને મળતાં થતા વિલંબથી અકળાતો સેનાજિત કુલપતિની વાતો સાંભળી રહ્યો.

" અહીંઆં ભગવાન વેદવ્યાસે વર્ષોની તપશ્ચર્યા કરી ત્રણે વેદ અને ઇતિહાસનો ઉદ્ધાર કર્યો." કુલપતિ કહેતા હતા. સેનાજિત હસ્યો. આ હજુ જુની કથા પાછળ જીવન બગાડતા હતા. એ મૂર્ખાઓને ભાન નહોતું કે મગધને સિંહાસને વેદોનો વિનાશક મહાપદ્મ નંદનો પુત્ર રાજ્ય કરતો હતો, અને પોતે, તેનો અધ્યક્ષ ધારે તો આખા અરણ્યને સળગાવી દે એમ હતો !

" અહીં તો કેટકેટલા મહાત્માઓ તરી ગયા ? " શેષે પૂજ્યભાવથી કહ્યું.

" આ પુણ્યોદકે કોને નથી તાર્યા ? ...કહેવાય છે કે પૂર્વે ચક્રવર્તી માંધાતા અને બ્રહ્મર્ષિ વસિષ્ઠ, રાજા સગર અને મહર્ષિ ઔર્વ, પૃથ્વીપતિ પ્રતીપ અને પુરોહિત સોમદેવ અહીંઆં સ્નાન કરી સદ્ગતિ પામ્યા હતા. જ્યારે ભગવાન વેદવ્યાસ આ અરણ્યમાં તપશ્ચર્યા કરતા હતા ત્યારે હે વત્સ ! તે અહીંઆં સ્નાન કરી પાવન થયા હતા. અને તપસ્વીમાં શ્રેષ્ઠ, શાંતનુના પુત્ર દેવવ્રત ભીષ્મ દાન ને વીરતામાં અદ્વિતીય એવા કુન્તીપુત્ર કર્ણ, અને ભગવાન પારાશરે જેને સ્વહસ્તે અર્ઘ્ય આપ્યો હતો, એવા નરોમાં ઉત્તમ કૃષ્ણ વાસુદેવ—"

" ખોટાં, નકામાં નામો. " સેનાજિત બબડ્યો.

" —હું ભગવાન વ્યાસ કેવા હતા તેની કલ્પના કરું છું ત્યારે મને તો તમે યાદ આવો છો. " શેષે કહ્યું.

" વત્સ ! આજકાલના ઘણા એમ કહે છે, પણ કયાં સ્વયંભૂ સૂર્ય અને કયાં તેના તેજથી ચમકતો સ્ફટિક ! જેવા હું એમને કલ્પું છું એવા તમે કલ્પી શકો એમ નથી. "

"એવા તે ભગવાન કેવા હશે ?" મહાદેવીએ પુછ્યું. પાટલિપુત્રના અંતઃપુરમાં ભ્રષ્ટ થએલો પૂજ્યભાવ તે વિશુદ્ધ કરવા પ્રયત્ન કરતી હતી. સેનાજિતને મનમાં હસવું આવ્યું. નરેંદ્રદેવનાં આ મહાદેવી આવા નિર્માલ્ય સવાલો પુછતી હતી ! અને પોતે, જેના શબ્દોથી મહાદેવી કાંપતી, તે આમ બાપડો બીચારો થઇ ઉભો રહ્યો હતો !

" વત્સે ! મારી કલ્પના મારા પિતામહની વાતો પર રચાઇ છે. " સુંદર વાર્ધક્યમાં મોહક લાગતા કુલપતિએ કહ્યું. " આ યુગના નાના જીવોને—આપણને ભગવાનનો શો ખ્યાલ આવે ! ઇતિહાસ ભ્રષ્ટ થયો હતો, વેદ વીસરાઇ ગયા હતા, વિદ્યાઓ અધમને હાથે ચઢી હતી ત્યારે સત્યવતીના એ સર્વદર્શી પુત્રે ભરજુવાનીમાં અહીંઆં—આ વરુણદેવનું મંદિર છે ત્યાં—તપશ્ચર્યા આદરી. ઘણી વખત જ્યારે હું અહીંઆં એકલો બેસું છું ત્યારે તે હતા એવા મને દેખાય છે;

ફળમૂલ પર રહેતા, ભૂમિ પર સુતા, વર્ષોનાં વર્ષો સુધી એકાગ્રચિત્તે સર્વ વિદ્યાઓનું ધ્યાન કરતા એ કૃષ્ણ દ્વૈપાયનને અહીંઆં વિદ્યા ને વાચાનું ઐશ્વર્ય હાથ લાગ્યું. તેના પુલ્લારવિંદ જેવા નેત્ર આગળ સકળ સૃષ્ટિ શબ્દરૂપે ને શબ્દ-સામર્થ્ય પ્રણવરૂપે પ્રગટયાં. અનેક વર્ષ તપશ્ચર્યા આદરતાં એને શબ્દબ્રહ્મનો સાક્ષાત્કાર થયો. ભગવાન પોતે પાર્થિવતા ત્યાગી શબ્દની મૂર્તિ થયા, સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સનાતન શબ્દના અવતારરૂપે એ મહાત્મા સંચરવા લાગ્યા, ત્યારથી આ નૈમિષારણ્ય શબ્દનું વિશુદ્ધ સાંમર્થ્ય સાચવવાનો કોશાગાર બન્યું." વૃદ્ધ કુલપતિનો મીઠો ને શાંત અવાજ બધાનાં હૃદયમાં પૂજ્યભાવ પ્રેરી રહ્યો. પોતાની પ્રિય કલ્પના વિશે બોલતાં કુલપતિ સંયમ રાખી શક્યા નહીં.

"વત્સો" તેમણે આગળ ચલાવ્યું; "મત્સ્ય-ગંધાના પુત્ર દ્વૈપાયનને મુનિ પરાશર અહીંઆં લઇ આવ્યા, અને તેણે તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો, ત્યાર પછી ધરા કેટલીએ વાર ડોલી. યાદવો નાઠા, જરાસંધ પડયો, કુરુક્ષેત્રે ભારત સમાપ્ત થયું. યાદવાસ્થલીમાં વાસુદેવે વકુંઠગમન કર્યું ! પછી પરીક્ષિતે સાર્વભૌમ થઇ અહીંઆં યજ્ઞ કર્યો ત્યાં સુધી એ મહાવરાહે જ્ઞાનસૃષ્ટિને ઉધ્ધારી. અને ત્યારે વિદ્યાઓ અધિકારીઓને વરી, ઇતિહાસ પૂર્વજોનાં સ્મરણો હતો તે અનુ-જોની સમૃદ્ધિ થયો, અને વેદો—દ્રષ્ટાઓએ પ્રથમ જોયા હતા તેવા--દૈવી અપૂર્વતામાં સનાતનતા પામી દ્વિજત્વ પામ્યા" કુલપતિએ હસીને નીસાસો મુક્યો. "કલિયુગ પેઠો ત્યારે પૂર્વયુગોના સત્વ સરખા વ્યાસ ભગવાન અહીંઆં દશ સહસ્ર શિષ્યો સમેત તપશ્ચર્યા આદરતા હતા."

"બહુ વર્ષ જીવ્યા !" મહાદેવીએ કહ્યું.

"કાલ પોતે એમનું પૂજન કરવા થંભી ગયો હતો." કુલપતિએ કહ્યું.

"ત્યારે આ અરણ્યની શી ખુબી હશે ?" શેષે કહ્યું.

"વત્સ ! એમના છત્ર નીચે તપશ્ચર્યા આદર-તા હતા વિશ્વમનસના શિષ્ય, કુલપતિ ઉદ્દાલક, પથિનના શિષ્ય, કુલપતિ વિદભી કૌણ્ડિન્ય; કુલપતિ દેવપ શૌનક ને કુલપતિ કવષના પુત્ર મહર્ષિ તુરકાવશેયઃ એવા મહર્ષિઓ કે જેના શબ્દો સંજીવની સમા હતા, જેની દૃષ્ટિ ત્રિકાળને પેખતી, જેની તપશ્ચર્યા ધરાને ધારતી, જેના સંસ્કારે નૈમિષારણ્ય બ્રહ્માંડનું કેંદ્ર બન્યું હતું. અહીંઆંથી વત્સો ! ધર્મનો સ્રોત પ્રગટતો, ને નીચે વહેતો વહેતો, રાજત્વને નિર્મલ કરતો, લોકસંગ્રહને મોક્ષમાર્ગ બતાવતો, બધાને ઇન્દ્રિયજય સરળ કરી આપતો, આર્યાવર્તને દેવભૂમિથી ઉજ્જવલ ને પિતૃલોકથી નિર્મલ બનાવતો."

અને કુલપતિ પાછા હસ્યા. બધાએ ઉંડો શ્વાસ લીધો. આ વૃદ્ધ ઋષિના શબ્દવિમાને બેસી બધાના આત્મા ભૂતકાલમાં વિહરતા હતા. અને અણુકલ્પેલી સૃષ્ટિની સમૃદ્ધિ જોઇ બધાનાં હૈયાં વિશુદ્ધ અને પૂજ્યભાવભીનાં થતાં હતાં.

સેનાજિતના હૃદયમાં કૈં ફેરફાર થયો. આ વૃદ્ધ પુરુષમાં, આ વ્યાસતીર્થમાં, આ નૈમિષારણ્ય-માં રહસ્યો હતાં તે તેને પહેલી વાર દેખાયાં. તેનાં રોમ ઉભાં થયાં. પણ પાછું તેને હસવું આવ્યું. નૈમિષારણ્ય પહેલાં ગમે તે હોય; અત્યારે નરેંદ્રના પ્રતાપથી નાસી છુટેલાઓનો વાસ હતો ! ને આ બધાએ શું કર્યું ? મહાપદ્મે એક રાજ્યકાલમાં બધું ઉખેડી નાખ્યું પણ મહાદેવીના પ્રશ્ને તેની વિચારમાલા તોડી—તે તેનાજ હૃદયના ભાવો દર્શાવતી હતી.

"પણ ભગવાન્ !" સુમોહાએ કટાક્ષથી કહ્યું; "ત્યારે નરેંદ્ર મહાપદ્મ નંદનો જન્મ નહોતો થયો. ને કલિનો સંચાર નહોતો થયો. આજે

તો આ અમારા એક અધ્યક્ષની સ્વેચ્છા આગળ આ આખા અરણ્યનો હીસાબ નથી." કુલપતિ હસ્યા—જેમ સેનાજિત તરફ પહેલાં હસ્યા હતા તેમ–મમતાથી. "વત્સે! મહર્ષિઓ અહીંઆં વ્યર્થ જીવ્યા નથી. તેમની ભસ્મ હજી આ ભૂમિમાં પડી છે. તેમના શબ્દો આ વૃક્ષોએ સાચવી રાખ્યા છે. તેમની તપશ્ચર્યાની પ્રેરણા અમારાં જીવન ઘડે છે. મહાપદ્મો નૈમિષારણ્ય નહીં વિસરાવી શકે. નૈમિષારણ્ય મહાપદ્મોને વીસરાવશે. 'સર્વભૂમિ' થવા ઇચ્છતા જનમેજય પારીક્ષિતનું દૃષ્ટાંત કયાં નથી?"

"એ શું છે?" આંભિએ પુછ્યું.

"આ પેલો વિભૂતિનો ડુંગર જોયો?" કુલપતિએ સામે તીરે આવેલો ડુંગર બતાવ્યો. "એનું નામ સત્રશૃંગ. એનીએ કથા છે."

"શી?" મહાદેવીએ પુછ્યું.

"પાર્થના પૌત્ર પરીક્ષિતની કથા તો જાણો છો ને? પેલે તીરે, આ શૃંગ છે ત્યાં, પારાશરની કૃપાના આકાંક્ષી એ કૌરવ્યે પહેલો સત્ર કર્યો. એને અથર્વણો તેને મૃત્યોથી પર એવો દેવ લેખે છે. પછી તેના પુત્ર જનમેજયે સમંત પૃથ્વીને જીતી અહીંઆં અશ્વમેધ કર્યો. કુલપતિ ઇંદ્રોત દૈવાપ શૌનક જેવા મહર્ષિએ ઐંદ્રમહાભિષેકે તેને દુર્જેય કર્યો, ત્યારે તે બોલ્યો: "મને દિવ્ય કે માનુષ્ય બાણો પહોંચતાં નથી. હું સર્વ આયુ જીવીશ. હું સર્વ ભૂમિનો ધણી થઇશ."

"પછી?"

"હે વત્સો! મહર્ષિઓના તપના પ્રભાવથી રક્ષિત પરીક્ષિને પૃથ્વી જીતી અને પાછો અહીંઆંજ બીજો અશ્વમેધ કર્યો. ત્યારે વિજયમદમાં મસ્ત જનમેજયના ગર્વની સીમા રહી નહીં. એને લાગ્યું કે એની કૃપા પર નૈમિષારણ્યનો પ્રભાવ અવલંબે છે. એણે તપસ્વીઓને તિરસ્કાર્યા, વિદ્યાની વિડંબના કરી, ધર્મને પગની ધુળ ગણી. આંભિકુમાર! સામાન્યો ને સંયમની જરૂર છે તેથી વધારે જરૂર રાજાઓને છે. આખરે પોતાના ગર્વના ભારથી તે મુઓ અને અહીંઆં આ સત્રશૃંગે, અશ્વમેધની પવિત્ર ભૂમિ પર કુલપતિ દ્રુતિ ઐંદ્રોતે તેના પુત્ર શતાનિકને પૃથ્વીનો પતિ કર્યો. વત્સે! નંદોનું તપ તપે ત્યાં સુધી ઠીક છે; પણ વિદ્યાવીહોણું રાજત્વ સદાએ ચંચળ છે."

"ભગવાન્! આવું પાટલિપુત્રમાં કૈં સંભળાવતા જાઓ તો સારું, કે કૈં અમારો ઉદ્ધાર થાય."

કુલપતિ હસીને ફર્યા. "વત્સે! ગમે તે મુખે, ગમે ત્યાં, જ્યાં વિદ્યા ઉચ્ચારાય ત્યાં નૈમિષારણ્ય બોલે છે. અહીં જે શબ્દ પ્રગટે છે તેજ શક્તિ પામે છે. જે જ્ઞાન પ્રગટે છે તેજ શાંતિ અપાવે છે, કારણ કે જેને અહીંની તપોમયતા સ્પર્શે છે તેજ સનાતન બને છે. હવે મોડું થાય છે, તમે નાહી લો."

અને જેવો સેનાજિત નહાવા પેઠો, જેવાં દૃષદ્વતીનાં નીર તેને સ્પર્શી આગળ વહેવાં માંડયાં, તેવા તેને પાટલિપુત્રના સંસ્કારો જાણે છોડી વહી જતા લાગ્યા; અને જ્યારે તેની નજર ઓવારા પર ઉભા ઉભા હાસ્યથી શાંતિ ને સદ્ભાવ પ્રસારતા કુલપતિ પર પડી, ત્યારે પોતાની અધમતા હાથમાંથી સરી જતી તેને દેખાઇ. તરત તેની કર્તવ્યપરાયણતા પિતાતુલ્ય હિરણ્યગુપ્ત, ગૌરીને ચોરી જતો, તેની વિડંબના કરાવતો દુષ્ટ વિષ્ણુગુપ્ત સ્મર્યો. તેણે સંકલ્પ કર્યો કે જરા પણ નિર્બલતા હૃદયમાં પેસવા દેવી નહીં, અને કોઇ પણ પ્રકારે વિષ્ણુગુપ્તને શોધી, તેને મારી નાખવો. પાટલિપુત્રજ તેનું હતું, તે પાટલિપુત્રનો હતો અને નૈમિષારણ્ય ને તેના વાસીઓ તેની સૃષ્ટિનાં કલંક હતાં.

પ્રકરણ ૩૫ મું

જેમાં સેનાજિતને નૈમિષારણ્ય છોડવું પડે છે

સ્નાન કરી બધાં એક ટેકરા પર આવેલા વરુણને મંદિરે ગયાં. મંદિર નાનું ને ખડબચડા પથ્થરનું હતું અને તેના પર એક વૃદ્ધ પીપળો પોતાની ઘટા વિસ્તારી રહ્યો હતો. ત્યાં દર્શન કરી બધાં મધ્યાહ્ને આશ્રમમાં ગયાં. સાથે સાથે સેનાજિત પણ ગયો.

સેનાજિત જેમ આ સ્થળનો પરિચય મેળવતો ગયો તેમ તેના હૃદયમાં પૂજ્યભાવે વાસ કર્યો. ડગલે ડગલે વૃદ્ધ, આધેડ, યુવક ને બાલક જે મળતું તે કુલપતિને પ્રણામ કરતું અને એ હસીને આશીર્વચન કહેતા. બધાં પુરુષ અને સ્ત્રીના મુખ પર જે શાંતિ વિષ્ણુગુપ્તના મુખ પર સંપૂર્ણ રીતે હતી તેનો થોડો કે વધતો અંશ હતો. બધાં આત્મનિષ્ઠ ફરતાં હતાં. ઘણાં વિદ્વાન લાગતાં હતાં, કોઇ ગૌરવ વીહોણું નહોતું. કોઇ દંભી નહોતું. શેષ ને આંભિ ને મહાદેવી પણ જાણે પળે પળે નિર્મલ થતાં જતાં હોય એવું લાગતું હતું. તે એકલોજ ઝેરી નાગ હતો. તે મનમાં ને મનમાં ક્રૂરતાથી હસ્યો. હા, તે ઝેરી નાગ હતો, નંદના દરમાંનો નાગ હતો, અને આ બધું વિષમય કરવું એજ તેનું કર્તવ્યું હતું.

આશ્રમ આવતાં જે ચોગાનમાં એને પહેલવહેલા કુલપતિ મળ્યા હતા ત્યાં બધાં આવ્યાં. ત્યાં અનેક સ્ત્રી પુરુષો આખા ચોગાનને લીંપીગુંપી પવિત્ર કરી રહ્યાં હતાં.

મહાદેવીએ એનું કારણ પુછ્યું.

" વત્સે " કુલપતિએ કહ્યું: " આ સ્થળ વ્યાસતીર્થ અને સત્રશૃંગ જેવુંજ પવિત્ર ને ફલદાયી છે. એને આ તમારા અધ્યક્ષે આજે ભ્રષ્ટ કર્યું તેથી એને ફરીથી વિશુદ્ધ કરીએ છીએ. "

બધા તિરસ્કારથી સેનાજિત તરફ જોઇ રહ્યા. તે શરમમાં માથું ઉચું ન કરી શક્યો. તેણે માત્ર હાથજ જોડયા.

"વત્સે! હોય" ઔદાર્યથી હસીને કુલપતિએ કહ્યું: "એને શી ખબર કે જે પૂણ્યભૂમિને તે તેના ઘોડાની ખરીથી ઉખેડી રહ્યો હતો ત્યાંની વેદીને નંદથી મહા પ્રતાપી નરાધિપો અને તપ ને જ્ઞાનમાં મહાન એવા મહર્ષિઓ પ્રદિક્ષણા કરી ગયા છે? વત્સો! આ અગ્નિ કુલપતિ શૌનકે બાર વર્ષનો સત્ર આરંભ્યો ત્યારે પ્રગટ્યો હતો."

" ઓ હો હો!" મહાદેવીએ કહ્યું. સેનાજિત ભ્રષ્ટ કરેલા અગ્નિ તરફ જોઇ રહ્યો.

" ત્યારે સુત પૌરાણિકે ભારત અહીંઆંજ કહેલું ! " શેષે પુછ્યું.

કુલપતિ-। શ્રોતાવૃંદને એ મહાપ્રસંગની ખબર હતી. અને એ પ્રસંગ અહીંઆંજ બન્યો જાણી તેમનાં હૈયાં ને કલ્પના ઉત્તેજાયાં. સેનાજિતના મનમાં ભારત જે કથારૂપે હતું તે વાસ્તવિક જીવન રૂપે પ્રગટ થયું. તેણે અગ્નિ તરફ જોયું. આજ અગ્નિ આગળ મગધના નરેંદ્રોએ ભારત સાંભળ્યું હતું! આ સનાતન અગ્નિની જ્વાલથી તે દાઝતો હોય એમ તેને લાગ્યું.

" વત્સ! " કુલપતિ શેષને જવાબ વાળતા હતા. " હા. આજ સ્થળે મારા આશ્રમનાં આ વૃક્ષોએ સૂતશ્રેષ્ઠ લોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવાના શબ્દો સંઘરી રાખ્યા છે. "

મહાદેવીએ જાણે કલ્પનામાં બધું જોઇ રહ્યાં હોય એમ ચારે તરફ જોયું.

"વત્સે!" કુલપતિએ કહ્યું. "આજ વૃક્ષ નીચે, જયાં હું બેઠો છું ત્યાં, કુલપતિ શૌનક શિષ્યો સમેત બેસતા હતા. આ શેષ બેઠા છે ત્યાં પુરુશ્રેષ્ઠ જનમેજયના પૌત્ર અધિસીમ કૃષ્ણ તેના પુત્ર નિચક્ષુને સાથે લઇ બીરાજતા હતા. અને આ તરફ મગધરાજ સેનાજિત તેના મહારથીઓ સહિત બીરાજતા હતા. અપૂર્વ યુગ હતો—જ્યારે આર્યાવર્ત્તમાં શકિત અને સંસ્કારની પાંખે ચઢી ધર્મ દશે દિશામાં વિહરતો હતો."

"ભગવાન!" મહાદેવીએ કહ્યું; "ત્યારે નૈમિષારણ્યમાં મહર્ષિઓમાં શ્રેષ્ઠ એવા કોણ હતા?"

"નૈમિષારણ્યનો ત્યારે મધ્યાહ્ન તપતો હતો. અને આ આશ્રમનો પણ."

"એમ, શું કહો છો?" પ્રમંડકે સબહુમાન કહ્યું. "ભગવાન આશ્વાલાયનનો વખતમાં પણ એવોજ હતો."

"ના" કુલપતિએ ડોકું ધુણાવ્યું. "ભગવાન વ્યાસ પછી મહર્ષિઓમાં ઉદ્દાલક આરુણિની જોડે કોણ બેસે એમ છે? મહર્ષિ અરુણ જેવાના પુત્ર અને મહર્ષિ શ્વેતકેતુ જેવાના પિતા. કુલપતિઓ એના શિષ્યો હતા: કૌશાંબીના પ્રોતી કૌસુરુબિંદિ, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા યાજ્ઞવલ્કય વાજસનેય, અને કૌશીતકિ. એનાં દિવ્ય ચક્ષુઓએ આત્મા ને પરમાત્માનો ભેદ ભાંગ્યો હતો, ને ૐકારનો સાક્ષાત્કાર કર્યો હતો. એની વાણીના પ્રભાવે સંહિતાઓ, આરણ્યકો ને ઉપનિષદો સજીવ થયાં. એની પ્રેરણાથી એના શિષ્યો આ આર્યવર્ત્તને ઉજ્જવલ કરતા. "હા, કબંધી કાત્યાયન, સુકેશા ભારદ્વાજ,—— ભગવાન ગુણાખ્ય સાંખાયન પૈષ્કિરસાદિ અને—

"હવે ફીકર નહીં કરશો! એવા કોઇ થવાના નથી." મહાદેવીએ કટુતા બતાવી.

"વત્સે! મારા વખતમાં એવા મહર્ષિઓ ભેગા થયા મેં જોયા નથી. પણ થશે એની મને ખાત્રી છે."

"કેમ?" હસીને આંભિકુમારે પુછ્યું.

"વત્સ! એ ખાત્રી કરી આપવી તારા હાથમાં છે. મારા બે પુત્રો તું લઇ ગયો છે તે પાછા આપ-પ્રમંડક અને વિષ્ણુગુપ્ત." કુલપતિ હસ્યા. "અરે તારો વિષ્ણુગુપ્ત એકલોજ પાછો આપ, તો ભગવાન દ્વૈપાયનનું હતું એવું નૈમિષારણ્ય હું બનાવી દઉં" સેનાજિતે કાન ફફડાવ્યા. પાછો વિષ્ણુગુપ્ત આવ્યો!

"ભગવાન!" શેષે નમ્રતાથી કહ્યું; "નૈમિષારણ્ય તો અહીંઆં પડયું ને અમારે નૈમિષારણ્ય ઘર આંગણે જોઇએ છે. એમને પાછા આપીએ તો એ કોણ કરશે?"

સેનાજિત ચમક્યો. આ શાંત ને રમણીય નૈમિષારણ્ય અને પેલા દુષ્ટ આચાર્ય વચ્ચે શી સામ્યતા!

"હું જાણું છું. તેમાંજ તો એને મેં તમને સોંપ્યો છે." કુલપતિ હસ્યા.

"ઓ ત્તારી!" સેનાજિત બબડયો.

"કે અમને બધાને એમને સોંપ્યા છે?" આંભિકુમારે હસીને કહ્યું.

"અમે એને જીવતો રહેવા દઇશું તો ને" કટાક્ષથી મહાદેવીએ કહ્યું.

"વત્સે!" ગાંભીર્યથી કુલપતિએ કહ્યું. "નૈમિષારણ્ય જેવી પુણ્યભૂમિના ભૂત ને વર્તમાન મહર્ષિઓની આશિષો એને રક્ષે છે."

સેનાજિત ક્ષણ મનમાં કડવાશથી હસ્યો. એ આશિષો એને હવે રક્ષવાની નહોતી.

"ભગવાન!" પ્રમંડકે કહ્યું; "જમવાની વખત થઇ."

"ચાલો" કુલપતિએ કહ્યું.

સેનાજિતને જમતાં જમતાં અહીંઆં આવવાનું કૈં બહાનું કાઢવાની તક મળી. અભિકુમારને તેણે કહ્યું કે મહાદેવી વગર ભયે સ્વદેશ પહોંચે માટે તેને નરેંદ્રદેવે મોકલ્યો હતો. બધા હસ્યા, કારણ કોઇને આ બહાનું બંધ બેસતું લાગ્યું નહીં. સેનાજિતને લાગ્યું કે બધા એને મૂર્ખ ગણતા હતા. ખરેખર ! તે મૂર્ખજ હતો, ગધેડો હતો ને દેખાતો હતો. શા માટે ? નૈમિષારણ્ય ઘર આંગણે લાવવા મથનાર વિષ્ણુગુપ્તનું ખુન કરવા આવ્યો હતો તેથી ? કે આવી નજીવી વાતો સાંભળી પોતે સંશયાત્મા થતો હતો તેથી ?

બપોરે બધા યાત્રાળુઓ સુતા તેમ તે પણ સુતો અને વાતાવરણ કે સાંભળેલી વાતોને લીધે ઘણે દહાડે તે ઘસઘસાટ ઉંઘ્યો.

તે ઉઠયો ત્યારે સાંજ પડવા આવી હતી. બીજાં બધાં વીખરાઇ ગયાં હતા, અને એક નાનો શિષ્ય તેની ઝુંપડી પાસે બેઠો હતો. એને જ્યાં જવું હોય ત્યાં લઇ જવાની તેને આજ્ઞા હતી.

સેનાજિતે એ શિષ્યને વાતે ચઢાવ્યો. શેષ કુલપતિ પાસે બેઠો હતો. અભિકુમાર એક શાસ્ત્રપારંગત ઋષિનું વિવેચન સાંભળતા હતા. મહાદેવી તાપસીઓ સાથે વાત કરતાં હતાં. કોઇ ઉપનિષદ સાંભળવા ગયું હતું. કોઇ ઇતિહાસ પુરાણ સાંભળવામાં પડયું હતું.

"ત્યારે અહીંઆં કોઇ શસ્ત્રાચાર્ય નથી ?" સેનાજિતે ધીમે રહીને પુછ્યું.

"શસ્ત્રાચાર્ય ગયા પછી હમણાં કોઇ નથી."

"કોણ શસ્ત્રાચાર્ય હતું ?"

"કટુ આચાર્ય."

કટુ–જડ અગ્નિહોત્રીનો મૂર્ખ પુત્ર ! સેનાજિત વિચારમાં પડયો ને તેણે ધીમેથી પુછ્યું: "વિષ્ણુગુપ્ત કૈં શીખવે છે ?"

શિષ્યે માનભેર આંખો ઉંચી કરી. "આચાર્ય ચાણક્ય પહેલાં શીખવતા હતા."

"શું ?"

છોકરો હરખ્યો "શસ્ત્ર ને શાસ્ત્ર–બધું. જે જોઇએ તે એને શું ?" તેણે પૂજ્યભાવથી ઉમેર્યું.

"એ કાં ગયા છે ?"

"સવારે આવીને ચાલી ગયા." નિર્દોષ છોકરાએ કહ્યું.

"ક્યાં ? મારે એમને મળવું છે" સેનાજિતે ઉમેર્યું.

"ઘણુંખરું મુનિ ઉદ્દાલકને આશ્રમે."

"તે ક્યાં આવ્યો ?"

"વરુણદેવનું મંદિર છે ત્યાંથી ઉપર ને ઉપર જઇએ ત્યારે છેક પેલા શિખર પર તેનો આશ્રમ છે." કહી તેણે દૂર એક ઉંચું શૃંગ બતાવ્યું.

"એ કોણ છે ?"

"મોટા તપસ્વી છે ! બસેં વર્ષના છે એમ લોકો કહે છે. ને એકલા રહે છે."

"એકલા !" સેનાજિતે કહ્યું.

વૃક્ષોની છાયા લંબાવવા લાગી, પવન શીતલ બનો ગયો, પક્ષીઓનો કીલકીલાટ વધ્યો.

લોકો સાયંસંધ્યા કરવા દષદ્વતીના શાંત નીરમાં જઇ ઉભા. આશ્રમ વધારે સુરમ્ય થતો ગયો. સેનાજિતને આમાંથી એકે વસ્તુ જોવાની ઇચ્છા નહોતી. મુનિ ઉદ્દાલકનો આશ્રમ કઇ તરફ છે તે જોવા વરુણદેવનાં દર્શન કરવાને બહાને તે ત્યાં ગયો. ત્યાંથી એક પગથી પર્વત પર જતી હતી.

"મુનિ ઉદ્દાલકનો આશ્રમ આ પર્વત પર છે ?"

"હા."

"પણ ત્યાં એકલા રહીને શું કરે છે ?"

"તપશ્ચર્યા !" છોકરાએ પ્રશ્નમાં રહેલા અજ્ઞાન પર હસીને જવાબ દીધો. "મુનિ બીજું શું કરે ?"

એકલો બસો વર્ષનો માણસ તપશ્ચર્યા કરે ત્યાં વિષ્ણુગુપ્ત જાય એ વાત સેનાજિતને ગળે ઉતરી નહીં. રાત પડવા આવી એટલે તે પોતાની ઝુંપડી પાસે આવ્યો. આંભિકુમાર અને તેનો એક શસ્ત્રસજ્જિત યોદ્ધો તેની વાટ જોતા હતા. અંધારામાં એ કોણ હતો તે જોવાની એણે કાળજી પણ કરી નહીં.

"સેનાજિત !" આંભિકુમારે પાસે આવી ને કહ્યું. તેનું કદાવર શરીર સેનાજિત પર ઝઝુમી રહ્યું. "મહાદેવીની ચકચાર જોવા આવ્યો છે, પણ આ તારું અંતઃપુર ન હોય."

"ના–ના"—

"તું ક્યારે અહીંઆવી જાય છે ?" આંભિએ અધીરાઇથી પુછ્યું.

"આપની આજ્ઞા હોય ત્યારે" તેણે વિનયથી બોલવાનો પ્રયત્ન કર્યો.

"ઠીક. એ ડાહી વાત કરી. જા કુલપતિનાં દર્શન કરીને ચાલી જા–જલદી. ને જો અમારી પાછળ આવ્યો છે તો"—

"કુમાર !" ગૌરવથી સેનાજિતે કહ્યું; "મારે તો મારા કૃપાનાથની આજ્ઞા પ્રમાણે કરવાનું છે."

"જે મારી સાથે હોય તેને તો મારીજ આજ્ઞા પ્રમાણે કરવાનું છે. જા" આંભિએ પણ તેવાજ ગૌરવથી કહ્યું. "તને જીવતો જવા દઉં છું. ને તને આજ્ઞા આપનારને જઇને મારો સંદેશો કહેજે—"

"શો ?"

"કે ફરી તક્ષશિલાના કુમારને બચાવવા સૈન્ય નહીં મોકલે. હું મારું રક્ષણ કરી શકું છું. ને વળી કહેજે કે જે માણસો તમે મોકલ્યાં છે તેમાંનાં અડધાં નાસી ગયાં ને અડધાંએ શસ્ત્ર છોડી દીધાં," હસીને કુમારે ઉમેર્યું; "તું સમજ્યો. નૈમિષારણ્યમાં પેઠો તેથી તેમને પિતૃઓનો શાપ લાગ્યો."

"પણ મારું સૈન્ય !" સેનાજિત ખબર સાંભળી સ્તબ્ધ બની ગયા.

"હા." ખડખડ હસીને આંભિકુમારે કહ્યું "તારા સૈન્યમાં તું ને આ તારા દક્ષ સાથીઓ."

"પણ નરેંદ્ર" હારથી કચવાએલો સેનાજિત અભિમાનથી બોલવા ગયો.

આંભિકુમારે તેને ખભે હાથ મુક્યો. "સેનાજિત ! આ કદુ જરા ખરાબ સ્વભાવનો માણસ છે. એ વિશ્વાસ કરવા લાયક નથી." સેનાજિત પાસે ઉભેલા માણસ તરફ ફર્યો. સવારે જોએલો તે શસ્ત્રાચાર્ય !

"અગ્નિ હોત્રીનો કદુ !"

"અરે ! અરે !" કદુના ખડખડાટ હસવાનો અવાજ સાંભળી તેને તમ્મર આવ્યાં. "સવારે મને સાથે નહીં આવવા દીધો તે શું કરું ! સીધાવો, તમારાં ઘોડા ને શસ્ત્ર નૈમિષારણ્યને સીમાડે આંભિકુમારની છાવણીમાં પડ્યાં છે."

"આ તમારો આશ્રમ ? આ તમારા ઋષિઓ ! આ તમારી વિદ્યા !"

આંભિકુમારે સખ્તાઇથી સેનાજિતને ખભે હાથ મુક્યો. "સેનાજિત ! છાનોમાનો ચાલ્યો જા. જ્યારે તારા જેવા નિકંદન કાઢનારા નીકળે ત્યારે રક્ષણ કરનાર પણ કોઇ નીકળેને !" આંભિએ સેનાજિતને ખભે ભાર દઇ વાક્ય પુરું કર્યું.

"હવે સીધાવો અધ્યક્ષરાજ !" કદુએ કહ્યું.

"કુલપતિનાં દર્શન કરીને જજો"

સેનાજિતે ડહાપણ રાખ્યું. દશ ભગ્નગૌરવ યોદ્ધાઓ કુલપતિને પ્રણામ કરી બહાર પડ્યા.

"હું મુકવા આવું ?" કદુએ પુછ્યું.

"ના" દબાવેલા ક્રોધથી, કચવાટથી, નિરાધારીથી સેનાજિતે જવાબ દીધો.

પ્રકરણ ૩૬ મું

———:o:———

મુનિ ઉદ્દાલકને આશ્રમે

શક્તિમાન અશક્ત બને ત્યારે સાધુ થાય છે; શક્તિમાન અશક્ત બને ત્યારે ઝનુની બને છે. સેનાજિત ઝનુની બન્યો. એણે આચાર્યને પાટલિપુત્રમાં મારી નાખ્યા હોત; તે રાતે તે નીકળી નાઠા તે પહેલાં બાળી મુકયા હોત; સમાજમાં વીંધી નાખ્યા હોત; મગધની સીમા છોડતાં ઝબ્બે કર્યા હોત; અહીંઆં સવારે આવતાં આંભિનું લશ્કર છેદી નાખ્યું હોત; નૈમિષારણ્ય પર આગ મુકી હોત; પોતે છાનોમાનો આચાર્ય પાછળ પડયો હોત; ચાર હજાર સૈનિક લઇ અરણ્ય પર તુટી પડયો હોત તો ? પણ એણે કંઈ નહીં કર્યું. પોતે મૂર્ખ હતો, માત્ર મૂર્ખ નહીં પણ આત્મસંતોષી મૂર્ખ, જીદ્દી મૂઢ હાસ્યાસ્પદ, નિર્માલ્ય,–મૂર્ખતા પણ રીતસર ન દર્શાવી શકે એવો મૂર્ખ !

એણે, નંદના અધ્યક્ષે, આશ્રિતે–પુત્રે, બ્રાહ્મણ કન્યા સાથે પ્રેમ શા માટે કર્યો ? તેનો મોહ શા માટે કર્યો ? એક દુષ્ટ બ્રાહ્મણની ઇર્ષ્યા શા માટે કરી ? ભદ્રાક્ષને માન શા માટે આપ્યું ? એણે સ્મરાવેલા મહાપુરુષો માટે પૂજ્યભાવ શા માટે હૃદયમાં થવા દીધો ?

શું તેને પિતૃઓનો શાપ લાગ્યો ? શું તેનું સૈન્ય નાસી ગયું ? નિઃશસ્ત્ર થયું ? શા માટે ? કેવી રીતે ?

પોતે ક્યાં જશે ? કેવે મોઢે પાછો પાટલિપુત્ર જશે ? શું મોઢું લઇ નરેંદ્રદેવને મળશે ? મૂર્ખ !

એનાં લમણાં ધબકતાં હતાં; એનો શ્વાસ રુંધાતો હતો. માત્ર અંધકાર એના મુખ પરના રાક્ષસી ભાવો છુપાવતો હતો.

એકદમ, એ અંધકારમાં એની સામે પ્રતાપથી કાંપતા નરેંદ્ર, અને ઉસ્તાદીમાં શાંત લાગતા વક્રનાસ દેખાયા. તે એના પર વિશ્વાસ રાખીને બેઠા હતા. એ સેવક હતો. એના સ્વામીઓ એની કર્તવ્યપરાયણતા ક્યારે અમલમાં મુકાય તેની વાટ જોતા બેઠા હતા.

નંદો શુદ્ર હતા. બ્રાહ્મણોના દ્વેષી હતા. ભદ્રાક્ષ જેવા અરણ્યવાસીઓના કાળ હતા. આવા પાખંડીઓની વિદ્યાના શત્રુ હતા. વેદ ને વર્ણાશ્રમ, મોક્ષ ને તપશ્ચર્યાને તે તિરસ્કારતા. વ્યાસને ઉદ્દાલક ને યાજ્ઞવલ્કયને તેમણે વીસરાવ્યા હતા. તેમની સત્તાના સ્રષ્ટા તે પોતેજ હતા; તેમણે પોતાનાં બળ ને નીતિથી આ બધા વડે કોઇથી ન થઇ શકયું એવું રાજ્ય સ્થાપ્યું હતું. અને પોતે તેમનું અંગ હતો. તેમનું લુણ તેણે ખાધું હતું. તેને અને આ બધાને શું ?

પણ પોતે અત્યારે તુચ્છકારાએલું, છુપાઇ નાસતું અધમ જંતુ હતું. પ્રતાપી નંદનું તે અંગ !

એને તો આ ભવે જરાએ આશા નહોતી. તેના જેવા મૂર્ખને માટે નંદના રાજ્યમાં કે દરબારમાં સ્થાન નહોતું. એને માટે ગૌરી નહોતી. એને માટે કીર્તિ નહોતી. આંભિએ શા માટે એને મારી ન નાખ્યો ? એ પોતે કદુ સાથે બાથ ભીડી કેમ કચરાઇ ન ગયો ?

વદ બીજનો ચંદ્રમા ઉગવાની વખત થઇ. ઝાડો વચ્ચે આભાસ થવા લાગ્યો. તપોવન તેને હાંકી કાઢતું હોય એવું લાગ્યું. એ શું હતો ? માત્ર એક કાળી છાંય !

પણ હજી એ છાંયમાં ચેતન હતું, શક્તિ હતી; એનાથી શું ન થાય ? આહ, એકજ

વસ્તુ થાય. વિષ્ણુગુપ્ત આ બધા તોફાનનું ને અધમતાનું મુળ હતો. ભદ્રાક્ષે નહોતું કહ્યું કે "વિષ્ણુગુપ્ત પાછો આવે તો ભગવાન્ દ્વૈપાયનનું હતું એવું નૈમિષારણ્ય બનાવી મુકું?" નૈમિષારણ્ય એટલે એ, ગૌરી એટલે એ, અને કીર્તિ એટલે એ, નરેંદ્રની મહેરબાની એટલે એ. પોતાનું આખું જીવન એને લીધે રદ જતું હતું. જો પોતે એનો પ્રાણ લે તો ! ભલે નૈમિષારણ્યના મહર્ષિઓની આશિષ એને રક્ષતી હોય !

એકજ વસ્તુ તેને ખરી લાગી, બીજી ખોટીઃ પૃથ્વી પર વિષ્ણુગુપ્ત ને સેનાજિત એને માટે સ્થાન નહોતું. તેણે આજ્ઞા આપી. એનાં માણસો પાછાં ફર્યાં અને છાનામાના વરુણના મંદિર તરફ જવા લાગ્યા. ચંદ્રનો પ્રકાશ વધવા લાગ્યો. તેને જીવનો રહેવાનો એકજ રસ્તો હતો. વિષ્ણુગુપ્તનું મુત્યુ.

તે ઝાડ પાછળ ભરાતા ભરાતો ઝપાટાબંધ પાછો ગયો. જ્યોત્સ્ના પ્રસરી રહી; આશ્રમનાં વૃક્ષોમાંથી થનગની રહી. વહેળાઓનાં જળ ચંદ્રકિરણો સાથે નાચી રહ્યાં. આખો આશ્રમ કાવ્યમય પ્રકાશથી ઉજ્જ્વલ થઇ રહ્યો. આકાશ તરફ તેનું ધ્યાન નહોતું. તેનું આખું જીવન અંધકારમય રસ્તા જેવું એકલું, ભયાનક થઇ ગયું હતું, અને છેક ઉંચે એક ગિરિશૃંગ પર લટકતું વિષ્ણુગુપ્તનું શિર જાણે એક પ્રદીપ હોય તેમ એને આકર્ષી રહ્યું હતું.

તે લપાતો છુપાતો આશ્રમના યજ્ઞકુંડ આગળ આવ્યો. તેણે કુલપતિ શૌનકને આશીર્વાદ આપતા જોયા. ઉગ્રશ્રવા પૌરાણિકને કથા કરતા જોયા. ઉદ્દાલક આરુણિ ને યાજ્ઞવલ્ક્ય મૈત્રેયીને હસતાં જોયાં, પુરુષશ્રેષ્ઠ અધિસીમ કૃષ્ણ ને મગધરાજ સેનાજિતને મુછ પર તાલ દેતા જોયો. યજ્ઞકુંડમાં અગ્નિની સનાતન જ્વાલાઓ નીકળતી જોઇ તેને દઝાડતી લાગી. શું તેને સ્વપ્નું આવતું હતું? તેણે આંખ ચોળી. આ બધાએ ભલે સરસમાં સરસ અરણ્ય સર્જ્યું હોય—એ તેનો વિનાશ કરવા અવતર્યો હતો. સર્જનાર મહાત્મા, ત્યારે વિનાશક નહીં ? તે હસ્યો. પૃથ્વી રસાતાળ જશે તોએ તેને લીધે.

તે આંખો મીચી આગળ વધ્યો. ચંદ્ર નભે ચઢવા લાગ્યો, વૃક્ષો, દ્રપદ્રુતી, આસપાસના પર્વતો ચાંદનીમાં તેજસ્વી, રમણીય શાંતિથી શોભી ઉઠયાં પણ એ બધાની મોહકતા એને ઝાળ જેવી લાગી. તેના આત્માના અંધકારમાં આ કૌમુદી કલંકરૂપ હતી, દૂર કોઇ હિંસક પ્રાણીનો અવાજ આવ્યો તે સાંભળી તેને ઉત્તેજન મળ્યું. કોઇક બીજું એવું હતું ખરું કે રૂપે રસેલી આ શાંતિનો દ્વેષ કરી રહ્યું હતું.

તે વરુણને મંદિરે પહોંચ્યા. જાણે ભગવાન વેદવ્યાસ ત્યાં ઉભા ઉભા એને ડરાવતા હોય તેમ મંદિર તરફ જોવાની તેની હીંમત ચાલી નહીં. તેણે ચાર માણસો ત્યાં મુકયા ને આજ્ઞા કરી કે વિષ્ણુગુપ્ત આચાર્ય ઉતરી આવે તો મારી નાંખવા.

તે ઝપાટાબંધ પર્વત ચઢવા લાગ્યો. નીચે જતી ચંદ્રિકાએ મઢેલી પૃથ્વી વધારે મોહક થઇ ને એનો દ્વેષ વધારતી ગઇ. એનાં પગલાં સાંભળી મૃગો નાસી જતાં હતાં. તે હસ્યો. મૃગોને તેની વિનાશકતાનો ખ્યાલ આવ્યો હતો ખરો.

તેની દૃષ્ટિ સામે શૃંગ પર પડી. તેણે ચમકીને આંખે હાથ ફેરવ્યો. પુરોહિત દુતિ ઐંદ્રોત ચક્રવર્તી જનમેજયને દર્ભવડે મારી નાંખતો હતો !

પુરોહિતનું મોઢું વિષ્ણુગુપ્ત જેવું હતું—જનમેજય નંદ જેવો લાગતો. તેણે મુઠીઓ વાળી જ્યાં સુધી સેનાજિત છે ત્યાં વિષ્ણુગુપ્ત એવું કરી શકે એમ નહોતો !

પગથી સીધી ને સીધી ઉપર જતી હતી એટલે તે નિર્વિઘ્ને પર્વત ચઢવા લાગ્યો. શાંત ચંદ્રિકા

નૈમિષારણ્યની મોહિનીમાં કેવો વધારો કરી રહી હતી તે જોવા તે પાછો પણ ફર્યો નહીં.

પ્રગથીઓ ફૂટાતી ત્યાં ત્યાં તે બબ્બે માણસો મૂકતો ગયો. હવે તેને કૈં પણ જોખમ ખેડવું નહોતું. વિષ્ણુગુપ્તને મારી, નૈમિષારણ્યને ફૂંકી મૂકી તેને નંદનો પ્રતાપ અમર કરવો હતો. જો ગૌરીને એનાં પૂર્વજો યાદ આવતાં હોય તો તેના વગર પણ એને ચાલશે. પૃથ્વી પર કોઇ એવું ન રહેવું જોઇએ કે જે નૈમિષારણ્ય કે તેના મહર્ષિઓનું સ્મરણ કરે કે કરાવે ! મહાપદ્મનંદ સૃષ્ટિના સ્રષ્ટા હતા. બ્રાહ્મમુહૂર્ત થયું. નીચે નૈમિષારણ્યમાંથી વેદોચ્ચારનો ધ્વનિ, પવિત્ર



એક રીંછ ઘડાવતી પાણી ભરતું હતું.

ઉદ્દારક ને પ્રેરણાવાહક ઉપર આવ્યો અને વૃક્ષો પર રેલાતો રેલાતો આવતો ને મેઘગંભીર પ્રતિધ્વની, તેના કાનમાં પેઠો. તેણે હોઠ કરડી, કાન બંધ કરવાનો પ્રયત્ન કર્યો. ધ્વનિ ઉંચે ને ઉંચે આવતો, તેને ચાર પાસથી લપેટતો, તેને ઉંચે લઇ જતો લાગ્યો.

તે ઉપર ચઢયો.. આખરે એ અને શત્રુઘ્ન બે જણ સ્થા.. પૂર્વ ના આભાસ થવા લાગ્યો ને માથા પર તારાઓ ઝાંખા થયા.

હવે સૂર્યોદય થશે વિષ્ણુગુપ્ત પકડાશે, પછી એક પૃથ્વી પર બે જણ કેમ રહી શકશે? જોઇએ છીએ—તે મનમાં બોલ્યો. એક સ્રોત આવ્યો. ત્યાં કોઇ પાણી ભરતું હોય એવો ગડગડાટ થયો, એટલે તે અને શત્રુઘ્ન ઝાડ પાછળ લપાઇ ગયા. એક રીંછ ઘડાવતી પાણી ભરતું હતું!

તેણે આંખ ચોળી. તેનું ભાન જતું રહ્યું કે શું? પાણી ભરનાર રીંછ નહોતું પણ માણસ હતા. તેનું આખું શરીર પીળા પડેલા સફેદ વાળથી છવાયું હતું. તેની આંખો નિરતેજ હતી. અને કમર વળેલી હતી. નિઃસીમ ઘડપણ તેને અંગે અંગે દેખાતું.

સેનાજિતને લાગ્યું કે આજ મુનિ ઉદ્દાલક હોવા જોઇએ.

"ઝાડ પાછળથી બહાર આવ! હરણાં ને સસલાં જેનાથી ડરતાં નથી તેનાથી શા માટે ડરે છે?" બોલનારની ભાષા ઘણી જુની હતી અને તે તેને વિચિત્ર રીતે ઉચ્ચારતો. સેનાજિત બહાર આવ્યો. "આપ મુનિ ઉદ્દાલક?"

"હા,"

સેનજિત હરખાયો. તેની અહદશા બદલાવા લાગી હતી.

"આચાર્ય વિષ્ણુગુપ્ત ક્યાં છે?"

"ભગવાન વ્યાસની પાદુકાઓનાં દર્શન કરવા ગયા છે."

"ક્યાંથી જવાય છે?"

મુનિએ હાથવતી દિશા દેખાડી અને સેનાજિત અને શત્રુઘ્ન તે તરફ ગયા. આથી રૂડું શું! વિષ્ણુગુપ્ત એકલો, એકાંતમાં—ને એ બે જણા! સેનાજિત હસ્યો; વિષ્ણુગુપ્ત મર્યે—ગૌરી, કીર્તિ, પ્રતિષ્ઠા ને નરેંદ્રનો વિજય! 'નરેંદ્રનો જય' તે બબડયો. તેને આત્મતિરસ્કાર થયો. કેવી સુંદર વસ્તુઓનો તે વિનાશનો હતો, બદ્રાક્ષ, નૈમિષારણ્ય વેદ, વર્ણાશ્રમ, વિદ્યાઓ! તે હસ્યો. ભલે બ્રહ્માંડ ભાંગે! તેને શું? તેને શું? પણ પૃથ્વી પર બે જણ કેમ રહી શકે?

તે અને શત્રુઘ્ન ચાલી ગયા એટલે મુનિ ઉદ્દાલક પાણી ભરવું શરુ કર્યું. સૂર્યનાં કિરણો પ્રગટયાં. વિપળવાર સેનાજિતે તે તરફ જોયું. આખું નૈમિષારણ્ય અર્ધ્ય આપતું હશે? પણ તેને શું? તેને વળી અર્ધ્ય શા ને સવિતા નારાયણ શા?

પગથી એક ઉંચી, અધ્ધર લટકી હોય એવી મોટી બેખડ તરફ જતી હતી. તે બન્ને દોડયા. ત્યાં હતી. ત્યાંજ ઉદ્દાલક રહેતો હશે!

તે બેખડ પર આવ્યો. જાણે વૃક્ષમાં ટોચ પર એક માળો હોય તેમ એ અધ્ધર જેવી બેખડમાં એક ગુફા હતી. એની પાસે થઇને પગથી જતી.

એક માણસ ગુફા આગળ પગથી રોકીને ઉભો હતો. સેનાજિતે શત્રુઘ્નને સાવચેત રહેવાનું કહ્યું ને તે આગળ વધ્યો. સામે પેલો માણસ કેડ પર હાથ દઇને ઉભો હતો.

"કોણ કદુ!" સેનાજિતે [illegible] આડા ઉભા રહેનારને ઓળખ્યો. [illegible] ને શસ્ત્રો અત્યારે કાઢી નાખ્યાં હતાં.

"કેમ! ના કહી તો પણ આવ્યો છે!" ભયંકર રીતે હસીને કદુએ કહ્યું. "હું તારાં કારસ્તાન જાણતો હતો."



ચિત્રકાર:] [રા. રવિશંકર રાવળ

સામે પેલો માણસ કેડ પર હાથ દઇને ઉભો હતો.

—પૃષ્ઠ ૧૫૪

"આપો ખસ" હાંફતાં હાંફતાં સેનાજિતે કહ્યું. તે સમજ્યો કદ્રુ તેનો રસ્તો રોકતો હતો. વિષ્ણુગુપ્ત હવે પકડાયો.

શત્રુઘ્નને નીશાની કરી, તેણે એકદમ કુદીને કદ્રુને ભીડાવ્યો. તેજ પ્રમાણે શત્રુઘ્ને પણ કદ્રુને ભીડવ્યો. કદ્રુએ પણ બને સાથે બાથ ભીડી.

સેનાજિત વીફરેલી શક્તિથી કદ્રુને પકડવા મથી રહ્યો, પણ કદ્રુ જબરો ઘણો જબરો-હતો અને તે અને શત્રુઘ્ન બંને મળીને પણ તે તેને પકડી રાખી નહોતા શકતા. ગર્જના કરી, તેણે મહા પ્રયત્ન કર્યો; તેને અને શત્રુઘ્નને બાથમાં કચરવાનો પ્રયત્ન કરતા કદ્રુની છાતીમાં માથુ માર્યું... ને પલ ત્રણે જણ એક બીજાને વળગી ચક્કર ચક્કર ફર્યા... સેનાજિતે આકાશને પૃથ્વી પણ ચક્કર ચક્કર ફરતાં જોયાં.

કદ્રુ ભયંકર હતો. તે બંનેને હફાવતો. સૂર્યબિંબ તેની આંખમાં ખુંચ્યું... કદ્રુને ભેખડની હેઠળ ફેંકયા વિના છુટકો નહોતો...આહાહા !

ગુફાના બારણામાં કોણ આવ્યું ?...કોણ કુમાર ચંદ્રગુપ્ત...નીચે ખાઇ દેખાઇ...હવે કદ્રુને ધક્કો મારવોજ રહ્યો...રખે પોતે પડે? ઓ–તેણે બરાડો માર્યો. એક બીજાની બાથમાંથી છુટયા વિના ત્રણે જણ ભેખડ ઉંચે છોડી, વીજવેગે નીચે જતા હતા... ને કડાકો થયો.

પછી શું થયું તેનું ભાન સેનાજિતને નહોતું.

પ્રકરણ ૩૭ મું

વ્યાસ ભગવાનની પાદુકા

આચાર્ય વિષ્ણુગુપ્ત કુમાર ચંદ્રગુપ્તને મુનિ ઉદ્દાલકની ગુફામાં સુવા દઇ બ્રાહ્મ મુહૂર્ત પહેલાં સંધ્યા સ્નાન કરી વેદવ્યાસની પાદુકાનાં દર્શન કરવા ચાલ્યા.

સેંકડો વર્ષ થયાં મુનિ ઉદ્દાલક આ શૃંગ પર રહેતા હતા; અને ભાગ્યેજ કોઇ નૈમિષારણ્યવાસી કે યાત્રાળુ તેમનાં દર્શને આવતા. અને જે આવતા તે પાદુકાનાં કાલ્પનિક દર્શન મુનિના આશ્રમ આગળથીજ કરતા હતા.

લોકવાયકા હતી કે મુનિ ઉદ્દાલક રહેતા હતા ત્યાંથી નીચે દુર્ગમ્ય જંગલમાં, જે સ્થળે ભગવાન દ્વૈપાયન પંચત્વ પામ્યા હતા, ત્યાં તેમની સ્વયંભૂ પાદુકાઓ હજુ હતી. એમ પણ કહેવાતું કે ત્યાં વ્યાસ ભગવાન કોઇક વખત ચિરંજીવ ઉદ્દાલકને દર્શન દેતા. ઉદ્દાલકના આશ્રમ માટે લોકોને એટલો ભય હતો, કે ભાગ્યેજ કોઇ તે વટાવી પાદુકાઓ જોવા જવાની ઇચ્છા પણ કરતું.

વિષ્ણુગુપ્ત જ્યારે નૈમિષારણ્યમાં આવતા ત્યારે ઉદ્દાલકને મળ્યા વિના અને પાદુકાનાં દર્શન કર્યા વિના જતા નહીં. જે બીજા બધાનું પ્રેરણાસ્થાન હતા તેને આ પાદુકાઓની પ્રેરણા વિના ચાલતું નહીં.

એણે એક દંડો લીધો ને પરિચિત પગથી એ નીચે જવા માંડયું. પગથી સ્પષ્ટ નહોતી. ભોંય પર પથરાઇ રહેલી વેલોએ તેના પર ઘણી જગ્યાએ આક્રમણ કર્યું હતું. ઝાડો, વેલો, ઝાંખરાં પર ને તેમાં થઇ પડતાં ચંદ્રનાં કિરણો ભરમાવે એવા આકારો રચી રસ્તો ભુલાવતાં હતાં. પવન જોસભેર વાતો હતો, અને ઝાડનાં પાંદડાંમાં થઇ સુસવાટ કરતો હતો. કોઇ વાર કોઇ હિંસક પ્રાણીની ચીસ કે ગર્જના સંભળાતી હતી. વનના

ભયંકર એકાંતમાં મૃત્યુ ચારે તરફ ઝઝૂમતું હતું, છતાં ચાણક્યનાં ડગલાં દૃઢ હતાં, દૃષ્ટિ સચોટ હતી, અને દંડો અડગ હતો.

પોતાની હંમેશના જેવીજ શાંતિથી આ જંગલની વિનાશક શક્તિઓનો સંદેશો તે સ્થિર ચિત્તે સાંભળી રહ્યા હતા.

ઝળુંકું થવા આવ્યું. ઝાડોમાં થઇ આવતી જ્યોત્સ્નાની રુપેરી મોહકતા ફીક્કી પડી. પગથી સ્પષ્ટ દેખાવા માંડી. ઝાડની ઘટામાં સુણાતાં પંખીના બોલોથી વન જાગવા માંડ્યું.

પવનનું જોર વધ્યું અને તેની શીતળતા પણ વધી. સવારની સુવાસ ચારે તરફ પ્રસરી રહી. તેમણે ઉંડા શ્વાસ લીધા; અને સવિતાની દિને દિને દેખાતી નવ સર્જકતાથી આત્માને સમૃદ્ધ કરવા માંડયો.

રસ્તો હવે સ્પષ્ટ દેખાતો હતો. તે એક સ્થળે ઉભા અને ચારે તરફ પથરાઇ રહેલી વણ લુંટાએલી પ્રકૃતિ, અનાસ્વાદિત રસસમૃદ્ધિ, અને ઉષાના સ્પર્શથી નવપલ્લવિત બનેલા જીવનના સંગમથી ઉછળી રહેલા પ્રવાહમાં પોતાની જાત વહેતી મુકી. અનુભવ, સંસ્કાર ને સ્વભાવનાં આવરણો એમણે દૂર કર્યાં અને એમના આત્મા અને આ પ્રકૃતિવૈભવમાં રહેલાં સમાન તત્વોને એકરસ થવા દીધાં.

એમણે વિદ્યાઓનાં રહસ્યો પામવાને પ્રયત્ન કર્યો હતો; સર્વઆહી રાજખટપટમાં ઝંપલાવ્યું હતું; સમરાંગણોની ભયાનક રુદ્રતાનો અનુભવ કર્યો હતો; ઘણી વાર માનવ જીવનનું સૌંદર્ય કચરી નાખ્યું હતું, કદ્રૂપતાને પોષી હતી; સંસારમાં હડહડતું સંસારીપણું સેવ્યું હતું; સ્વાર્થોમાં પોતાના સ્વાર્થ—પોતાની આકાંક્ષાની સિદ્ધિ—શિવાય બીજો પંથ લીધો નહોતો. આ બધા અનુભવોથી નિર્લિપ્ત રહેવા એમણે આ બધામાં રહેલી ભાવનાનુંજ દર્શન નજર આગળ રાખ્યું.

તેમણે ઉંડો શ્વાસ લીધો. બહારની પ્રફુલ્લતાએ તેમના અંતરને પ્રફુલ્લ બનાવ્યું.

તે હસ્યા. તેમના આ બધા અનુભવો ઇંદ્રિયોની લાલસામાંથી ઉદ્ભવ્યા નહોતા—છુટાછવાયા, સ્વેચ્છાએ સરજાવેલા, અયુક્ત આવિર્ભાવો નહોતા. એમની બુદ્ધિ શતધા નહોતી, એકજ હતી. મંત્રભૂમિમાં, રણમાં, આશ્રમમાં, એકાંતમાં એમણે જે એક અને અવિયોજ્ય આત્માનું દર્શન કર્યા કર્યું હતું તે આ સર્જનકાલના પ્રારંભ જેવા ઉષામુખે વનને સજીવ બનાવતા આત્મા સાથે તન્મયતા સાધવા મથી રહ્યો. તેમણે આગળ ચાલવા માંડયું ચારે તરફ તરવરી રહેલી શક્તિઓને ઉ[illegible] [illegible] સાથે તે પોતાના તરફ આકર્ષી રહ્યા. એ બે પણ શીતળ સમીર ને ઉષ્ણ, વિનાશક પવ[illegible] [illegible] ચાયો હતો. ફુલો વેર્યાં હતાં, ને કાંટાઓ પાથ[illegible] હતા; કુંપેરો આણી હતી અને મુળ ઉખેડયાં હતાં; ઘટાથી છાંય કરી હતી, ઝાંખરાંથી જીવનો કચર્યાં હતાં. એમના આત્માની સર્જક ને વિનાશક વૃત્તિઓ ચારે તરફ ફરી વળતી હતી.

સૂર્યકિરણો વૃક્ષનાં શિખરોને સ્પર્શ્યાં. વન જળહળતા પ્રકાશથી તેજસ્વી બન્યું. તે ઉભા રહ્યા. આંખો મીંચી. ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियो यो नः प्रचोदयात् । धियो यो नः प्रचोदयात् । સૂર્ય નારાયણનો પ્રતાપ આ સનાતન શબ્દોમાં પૂજ્યભાવે સ્મરતાં તેમનું અંતર નમ્ર થયું. તેમણે વિચાર્યું કે પોતે અલ્પમાંનો અલ્પ હતો, જેટલે અંશે બ્રહ્માંડના આત્મા સવિતાના પ્રતાપની પોતે મૂર્તિ હતો તેટલેજ અંશે તે પણ સજીવ હતો.

તે વન જોડે, પ્રકૃતિ જોડે, શક્તિવૈભવ જોડે, સવિતા જોડે, તન્મય થયા. એ પોતે માત્ર એક કિરણ, એક કુંપેર, એક સમીરનો સુસવાટ, એક ઝરણાનાં પ્રવાહ જેવા તેનાજ આવિર્ભાવ હતા.

બ્રહ્માંડના એ આત્માએ સર્જકતાના ઉલ્લાસમાં પોતાની તેજસ્વિતાને નરનારીરુપ બનાવી હતી; તેમની બુદ્ધિને સંસ્કારરૂપે વ્યકત કરી હતી. વધારે સ્પષ્ટ ને વધારે સુંદર આર્વિભાવની ઉત્કંઠામાં તે તેજસ્વિતાએ નૈમિષારણ્ય–માત્ર ઝાડ, પાન, પાણી, મૃગ ને હંસોનું નહીં–પણ વ્યાસ ને શૌનક, ઉદ્દાલક આરુણિ, યાજ્ઞવલ્કય આશ્વલાયન ને સાંખાયનની પરંપરામાં અપૂર્વ એવું નૈમિષારણ્યનું રૂપ લીધું હતું એજ આત્મા નૈમિષારણ્યરૂપે વિદ્યાઓનું સર્જન, પોષણ, રક્ષણ ને પ્રચાર કરી રહ્યો હતો...

એના સ્થિર નયને વિદ્યાનાં સર્જનની દિવ્ય મંદાકિની દેખાઇ. યુગોના મહા પ્રયત્ને સવિતાનાં રશ્મિઓએ આ સ્વર્ગગાનાં ઝરણાં પ્રકટાવ્યાં હતાં.

આ તેજસ્વી ઝરણાં ભગવાન દ્વૈપાયને શંકરની માફક જટામાં એકઠાં કર્યાં; ભગીરથસમા બળે તેમણે આ જ્યોતિર્મય સરિતાનો પ્રવાહ તીરો વચ્ચે વહેતો કર્યો. તેમને પગલે ચાલતા મહર્ષિઓ તેમાં નાહ્યા–તેને પુજી–તેમાં નવાં નીરો વહેતાં મુકયાં, તેનાં પતિત પાવન નીરો જગદુદ્ધાર માટે લઇ ગયા. વ્યાકરણ, સાહિત્ય, શાસ્ત્ર પુરાણ, વેદ ને ઉપનિષદ, સાંખ્ય ને યોગ; બધાં આ સાગરસમી સરસ્વતી કે સરવર જેવી શાંત, દિવ્ય ને સંજીવની મંદાકિનીનાં છુટા છવાયાં વહેતાં પાણી હતાં... અને મહર્ષિઓ પણ એજ મંદાકિનીના મહાતરંગો હતા...

આ બધા દ્વારા બ્રહ્માંડનો પરમ આત્મા વિશુદ્ધિ અને પૂર્ણતામાં અદ્દભુત એવા સનાતન શબ્દબ્રહ્મ સ્વરૂપે પ્રગટતો હતો. એના દિગ્વિજયમાંજ બ્રહ્માંડની આત્મસિદ્ધિ હતી...

કયાં સુધી તેમણે સવિતાનારાયણના શબ્દબ્રહ્મસ્વરૂપનો વિચાર કર્યો...

આ મંદાકિની ડહોળાઇ ગઇ હતી; અનેક અંતરાયો તેના પ્રવાહને મંદગતિ અને તેની નિર્મલતાને કલુષિત કરતો હતો...રાષ્ટ્રો માંહો માંહ્ય કપાતાં હતાં. છિન્નભિન્ન પ્રજાઓ લોકસંગ્રહમાં ઘડાતી નહોતી રાજા એક બીજાના દ્વેષમાં શકિતનો વ્યય કરતા...દક્ષિણાપથમાં દાનવો સરિતાને રોકતા; તક્ષશિલા ને ગાંધારમાં પારસિકો પગ પેસારે તેને મલિન કરતા. કલિ જેવા પ્રચંડ મહાપદ્મના કુળે આ સરિતાના શોષણને કુલધર્મ બનાવ્યો હતો. અજ્ઞાન, અધમતા ને દ્વેષ ચારે તરફ પ્રવર્તતાં.

આ સરિતાએ આવી આપત્તિમાં એક તરંગ સર્જ્યો હતોઃ–તેનું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય હતું સરિતાની દિવ્યતા તે જાળવતો તેટલે અંશે તે પ્રબલ ને દિવ્ય હતો. જેટલું તે પોતાનું તરંગત્વ જાળવતો તેટલો એ નિર્બલ હતો. એણે આંખો મીંચી, તન્મયતા પ્રાપ્ત કરવા આ સરિતાનું ધ્યાન ધર્યું.

થોડી વારે તેણે આંખ ઉઘાડી. આસપાસ જોઇ, સવારની પ્રફુલ્લતા હૃદયમાં ઉતારી પોતે એક મહાતરંગ–ચારે તરફ નાના મોટા તરંગોને જોઇ રહ્યો. તેમનું સામર્થ્ય પોતાના તરફ આકર્ષી રહ્યો.

સરિતા મંદગતિ થઇ હતી તેનું રહસ્ય તે જાણતો હતો. સ્વચ્છંદી, અસંસ્કારી રાજત્વના નાના મોટા પથ્થરો, ડુંગરાઓ, પર્વતો વચ્ચે નડતા હતા તેને એ પોતાના પાણીથી સદાને માટે પલાળી શકી નહોતી. તેને પોતાના વેગ વધારવાની ખીણો બનાવી શકી નહોતી. અનેક વખત સફલ થએલો છતાં નિષ્ફલ એવો એ–જુનો છતાં ફરી ફરી કરવાનો–પ્રયત્ન હતો.

એના જેવા બીજા મહાતરંગોએ શું શું કર્યું ? યયાતિને પલાળ્યોઃ પૃથુને તોડી નાખ્યા; માંધાતાને વેગનું સાધન બનાવ્યા. સહસ્ત્રાર્જુનની કચ્ચરો કરવી પડી, પ્રતીપને ઉપયોગમાં લીધો.

જરાસંધે મુશ્કેલીઓ ઉભી કરી. કંઠથી મહેનતે દુર્યોધનને દૂર કર્યો ને પરીક્ષિત પરથી ધોધ વધાર્યો ત્યારે જનમેજયને ખસેડતાં મહેનત પડી. જનકને તરંગ બનાવ્યો ત્યારે મહાપદ્મ નંદ વ્યોમ ચુંબી ગિરિરાજની માફક ગતિ રોધી ઉભો ને તેની છાયા નીચે અનેક ડુંગરો સરિતાને ગુંગળાવી રહ્યા હતા.

આ સ્વચ્છંદી રાજત્વને સદાને માટે ખસેડવું જોઇએ—માત્ર ગતિ વધારવાની પહાજ કરવી જોઇએ. પર્વતોનો ઉપયોગ નદીનો રસ્તો સરળ કરી આપવાનો છે...નૈમિષારણ્યમાંથી નીકળતી દિવ્ય સરિતાનો તે મહાતરંગ ચારે તરફ આ અવરોધકારક નંદપ્રતાપને નાના મોટા તરંગોથી ઘેરી રહ્યો હતો. નાના મોટા રાજાને હાથ પર લઇ, શૈશુનાગ-કુલના કુમાર ચંદ્રગુપ્તને પોતાનો કરી, તેણે નંદના રાજ્યને હચમચાવવાનો આરંભ કર્યો હતો. તેની ઘોષણા નંદના પોતાના કાનમાં કરી મહાતરંગે મહાપ્રયત્ન આદર્યો હતો.

જેમ જેમ તે ચાલવા લાગ્યો તેમ તેમ તેને સ્પષ્ટ સમજાતું ગયું. રાજત્વ એ સરિતાથી ભિન્ન નથી. રાજત્વ, આન્વીક્ષિકી, દંડનીતિ, વાર્તા, અર્થશાસ્ત્રનાં અંગ છે—અર્થશાસ્ત્ર વિદ્યાનું અંગ છે; સર્વ વિદ્યાનું મૂલ નૈમિષારણ્યમાં છે. એણે સરજવા ધારેલું રાજત્વ નૈમિષારણ્યનું અવિયોજ્ય અંગ—તેની એક વૃત્તિ થવી જોઇએ. જે વસિષ્ઠે ન કર્યું જે દેવાપ શૌનકે ન કર્યું, જે ઉદ્દાલક આરુણિએ ન કર્યું તે તેને કરવું પડશે.

બ્રહ્મજ્ઞાનનો સાક્ષાત્કાર સરલ કરવા નૈમિષારણ્યે ઇંદ્રિયજય સાધ્યો. ઇંદ્રિયજય વિના વિનય નહોતો; વિનય વિના બુદ્ધિ નહોતી; બુદ્ધિ વિના શક્તિ નહોતી; શક્તિ વિના યોગ નહોતો, શાંતિ નહોતાં, આત્મદર્શન નહોતાં સરિતા સાથે તન્મયતા શક્ય નહોતી.

એણે રીતે ઇંદ્રિયજય કર્યો હતો, હૃદયમાં શાંતિ ને દૃષ્ટિમાં નિભ્રંમ ધાર્યો હતો. પોતે આ સરિતાનું બાલ, તેનો મહાતરંગ, તેનો વેગ ને તેનો ભગીરથ—સરિતામય થયો હતો. હવે પોતાની શક્તિવડે રાજત્વને વિનય દોરીએ નાથી તેને સરિતામય બનાવવું હતું... દુઃસાધ્ય ને ભયંકર મહત્વાકાંક્ષા!

વ્યાસે વહેવડાવેલી દિવ્ય સરિતાના એ તેજસ્વી પટો માત્ર તેના વિચારમાં નહોતા, તેની નજર આગળ નાચી રહ્યા. તે ભેગા મળ્યા, તે ગોળ વળ્યા. એકે જ કારનું રૂપ લીધું, બીજાએ ઉકારનું રૂપ લીધું. બે દેવી સ્વરો છુટા પડી, ચારે તરફ નાચવા લાગ્યા.

વિદ્યા ને ઇંદ્રિયજય નૈમિષારણ્યે ક્યારનાં સેવ્યાં હતાં. છતાં નંદો એકચક્રે પૃથ્વી પર રાજ્ય કરતા હતા. જ ને ઉ નો સાક્ષાત્કાર તેને થયો તેથી શું?

એકાગ્રચિત્તે વિદ્યા ને વિનયનું ધ્યાન કરતા વિષ્ણુગુપ્ત ચાલતા ચાલતા અટક્યા.

સામે એક કાળો પથ્થર હતો. તેના પર સ્વાભાવિક રીતે બે મોટાં પગલાં કોરાયાં હતાં. એક વૃદ્ધ વૃક્ષ તેના પર મીઠી છાયા નાખતું.

તેની યાત્રા પુરી થઇ. ભગવાન દ્વૈપાયનની પૂજ્ય પાદુકા સામે તે જોઇ રહ્યા. એક પર જ દેખાયો બીજા પર ઉ દેખાયો.

તે બેસી ગયા, હાથ જોડયા, પાદુકાની ધૂળ લઇ માથે મુકી "ભગવાન દ્વૈપાયન" તેમણે ઉચ્ચાર કર્યો. ચારે તરફથી વનમાં એનોજ પ્રતિશબ્દ થયો.

પદ્માસન વાળી તેણે વૃત્તિ નિરોધી. નૈમિષારણ્યમાંથી વ્યાસે પ્રગટાવેલો વિદ્યા અને વિનયનો પ્રવાહ તેમણે ચિત્ત આગળ સ્થિર કર્યો. પ્રવાહ વિસ્તાર પામ્યો, વધ્યો, અટક્યો, પાછો ઉછળ્યો.

એણે તેમાં પોતાના જેવો તે પ્રવાહનો મહા તરંગ જોયો; ... પોતે મહાતરંગ બની ગયો. તે ઉપર ઉછળ્યો, નીચે ગયો. તેણે વિદ્યા ને વિનયના તરંગો આકર્ષ્યા, પોતાના કર્યા... તેનું અંતર શાંત થયું, ચિત્ત એકાગ્ર થયું. ઘુઘવતા પ્રવાહ પર વિદ્યા ને વિનયનો મહાતરંગ ઉલ્લસી રહ્યો. બધા તરંગો તેનામાં મળી ગયા. દશ દિશાની દિવ્ય શક્તિઓ આકર્ષાઇ, પોતાનામાં ભળી ગઈ.

નૈમિષારણ્ય મહાતરંગ થઇ ગયું; મહાતરંગ અને પોતા વચ્ચેનો ભેદ ભાગી ગયો...

એકજ મહાતરંગ વ્યોમ ચુંબી...

અકાર ને ઉકાર બેનાં તેજસ્વી ગુંછળાં... પ્રકાશ જતો રહ્યો. ચારે તરફથી અંધકાર મહાતરંગ પર આવી રહ્યો. મહાતરંગ તેજનું બિંદુ બની રહ્યો. તેજના બિંદુમાં અકાર ને ઉકાર સ્પષ્ટ દેખાતા... બિંદુ કાંપતું હતું.

નાડીઓ બંધ પડવા લાગી. ચિત્તનો નિરોધ વધતો ગયો.

તેજના બિંદુમાં સૌમ્ય પ્રકાશ પ્રગટયો. બિંદુની આસપાસ ગુલાબી વર્તુલ થયું. બિંદુ સ્થિર થતું ગયું... થઇ ગયું.

...બધું ગુલાબી થઇ ગયું... અકાર ને ઉકાર સંલગ્ન થઇ ગયાં... બિંદુ મોટું થયું, નિશ્ચલ થયું... અને ઉ અદષ્ટ થયા... બિંદુને બદલે, ગુલાબી ને સૌમ્ય પ્રણવજ રહ્યો.

ૐકાર મોટો થયો... દ્રષ્ટા વિલીન થઇ ગયો... પ્રણવમાં બ્રહ્માંડ લીન થઇ ગયું... અને દિશાવિહીન ને નિઃસીમ આકાશમાં ૐકારની પરમ ને પ્રફુલ્લ જ્યોતિ ઝગમગી રહી...

...ૐકાર અદૃષ્ટ થયો. ને વિપુલ વાર નિર્વિકલ્પ સમાધિ પ્રસરી રહી.

× × ×

...સમય વહી ગયો. દ્રષ્ટા પ્રગટયો–નૈમિષારણ્યનું દર્શન પ્રગટયું. સાથે ૐકારનું દર્શન થયું...

...વિદ્યા વિનાનો નિરર્થક ઇંદ્રિયજય નહોતો, ઇંદ્રિયજય વિનાની અધમ વિદ્યા નહોતી, બંને તપશ્ચર્યાની શક્તિથી સંલગ્ન થઇ ગયાં હતાં.

નૈમિષારણ્યમાં અગાધ શક્તિ પ્રગટી. એ શક્તિથી તેણે રાજત્વને પોતાનું કર્યું, વિદ્યાને પોતાની કરી, વિનયને પોતાનો કર્યો.

તેમાંથી ઉછળતા તેજસાગરે દિગંતે વિદ્યા, વિનય ને તપના તરંગો પ્રસાર્યા. તે બ્રહ્માંડ પર દિગ્વિજય કરી રહ્યું. જ્યાં શબ્દ ઉચ્ચારાયો ત્યાં તેનો પ્રતિશબ્દ પડયો, જ્યાં તપ આચરાયું ત્યાં તેનાં દર્શન થયાં, જ્યાં વિદ્યાભ્યાસ થયો ત્યાં તે પ્રગટયું, જ્યાં પરમ શાંતિ મળી ત્યાં તેનો સાક્ષાત્કાર થયો. તેની સીમા વધતી ગઇ. ને બ્રહ્માંડ તેની સાથે એકાકાર થઇ ગયું.

એનો શ્વસોચ્છ્વાસ ચાલવો શરુ થયો, નૈમિષારણ્યે પોતાનું સ્વરૂપ બદલ્યું.–વિદ્યા વિનયને શક્તિ ત્રણેના એકીકરણના બળથી પ્રચંડ અસ્મિતા પ્રગટી. તે ચણકનો પુત્ર વિષ્ણુગુપ્ત થઇ ગયું.

તેના હૃદયમાં શાંતિ પ્રસરી. તેની ઓજસ્ શક્તિ તરવરી રહી.

તેણે નિઃશ્વાસ મુક્યો........

પ્રકરણ ૩૮ મું

ભગવાન વેદવ્યાસ

સેનાજિત ભાનમાં આવ્યો, ત્યારે તેના માથામાં તેને પહેલાં જડતા લાગી. તે પછી વેદના શરુ થઇ. તેની આંખે લાલ પડદો હતો.

તેણે નીસાસો મુકયો, હાથ ખસેડયો. તેની વેદનાનો પાર રહ્યો નહીં ને તેણે ઉઉં કર્યું. થોડી વાર તે બેભાન રહ્યો. પાછું ભાન આવ્યું ત્યારે બોલવાનો યત્ન કર્યો પણ કૈં બોલાયું નહીં. જેમ તેમ કરતાં તેણે હાથ ઉંચો કર્યો અને આંખ પરથી તેણે વાળ ખસેડયા. વાળ ચીકણા હતા. આંખ પર લાલાશ હતી. તેણે હાથ લંબાવ્યો તે પાસે પડેલા પથ્થરને વાગ્યો.

તેને ભાન આવવા લાગ્યું. માથામાં, વાંસામાં, કમરમાં ને પગમાં અપાર વેદના થતી હતી. તેના પર સૂર્યનો તાપ પડતો હતો.

કૈંક યાદ આવ્યું. કદ્રુ, તે અને શત્રુઘ્ન બાથાબાથી કરતાં હતા. ઉગતું સૂર્યબિંબ તેના સ્મરણપટ પર તરી આવ્યું. વેદના સખ્ત થતી હતી. હા, તે પર્વતપરથી પડી ગયો...... ને તે જીવતો હતો. તેના હૃદયમાં હર્ષની લહરી આવી.

પવન વાયો એટલે વેદના કૈં ઓછી થઇ. પણ ચકકર આવ્યાં તેથી પાછો પડયો. થોડી વારે માથુ પાછું ઉંચકયું. તેને ભયંકર વેદના થતી હતી. માથામાંથી હજુ લોહી ટપકતું હતું. તેણે બેઠા થવાનો પ્રયત્ન કર્યો. આખરે તે બેઠો થયો ને આંખો પરથી વાળ ખસેડયા.

તે એક જંગલમાં ઘાસને ઝાંખરા પર પડયો હતો. તેણે ઉંચે જોયું. ઉંચે, ઉંચે, વાદળને સ્પર્શે એટલે ઉંચે એક કાળો પથ્થર ઝઝુમતો હતો. ત્યાંથી એ પડયો હતો. તેને પાછાં ચકકર આવ્યાં.

થોડી વારે તે પાછો બેઠો થયો. તેણે પોતાનું ફાડી પાટો માથે બાંધ્યો, અને આંખે દીલે કાંટા પેસી ગયા હતા તે કાઢવા બેઠો. તેનું ગળું બળ્યું બળ્યું થતું હતું. એ પડ્યો હતો તેની નીચે થોડે દૂર એક ઝરો વહી જતો હતો.

પાણી વિના તેનો જીવ જતો હોય એમ લાગ્યું એટલે તે જેમ તેમ ચાલવા અને ખસવા લાગ્યો. ઘા અને હાડકાંમાં થતી વેદના જેમ તેમ સહેતાં તે ઝરા પાસે ગયો. તેણે પાણી પીધું. ફરી માથું ધોયું. તેને ઠીક લાગવા માંડયું. તેણે દીલ ધોયું, ઘા ધોયા, પાટા બાંધ્યા, પાણી પીને પાછો સુઇ ગયો.

થોડી વારે તે તાજો થયો. તેને ભાન આવવા લાગ્યું. તેને હર્ષ થયો. તે જીવતો રહ્યો હતો. તે એકલો એકલો હસ્યો. હજી તેની વિચારશક્તિ સતેજ થઇ નહોતી. તેને ભુખ લાગી પણ ઝાડ પર કૈં ફળ નહોતાં. તેણે ઉપર જોયું. દૂર, અસ્પર્શ્ય એવો ઉદ્દાલકનો આશ્રમ ઝઝુમતો જોયો ને વિચાર આવ્યો કે ત્યાં ગયા શીવાય છુટકો નહોતો.

તેને ઝાડોમાંથી એક નાની ખુલ્લી જગ્યા જણાઇ તે તરફ તે આકર્ષાયો. તે પાસે આવ્યો. શું આં કોઇ હતું ! તે ધ્રુજ્યો અને તેની આંખે અંધારા આવ્યાં. કોણ હતું ! જે કોઇ હતું તે ખસ્યું નહીં. તેણે બીજું પોતાની આંખે લગાડયું. એક પથ્થર હતો તેની સામે એક માણસ બેઠો હતો. તે બીધો. તેણે નાસવા માંડયું. પણ પેલો માણસ ખસ્યો નહીં. એ કોણ હશે ! એને મારી નાખશે તો ! કદ્રુ ! શત્રુઘ્ન !

તેને હીંમત આવી. માણુસ હશે તો જીવતા જવાનો રસ્તો મળશે એમ ધારી તે ઝાડની ઓથે ઉભો રહીને જોઇ રહ્યો, પણ પેલો બેઠેલો માણુસ ખસ્યો નહીં. તે પાસે આવ્યો.

જે માણુસ આંખો મીચીંને બેઠો હતો તેની પીઠ ને માથું તેને પરિચિત લાગ્યાં. તેને કે ઓળખાણ પડી: તેની આંખે અંધારાં આવ્યાં... વિષ્ણુગુપ્ત એકલો વીશ ડગલાંને છેટે આંખો મીંચી બેઠો હતો.

તેના હાંજાં ગગડી ગયાં. તેને લાગ્યું કે હમણાં એ કુદશે. વિષ્ણુગુપ્ત ! વિષ્ણુગુપ્ત ! હા ! તેને યાદ આવ્યું. તેણે પોતીઉં પાછું આંખે લગાડયું ને કપાળે ફેરવ્યું ને સ્મરણશક્તિ સતેજ કરી. બધું યાદ આવ્યું. જે માણુસને તે મારવા આવ્યો હતો તેજ આમ આંખો મીંચી બેસી રહ્યો હતો.

એક પૈશાચી હાસ્ય તે હસ્યો. જેને મારવા તેણે આટલી મહેનત કરી હતી તે આમ મરવા-ની વાટ જોતો બેઠો હતો, પણ પોતે અશક્ત ને નિઃશસ્ત્ર હતો. શું કરવું ? તે સંતાઇને ઝાડ પછાડી બેસી રહ્યો, તોપણ વિષ્ણુગુપ્ત ખસ્યો નહીં. તે મનમાં ને મનમાં ખુબ હસ્યો. વિધિ જ્યારે સરળતા કરી આપે ત્યારે કૈં મણા રહે છે ! તે મરતો બચ્યો, તે વિષ્ણુગુપ્તને મારવાને માટેજ...તેની આંખોમાં દ્વેષ ચમકવા લાગ્યો.

વિષ્ણુગુપ્ત પાસે હથીઆર હોય તો ! તેણે ઝાડ પાછળ લપાઇને ધ્યાનથી જોયું. શું તે મરી ગયો હતો કે સ્થિર ને સ્થિર ધ્યાનમાં બેઠો હતો ? ભયંકર ઝનુન સેનાજિતના અંગેઅંગને કંપાવવા લાગ્યું. તેની લોહીઆળ આંખો વધારે લાલ થઇ. તેના વેરી, તેની કીર્તિના શત્રુ, દુષ્ટ આચાર્યના પાપનો ઘડો ભરાઇ ગયો હતો !

તે ધીમે ધીમે, ઝાડને ઓથે લપાતો તેની પાછળ ગયો પણ વિષ્ણુગુપ્ત તેમનો તેમ બેસી રહ્યો. તેણે એક પથ્થર હાથમાં લીધો ને દ્વેષથી દાંત પીસ્યા...

એક પલમાં તે વિષ્ણુગુપ્તને મારી જંગલ-માંથી નાસી જશે, પાટલિપુત્ર જશે; ત્યાં નરેંદ્રદેવ એને શાબાશી આપશે, મંત્રી નીમશે; પોતે ગૌરી ને પરણશે...

તે ધીમે ધીમે પથ્થર લઇ પાસે આવ્યો, પણ તેનો હાથ થરથર ધ્રુજતો હતો. હવે ચારજ ડગલાં રહ્યાં. વિષ્ણુગુપ્તની જટા સરસ હતીઃ તેને વિચાર આવ્યો. તેને કુતૂહલ થયું કે આ મૂર્ખ કોનું ધ્યાન કરે છે ? તેણે ડોક લંબાવી જોયું: પથ્થર પર બે સ્વયંભૂ પાદુકા હતી—વેદ વ્યાસની—કાલે જેની વાત પેલા કુલપતિએ કરી હતી તેની. તેને યાદ આવ્યું કે તેની માએ પણ એ વ્યાસની વાત કરી હતી, હા...તેના ગુરુએ પણ વાત કરી હતી. એ માછણનો છોકરો હતો...હા. હા. તેનાં પગલાંની પૂજા !

તેણે આંખે હાથ દીધા. આ શું ?

...પાદુકા પર કોઇ ઉભું હતું ! તે ગભરાઇને પાછો હઠયો. કોણ ઉભું હતું ? કોઇ વ્યાઘ્રાંબર પહેરેલું, મોટા યજ્ઞોપવીતવાળું. તેણે ઉંચું જોયું...

...યુગોના જ્ઞાનથી દેદીપ્યમાન મુખ—બ્રહ્માનું હોય એવું ભવ્ય લલાટ—નવે ગ્રહોના તેજસ્વી વ્યૂહોથી ચમકતાં પ્રફુલ્લ નયનો—

ગભરાટમાં તે પાછો ને પાછો હઠયો...

આ વૃદ્ધે વિષ્ણુગુપ્ત પર હાથ લંબાવ્યાં !... નૈમિષારણ્યના ભૂત ને વર્તમાન મહર્ષિઓની આશિષ એને રક્ષે છે તે તેને યાદ આવ્યું. તે એક ઝાડ પાછળ લપાઇ ગયો... આ વૃદ્ધ તેને મારશે કે વિષ્ણુગુપ્તને જગાડશે. તેનાં અંગેઅંગ કાંપી રહ્યાં. તેના હાથમાંથી પથ્થર પડી ગયો.

સેનાજિત પેલા વૃદ્ધને જોઇ રહ્યો. એને કૈંક થયું કે આજ ભગવાન દ્વૈપાયન...!



ચિત્રકાર:] [રા. રવિશંકર રાવળ

તેણે ડોક લંબાવી જોયું.

—પૃષ્ઠ ૧૬૨

તેણે હાથ જોડયા, નમસ્કાર કર્યો. આ નૈમિષારણ્યના સ્રષ્ટા ! અનિચ્છાએ પણ તેનું અંતર નમ્યું.

વિષ્ણુગુપ્ત તો નિશ્ચલ રીતે બેસીજ રહ્યા હતા. સેનાજિતે હોઠ પીસ્યા. છતાં તે ઉઠી ન શકયો. તેને વિચાર આવ્યો કે જેને સરંક્ષતા યુગો થયાં 'પંચત્વ પામેલા ભગવાન દ્વૈપાયન સજીવન થાય તેને મારવા એ આવ્યો હતો.

...નૈમિષારણ્ય ! એમાં શું છે ? શિષ્યો, ડોસાઓ. કહું, વિષ્ણુગુપ્ત...વિષ્ણુગુપ્ત હોય તો નૈમિષારણ્ય હતું તેવું બનાવી દે. ન હોય તો...તે હસ્યો. તેણે આંખે હાથ ફેરવ્યા. પેલા વૃદ્ધ અલોપ થતા હતા—પારદર્શક થઇ જતા હતા—અદૃષ્ટ થયા...

એક કોકિલાએ ટહુકાર કર્યો, તેણે ફરીથી પથ્થર લીધો ને તે ઉભો થયો. તે પાછો ધીમે ધીમે પાસે આવ્યો, તેણે જીભ કરડી ભાન આણ્યું. ને તે પાછો થરથર કાંપવા લાગ્યો.

તે પાસે આવ્યો અને તેણે પથ્થર ઉગામ્યો. તે ધ્યાનસ્થને નિઃશસ્ત્ર બ્રાહ્મણને આમ મારતો હતો ! જો આ મરી જાય—જો નૈમિષારણ્ય સુકાઇ જાય—જો પૃથ્વી અબ્રાહ્મણ થાય તો...તો... ગૌરી બધી સ્ત્રીઓથી કેમ નિર્મલ, ઉચ્ચાશયી, ને સંસ્કારી હતી...?

પછી કોણ યજ્ઞ કરશે ? દેવોને આરાધશે ? ધર્મ શીખવશે ?

...ને નૈમિષારણ્ય નહીં હશે તો ભદ્રાક્ષ, ને પ્રમંડક ને વિષ્ણુગુપ્ત કોઇ નહીં થાય...ને નંદ ને વક્રનાસ ને તેના જેવાજ રહેશે. પૃથ્વી વસવા જેવી રહેશે ?

ભયંકર ! તેણે પથ્થર ફરી ઉગામ્યો...ને નૈમિષારણ્યનો તે વિનાશ કરે તો પૂર્વજોનું કરેલું કરાવેલું ધુળ મળે !

ને શા માટે નૈમિષારણ્યના ઉદ્ધારકને મારવો ?...

એ પોતે ઉદ્ધારી ન શકે તો શા માટે વિનાશવું ? એણે પથ્થર મજબુત રીતે પકડયો અને વાંકા વળી આચાર્યના મુખ સામે જોયું. તેમના પાષાણવત મુખ પર દૈવી ભવ્યતા હતી.

તેણે ઉંચું જોયું. પાદુકા પર ભગવાન વ્યાસનું પારદર્શક મુખ દેખાયું. તે હસતું હતું.

તેનું હૃદય દબાયું, કચરાયું. નિર્બલતા તેની રગેરગમાં વ્યાપી રહી. પિશાચ હોય ને શ્રોત્રિયના ઓળાથી પોતાની અધમતાનો અનુભવ કરતાં દૂર ખસે તેમ તે ખસ્યો.

"વારુ, તમારે બધાને એને જીવતો રાખવો છે, લો...કરો...મરો..." તેણે દાંત પીસી પથ્થર ફેંકી દીધો. તેની આંખે અંધારાં આવ્યાં, ને તે ફસડાઇ પડયો. નિરાધારીમાં પણ તે આંખ ફાડી જોઇ રહ્યો. પથ્થર જેવા આચાર્યમાં ચેતન આવ્યું. તેમણે શ્વાસ લેવા માંડયો. તે હસ્યા. ગભરાઇને સેનાજિત જોઇ રહ્યો. તેનો શ્વાસ રુંધાઇ ગયો. તેને લાગ્યું કે આચાર્ય તેને મારી નાખશે.

આચાર્યે આંખ ઉઘાડી, ત્યારે તેમની આંખોમાં ભયંકર ચમકારા હતા. તેમણે પાદુકાને પ્રણિપાત કર્યા, આળસ મરડયું ને તે ઉઠયા.

મૃત્યુની વાટ જોતો સેનાજિત પડી રહ્યો.

આચાર્ય ઉભા થયા...વ્યોમમાંથી જ્યોતિએ ઉતરીને તેમને લપેટી લીધા...સેનાજિતની નજરે દિવ્ય ને જ્વાલામય મૂર્તિ જેવા તે જણાયા. તેને તમ્મર આવ્યાં ને માથું તેણે ભોંય પર નાખ્યું.

"કોણ સેનાજિત ?" કહી આચાર્ય તેને ઉંચકી ઉઠાડવા લાગ્યા.



"કોણ સેનાજિત ?" કહી આચાર્ય તેને ઉંચકી ઉઠાડવા લાગ્યા. [પૃષ્ઠ ૧૬૪]

ઉપસંહાર



આચાર્ય વિષ્ણુગુપ્ત સેનાજિતનો હાથ ઝાલી લઇ જતા હતા અને આવતાં પગલાં સંભળાયાં.

"કોણ હશે ?"

"મુનિ ઉદ્દાલક હોય કે કદુ."

"અરે–કદુ !" કહી શરમાતે મોંઢે સેનાજિતે સવારની વાત કહી.

આચાર્યના મુખ પર જરાક ગ્લાનિ આવી, પણ તે કંઈ બોલ્યા નહીં. પગલાં પાસે આવ્યાં.

બેવડા વળી ગએલા મુનિ ઉદ્દાલક, ચંદ્રગુપ્તને હાથમાં ગૌરીને ઉંચકીને આવતો સુકેતુ, જણાયા. ગૌરી આ બેને આમ આવતાં જોઇને ચકિત થઇ ગઇ.

"ગૌરી !—કુમાર !" સેનાજિતે કહ્યું. આચાર્ય તટસ્થતાથી જોઇ રહ્યા.

"આચાર્ય ! સેનાજિત !" ગૌરી બબડી.
"ગૌરી તારી જરૂર હોય એમ લાગતું નથી," ચંદ્રગુપ્તે હસીને કહ્યું. "હવે આચાર્યને બચાવવાનું કારણ દેખાતું નથી."

"મને બચાવવા આવી હતી !" હસીને આચાર્યે કહ્યું; "સેનાજિતેજ મને બચાવી લીધો."

“ ના. આચાર્યદેવ ! ” નીચું જોઇ સેનાજિતે કહ્યું. “ ભગવાન દ્વૈપાયને મને રોકયો.”

“સેનાજિત ! તું મારા કરતાં ભાગ્યશાલી છે કે તેં ભગવાનનાં દર્શન કર્યાં” આચાર્ય હસ્યા. બધા જવા નીકળ્યા ને આચાર્યે મુનિ ઉદ્દાલકને કદ્રુની વાત કરી.

“ વત્સ ! એ કેમ બને ? મને કુમારે કહ્યું કે તરતજ મેં કદ્રુને મારી વાટ જોવા કહ્યું હતું.”

“ મુનિ ! ” આચાર્યે હાથ જોડી પ્રાર્થના કરી “ કદ્રુ આપના હાથમાં છે. એને બચાવો.’

“મારા હાથમાં કૈં નથી” મુનિએ કહ્યું ને આંખો મીંચી “વત્સ ! પેલા ખડકની પાછળ કદ્રુ છે. કદ્રુ ! કદ્રુ !” મંત્ર ભણતા હોય તેમ મુનિએ કહ્યું; “ ઉભો રહે, દેવ વરુણ જીવનનો દાતા છે. તને સંરક્ષશે. આચાર્ય, ત્યાં જાઓ.”

આચાર્ય, કુમાર ને સુકેતુ મુનિએ બતાવેલે રસ્તે ગયા.

વૃદ્ધ મુનિએ ભોંય પર બેસી આંખો મીચીં. ગૌરી સેનાજિત પાસે આવી.

તેનું મોં સુકાઇ ગયું હતું, ને તેની આંખોમાં ઝળઝળીઆં હતાં.

“ ગૌરી ! તું કેમ આવી ? ”

“ તમે આચાર્યને ન મારો તે માટે.”

“ મેં આખરે નહીંજ માર્યા.”

“ સારું થયું. નહીં તો મહર્ષિઓ નસંતાન બનત ” તેણે સેનાજિતના મોં સામું જોઇને કહ્યું.

“ ગૌરી ! મને સમજાયું...” સેનાજિતે ધીમેથી કહ્યું. “નૈમિષારણ્યની આશાઓ નષ્ટ કરવાનો મને શો અધિકાર છે ? ”

સેનાજિત તરફ પૂજ્યભાવથી ગૌરી જોઇ રહી.

“નાથ !” તેણે હેતથી હાથ લંબાવ્યો

સેનાજિતે પોતાનો હાથ લંબાવ્યો નહીં.

“ ગૌરી ! આચાર્યની આજ્ઞા પુછયા પછી” લંબાવેલા હાથનો તેણે જવાબ વાળ્યો. “ગૌરી !” તેણે ઉમેર્યું; “ નરેંદ્રદેવ મારો જીવ લેશે ”

“ જીવ લેવો દેવોને હાથ છે. ”

× × ×

આચાર્ય, કુમાર ને સુકેતુ મરેલા જેવા કદ્રુને લઇ આવ્યા ને મુનિ આગળ મુકયો. તે લોહી લુહાણ થઇ ગયો હતો ને તેનું નાક છુંદાઇ ગયું હતું. સ્ત્રીની સુકુમારતાથી આચાર્ય તેને સાફસુફ કરી રહ્યા. મુનિ તેના માથા પાસે બેઠા. તેની આંખ ઉઘાડી જોઇ, તેનો શ્વાસ માપી જોયો ને આખરે પોતાનો કરમાએલો, લાંબા નખવાળો હાથ તેના કપાળ પર મુકયો.

થોડી વારમાં મુનિના સ્પર્શથી કદ્રુની ચામડીના રંગમાં અને તેના મુખ પર ફેર પડયો અને ધીમે ધીમે તેણે શ્વાસ લેવા માંડયો.

“ એને હવે આશ્રમમાં લઇ જાઓ.”

સેનાજિત આચાર્ય પાસે ગયો. “ મુનિને કહો મારા શત્રુઘ્નને સજીવન કરે ! ” આચાર્યે મુનિને કહ્યું. મુનિએ આંખો મીચી. “ એ તો પાછો ચઢી આશ્રમ આગળ બેઠો છે.”

સેનાજિત આર્દ્ર હૃદયે ચઢવા લાગ્યો.

× × ×

બીજે દિવસે સવારે બધા ભાનમાં આવેલા પણ સખત પીડા પામતા કદ્રુને લઇ કુલપતિને આશ્રમે ગયા, અને ત્યાં બધી વાત સાંભળી ઉત્સવ થઇ રહ્યો.

કુલપતિની વૃદ્ધ આંખો ગર્વથી ચમકી રહી.

સાંજના કુલપતિના પગ આગળ બધા બેઠા હતા.

“ ભગવાન ! ” આચાર્યે હાથ જોડી કહ્યું;
“ હવે લગ્ન કરાવી આપો.”

બધા ચમકયા. આચાર્ય લગ્નની વાત કરે ! સેનાજિતનું હૈયું કચરાઇ ગયું. ગૌરી મુંઝાઇ ગઇ.

"સેનાજિત ક્ષત્રિય છે છતાં શાકટાલીના હાથનો અધિકારી થયો છે."

બધા હસ્યા. સેનાજિત સાશ્રુ નયને આચાર્ય તરફ જોઇ રહ્યો. ગૌરી નીચું જોઇ ડુસકાં લેવા બેઠી.

"ભગવાન !" સેનાજિતે કહ્યું; "હમણાં મારે લગ્ન નથી કરવાં. નરેંદ્રદેવ મને જીવતો રાખશે કે કેમ તે શું કહેવાય ?"

"અમારી સાથે ચાલ" મહાદેવીએ કહ્યું.

"ના, મહાદેવી ! એનું મેં લુણ ખાધું છે."

"સેનાજિત !" આચાર્યે કહ્યું; "પાછા જવામાં કૈં વાંધો નથી. તારું સૈન્ય નાસી જાય પછી તું શું કરે ? તું અહીંઆં રહે અને કદુ ત્યારે થાય ત્યારે એને તારા કેદી તરીકે લઇ જજે. નરેંદ્રને ખપ લાગશે."



ચિત્રકાર :] [રા. રવિશંકર રાવળ

"આચાર્ય શકટાલનું કુલ તારે એવા પુત્રની માતા થજે."

—પૃષ્ઠ ૧૬૯

" જેવી આજ્ઞા."

× × ×

એટલામાં કોઇ નવા આવનારનાં પગલાં સંભળાયાં.

ત્રણ નવાં માણસો આવ્યાં હતાં તે આંભિકુમાર અને આચાર્યને મળવા માંગતાં હતાં.

આંભિકુમાર ને આચાર્ય ઉઠી તેમની પાસે ગયા. ત્રણે જણ એમને પગે લાગ્યા.

"સુગ્રીવ ! તું ક્યાંથી ?"

"મહારાજનો સંદેશો લઇ આવ્યો છું."

"શું છે ?"

સુગ્રીવે કપડાનું પીલ્લું ધર્યું.

"શું છે તે મોઢેથી કહે."

"આપને મહારાજે એકદમ ચાલી આવવા કહ્યું છે."

"કોને કુમારને ?" આચાર્યે પુછ્યું.

"આપને પણ તરત બોલાવ્યા છે"

"કેમ ?"

"મહારાજ ઘણાજ માંદા થઇ ગયા છે."

"હેં !" કુંમારે કહ્યું.

"ચણક ઋષિએ કહ્યું છે કે એક પળ પણ થોભશો નહીં."

"બીજુ કૈં ખાસ ?" આચાર્યે પુછ્યું

"હા"

"શું ?"

"યવનાધીશ આલિકસુંદર[1] મોટું સૈન્ય લઇ ચઢી આવે છે."

"પછી ?" આચાર્યે પુછ્યું.

"તેણે બાલ્હિક[2] દેશ કબજે કર્યો, પારસિકાધીપ દારસેનને[3] નસાડી મુકયો, ને પારસિકપટ્ટન[4] બાળી મુકયું" સુગ્રીવે કહ્યું.

"હેં ?"

"પારસિકો તુટ્યા ને આલિકસુંદર દુર્જય સૈન્ય લઇ આપણા પર તુટી પડવાનો ઇરાદો રાખે છે."

આંભિકુમાર નિસ્તેજ બની જોઇ રહ્યો. આચાર્ય બોલ્યા નહીં.

"આચાર્ય ! ચાલો તૈઆરી કરીએ."

"ચાલો."

બંને મુગા મુગા પાછા આવ્યા.

"આંભિકુમાર !" આચાર્યે વિચારમાંથી જાગ્રત થતાં કહ્યું; "આલિકસુંદર આવશે તો નંદને તોડશે."

"—ને આપણે બધાને."

"જોઇશું" ને તેની આંખ આગળ ૐકાર ચારે તરફ દેખાયો.

× × ×

ત્રણ ચાર ઘડી પછી બધા ઉત્તર તરફ જનારા જવા તૈઆર થયા. સેનાજિત ને ગૌરી આચાર્યને ચરણે પડયાં.

"ગૌરી !" આચાર્યે કહ્યું; "આચાર્ય શકટાલનું કુલ તારે એવા પુત્રની માતા થજે." આચાર્ય હસ્યા. "ને સેનાજિત ! તેને મારી પાસે ભણવા મુકજે. એના પિતાને ભગવાન દ્વૈપાયને દર્શન દીધાં તેની વાત હું તેને કહીશ."

સેનાજિત અને ગૌરી આચાર્યના પગની ધુળ માથા પર મુકી રહ્યાં.

---

૧. અલેકઝાંડર–સીકંદર ૨ બેકટ્રીયા. ૩. દારા. ૪. પરસીપોલીસ.

